કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક

જાન્યુઆરી · ૧૯૭૦

વર્ષ ૪૭મું · અંક ૧લો

તંત્રી બચુભાઈ રાવત

સળંગ અંક

૫૫૩



એનું કથાવસ્તુ સાદું છે: કૃશાનુ અને વિશ્વાવસુ નામે બે ગન્ધર્વો વિશ્વના અવલોકનની ઇચ્છાથી વિમાન દ્વારા ગગનવિહાર કરે છે. કૃશાનુ સ્વભાવે ઇર્ષ્યાળુ હોવાથી પ્રત્યેક વસ્તુમાં કેવળ દોષદર્શન કરે છે; વિશ્વાવસુ વસ્તુની ઊજળી બાજુ જોનારો ગુણગ્રહણકૌતુકી છે. એમની ગગનયાત્રામાં વર્ણનો ૫૧ જેટલા વિષયોને આવરી લે છે. એમાં ભારતવર્ષનાં ભૌગોલિક સ્થળો, દેવસ્થાનો, વ્યક્તિવિશેષ આદિના સ્વભાવગુણદોષની સમીક્ષા કરી છે. ૧૦મું વર્ણન ગુર્જરદેશનું છે. (ગદ્ય ૫–૬ લીટી જેટલું; પદ્ય ૮ શ્લોક) વિશ્વાવસુના મતે, 'સર્વ સંપદોનું સ્થાન હોવાને લીધે દેવલોકના પ્રતિનિધિ સમો ગુર્જરદેશ આંખોને ઠારનારો છે. અહીંના યુવાનો ને યુવતીઓ અપૂર્વ છે'; કૃશાનુ કહે છે: 'વાત સાચી, પણ ગુર્જર યુવાનો ધનપ્રાપ્તિની લાલસાથી વેપાર અર્થે ઘર તજીને આખું જીવન દૂર પરદેશોમાં રખડે છે.' વિશ્વાવસુને આમાં કંઈ અજુગતું નથી લાગતું: 'દેશવિદેશમાં અદ્ભુત, કુતુકભરી વસ્તુઓ જોતા જોતા અમિત દ્રવ્ય ભેગું કરીને એ ઘેર પાછા આવે છે. સતત ગૃહવાસ તો પુરુષાધમત્વનું સૂચક છે. ઘેર બેસી રહેનારા કૂપકૂર્મ જેવા છે' ઇત્યાદિ.

૩) સંસ્કૃત મહાકાવ્યો: 'મહાભારત અને રામાયણ એ બે આપણાં મહાકાવ્યો.'

આનો અર્થ એવો તો નહિ કે એ બેથી અતિરિક્ત અન્ય કોઈ 'મહાકાવ્ય' સંસ્કૃત સાહિત્યમાં નથી? વસ્તુસ્થિતિ એ છે કે કાવ્યશાસ્ત્રકારોએ નિર્ણીત કરેલાં લક્ષણોવાળા પદ્યરચનાના વિશિષ્ટ પ્રકારને 'મહાકાવ્ય' કહે છે: જેવાં કે 'રઘુવંશ', 'કુમારસંભવ', 'શિશુપાલવધ', 'નૈષધીયચરિત', 'ભટ્ટિકાવ્ય', 'સેતુબંધ', 'હીરસૌભાગ્ય', 'દ્વયાશ્રય' આદિ. મહાભારત ને રામાયણ પણ સ્વરૂપે આવાં જ મહાકાવ્ય છે, પણ ઋષિપ્રણીત હોવાથી એમનું ઊંચું સ્થાન દર્શાવવા એ 'આર્ષમહાકાવ્ય' કહેવાય છે. અન્ય કેવળ 'મહાકાવ્ય'.

૪)'ધનંજય:રાઘવપાણ્ડવીય(દ્વિઅર્થીકાવ્ય)'

સંસ્કૃત સાહિત્યમાં દ્વયર્થી કાવ્યોમાં મૌલિક સ્થાન ભોગવનાર 'રાઘવપાણ્ડવીય' કાવ્યનો પ્રણેતા છે પણ્ડિત શ્રી કવિરાજ. એના પ્રથમ સર્ગનો ૪૧મો શ્લોક જુઓ:

'सुबन्धुर्बाणभट्टश्च कविराज इति त्रयः।
वक्रोक्तिमार्गनिपुणाः चतुर्थो विद्यते न वा ॥

વક્રોક્તિ એટલે શ્લેષ (અનેકાર્થી શબ્દ) આદિના પ્રયોગોમાં કુશળ તો ત્રણ જ: સુબન્ધુ, બાણભટ્ટ અને કવિરાજ: ચોથો હોય કે ન યે હોય (કારણ પૃથિવી બહુરત્ના છે). આમાંનો—

(અ) સુબન્ધુ. એની કૃતિ: જેના અક્ષરે-અક્ષરે શ્લેષ છે,[1] એ અદ્વિતીય ગદ્યકથા વાસવદત્તા; જેનો અવતાર થતાં જ કવિઓના ગર્વ ઓગળી ગય.[2]

(આ) બાણભટ્ટ: પ્રસિદ્ધ કાદંબરીકાર.

(ઇ) કવિરાજ: રાઘવપાણ્ડવીય કાવ્યનો કર્તા.

૫) 'અભિનંદ: બાલરામાયણ (નાટક)...'

સંસ્કૃતનાં સર્વોત્તમ નાટકોમાં જેની ગણના થાય છે, તે 'બાલરામાયણ'ના કર્તા છે કવિ રાજશેખર, જે શાર્દૂલ વિક્રીડિત છંદમાં રચેલા અતિ સમીચીન શ્લોકોના કારણથી અત્યંત પ્રસિદ્ધિ પામ્યો છે. એની અન્ય કૃતિઓ: 'બાલભારત નાટક' (જેના માત્ર બે અંક જ લભ્ય છે: કાવ્યમાલા, ગુચ્છક ૪), 'કર્પૂરમંજરી સટ્ટક' અને 'વિદ્ધશાલભંજિકા'. સર્વાંગસુન્દર રચના હોવા છતાં 'બાલરામાયણ' કાવ્યરસિકોમાં વિશેષ આકર્ષક બન્યું છે એના એક સુન્દર શ્લોકના કારણે:

सद्यः पुरीपरिसरेऽपि शिरीषमृद्वी
गत्वा जवात् त्रिचतुराणि पदानि सीता।
गन्तव्यमस्ति कियदित्यसकृद् ब्रुवाणा
रामाश्रुणः कृतवती प्रथमावतारम् ॥

ગુરુવર્ય આનંદશંકરભાઈનો આ અત્યંત પ્રિય શ્લોક (આપણો ધર્મ, ત્રીજી આવૃત્તિ પૃ. ૫૮૬). એમણે અમને એ બી.એ.માં શીખવેલો. વર્ગમાં એ વાંચે ત્યારે કંઠ ભરાઈ આવે. એથી પ્રભાવિત બનીને હું 'બાલરામાયણ' વાંચવા પ્રેરાયેલો. કવિરહસ્ય અપર નામથી સુપ્રસિદ્ધ કાવ્યમીમાંસાગ્રન્થનો રચનાર પણ આ જ રાજશેખર.

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

---

૧. प्रत्यक्षरश्लेषमयप्रपञ्चविन्यासवैदग्ध्यनिधिं प्रबन्धम्। सरस्वतीदत्तवरप्रसादश्चक्रे सुबन्धुः सुजनैकबन्धुः ॥

વાસવદત્તા સમાપ્તિશ્લોક

૨. कवीनामगलद्दर्पो नूनं वासवदत्तया।
शक्त्येव पाण्डुपुत्राणां गतेव कर्णगोचरम् ॥

જાન્યુઆરી જુલાઈ સુધીના 'કુમાર'નો સાતે અંકો, ઑગસ્ટની આખરમાં, એકીસાથે મળ્યા. ફેબ્રુઆરી અને એપ્રિલ અંકોમાં અનુક્રમે જ૦ જલન માતરી અને શ્રી અનન્તરાય ૨. વ્યાસના પત્રોમાં ઉપર ખય્યામની રુબાઇઓ માટે 'રૂબાઇયાતો' શબ્દપ્રયોગ વાંચીને રમૂજ પણ ઊપજ અને રંજ પણ થયો.

'રુબાઇ'ના મૂળમાં અરબીમાંથી ઊતરી આવેલો 'રુબાઅ' શબ્દ છે. રુબાઅ'નો મૂળ અર્થ ચાર (૪) થાય છે. એ ઉપરથી રુબાઈ એટલે ચોપાઈ–ચાર પંક્તિની કાવ્યરચના. 'રુબાઇ' એકવચન છે; અને બહુવચન 'રુબાઈયાત' પોતે જ બહુવચન છે, તો પછી 'રુબાઈયાતો' લખીને બેવડું બહુવચન શા માટે? 'રૂ' દીર્ઘ લખવામાં આવ્યું છે તે પણ ખોટું છે. 'રુ' હ્રસ્વ જોઇએ.

(કરાચી) —માંડવીઆ

સૉનેટ-યુગ્મ 'પરી' માટે શ્રી ઉશનસ્‌ને મારાં અભિનંદન મોકલશો?

(ઘાટકોપર) —કે. કે. આસર

પચ્ચીચ વર્ષ પહેલાં 'કુમાર'માં આપેલી જે કસરતો તમે ઑક્ટોબરના અંકમાં છાપી છે તે એકંદરે સારી છે. પરંતુ શ્વાસ વિષે જે નિયમ જણાવ્યો છે તે બરાબર નથી. 'કોઈ પણ ક્રિયા ચાલુ હોય ત્યારે શ્વાસને રોકી રાખવો, ને ક્રિયા બંધ થાય ત્યારે છોડી દેવો' એવી સૂચનાથી કોઈક કેસમાં નુકસાન થવાનો સંભવ રહેશે. શ્વાસોચ્છ્વાસ વિષે broad generalisation પણ આપી શકાતું નથી, નિયમની તો વાત જ ક્યાં? દરેક કસરતનો અલગ વિચાર કરવો પડે.

(મુંબાઇ) —ડૉ. એમ. એમ. ભમગરા

મે અંકમાં 'મારી માન્યતા' વિભાગના સ્વ. જમશેદજી મહેતાનું તો ૧લી ઑગસ્ટ માસમાં અવસાન થયું. તો શું તે વખતે ચંપકલાલ મહેતાએ તેમની મુલાકાત મેળવીને પ્રશ્નોત્તરો મેળવેલા?

(પત્રી કચ્છ) —પ્રવીણ 'શાંત'

અંક ૫૫૦માં પાન ૪૨૯ ઉપર 'રશિયાએ સૌ પ્રથમ માનવસર્જિત ઉપગ્રહ સ્પુટનિક ૧ અવકાશમાં તરતો મૂક્યો' એમાં તારીખ ૪–૧૯૬૭ જોઈએ. ૧૯૧૭ ખોટું છે.

(ખેરાળુ) —દલજીભાઈ હાદેભાઈ

અમારા ચિરંજીવીને ૨૧ વર્ષની વયે વાળ સફેદ થઈ જઈ ખરી પડવા લાગ્યા અને માથે તદ્દન ટાલ પડી ગઈ હતી. શક્ય એવી બધી ચિકિત્સાઓ કરાવ્યા પછી એક સ્થાનિક આદિવાસીના કહેવા પ્રમાણે તેલ બનાવી વાપર્યું અને આજે એને માથે કુદરતી કાળા અને સ્વસ્થ વાળ આવી ગયા છે.

આ હકીકત અમે અહીંના (બિહારના) દૈનિક અંગ્રેજી પત્ર 'ધી ઇન્ડિયન નેશન' (તા. ૬–૧–'૬૮)*માં પ્રકટ કર્યા પછી બિહાર, બંગાળ ને મધ્યપ્રદેશથી આ તેલ અંગે ઘણી પૃચ્છા આવવા લાગી એટલે હવે અમે આ તેલનું નાના પાયે ઉત્પાદન કરવા માંડ્યું છે.

બિહાર વિધાન સભાના આદિવાસી વિધાયક તેમજ અખિલ ભારતીય ઝારખંડ પાર્ટીના અધ્યક્ષ શ્રી બાગુન સુમ્બરૂઇએ પણ આની અજમાએશ કરી જે સંતોષ વ્યક્ત કર્યો છે એ પત્રની નકલ આ સાથે બીડી છે.*

ભંગરાજ, કરંજી, હાથીદાંતનો વ્હેર, આમળાં, બ્રાહ્મી, બાલેકાર કાડ, લુપુંગ, મુલીકેડા,

કેસર વગેરે દ્રવ્યોવાળું આ તેલ સફેદ વાળ ને કસમયની ટાલ જેવા કિસ્સામાં અચૂક લાભ કરે છે એવું અમે અનુભવે જોયું છે. કોઈ સજ્જન આ અંગે પૃચ્છા કરશે તો યોગ્ય ઉત્તર વાળીશું. —હીરજી નાનજી ટાંક
એન્જીનિયર્સ-કૉન્ટ્રૅક્ટર્સ, (યુરોપીઅન ક્વાર્ટર્સ ચાઈબાસા, જિ. સિંગભુમ, બિહાર)

* આ લખાણોની નકલ અમને મળી છે.-સં.

હું પુરુષ હોવા છતાં મારા સ્તનનો વિકાસ થએલો, જે હવે બંધ પડેલ છે; પરંતુ થએલા વિકાસને કારણે મને ધંધામાં ધંધાદારી મિત્રો વગેરે તરફથી ઘણો જ ત્રાસ થાય છે તો કોઈ પણ ભાઇબહેન આ સ્તન નષ્ટ થાય તેવી દવા કે ઉપાય બતાવશો તો હું આભારી થઈશ. જો કોઈ પણ ડૉક્ટર આ માટે દવાની હિમાયત કરે તો તે પણ જલ્દીથી કરે.
(રાજકોટ) —એક વાચક

'નૅશનલ જ્યોગ્રાફિક' લેખ (ઑગસ્ટ '૬૯)-ના અનુસંધાનમાં 'નૅશનલ જ્યોગ્રાફિક સોસાએટી'ના આજના પ્રમુખ ડૉ. મેલવિન એન. પેન લખે છે :...which contains a comprehensive article on the National Geographic Society. I cannot read the text, ofcourse, but I was impressed with the layout, treatment, and photographs, and wanted to express my commendation.

I greatly appreciate the interest which prompted you to publish this information for the benifit of your countrymen.
(બીલીમોરા) —ડૉ. વિપિન શાહ

અંક '૫૪૯'માં 'જીવનપટનાં સ્મૃતિચિત્રો'-માં મુંબાઈની વિદાયની તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૧૯ને 'ગુરુવાર' લખેલો છે. ખરેખર વાર સોમવાર આવવો જોઇએ. 'કુમાર'નો ૫૪૬-મો અંક જુઓ. એમાં રીત આપેલી છે.

બીજું:'કુમાર'આવતીકાલનાં નાગરિકોમાટે-નું માસિક લખાય છે. પરંતુ બાળકો માટે ખાસ કંઈઆવતું નથી તેનું કારણ 'કુમાર'ની વય હવે ૪૬ વર્ષ જેટલી થઈ તે પણ હોય! 'કુમાર'માં પીરસાતું સાહિત્ય આવકારપાત્ર રહ્યું જ છે, પરંતુ તે તો પુખ્ત વયનાઓ માટે હોય છે. રાજનીતી વિભાગ ખૂબ જ ગમ્યો.
(મહેસાણા) —પ્રભાશંકર મહેતા

જવારાનો ઉપચાર

ઑગસ્ટ અંકની 'માધુકરી'માં આ મથાળા નીચે આવેલા વિષય પરત્વે એના મૂળ પ્રચારક તરફથી નીચેની માહિતી મળી છે : "જેમણે ગરીબ, અસહાય રોગીઓની સાચા અર્થમાં સેવા માટે જીવન સમર્પણ કર્યું છે એવા એક મોટાનિષ્ણાત ડૉક્ટરે Why Suffer પુસ્તક વાંચ્યા પછી મને કહ્યું હતું કે આ પુસ્તક તમે અને હું વાંચીને બેસી રહીએ એટલું બસ નથી. આ પુસ્તકનો સંદેશો ભારતમાં ઘેરઘેર પહોંચાડવો જોઈએ. આથી અમારી બાજુમાં રહેતા 'કુમાર'ના એક વરસોજૂના ગ્રાહક ભાઇએ જ્યારે મને કહ્યું કે આ વખતના 'કુમાર'ના અંકમાં ઘઉંના જવારા વિષે લેખ છે ત્યારે મને ઘણો જ આનંદ થયો.

વાંચતાં જોયું કે 'કુમાર' માટે ફરી લખનાર ભાઈની સમજફેરથી તેમાં ખોટી રજૂઆત થઈ છે. જુદી ટપાલથી ઇશ્વરી બક્ષિશ ઘઉંના જવારાની પુસ્તિકા મોકલાવેલ છે. તેમાં જોવાથી જણાશે કે અમુક દિવસના જવારાનો ઉપયોગ કરવો તેવું નથી. સારા અને સાનુકૂળ હવામાનમાં પાંચ દિવસમાં પણ જવારા સાત ઇંચના થઈ જાય છે. સાત ઇંચના જવારા વાપરવાથી વધારેમાં વધારે ગુણ કરે છે.

છ વરસ પહેલાં ઈંગ્લંડના એક માસિકમાં પોસ્ટ કાર્ડ કરતાં જરા મોટા એક પાનાનો આ વિષય પર લેખ હતો. વાંચતાં જ લાગેલું કે આ વસ્તુ અત્યંત ઉપયોગી છે. અઢીએક વરસ પર એક ખૂબ જ મોટા માણસની મારા ઉપર ચિઠ્ઠી આવી: I want wheat-grass. Where can I get it ? મેં તેમને સમજાવ્યું કે wheat grass બજારમાં મળતી વસ્તુ નથી. આપણે ઘઉંના જવારા ઉગાડીએ છીએ તે જ વ્હીટ-ગ્રાસ.

તેમણે મને એક સામયિકનો અંક આપ્યો. તેમાં ઘઉંના જવારા વિષે અંગ્રેજીમાં એક લેખ આપવામાં આવેલો. જુદા પાના ઉપર Why Suffer પુસ્તકની સંક્ષિપ્ત જાહેરાત હતી. એ પુસ્તક મેં અમેરિકાથી મંગાવ્યું; વાંચ્યું.

શિરીષભાઈ મહેતાના પિતા ગુજરી ગયા. અગિયારમા દિવસે હું તેમને ઘેર ગયો. પૂછ્યું' કાંઈ દાન આપવાની ઇચ્છા છે? તેમણે કહ્યું. 'હું વિચાર કરીને પછી કહીશ.' મેં કહ્યું કે 'પછી મોડું થાય અને તક ચાલી જાય. મારી વાત સાંભળી લો. કરવું-ન કરવું તે પછી વિચારજો. આ એક નવી વસ્તુ છે. આપણા દેશમાં કોઈ જાણતું નથી. એની એક નાની સરખી ચોપડી છપાવો. ગુજરાતની તમામ હાઇસ્કૂલો અને કૉલેજોમાં એક એક નકલ મોકલી આપો. લાખો લોકોની સાચી શુભેચ્છાઓ મળશે. એક પણ ક્ષણ લગાડયા વિના તેમણે બધું જ કરવા હા પાડી. દરરોજ આવતા અનેક પત્રો દર્શાવે છે કે લોકો આ વસ્તુને હાર્દિક આવકાર આપે છે. સમજુ લોકો શિરીષભાઇ પ્રત્યે શુભેચ્છાઓ દર્શાવતાં થાકતા નથી. પુસ્તિકામાં આપેલા અનુભવો કરતાં બીજા અનેક અનુભવો વધારે આશ્ચર્યમુગ્ધ કરે તેવા છે. પુસ્તિકા જાહેર સંસ્થાઓ, મંડળો, વાચનાલયો અને ગુજરાત રાજ્ય બહારની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને વિના મૂલ્યે મલશે.

વ્યક્તિગત મંગાવનારને પણ,તમામને વિના મૂલ્યે આપેલી છે-આપવામાં આવે છે.
(હાલરરોડ, વલસાડ) —લાભશંકર મહેતા

ઑગસ્ટ અંકમાં ૧૯૬૮ના પુરાણીજી પારિતોષિક-વિજેતાઓના ફોટા અને પરિચય જોઇને મન પુલકિત થઈ ઊઠયું. ગુજરાતનાં અખબારો અને ખબરપત્રીઓમાંથી એ ફોટા અને વિગતવાર પરિચય આપવાની તકલીફ કોઈએ લીધી નથીતેઅખબારીઆલમનુંજનતા-વિમુખતાનું એક પાસું જ હું ગણું છું. ફુલજીબેન, ખુશાલભાઈ, રમણભાઈ અને પૃથ્વીરાજ વગેરે ભાઈ-બહેન જેવો વર્ગ જ સમાજના કરોડરજ્જુની ગરજ સારે છે. તેવાઓને પ્રસિદ્ધિનો મોહ નથી, કદરદાનીની ખેવના નથી, ફક્ત જીવનની ઇમાનદારી અને ઈન્સાનિયતનું ભાથું તેમની મૂડી છે. તેવા માનવીઓનું ધન્ય જીવન સમાજને ઊજળો બનાવી રાખે છે તેવું ભાન વધારે ને વધારે પ્રસરે એ સમાજ માટે અત્યંત ઉપકારક બની રહે.

'મેઘદૂત'ની સચિત્ર વાનગી અને 'નૅશનલ જ્યોગ્રાફિક'નો પરિચય, શ્રી નઝરુલ ઈસ્લામના જીવનની ઉદાત્ત કરુણતા દિલ અને દિમાગ માટે સુપથ્ય મસાલો પૂરો પાડે છે.

'ડૅડી' તદ્દન સાધારણ લાગી. એક પણ રેખાચિત્ર વિનાનો 'જીવન-સ્મૃતિચિત્રો'નો હપ્તો સૂનો લાગ્યો. પ્રવાસ દરમ્યાન રદ્દી ચોપાનિયાં અને ચોપડીઓ વાંચતા 'આવતી કાલના' કોઈ નાગરિકના હાથમાં મેં હજુ 'કુમાર' જોયું નથી તેનો શો અર્થ? 'કુમાર'નો સુજ્ઞ વાચકવર્ગ તેનું સંશોધન કરે એ ઇચ્છનીય લાગે છે.
(જોરાવરનગર) —(પ્રા.) મોહનલાલ જાની

(અનુસંધાન પૃષ્ઠ ૪૮)

કુમાર

જાન્યુઆરી ૧૯૭૦ • અંક ૫૫૩

તંત્રી: બચુભાઈ રાવત • ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૭-૦૦, પરદેશ : રૂ. ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ. ૧-૭૫.

સો વર્ષનું કુમાર કૅલેન્ડર

વાપરવાની રીત

જે વર્ષની તારીખ કે વાર શોધવાં હોય તે વર્ષનો આંકડો આ નીચેના કોઠામાંથી શોધી કાઢો; અને તે કુ-મા-ર-કા-ર્યા-લ-ય એ સાત અક્ષરોમાંના જે અક્ષરની નીચેની હારમાં આવેલો હોય તે અક્ષરની સંજ્ઞાવાળું કૅલેન્ડર બાજુમાં જુઓ. તેમાં વચ્ચે તારીખો છે ને ડાબે-જમણે પડખે જાન્યુઆરીથી જૂન ને જુલાઈથી ડિસેમ્બર એમ છ-છ મહિનાઓનાં ખાનાં નીચે જુદાજુદા વાર આપેલા છે. તેમાંથી જોઈતી તારીખનો વાર મળી આવશે. દાખલા તરીકે ૧૯૪૮ના એપ્રિલની ૬ઠ્ઠી તારીખે કયો વાર હતો તે શોધવું હોય તો નીચેના કોઠામાં ૧૯૪૮ની સાલ 'કા' અક્ષરવાળી હારમાં છે; એટલે તે અક્ષરવાળું પડખેનું કૅલેન્ડર જોતાં તેમાં ૬ઠ્ઠી તારીખની સામે એપ્રિલ માસના ખાનામાં સોમવાર આવે છે. આમ ૧૯૦૧ થી ૨૦૦૦ સુધીનાં સો વર્ષમાંની કોઈ પણ તારીખનો વાર શોધી શકાશે.

(પી. રા. ભારદ્વાજ)

કુ	મા	ર	કા	ર્યા	લ	ય
	૧૯૦૧	૧૯૦૨	૧૯૦૩	૧૯૦૪		૧૯૦૫
૧૯૦૬	૧૯૦૭	૧૯૦૮		૧૯૦૯	૧૯૧૦	૧૯૧૧
૧૯૧૨		૧૯૧૩	૧૯૧૪	૧૯૧૫	૧૯૧૬	
૧૯૧૭	૧૯૧૮	૧૯૧૯	૧૯૨૦		૧૯૨૧	૧૯૨૨
૧૯૨૩	૧૯૨૪		૧૯૨૫	૧૯૨૬	૧૯૨૭	૧૯૨૮
	૧૯૨૯	૧૯૩૦	૧૯૩૧	૧૯૩૨		૧૯૩૩
૧૯૩૪	૧૯૩૫	૧૯૩૬		૧૯૩૭	૧૯૩૮	૧૯૩૯
૧૯૪૦		૧૯૪૧	૧૯૪૨	૧૯૪૩	૧૯૪૪	
૧૯૪૫	૧૯૪૬	૧૯૪૭	૧૯૪૮		૧૯૪૯	૧૯૫૦
૧૯૫૧	૧૯૫૨		૧૯૫૩	૧૯૫૪	૧૯૫૫	૧૯૫૬
	૧૯૫૭	૧૯૫૮	૧૯૫૯	૧૯૬૦		૧૯૬૧
૧૯૬૨	૧૯૬૩	૧૯૬૪		૧૯૬૫	૧૯૬૬	૧૯૬૭
૧૯૬૮		૧૯૬૯	૧૯૭૦	૧૯૭૧	૧૯૭૨	
૧૯૭૩	૧૯૭૪	૧૯૭૫	૧૯૭૬		૧૯૭૭	૧૯૭૮
૧૯૭૯	૧૯૮૦		૧૯૮૧	૧૯૮૨	૧૯૮૩	૧૯૮૪
	૧૯૮૫	૧૯૮૬	૧૯૮૭	૧૯૮૮		૧૯૮૯
૧૯૯૦	૧૯૯૧	૧૯૯૨		૧૯૯૩	૧૯૯૪	૧૯૯૫
૧૯૯૬		૧૯૯૭	૧૯૯૮	૧૯૯૯	2000	

	જાન્યુ	ફેબ્રુ	માર્ચ	એપ્રિલ	મે	જૂન	તારીખો					જુલાઈ	ઑગસ્ટ	સપ્ટે	ઑક્ટો	નવે	ડિસે
કુ	સોમ	ગુરૂ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	૧	૮	૧૫	૨૨	૨૯	રવિ	બુધ	શનિ	સોમ	ગુરૂ	શનિ
	મંગળ	શુક્ર	શુક્ર	સોમ	બુધ	શનિ	૨	૯	૧૬	૨૩	૩૦	સોમ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	રવિ
	બુધ	શનિ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	૩	૧૦	૧૭	૨૪	૩૧	મંગળ	શુક્ર	સોમ	બુધ	શનિ	સોમ
	ગુરૂ	રવિ	રવિ	બુધ	શુક્ર	સોમ	૪	૧૧	૧૮	૨૫		બુધ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	મંગળ
	શુક્ર	સોમ	સોમ	ગુરૂ	શનિ	મંગળ	૫	૧૨	૧૯	૨૬		ગુરૂ	રવિ	બુધ	શુક્ર	સોમ	બુધ
	શનિ	મંગળ	મંગળ	શુક્ર	રવિ	બુધ	૬	૧૩	૨૦	૨૭		શુક્ર	સોમ	ગુરૂ	શનિ	મંગળ	ગુરૂ
	રવિ	બુધ	બુધ	શનિ	સોમ	ગુરૂ	૭	૧૪	૨૧	૨૮		શનિ	મંગળ	શુક્ર	રવિ	બુધ	શુક્ર
મા	મંગળ	શુક્ર	શુક્ર	સોમ	બુધ	શનિ	૧	૮	૧૫	૨૨	૨૯	સોમ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	રવિ
	બુધ	શનિ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	૨	૯	૧૬	૨૩	૩૦	મંગળ	શુક્ર	સોમ	બુધ	શનિ	સોમ
	ગુરૂ	રવિ	રવિ	બુધ	શુક્ર	સોમ	૩	૧૦	૧૭	૨૪	૩૧	બુધ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	મંગળ
	શુક્ર	સોમ	સોમ	ગુરૂ	શનિ	મંગળ	૪	૧૧	૧૮	૨૫		ગુરૂ	રવિ	બુધ	શુક્ર	સોમ	બુધ
	શનિ	મંગળ	મંગળ	શુક્ર	રવિ	બુધ	૫	૧૨	૧૯	૨૬		શુક્ર	સોમ	ગુરૂ	શનિ	મંગળ	ગુરૂ
	રવિ	બુધ	બુધ	શનિ	સોમ	ગુરૂ	૬	૧૩	૨૦	૨૭		શનિ	મંગળ	શુક્ર	રવિ	બુધ	શુક્ર
	સોમ	ગુરૂ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	૭	૧૪	૨૧	૨૮		રવિ	બુધ	શનિ	સોમ	ગુરૂ	શનિ
ર	બુધ	શનિ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	૧	૮	૧૫	૨૨	૨૯	મંગળ	શુક્ર	સોમ	બુધ	શનિ	સોમ
	ગુરૂ	રવિ	રવિ	બુધ	શુક્ર	સોમ	૨	૯	૧૬	૨૩	૩૦	બુધ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	મંગળ
	શુક્ર	સોમ	સોમ	ગુરૂ	શનિ	મંગળ	૩	૧૦	૧૭	૨૪	૩૧	ગુરૂ	રવિ	બુધ	શુક્ર	સોમ	બુધ
	શનિ	મંગળ	મંગળ	શુક્ર	રવિ	બુધ	૪	૧૧	૧૮	૨૫		શુક્ર	સોમ	ગુરૂ	શનિ	મંગળ	ગુરૂ
	રવિ	બુધ	બુધ	શનિ	સોમ	ગુરૂ	૫	૧૨	૧૯	૨૬		શનિ	મંગળ	શુક્ર	રવિ	બુધ	શુક્ર
	સોમ	ગુરૂ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	૬	૧૩	૨૦	૨૭		રવિ	બુધ	શનિ	સોમ	ગુરૂ	શનિ
	મંગળ	શુક્ર	શુક્ર	સોમ	બુધ	શનિ	૭	૧૪	૨૧	૨૮		સોમ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	રવિ
કા	ગુરૂ	રવિ	રવિ	બુધ	શુક્ર	સોમ	૧	૮	૧૫	૨૨	૨૯	બુધ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	મંગળ
	શુક્ર	સોમ	સોમ	ગુરૂ	શનિ	મંગળ	૨	૯	૧૬	૨૩	૩૦	ગુરૂ	રવિ	બુધ	શુક્ર	સોમ	બુધ
	શનિ	મંગળ	મંગળ	શુક્ર	રવિ	બુધ	૩	૧૦	૧૭	૨૪	૩૧	શુક્ર	સોમ	ગુરૂ	શનિ	મંગળ	ગુરૂ
	રવિ	બુધ	બુધ	શનિ	સોમ	ગુરૂ	૪	૧૧	૧૮	૨૫		શનિ	મંગળ	શુક્ર	રવિ	બુધ	શુક્ર
	સોમ	ગુરૂ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	૫	૧૨	૧૯	૨૬		રવિ	બુધ	શનિ	સોમ	ગુરૂ	શનિ
	મંગળ	શુક્ર	શુક્ર	સોમ	બુધ	શનિ	૬	૧૩	૨૦	૨૭		સોમ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	રવિ
	બુધ	શનિ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	૭	૧૪	૨૧	૨૮		મંગળ	શુક્ર	સોમ	બુધ	શનિ	સોમ
ર્યા	શુક્ર	સોમ	સોમ	ગુરૂ	શનિ	મંગળ	૧	૮	૧૫	૨૨	૨૯	ગુરૂ	રવિ	બુધ	શુક્ર	સોમ	બુધ
	શનિ	મંગળ	મંગળ	શુક્ર	રવિ	બુધ	૨	૯	૧૬	૨૩	૩૦	શુક્ર	સોમ	ગુરૂ	શનિ	મંગળ	ગુરૂ
	રવિ	બુધ	બુધ	શનિ	સોમ	ગુરૂ	૩	૧૦	૧૭	૨૪	૩૧	શનિ	મંગળ	શુક્ર	રવિ	બુધ	શુક્ર
	સોમ	ગુરૂ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	૪	૧૧	૧૮	૨૫		રવિ	બુધ	શનિ	સોમ	ગુરૂ	શનિ
	મંગળ	શુક્ર	શુક્ર	સોમ	બુધ	શનિ	૫	૧૨	૧૯	૨૬		સોમ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	રવિ
	બુધ	શનિ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	૬	૧૩	૨૦	૨૭		મંગળ	શુક્ર	સોમ	બુધ	શનિ	સોમ
	ગુરૂ	રવિ	રવિ	બુધ	શુક્ર	સોમ	૭	૧૪	૨૧	૨૮		બુધ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	મંગળ
લ	શનિ	મંગળ	મંગળ	શુક્ર	રવિ	બુધ	૧	૮	૧૫	૨૨	૨૯	શુક્ર	સોમ	ગુરૂ	શનિ	મંગળ	ગુરૂ
	રવિ	બુધ	બુધ	શનિ	સોમ	ગુરૂ	૨	૯	૧૬	૨૩	૩૦	શનિ	મંગળ	શુક્ર	રવિ	બુધ	શુક્ર
	સોમ	ગુરૂ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	૩	૧૦	૧૭	૨૪	૩૧	રવિ	બુધ	શનિ	સોમ	ગુરૂ	શનિ
	મંગળ	શુક્ર	શુક્ર	સોમ	બુધ	શનિ	૪	૧૧	૧૮	૨૫		સોમ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	રવિ
	બુધ	શનિ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	૫	૧૨	૧૯	૨૬		મંગળ	શુક્ર	સોમ	બુધ	શનિ	સોમ
	ગુરૂ	રવિ	રવિ	બુધ	શુક્ર	સોમ	૬	૧૩	૨૦	૨૭		બુધ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	મંગળ
	શુક્ર	સોમ	સોમ	ગુરૂ	શનિ	મંગળ	૭	૧૪	૨૧	૨૮		ગુરૂ	રવિ	બુધ	શુક્ર	સોમ	બુધ
ય	રવિ	બુધ	બુધ	શનિ	સોમ	ગુરૂ	૧	૮	૧૫	૨૨	૨૯	શનિ	મંગળ	શુક્ર	રવિ	બુધ	શુક્ર
	સોમ	ગુરૂ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	૨	૯	૧૬	૨૩	૩૦	રવિ	બુધ	શનિ	સોમ	ગુરૂ	શનિ
	મંગળ	શુક્ર	શુક્ર	સોમ	બુધ	શનિ	૩	૧૦	૧૭	૨૪	૩૧	સોમ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	રવિ
	બુધ	શનિ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	૪	૧૧	૧૮	૨૫		મંગળ	શુક્ર	સોમ	બુધ	શનિ	સોમ
	ગુરૂ	રવિ	રવિ	બુધ	શુક્ર	સોમ	૫	૧૨	૧૯	૨૬		બુધ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	મંગળ
	શુક્ર	સોમ	સોમ	ગુરૂ	શનિ	મંગળ	૬	૧૩	૨૦	૨૭		ગુરૂ	રવિ	બુધ	શુક્ર	સોમ	બુધ
	શનિ	મંગળ	મંગળ	શુક્ર	રવિ	બુધ	૭	૧૪	૨૧	૨૮		શુક્ર	સોમ	ગુરૂ	શનિ	મંગળ	ગુરૂ

૧ એ જ ! / માધવ રામાનુજ

· કટાવ

પરોઢિયાના પાલવ ઓથે
રતુંબડું જે સ્મિત,
સ્વપ્નના આંજણવાળી આંખે
જોયું હતું અમે જે—
એ જ તમે છો ?

પાંખડીએ ઝાકળમાં જાગી
ઝલમલતું જે ગીત,
હવાના હળુહળુ કંપનમાં
ઘૂંટ્યું હતું અમે જે—
એ જ તમે છો ?

ફોરી પાંપણથી વરસી જે
પ્રથમ વ્હાલની ફરફર,
ભરતાં પા પા પગલી
થયા હતા તરબોળ અમે જે—
એ જ તમે છો ?

ભર્યા મારગે ભેળું થયું'તું
ઉજાળુ ધરતીનું ભીનું રૂપ
સૂર્યના કૂણાકૂણા સ્પર્શે
પરખ્યું હતું અમે જે—
એ જ તમે છો ?

ઠર્યે દીવડું ઝળાંહળાં અંધાર,
શ્વાસમાં ભર્યો અમે જે—
એ જ તમે છો ?

ધબકારા ઓઢીને
મઘમઘ હૂંફ પામતા રહ્યા અમે જે—
એ જ તમે છો ?

૨ ....કરું / હરિકૃષ્ણ પાઠક

· ગઝલ ·

દ્વાર મારાં રોજ ભમરો કોતરે,
રોજ હું જોયા કરું – જોયા કરું.

ભીડમાં ભમતો ફરું કે ખોળવા
ને કશું ખોયા કરું – ખોયા કરું.

જાણતો; કે પંથ આ મારો નથી,
દૈવને રોયા કરું – રોયા કરું.

કેટલી યે ચેહ આંખોમાં બળે
આંખને લોહ્યા કરું – લોહ્યા કરું.

સાથરે સૂતેલ જાણું જિંદગી,
ઝાંઝવાં ટોયા કરું – ટોયા કરું.

૩ નામ / નિરંજન યાજ્ઞિક

· કટાવ ·

સમી સાંજની વેળા મારા
ફળિયાની ગુલમ્હોર ડાળ પર
કોરાવું મેં નાજુક નાજુક
ઝીણું કો'નું નામ.

ખેતરના શેઢે ઊગેલું ઘાસ
ઘોરિયા સાથે માંડે વાત
વાતમાં કોણે લીધું નામ.

આંગણિયે પડઘાતા
શમણાંના ટાકાને
રાત હથેળીમાં દોરે
હૈયે ભીનુંભીનું નામ.

ખાલી ઘરના ચાર ખૂણામાં
કણસે આખી રાત, ઢોલિયે મો'રે
કોનું ફૂલ સરીખું નામ!

૪ લીલો બફારો / 'સલિલ'

· કટાવ–લાવણી ·

બત્તીના ઝાંખા અજવાળે,
તન્વંગીની ગોરીગોરી,
લાલચટક અંગુલિમાંથી
ફૂટે રેશમી રૂપ!
મુલાયમ ચમકે તરલ કપોલ:
બંગડી પડીપડી હિજરાય.

શયનને આંબે આવ્યો મૉર:
ટહુકતાં શમણાંનો સળવાટ;
અંગથી હજુ કસુંબલ કેફ નીતરે;
અધર પર ફૂટ્યું વિલસે મૌન;
ઉભયના શ્વાસશ્વાસમાં
રણકી રહેતો પળપળનો રોમાંચ!

અચાનક આંખ ખૂલે ને—
શય્યા ફરતો કાળમીંઢ અંધાર,
આંખમાં વ્યાકુળ તીખી તરસ:
સાળુની અકબંધ સિલવટમાં
ખૂલતું જતું શરીર,
શરીરે સિંદૂરી લાલાશ:
છાતડી બે કાંઠે છલકાય!
રાતની વરસાદી ખુશબૂ આવીને
શય્યામાં ઠલવાય:
રગેરગ લીલો બફારો થાય!

૧) આપમેળે પહેલી બેસી ગએલી આ કૃતિ વિષે વધુ લખવાની જરૂર ખરી? ૨) અસહાય નિષ્ક્રિયતાની વેદના; ૩) 'કો'ના નામનું વિવિધ પ્રકારે થયા કરતું સ્મરણ; ૪) યૌવનનો કેફ જેનો નીતરે છે એવી વિધવા સ્વપ્નમાં પળપળનો રોમાંચ માણે છે; પણ ત્યાં...

૫ કાળની કલા / ઉશનસ્

· હરિણી સૉનેટ ·

સરસ સમયે ધીમે ધીમે સુરેખ રૂપે તને
મહિન ગળણે ગાળી ચાળી સ્વયં લીધી સારવી!
સરસ રીત શિલ્પીની: કાઢી વિરાટ ચટાનથી
નિશિત અણીએ કોરી તારી ટિચૂકડી મૂરતિ!

સરસ રીતથી રેખાકારે સુજી દીધ રૂપસી:
ફલક પરની ડાઘાડૂઘી સૌંવારી કે ઊપસી
પ્રતનું છવિ ઝીણી રેખાની, મુલાયમ અકને!

સમય જ પ્રિયે! એવી કોઈ પ્રગાઢ રીતે હતો
ચુપ ચુપ તને ન્હાતો, કે ના કશી જ વિસાતમાં
મુજ રતિ તણી જાડી રીતિ; સ્વયં દિનરાતમાં
સ્વકીય સ્ટુડિયે જાગી જાગી તને ઘડતો હતો:
વિગલિત મલે શી શોભે સપ્રમાણ તું ગાતમાં!

અવ ન રગડા ઊર્મિના: ક્યાં અવઘ ન આકૃતિ;
મુજ નજરમાં વ્હાલી, તું છે હવે જ વિશુદ્ધ કલાકૃતિ.

૬ અતિથિ / હસિત બૂચ

· અનુષ્ટુપ સૉનેટ ·

હજી આકાશમાં મોડી રાતની મંદ ચાંદની,
તારાઓ ક્યાંક છુટ્ટા ને ટોળામાં ક્યાંક,
ભૂલથી અટવાતી એક-બે આછી વાદળી શ્વેત,
પૃથ્વીએ પ્રસરી થાકને અંતે આવતી શાંતિ,
વાયુએ શીળીશીળી જમે સેર સ્વચ્છ એકાંતની,
હજી વિશ્રાન્ત શ્હેર વિશ્વાસે નિદ્રાને અંક નિશ્ચલ.

ક્ષિતિજે સૂર્યના સપ્ત અશ્વની રજ ઉજ્જવલ
ઊડશે–ઘૂમશે, એના કલગીતોરા કસુંબલ
અચિંત્યા સૌ દિશાઓમાં ઊઠશે ઝળકી,
થશે હણહણતા આભના છેડા,
પાંપણો હલતી થશે ધરાની નવ્ય ચેતન્યે;
આઘીઆઘી રહી હજી ક્ષણ એ,—
સૃષ્ટિને જાણે સ્વપ્ન એવું નથી–નથી!
એકાંત શાંત રાત્રિની સૃષ્ટિ નિઃસ્વપ્ન; જાણતી
પૂર્વની પારની જ્યોતિ એમાં યે લ્હાણ માણતી.

૫) સૌંદર્ય દ્વારા પ્રણયનું ઊર્ધ્વીકરણ નિરૂપતા આ સૉનેટની છેલ્લી પંક્તિમાં છંદને છલાંગીને ટોચ સાધી; ૬) સૂર્યોદયની ક્ષણો હજી ઘણી દૂર છે એવા સમયની આ એકાન્ત શાન્ત રાત્રિની સ્થિતિ પેલી પૂર્વની પારની જ્યોતિ જાણે છે—ને માણે છે.

ભંગ

ફાધર વાલેસ

જેમ માણસ પોતાનું જીવન સમજે તેમ એ આનંદમાં આવે. જેમ વિશ્વની યોજના અને સૃષ્ટિનો હેતુ એ કળી જાય તેમ એના હૃદયમાં ઉત્સાહ ભરાય. જેમ મુસાફર રસ્તો જુએ ને દિશા પારખે તેમ એના પગમાં જોર આવે ને એની છાતીમાં ઉમંગ સ્ફુરે.

પણ એમાં વાંધો આવે છે.

રસમાં ભંગ પડી શકે. રસ્તામાં અડચણ આવી શકે. યોજનામાં વિઘ્ન આવી શકે.

અને આવે છે.

યોજના સુંદર હતી પણ એમાં ચીરા પડ્યા. સૃષ્ટિ મંગળ છે પણ એમાં અમંગળ પડછાયા પણ છે. બ્રહ્માંડમાં પ્રકાશનાં પગલાં જોયાં, પણ એની બાજુમાં હવે પાપના અવશેષો પણ દેખાયા. માનવહૃદયમાં દિવ્યતા હતી એની સાથે અધમતા પણ છે. જીવનમાં ક્યાંક એક અશુભ તત્ત્વ છે, એક રાક્ષસ છુપાયેલો છે, તે એ જીવનના વિકાસમાં ને એ સૃષ્ટિની ગતિમાં અવરોધ નાખે છે.

રોજનું છાપું ખોલીએ. તાજા સમાચાર. એમાં ખૂન ને ચોરી, વેર ને હિંસા, ને સડો. પ્રજા પ્રજા વચ્ચે યુદ્ધ. સમજાય નહિ, પોસાય નહિ ખમાય નહિ એવું યુદ્ધ. છતાં તે ચાલુ ને ચાલુ. માણસ માણસ વચ્ચે અથડામણ. હેતુ વિના, ફાયદા વિના, અક્કલ વિના. પણ રોજ એવું ને એવું. ને દૂર જોવાની ક્યાં જરૂર છે? આપણી આસપાસ પણ એ અમંગળ જાળ પથરાએલી છે. છોકરો નિર્દોષ છે, પણ એનો બાપ બીજી સ્ત્રીની પાછળ મિલકત ને આબરૂનું પાણી કરે છે એના જેવું દુઃખ શું? માણસ પ્રામાણિક છે. પણ બીજાને માટે જગ્યા કરી આપવા એના ઉપર ખોટો આરોપ મૂકીને એને છૂટો કરે છે એના જેવો અન્યાય શો? વિદ્યાર્થી મહેનતુ છે, પણ બીજા લાંચ આપીને ને ધાલમેલ કરીને વધારે માર્ક્સ લાવે ને એને પાછળ ધકેલી દે અને એને જે માન ને લાભ ને ઍડમિશન મળવાનાં હતાં એ તે પચાવી લે એના જેવો અધર્મ શો? અને તોપણ એ અધર્મ આજનો છે, એ અન્યાય રોજનો છે. એ જોઈને ને અનુભવીને માનવી પરથી વિશ્વાસ ઊઠે છે અને શંકા આવે છે કે એના જીવનની જે સુંદર યોજના હતી, સૃષ્ટિનો જે શુભ ઉદ્દેશ હતો એ ખરેખર પાર પડશે કે કેમ?

ભૌતિક પ્રગતિ તો માણસ વિસ્મયકારક વેગથી કરી રહ્યો છે, પણ એનો પૂરો લાભ એ લઈ શકતો નથી; કારણ કે એની સાથે સમાંતર પગલે ચાલે એવી નૈતિક પ્રગતિ એણે કરી નથી. ઝડપી મુસાફરી કરવા એણે વિમાનો સર્જ્યાં. થોડા જ કલાકમાં પૃથ્વીના એક છેડેથી બીજા છેડા સુધી સગવડપૂર્વક જઈ શકાય એવાં વિમાનો છે. પણ હવે એવા ઉતારુ વિમાનમાં કોઈ બદમાશ ચડે ને પિસ્તોલ તાકીને પાઇલટની પાસે વિમાન બીજે ક્યાંય ઉતરાવે; અથવા કોઈ ખૂની આત્મઘાતી ચડે ને ભર ઉડ્ડયનમાં વિમાન તોડીને પોતે બધાની સાથે નાશ પામે; કે વળી જે દેશનું એ વિમાન હોય એની સામે વેર વાળવા મરણિયા ઠગ એના પર ગોળીબાર ને બૉંબમારો ચલાવે—એટલે એના ડરથી લોકો વિમાની મુસાફરીની સગવડનો લાભ લેતા અચકાયા છે. વિજ્ઞાનની સિદ્ધિ થઈ, પણ ધર્મ પાછળ રહ્યો એટલે એ સિદ્ધિનો પૂરો લાભ ન લઈ શકાયો. એ જ રીતે આધુનિક જીવનમાં ઘેર ને બહાર, રહેવા ને ફરવા જે અનેક સાધનો ને સગવડો છે એનો પણ છૂટથી ને શાંતિથી ઉપયોગ કરી ન શકાય, કારણ કે ક્યાંય કંઈક થાય, ને કોઈ વીફરે ને તોફાન ચાલે, ને હડતાલ પડે એટલે સગવડો બંધ. પાછા જંગલમાં! ફરવાનું હોય તો પગે ચાલવાનું, કારણ કે બસ નથી, રિક્ષા નથી, અને પોતાની મોટરમાં બેસીને જવું એ હાથે કરીને નુકસાન વહોરવા જેવું. ટપાલ નહિ, વર્તમાનપત્રો નહિ, અને એમ ક્યાં સુધી ચાલશે એનો અંદાજ પણ નહિ. સગવડો આવી તેવી ગઈ. બુદ્ધિનો પુરુષાર્થ અનીતિએ લૂંટી લીધો. સુખસાધનો આવ્યાં પણ સલામતી ગઈ.

એ અવળાં પરિણામ માણસના હૃદયમાં રહેલી દુર્વાસનામાંથી આવે છે. એનું એ બાહ્ય સ્વરૂપ છે, એનાં કડવાં ફળ છે. બહાર તોફાન છે કારણ કે અંદર વિકાર છે. દુનિયામાં દુઃખ છે કારણ કે માણસના હૃદયમાં પાપ છે. અને એનો પહેલો ભોગ પોતે જ બને છે: દિલનો વિકાર એક ગુપ્ત રોગ છે. એની અસર જલદી જણાતી નથી; પણ રોગ વધતાં એ મન ને દેહ ઉપર છાપો મારશે અને જીવનની બરબાદી કરશે.

એક કુલીન યુવતીને રક્તપિત્તનો રોગ થયો હતો. એનાં બાહ્ય જુગુપ્સાકારક ચિહ્નો હજી દેખાતાં ન હતાં પણ ડૉક્ટરની આજ્ઞાથી એને રક્તપિત્તીઓના રુગ્ણાલયમાં મૂકવામાં આવી. ત્યાં એણે પહેલી વાર એ રોગના બીજા દર્દીઓને જોયા, અને તેમના વિકૃત દેહ જોઈને એને એવાં કમકમાં છૂટ્યાં કે દોડીને એ પોતાની ઓરડીમાં સંતાઈ ગઈ. પણ એક નિર્દય સ્ત્રી દર્દી એની પાછળ ગઈ. એનો ચહેરો રોગના હુમલાથી એકદમ બેડોળ, અમાનુષી થઈ ગયો હતો. એ રાક્ષસીએ ક્રૂર અવાજે કહ્યું: 'જુએ છે આ મારું મોં? હું અહીં આવી ત્યારે હું તારા જેવી રૂપાળી હતી. અને તું પણ થોડા જ સમય પછી મારા જેવી કદરૂપી બની જઈશ.' અને નિષ્ઠુર અટ્ટહાસ્ય સાથે એ ત્યાંથી ચાલી ગઈ. જોકે એ યુવતી તો પાછળથી અસાધ્ય ગણાતા એ રોગથી મુક્ત થઈ; અને પોતાની આત્મકથા લખી ત્યારે એ પ્રસંગનું વર્ણન કરતાં એણે ઉમેર્યું: 'મારા રોગ કરતાં એ નિર્દય સ્ત્રીના મહેણાથી મને વધારે દુઃખ થયું.'


અશુભની ગતિ છે અકળ ને અચૂક. દિલમાં હોય ત્યારે દેખાતું નથી. બહારથી રૂડુંરૂપાળું લાગે, પણ એને વધવા દઈએ તો બહાર પોતાનો પરચો બતાવ્યા વગર રહેવાનું નથી. અને ત્યારે દેહ અને મનનું સત્યાનાશ વાળશે. ગઈ કાલની દેખાવડી યુવતી કાલે વિકૃત રાક્ષસી થશે. પરંતુ વહેલા ચેતીને એ ગતિ રોકીએ તો રક્તપિત્ત જેવો રોગ પણ હજી મટાડી શકાય.

અનીતિનો દંશ એમાં છે કે તે માનવજીવનની ને સૃષ્ટિની મૂળ યોજનામાં ભંગ પાડે છે, પ્રગતિ રોકે છે, વિકાસ રૂંધે છે. અને યોજનાનો ભંગ એટલે યોજના ઘડનારનો તિરસ્કાર. નિયમનનું ઉલ્લંઘન એટલે નિયમ કાઢનારનું અપમાન. માનવીનું પાપ એટલે ઈશ્વરનો ગુનો.

ઈશ્વરે માનવીને માનવદેહ આપ્યો છે, હાથપગ આપ્યા છે, મન-હૃદય આપ્યાં છે. તે લઈને ને તેનો વિપરીત ઉપયોગ કરીને માનવી હવે એની સામે થાય છે. બાપે આપેલી મિલકત લઈને દીકરો એની સામે લડે. મિત્રે ભેટ આપેલું ખંજર લઈને મિત્ર પર એનો ઘા કરે. ઈશ્વરે આપેલી વિચારશક્તિ લઈને માણસ કુવિચારો ચલાવે, હાથપગ લઈને બીજા માણસોને સતાવે, હૃદય લઈને સૌનો પ્રેમ કરવાને બદલે ધિક્કાર ને તિરસ્કાર કરે. કૃતઘ્નતા છે. નિમકહરામી છે. દ્રોહ છે. અને તેથી અનીતિના અમંગળ પ્રયોગથી દુનિયામાં ભયંકર પરિણામ આવે છે.

એમની યોજના તો સમજાઈ. રસ્તા ને દિશાનું ભાન થયું. પણ જોખમો ને ભયસ્થાનો પણ છે. માટે એ રસ્તામાં જે વિઘ્નો આવી શકે, એ દિશા બદલવા જે લાલચ ને દબાણ મળી શકે એનો ખ્યાલ પણ સતત રાખવો પડશે, જેથી યાત્રાનું લક્ષ્ય આખરે ચૂકી ન બેસીએ.

બાલવયથી જ બુદ્ધિપ્રતિભાવાળા, અસાધારણ સેવાનિષ્ઠ અને કુટુંબવત્સલ ગૃહસ્થી સ્વભાવે સરલ સત્યનિષ્ઠ અને સાત્ત્વિક, પરમ આત્મસાધક સાંસારિક યોગી નૈસર્ગિક સર્જનશક્તિ ધરાવનાર ગદ્યપદ્યકાર શતાવધાની સંત અને આત્મોન્નતિ માટે સદા જાગ્રત તથા ધર્મના ખરા મર્મજ્ઞ મુમુક્ષુ એવી એક અદ્‌ભુત વ્યક્તિ



શ્રીમદ્ રાજચંદ્ર

લેખક: પ્રો. ડૉ. ધીરુભાઈ પરીખ

'બેટા દેવ, તમારે ત્યાં મહાભાગ્યશાળી દીકરાનો જન્મ થાઓ.' આ આશીર્વચન સોથી યે વધુ વર્ષ પૂર્વે મોરબી પાસેના નાનકડા બંદર વવાણિયાના રવજી શેઠનાં ધર્મપત્ની દેવબાઈને મળેલું. દેવબાઈ અતિ સેવાપરાયણ સન્નારી હતાં. સાસુસસરાની નિર્મમ સેવા સાથે મહેમાનોની પણ એ ભાવભરી શુશ્રૂષા કરતાં. એક સમયે વયોવૃદ્ધ આડતિયા એમને ત્યાં અતિથિ બન્યા. અચાનક એમને આવી પડેલી બીમારીમાં રાતદિવસ એક કરીને દેવબાઈએ એમની સેવા કરી સાજા કર્યા. એમની સેવાવૃત્તિથી પ્રસન્ન થએલા એ વૃદ્ધ આડતિયાએ દેવબાઈને ઉપર મુજબ પોતાના સાચા હૈયાનો આશીર્વાદ આપ્યો.

અને જાણે એ આશીર્વાદ ફળીભૂત થયો હોય તેમ, શેઠ રવજી પંચાણ મહેતાને ત્યાં દેવબાઈની કૂખે સંવત ૧૯૨૪ની કાર્તિકી પૂર્ણિમા ને રવિવારે રાત્રે બે વાગ્યે પુત્રજન્મ થયો. આ 'મહાભાગ્યશાળી' પુત્ર એ શ્રીમદ્ રાજચંદ્ર. શ્રીમદ્‌નાં માતાપિતા બંને સાધુચરિત હતાં. પિતા રવજી શેઠ સાધુસંતોના સમાગમમાં અને એમની ભક્તિભાવભરી સેવા કરવામાં અનેરો આનંદ માણતા. દીનદુખિયાંને અનાજ-કપડાં વગેરેની છૂટથી મદદ કરતાં. માતા દેવબાઈ તો નર્યાં સેવામૂર્તિ જ હતાં. દાદાજી પણ કૃષ્ણકીર્તનનાં પદો શ્રીમદ્‌ને સંભળાવતા. દાદા તથા પિતા બંને કૃષ્ણભક્ત અને માતા-જૈન ધર્મના સંસ્કારે રંગાએલાં. આવા સેવાપરાયણ અને ધાર્મિક સંસ્કારમય વાતાવરણમાં શ્રીમદ્‌નું બાલ્ય પાંગર્યું.

કુટુંબનાં લાડકોડ વચ્ચે શ્રીમદ્ રાજચંદ્ર ઊછરતા હતા. એમનું એ વખતનું નામ તો લક્ષ્મીનંદન. એમાંથી એ રાયચંદભાઈ થયા અને અંતે શ્રીમદ્ રાજચંદ્ર તરીકે પ્રસિદ્ધિ પામ્યા. શ્રીમદે પોતાની કુશાગ્ર બુદ્ધિશક્તિના ચમકારા બાલ્યકાળમાં જ દર્શાવવા માંડયા હતા. શૈશવનાં



ઉપર: ૧૯મે વર્ષે; સામે: ૨૪મે વર્ષે વિ. સં. ૧૯૪૭માં

સાત વર્ષ તો એમણે રમતગમતમાં પસાર કર્યાં. ૭ થી ૧૧ વર્ષનો ગાળો શિક્ષણોપાર્જનમાં ગાળ્યો. એમની યાદશક્તિ તીવ્ર હતી. એક વાર વાંચેલો પાઠ એમને ફરી વાંચવો ન પડતો. પરિણામે એમને ઘરે વાંચવાની જરૂર રહેતી જ નહિ. એકાદ માસમાં એમણે બધા આંક શીખી લીધા, ને બે વર્ષના ટૂંકા ગાળામાં તો સાતે ચોપડી પૂરી કરી લીધી. આ વિષે શ્રીમદ્‌ના જ શબ્દો જોઈએ: 'અભ્યાસ એટલી ત્વરાથી કરી શક્યો હતો કે જે માણસે મને પ્રથમ પુસ્તકનો બોધ દેવો શરૂ કર્યો હતો, તેને જ ગુજરાતી કેળવણી ઠીક પામીને તે જ ચોપડીનો પાછો મેં બોધ કર્યો હતો.' આવી હતી એમની અદ્‌ભુત સ્મરણશક્તિ.

નાનપણથી જ એમને નવું જાણવાની, નવું સાંભળવાની અને નવું શીખવાની ધગશ હતી; એટલું જ નહિ, પણ જે વાંચ્યું-જાણ્યું તે પર મનનચિંતન કરવાની પણ પ્રકૃતિ હતી. આઠમે વર્ષે એમણે કવિતા રચવા માંડેલી. એ જ અરસામાં રામાયણ-મહાભારતનું ૫,૦૦૦ કડીમાં સર્જન કરેલું. દસમે વર્ષે તો એ રસિક વિષયો પર છટાદાર ભાષણો કરી શકતા. અગિયારમા વર્ષથી એમના લેખો છપાવા લાગ્યા. ઈનામી સ્પર્ધામાં ભાગ



△ પિતા : રવજીભાઈ પંચાણભાઈ મહેતા



▽ માતા : દેવબાઈ



▽ પત્ની : જવલબેન

લઈ એમણે ઘણાં પારિતોષિકો મેળવ્યાં હતા. સ્ત્રીકેળવણીની ઉપયોગિતા દર્શાવતો એક સુંદર નિબંધ પણ એમણે લખ્યો હતો. બાર વર્ષની વયે ઘડિયાળ ઉપર ત્રણ સો જેટલી કડીઓ એમણે માત્ર ત્રણ જ દિવસમાં રચી હતી. તેરની વયે અંગ્રેજી ભાષાનો અભ્યાસ કરવા એઓ રાજકોટ ગએલા. ત્યાં ક્યાં સુધી અને કેટલો અભ્યાસ કર્યો તે માહિતી મળતી નથી. તેરથી પંદર વર્ષ સુધીના ગાળામાં એમણે ખાનગીમાં નવાનવા વિષયોનો અભ્યાસ કરવા માંડ્યો હતો અને ઘણા વિષયોનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું હતું. આવા રાયચંદભાઈ વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં પ્રિય થઈ પડે તે સ્વાભાવિક હતું.

બાળપણથી જ એઓ વિનયી અને વિચારશીલ હતા. વક્તૃત્વ, વાક્ચાતુર્ય અને તર્કશક્તિથી એ સૌને પ્રભાવિત કરતા. સાદું સરળ જીવન અને વીતરાગી ચિત્તવૃત્તિ એમની પ્રકૃતિનાં પ્રધાન લક્ષણો. સાત વર્ષની ઉંમરે જાતિસ્મરણ (પૂર્વ જન્મનું જ્ઞાન) થતાં એ વૈરાગ્ય વૃત્તિ બલવત્તર બનેલી. એ અંગેનો એક મહત્ત્વનો પ્રસંગ એમની બાલવયમાં બની ગએલો. વિક્રમ સંવત ૧૯૩૧ની સાલની એ વાત. એમની ઉંમર ત્યારે સાત વર્ષની. વવાણિયાના પ્રસિદ્ધ શેઠ અમીચંદનું એ વખતે રાયચંદભાઈ પર અપૂર્વ હેત. એ શેઠ મૃત્યુ પામ્યા. રાયચંદભાઈને આ વાતની જાણ થઈ ત્યારે એમને કુતૂહલ થયું કે ગુજરી જવું એટલે શું. દાદાજીએ એમને સમજાવવા પ્રયાસ તો કર્યો, પણ રાયચંદભાઈનું કૌતુક શમ્યું નહિ. એ તો ઊપડ્યા ગામને પાદરે. ત્યાં એક બાવળ પર ચડીને એમણે શેઠ અમીચંદની ભડભડતી ચિતા નજરે નિહાળી. આ જોઈ એમને બારે દુઃખ થયું અને એના ફલસ્વરૂપે તીવ્ર મંથન જન્મ્યું, ત્યાં તો અચાનક જ એમના ચિત્ત પરથી પરદો સરી ગયો અને એમને જન્મ-જન્માંતરનું દર્શન થયું. ત્યાર પછીથી એ થોડા શાંત થયા.

આને પરિણામે બાળપણથી જ એ રાગમુક્ત થતા ગયા અને એમનામાં અભેદદૃષ્ટિ પાંગરવા લાગી. દીનદુઃખીને જોઈ એમના નાજુક ચિત્તને ઊંડો ખેદ થતો અને એઓ પ્રત્યે અપાર કરુણા જન્મતી. સત્ય અને સદાચાર તરફ એમનો ઝોક વધતો ગયો અને જીવન ઉદાત્ત સંસ્કારો પામ્યું. એમના નિર્મળ ચિત્તમાં એ સમયે અનુપમ જ્ઞાનનો પ્રકાશ ઝળહળતો હતો. એ જ્ઞાનબળે જ એઓ ભાવિ જોઈ શકતા. વળી એઓએ જ્યોતિષનો પણ અભ્યાસ કર્યો હતો. આથી એમના નિર્મળ જ્ઞાનમાં ઉમેરો થયો હતો. પણ એ વિદ્યાનો એઓ અંગત સ્વાર્થસિદ્ધિ કે પ્રતિષ્ઠાની પ્રાપ્તિ માટે કદાપિ ઉપયોગ કરતા નહોતા. અનિષ્ટ પ્રસંગોને ટાળવા બીજાઓને વિધિનિષેધમુક્ત સૂચનો જ કરતા.

આવા શ્રીમદ્ રાજચંદ્રનો ગૃહસ્થાશ્રમ જનક વિદેહી જેવો હતો. સંવત ૧૯૪૪ના મહા સુદ બારશને દિવસે મુંબાઈના વિખ્યાત ઝવેરી શ્રી રેવાશંકર જગજીવનના મોટા ભાઈ શ્રી પોપટલાલની પુત્રી જવલબેન સાથે એમનું લગ્ન થયું. આ ગૃહસ્થાશ્રમને પરિણામે એમને બે પુત્ર અને બે પુત્રી થએલાં. આ બધાંની તેમજ માતાપિતા અને નાના ભાઈ મનસુખલાલની જવાબદારીની ધુરા એઓ નિર્લેપ ભાવે વહતા. સંસારમાં રહેવા છતાં મોહમાયાનાં મલિન જળ એમના ચિત્તોત્પલને સ્પર્શી શક્યાં નહોતાં. ગૃહજીવન દરમિયાન પણ એમનું મંથન અને આત્મોન્નતિની ખોજ તો અવિરત ચાલુ જ હતી.


ચૌદમે વર્ષે તો એમણે શિક્ષણ છોડી વ્યવહારમાં ઝંપલાવ્યું. પિતાની દુકાનથી એમણે વ્યવસાયી જીવનનો આરંભ કર્યો. એ વિષે એઓ લખે છે: 'દુકાને મેં નાના પ્રકારની લીલાલહેર કરી છે; અનેક પુસ્તકો વાંચ્યાં છે; રામ ઇત્યાદિનાં ચરિત્રો ઉપર કવિતાઓ રચી છે... કોઈને મેં ઓછોઅધિકો ભાવ કહ્યો નથી કે કોઈને ઓછુંઅધિકું તોળી દીધું નથી.'

ધંધામાં પણ એમણે પોતાનું પ્રાવીણ્ય દાખવ્યું. લગ્ન બાદ મુંબાઈમાં પોતાના સસરાની હીરામાણેકની પેઢીમાં એઓ બેઠા. સાથે કાપડની દુકાન પણ ચલાવતા. ત્યાં પણ વ્યાપાર કરતાં એઓએ ધર્મ-પુસ્તકોનું અધ્યયન વિસારે પાડ્યું નહોતું. વ્યાપારમાંથી અવકાશ મળે કે તરત જ એ આધ્યાત્મિક અધ્યયનમાં લાગી જતા. પૂ. ગાંધીજીએ પણ આ વિષે નોંધ્યું છે: 'પોતાની પેઢી ઉપર બીજી વસ્તુ હોય યા ન હોય, પણ કોઈ ને કોઈ ધર્મપુસ્તક અને રોજનીશી હોય જ. વેપારની વાત પૂરી થઈ કે ધર્મપુસ્તક ઊઘડે અથવા પેલી નોંધપોથી ઊઘડે... જે મનુષ્ય લાખોના સોદાની વાત કરી લઈને તુરત આત્મજ્ઞાનની ગૂઢ વાતો લખવા બેસી જાય તેની જાત વેપારીની નહિ પણ શુદ્ધ જ્ઞાનીની છે.'

વ્યાપારની ધમાલિયા પ્રવૃત્તિમાંથી ક્યારેક તે મનનધ્યાન ચિંતનાર્થે મુંબાઈ છોડીને વનોમાં કે પહાડો પર ચાલી નીકળતા. આ દરમિયાન એઓ ગુપ્ત રહેવાનો જ આગ્રહ સેવતા. પત્રવ્યવહાર કરવાની પણ સૌને મનાઈ કરતા. આ રીતે એમણે સૌરાષ્ટ્ર, ચરોતર અને ઇડરમાં એકાંત-વાસ ગાળેલો. ધ્યાનસ્થ અવસ્થામાં તે દેહભાન પણ ભૂલી જતા.







ડાબી બાજુ: શ્રીમદ્ રાજચંદ્ર સોળ વર્ષની વયે જ્યારે એમણે અષ્ટાવધાનના પ્રયોગ કરી બતાવ્યો; મથાળે: ૨૪મે વર્ષે સંવત ૧૯૪૮માં; જમણી બાજુ: શ્રીમદ્‌ના હસ્તાક્ષર

વિ. સં.૧૯૪૬માં એમણે શરૂ કરેલો વ્યાપાર ૧૯૫૬માં તો ચરમ સીમાએ પહોંચ્યો હતો. શ્રી રેવાશંકર જગજીવનદાસની ભાગીદારીમાં એમણે કાપડ, કરિયાણું અને અનાજની આડતનું કામ પણ શરૂ કરેલું. પાછળથી તો મોતીનો મોટો વેપાર પણ ખેડેલો. રંગૂનમાં યે ઝવેરાતની એક પેઢી એમણે ભાગીદારીમાં ખોલી હતી. વિશાળ કુટુંબની જવાબદારીને પહોંચી વળવા આ રીતે એમણે વ્યાપારક્ષેત્ર વિસ્તારવા માંડેલું; પરંતુ એમ છતાં ય એમની આધ્યાત્મિક પ્રવૃત્તિમાં ઓટ નહોતી આવી; બલ્કે એનું ક્ષેત્ર વધુ ને વધુ વિસ્તરતું જતું હતું.

આમ એક તરફ તદ્દન સાંસારિક અને બીજી બાજુ ઉચ્ચ આધ્યાત્મિક એમ ઉભય પ્રવૃત્તિમાં એકસાથે એકસરખી પ્રગતિ કરનાર આ જ્ઞાની પુરુષની અવધાનશક્તિ પણ અદ્વિતીય હતી. પોતાની આ અદ્‌ભુત શક્તિનો પ્રથમ પરિચય સંવત ૧૯૪૦માં સોળ વર્ષની વયે એમણે કરાવેલો. એ કાળમાં શાસ્ત્રી શંકરલાલ માહેશ્વર ભટ્ટ અષ્ટાવધાની ગણાતા. એમના અષ્ટાવધાનનો એક પ્રયોગ શ્રીમદે મોરબીના જૈન ઉપાશ્રયમાં નિહાળ્યો; અને તરત જ આત્મસાત્ કરી લીધો. બીજે જ દિવસે એમણે મોરબીના વસંતબાગમાં પોતાના મિત્રમંડળ સમક્ષ ખાનગીમાં અષ્ટાવધાનનો એ પ્રયોગ કરી બતાવ્યો. ત્યાર પછી તો બે હજાર પ્રેક્ષકોની સમક્ષ એમણે બાર અવધાન કરી બતાવ્યાં. જામનગરમાં વિદ્વાનોની હાજરીમાં બાર અને સોળ અવધાનના પ્રયોગો જે કરી બતાવ્યા એથી એમને 'હિંદના હીરા'નું બિરુદ અપાયું, ત્યાર બાદ બોટાદ મુકામે એમણે એક લક્ષાધિપતિ મિત્ર શેઠ હરિલાલ શિવલાલની સમક્ષ બાવન અવધાન કરી બતાવ્યાં! એ બાવન સંક્ષેપમાં આ પ્રમાણે હતાં: ચોપાટ રમવી, પત્તાં રમવાં, શતરંજ ખેલવી, ટકોરા ગણવા, પોતાના બરડા પર પડતી ચોંગાડીઓ ગણવી, સરવાળા-બાદબાકી-ગુણાકાર-ભાગાકાર કરવા, માળા ફેરવતી વ્યક્તિની માળાના મણકા ગણતા જવા, જુદીજુદી સોળ ભાષા (મરાઠી, ગુજરાતી, સંસ્કૃત, હિંદી, અંગ્રેજી, પંજાબી, કાર્ણાટકી, બંગાળી, મારવાડી, ઉર્દૂ, જાડેજી, અરબી, ફારસી, દ્રાવિડી અને સિંધી)ના આડાઅવળા ઉચ્ચારાએલા શબ્દો યાદ રાખવા, બે વ્યક્તિઓએ બે કોઠામાં આડાઅવળા અક્ષરથી માગેલા વિષયની કવિતા રચવી, આઠ ભિન્ન ભિન્ન માગેલી સમસ્યાઓ પૂરી કરતા જવાની, સોળ વિવિધ વૃત્તોમાં અપેક્ષિત વિષયો પર કાવ્યો રચવાં—આમ બાવને અવધાન એકીસાથે કરી બતાવી શ્રીમદે પોતાની બુદ્ધિ, સ્મરણશક્તિ, એકાગ્રતા અને હિમ્મતનો સૌને પરિચય કરાવ્યો.

ત્યાર બાદ સંવત ૧૯૪૩માં ૧૯ વર્ષની વયે શ્રીમદે મુંબઈમાં ફરામજી ઇન્સ્ટિટ્યૂટ તેમજ અન્ય સ્થળે સો અવધાનના પ્રયોગો કરી બતાવ્યા! આ એમના પ્રયત્નોની પરાકાષ્ઠા હતી. એમના હેરતભર્યા આ પ્રયોગથી એમને સુવર્ણચંદ્રક આપવામાં આવેલો અને 'સાક્ષાત્ સરસ્વતી'નું બિરુદ આપવામાં આવેલું. એમની આ શક્તિથી પ્રભાવિત થઈ 'ટાઇમ્સ ઑવ ઇન્ડિયા', 'પાયોનિયર', 'મુંબઈ સમાચાર', 'ગુજરાતી', લોકમિત્ર' અને 'ન્યાયદર્શક' જેવાં પત્રોએ બેશુમાર પ્રશંસા કરેલી.

એમની આ અદ્‌ભુત શક્તિથી આકર્ષાઇને ત્યારના મુંબઈ હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સર ચાર્લ્સ સાર્જન્ટે યુરોપમાં જઈ આ પ્રયોગો કરવાનું સૂચન એમને કર્યું: પણ પોતાનો પ્રિય જૈન ધર્મ ત્યાં ન પાળી શકાય એમ લાગવાથી એમણે એ સૂચન વધાવ્યું નહિ. એટલું જ નહિ પણ આ અવધાનો પોતાની આત્મોન્નતિની યાત્રામાં અવરોધ રૂપે છે એમ ભાસતાં વીસ વર્ષની વયે એમણે એ ત્યજી દીધાં. આમ શતાવધાની બન્યા પછી એમણે એ પ્રકરણ સદાને માટે બંધ કરી દીધું.

વૈષ્ણવ અને જૈન મિશ્ર સંસ્કારોમાં ઊછરેલા શ્રીમદ્ પર ત્યાગપ્રધાન જૈન ધર્મની ઊંડી અસર થતી ગઈ અને તેર વર્ષની વય સુધીમાં તો એઓ જૈન ધર્મના રંગે પૂરેપૂરા રંગાઈ ચૂક્યા. એમને એ વયે જ સમજાઈ ગયું કે ધર્મગુરુઓ સાંપ્રદાયિક સંકુચિત દૃષ્ટિથી ઉપદેશ કરતા હતા. એઓ

'કુમાર'ના

લવાજમ વિષે

ગયા વર્ષની અધવચ્ચે લવાજમમાં કરવા પડેલા ફેરફાર છતાં મુદ્રણ અને ચિત્રસામગ્રી તથા કર્મચારીઓ વગેરેના ખર્ચમાં ઉત્તરોત્તર થતા રહેલા વધારા લક્ષમાં લેતાં તો 'કુમાર'નું લવાજમ પોસ્ટેજ સાથે વાર્ષિક રૂ. ૧૮) જેટલું કરવું પડે એવી ગણતરી નીકળે છે. પરંતુ સાથેસાથે પ્રવર્તમાન સંજોગોમાં ગ્રાહકોની ખરીદશક્તિનો યે ખયાલ રાખવો જરૂરી બને છે. આ દૃષ્ટિએ, હાલ લવાજમમાં પોસ્ટેજના રૂ. ૧–૨૦ જે અલગ લેવાય છે તેનો લવાજમમાં સમાવેશ કરી લઈ ને તા. ૧લી માર્ચ ૧૯૭૦થી 'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૭ કરવાની ફરજ પડે છે. આશા છે કે માત્ર ૮૦ પૈસાનો આ નજીવો વધારો સૌ કુમારગ્રાહકો નિભાવી લેશે. ચાલુ ગ્રાહકો તથા નવા ગ્રાહક થનારાઓ ફેબ્રુઆરીના અંત સુધી રૂ. ૧૬–૨૦ના લવાજમનો લાભ લઈ શકશે. પરદેશનું લવાજમ રૂ. ૨૮, અગર શિલિંગ ૩૦, કે ડૉલર ૪ ચાલુ રહેશે. છૂટક નકલના રૂ. ૧–૭૫ રહેશે.

માનતા હતા કે અકાળે સંસારનો ત્યાગ કરી સાધુ બનેલાઓ સાંસારિક સંપત્તિઓના અભાવ તથા અસંતોષને લઈને વિકૃત બને છે. આથી એમના ઉપદેશ પર આંતરવૃત્તિની છાપ હોતી નથી. પરિણામે એવા સાધુના ઉપદેશની કોઈ અસર પડતી નથી. જ્યાં સુધી આંતરિકવૃત્તિ સાધુત્વ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી બાહ્ય સાધુપણું અનુપકારી છે. આમ માનીને જ એઓ ગૃહસ્થી રહ્યા હતા. નીતિ, અધ્યાત્મ, ચારિત્ર્ય, સ્ત્રી, સંસાર, દેશપ્રેમ, ધર્મ આદિના પોતાના વિચારો એમણે પૂર્ણ ગૃહસ્થી રહીને જ કર્યા હતા, ને એ વિચારોને મુમુક્ષુઓ તેમજ જનસમુદાય સુધી પહોંચાડવા લેખો, કાવ્યો ને પુસ્તકાકારે રજૂ કર્યા હતા.

એમનું આ સાહિત્ય સ્ત્રી-કેળવણી વિષેના એમના પ્રથમ નિબંધથી આરંભાય છે. 'સ્ત્રીનીતિબોધક ખંડ ૧' એમનું પ્રથમ પુસ્તક. એમાં એમણે ગરબીઓ દ્વારા સ્ત્રીનીતિ અને શિયળ આદિ વિષે બોધ આપ્યો છે. એમાં એમનો સ્વદેશપ્રેમ પણ પ્રતીત થયા વગર રહેતો નથી. 'પુષ્પમાળા' નામક નાની પુસ્તિકામાં એમણે સરળ, સચોટ, સૂત્રાત્મક શૈલીમાં એક સો આઠ વિચારકણિકા રજૂ કરી છે. એ જ અરસામાં એમણે 'ભાવનાબોધ' નામે એક નાની ચિંતનાત્મક કૃતિ પણ પ્રસિદ્ધ કરેલી.

પરન્તુ એમનું મહત્ત્વનું પુસ્તક તો હવે બહાર પડે છે. એ છે 'મોક્ષમાળા.' લગભગ સોળ વર્ષ ને પાંચ માસની ઉંમરે એમણે ગંભીર વિષયની છણાવટ કરતું આ પુસ્તક રચ્યું હતું. એ કૃતિમાં જૈન ધર્મના સિદ્ધાંતોને સરળ શૈલીમાં રજૂ કરવાનો ઇરાદો ફળીભૂત થયો છે. આ સૃષ્ટિનો કોઈ સર્જક નથી એવું મંતવ્ય અહીં રજૂઆત પામ્યું છે. ઉપરાંત જૈન આચાર વિષે પણ એમણે અહીં નીડર નિરૂપણ કર્યું છે.

સંસ્કૃત મહાકાવ્યની પરિપાટીએ એમણે 'નેમિરાજ' નામક પાંચ હજાર શ્લોકોનો ગ્રન્થ રચ્યો હતો. આમાં એમણે ધર્મ-અર્થ-કામ-મોક્ષ



અનુજ : મનસુખલાલ



પુત્ર : છગનભાઈ

એ ચતુર્વર્ગનો ઉપદેશ આપ્યો છે અને ફળસ્વરૂપે મોક્ષમાર્ગ ઉદ્બોધ્યો છે. નવે રસથી પ્લાવિત આ કાવ્યમાં શાંત રસ પ્રધાનસ્થાન ભોગવે છે. આ ગ્રન્થની રચના એમણે માત્ર છ જ દિવસમાં કરી હતી.

'આત્મસિદ્ધિશાસ્ત્ર' એમનો સૌથી મહત્ત્વનો ગ્રંથ છે. આત્માના સ્વરૂપ વિષેનો જૈન સિદ્ધાંત આબાલવૃદ્ધ સમજી શકે તેવી સરળ બાનીમાં, અહીં પદ્યબદ્ધ કર્યો છે. આ પુસ્તકમાં ભલે વિષયવૈવિધ્ય કે દૃષ્ટાંત કથાઓ ન હોય, પરંતુ મુમુક્ષુને માટે આત્મસ્વરૂપની ગંભીર વાતને જે સરળ રીતે રજૂ કરી છે તે તો અપૂર્વ છે.

આ ઉપરાંત એ 'વૈરાગ્યવિલાસ' નામનું માસિક પણ ચલાવતા. જૈન શાસ્ત્રોમાંથી કેટલુંક મહત્ત્વનું સાહિત્ય ઉમદા ભાષાંતરરૂપે પણ એમણે આપેલું છે. એમના સમગ્ર સર્જનમાં રજૂ થએલા વિચારોનો સરવાળો એમના કાવ્ય 'અપૂર્વ અવસરની ભાવના'માં સારી રીતે આવી જાય છે. ગાંધીજીએ પણ એને 'આશ્રમ ભજનાવલી'માં સ્થાન આપેલું છે.

પોતાનાં આ સર્જનો દ્વારા શ્રીમદે ગુજરાતી ભાષાની શૈલીના ઘડતરનું પણ પ્રશસ્ય કાર્ય કર્યું છે. શ્રી ઉમાશંકર જોશી એ વિષે લખે છે : 'શ્રીમદ્ રાજચંદ્રના પત્રો અને હાથનોંધો તત્ત્વજ્ઞાનપૂત ધર્માનુભવના વર્ણન માટે આપણી વાણી કેટલી હદે કામ આપી શકે છે તેના સુંદર નિદર્શનરૂપ છે.' શ્રી રસિકલાલ છો. પરીખે પણ એમની આ મહત્તાને આમ બિરદાવી છે : 'કોઈ કારણથી રાજચંદ્રનું ગદ્ય અભ્યાસીઓના ધ્યાન બહાર રહી ગયું છે. એ ઉપેક્ષા પામેલા પ્રતિભાશાળી ગદ્ય સાહિત્યનું અનેક રીતે મહત્ત્વ છે. અંગ્રેજી નહિ ભણેલા, સંસ્કૃતના પણ ખાસ અભ્યાસ વિનાના એ પ્રાજ્ઞ પુરુષે દાર્શનિક ઝીણવટ, સૂક્ષ્મતા ને ભક્તિના ઉદાત્ત ભાવોને વહન કરવા જે રીતે ગુજરાતી ભાષા વાપરી છે તે આશ્ચર્ય ઉપજાવે તેવી છે.'

શ્રીમદ્‌ના સર્વ વિચારોનો પાર તો એમના સકલ વાચન દ્વારા જ પામી શકાય; પણ એમની વિચારસરણીમાં જે તત્ત્વજ્ઞાન મુખ્યત્વે પ્રવર્તે છે તેનો નિષ્કર્ષ કંઈક આમ આપી શકાય : આત્મા વિષે વિચાર કરતાં એઓ જણાવે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ અને નિત્ય છે. એ ચેતનમય છે, જ્યારે જગત જડ છે. અજ્ઞાનભાવથી કરવામાં આવતાં કર્મોનાં ફલ સ્વરૂપે જ જન્મ, જરા અને મૃત્યુ છે. વળી એઓ માને છે કે આત્મા અને ઈશ્વર અભિન્ન છે. જગતનો સર્જક કોઈ છે જ નહિ. આત્મા અજ્ઞાનને લઈને જ દેહબંધનમાં ફસાઈ જાય છે. આથી આત્માનું સાચું સ્વરૂપ ઓળખી એમાં લીન થનારને જ મોક્ષપ્રાપ્તિ થાય છે.

એઓ વેદોનું મહત્ત્વ સ્વીકારતા હોવા છતાં એમાંની સઘળી વાતોનો સ્વીકાર કરતા નથી. ગીતાના માહાત્મ્યને તો એઓ સ્વીકારે જ છે. જન્મ, પુનર્જન્મ અને પૂર્વજન્મમાં પણ એઓની દૃઢ આસ્થા (અનુ. પૃ. ૪૧)

ઈંગ્લંડના આદિ કવિ ચૉસરની

કૅન્ટરબરી કથાઓ ૧

બાથની પત્નીએ કહેલી સલૂણી સ્ત્રીની વાર્તા



કવિ જ્યૉફ્રે ચૉસર ↑ ને તેની કેન્ટરબરી કથાઓ

અંગ્રેજી કવિતાનો જનક ગણાતો જ્યૉફ્રે ચૉસર (૧૩૪૦–૧૪૦૦) લંડનના એક દારૂવાળાનો પુત્ર હતો. તેના પિતાની રાજદ્વારે ભારે વગ હતી અને ચૉસરને વિકાસમાં તે ખૂબ ઉપકારક નીવડી. રાજદ્વારી કામગીરી લઇને તે ફ્રાન્સ અને ઇટાલીના પ્રવાસ ખેડી શક્યો અને પૅટ્રાર્ક તેમજ બૉકાચિયો જેવા સર્જકોની મુલાકાતનો લાભ પામી શક્યો.

બચપણથી જ ચૉસરે લંડનમાં ચાલતી રાજકારણી તેમજ વ્યાપારી પ્રવૃત્તિઓનો ધમધમાટ અનુભવ્યો હતો, અને તે પોતે પણ જીવનના જુદાજુદા તબક્કે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓમાં સંકળાએલો હોવાથી અનેક પ્રકારના માણસોના સંપર્કમાં આવવાનું ભાગ્ય તેને મળ્યું હતું. તદુપરાંત લૅટિન, ફ્રેન્ચ, ઇટાલિયન અને અંગ્રેજી સાહિત્યનો તે જબરો વાચક હતો. મનુષ્યસ્વભાવની તેને સારી પરખ હતી. તેની આ કૅન્ટરબરી કથાઓ તેના એ વિવિધરંગી વ્યક્તિત્વની સાક્ષી પૂરશે.

ચૉસરે અનેક કૃતિઓ રચી છે; કેટલીક ફ્રેંચ રોમાન્સના અનુકરણમાં છે (દા.ત. 'ધ રોમાઁ ઑવ ધ રોઝ'; 'ધ બૉક ઑવ ડચેસ'), તો કેટલીક કૃતિઓમાં ઇટાલિયન કવિઓની પ્રેરણા છે ('કલાર્ક્સ ટેઈલ' બૉકાચિયોના 'ડિકૅમેરૉન'માંથી છે). પરંતુ ચૉસરની કીર્તિધ્વજા ફરકતી રહી છે તેની કૅન્ટરબરી કથાઓને કારણે. એ કથાઓની માળા જોકે અધૂરી રહી ગઈ છે, પણ જે છે તે પણ અંગ્રેજી સાહિત્યમાં અભૂતપૂર્વ છે. લંડનના મધ્યયુગીન જીવનની તસ્વીર તેમાં પ્રગટી છે. એ કથાઓમાં આવતાં અપ્તરંગી પાત્રો – ધર્મગુરુ, વિદ્વાન, સરદાર, કારકુન, એ બધાં જ—ચૉસરના જમાનાનું પ્રતિબિંબ પાડનારાં સમકાલીન સમાજમાંથી ઊંચકેલાં પાત્રો છે. ઉપરાંત એ દ્વારા તેણે સમાજનાં દુરિતને નિશાન બનાવવાનો પણ હેતુ રાખ્યો છે. અલબત્ત, આ કથાઓ ચૉસરની મૌલિક રચનાઓ નથી; સમકાલીન સાહિત્યમાંથી તેણે સામગ્રી ઉપાડી છે, પણ તેની પ્રતિભાનો તેના પર એવો તો ઓપ ચડ્યો છે કે તે ચૉસરની જ મુદ્રા ઊપસાવે છે. આ કથાઓ કરતાં યે વિશેષ તો તેની પ્રસ્તાવના (prologue) ચૉસરની વિશિષ્ટ પ્રતિભા પ્રગટ કરે છે.

લંડનથી અવારનવાર યાત્રાળુઓનો સંઘ ધર્મસ્થાનોની યાત્રાએ જતો. ચૉસરે સમાજના વિવિધ થરનાં પાત્રોના સંમિલન માટે આ પ્રસંગ ઝડપી લીધો અને રસ્તો ખુટાડવા, સમય સુપેરે પસાર કરવા, બધાં પાત્રોને મુખે વાર્તા કહેવડાવવાનો ઉપક્રમ રાખી તત્કાલીન સમાજનાં પાત્રો અને તે દ્વારા પરિસ્થિતિને તેણે માર્મિક રીતે પ્રગટ કર્યા.

કૅન્ટરબરી કથાઓ અંગ્રેજી સાહિત્યની અનોખી મીરાત છે. એ કથાઓમાંથી થોડીક વાનગી રૂપે આપવી ધારી છે.

ઘણાં વર્ષો પહેલાં બ્રિટનમાં આર્થર નામે એક રાજા થઈ ગયો. એના દરબારમાં એક વાર એક સરદારે મારામારીનો ગુનો કર્યાની ફરિયાદ આવી. રાજ્યના કાયદા મુજબ રાજાએ તે સરદારનું ડોકું ઉડાવી દેવાનો હુકમ કર્યો; પરંતુ રાણી અને તેની બીજી કેટલીક સાહેલીઓએ સરદારનો ગુનો માફ કરવા રાજાને ખૂબ ખૂબ વિનંતી કરી. આર્થરે એમની વિનંતીને માન આપીને કહ્યું: 'ભલે, આ ગુનેગાર હું તમને સોંપી દઉં છું. તમને ઠીક લાગે તો તેને મારો અગર જિવાડો.'

રાણીએ સરદારને પોતાના હવાલામાં લીધો અને તેને કહ્યું: 'હજુ તારી જિંદગી બચી ગઈ છે તેમ માનીશ નહિ. તું જો મારા પ્રશ્નનો સાચો જવાબ આપીશ તો જ તને જીવતદાન મળશે.' એમ કહીને તેણે પ્રશ્ન મૂક્યો: 'સ્ત્રીઓને સૌથી વધુ શું ગમે?' રાણીએ તેને આ પ્રશ્નનો સાચો જવાબ ખોળવા માટે એક વર્ષ અને એક દિવસની મહેતલ આપી.

સરદાર આ પ્રશ્નનો જવાબ શોધવાની વિમાસણમાં ગામેગામ ભટકવા માંડ્યો. તેણે રસ્તામાં ઘણાને આ પ્રશ્ન પૂછ્યો: 'સ્ત્રીઓને સૌથી વધુ શું ગમે?' કેટલાકે કહ્યું: 'પૈસો', કેટલાકે કહ્યું: 'માનપાન', થોડાક જણે કહ્યું: 'સ્ત્રીઓને વસ્ત્રો જ વધુ ગમે.' બીજા કેટલાકે વળી એમ કહ્યું: 'અરે ભાઈ, સ્ત્રીઓને સૌથી પ્યારી ચીજ તો ખુશામત.' બીજા કેટલાકે વળી એવો જવાબ દીધો કે સ્ત્રીઓને તો સ્વતંત્રતા જ ગમે. એક સ્ત્રીએ તેને એમ સમજાવ્યો કે પુરુષો અમારામાં વિશ્વાસ મૂકે એવી જ ભાવના અમને તો ગમે. અલબત્ત, અમે ખાનગી વાત પેટમાં રાખી શકીએ તેમ નથી એ હકીકત છે. એણે રાજા મિડાસની વાત કહેવા માંડી. મિડાસને કાન ગધેડાના જેવા વધવા માંડ્યા. તેણે તેના લાંબા વાળની નીચે લોકોથી તો તે સંતાડ્યા, પણ તેની રાણી પાસે આ વાત છૂપી રહી શકી નહિ. રાજાએ તેને સૂચના કરી: 'આ વાત ખાનગી રાખજે. ભૂલેચૂકે પણ કોઇને કહીશ નહિ.' રાણીએ કહ્યું: 'આખી દુનિયાનું રાજ્ય મળે તો ય આ વાત હું કોઇને નહિ કહું.' પણ ધીમેધીમે એ ખાનગી વાત તેના પેટમાં ખદબદ ખદબદ થવા માંડી. રાણીનો જીવ ચૂંથાવા માંડ્યો. એને થયું કે પેટની વાત બહાર કાઢ્યા વિના હવે જિવાશે નહિ. પરંતુ રાજાની સૂચનાનો ભંગ કેમ થાય? તે એક કુવારા પાસે ગઈ અને પાણીને પોતાના હોઠ લગાડીને બોલી; "જો ભાઈ આ ખાનગી વાત છે. તું કોઇને ય કહીશ નહિ, હું તને એકલાને જ તે કહું છું. મારા સ્વામીને ગધેડાના જેવા બે લાંબા કાન ઊગ્યા છે!" ખાનગી વાત જાહેર કર્યા પછી જ તેના જીવને કરાર વળ્યો અને તેના પેટનો આફરો ઊતરી ગયો.'

જુદાંજુદાં સ્ત્રીપુરુષો પાસેથી જાતજાતના જવાબ સાંભળી સરદાર વધારે વિમાસણમાં પડ્યો. આટલા બધામાંથી સાચો ઉત્તર કયો? એમ કરતાં મહેતલ પૂરી થવા આવી અને આર્થરની રાણી પાસે પાછા ફરવાનો દિવસ આવી લાગ્યો. તે પાછો ફરતો જ હતો ત્યાં રસ્તામાં એક જંગલમાં તેણે કેટલીક સુંદર યુવતીઓને નૃત્ય કરતી જોઈ તેણે પોતાનો પ્રશ્ન એ યુવતીઓ સમક્ષ મૂકવાનો વિચાર કર્યો; પણ જેવો તે તેમની નજીક ગયો કે બધી ગાયબ! સરદાર આશ્ચર્યમાં ઊભો જ રહી ગયો. ત્યાં અચાનક ઘાસમાં બેઠેલી એક કદરૂપી ડોશી પર તેની નજર પડી. એ ડોશીએ તેને જોયો અને તે તેની પાસે આવી. તેણે સરદારને પૂછ્યું:

'મહાશય, ભૂલા પડયા લાગો છો! અહીં ક્યાંથી આવી ચડયા? તમારી મુશ્કેલી હોય તો મને કહો, અમે ઘરડાંઓ ઘણી વાર ઘણી બાબતમાં ખપ લાગીએ.' સરદારે કહ્યું: 'માજી, મારે એક પ્રશ્નનો જવાબ જોઇએ છે: સ્ત્રીઓને કઈ ચીજ સૌથી વધારે ગમે? આ પ્રશ્નનો જવાબ મને ન જડયો તો મારું શિર સલામત નથી. તમે તે જાણતાં હો તો મને કહો, હું તમને સારો બદલો વાળીશ.'

ડોશીએ કહ્યું: 'એમ નહિ. હું જે માગું તે આપવાનું તું વચન આપે તો તારા સવાલનો જવાબ તને અબઘડી કહી આપું.' સરદારે વચન આપ્યું. ડોશીએ તેના કાનમાં કશુંક કહ્યું અને બંને પછી સાથે જ ચાલ્યાં.

સરદાર રાણી પાસે પહોંચ્યો ને કહ્યું: 'હું તમારા સવાલનો જવાબ જાણી લાવ્યો છું.' રાણીએ સ્ત્રીઓનો દરબાર ભર્યો. તેમાં કુમારિકાઓ, સધવાઓ, વિધવાઓ બધાં જ જવાબ સાંભળવા આતુર થઈ રહ્યાં. સરદારે કહ્યું: 'રાણીસાહેબા, સ્ત્રીને સૌથી વધુ ગમતી ચીજ તે સત્તા. હમેશાં તેને રાજ્ય કરવાનું જ પસંદ પડે છે—પછી તે પોતાના પતિ ઉપર કે પ્રેમી ઉપર; પણ રાજ્ય કર્યા વિના તેનાથી રહેવાતું નથી. આ તમારા સવાલનો જવાબ છે. હવે તમે ચાહો તો મને મારો અગર ઉગારો.'

દરબારમાં હાજર રહેલી બધી સ્ત્રીઓ એકબીજીનાં મોં જોવા લાગી. જવાબને ખોટો ઠરાવવાની કોઈની મગદૂર ચાલી નહિ. તેમણે સહુએ સરદારનો જવાબ સાચો ગણ્યો. સરદારની જિંદગી બચી ગઈ. એ જ વખતે પેલી ડોશી ઊભી થઇને કહેવા લાગી: 'મહારાણીસાહેબા, તમારો દરબાર બરખાસ્ત થાય તે પહેલાં મારા પર નિગાહ કરો. આ તમારા સરદારના પ્રશ્નનો જવાબ મેં શોધ્યો છે, અને તેણે બદલામાં હું જે માગું તે આપવાનો કોલ દીધો છે. તમારી હાજરીમાં જ હું હવે મારી માગણી મૂકું છું.' તેણે સરદારની સામે ફરીને કહ્યું: 'તમે મારી સાથે લગ્ન કરો.'

સરદાર સડક થઈ ગયો! તેણે કહ્યું: 'મેં વચન આપ્યું છે એ વાત કબૂલ. પણ મહેરબાની કરી તું બીજું કશુંક માગ. જોઇએ તો મારી તમામ માલમિલકત લઈ જા, પણ મને છોડ!'

ડોશીએ મક્કમતાથી કહ્યું: 'કદી નહિ. હવે હું તને કેમ જવા દઉં? આખી દુનિયાની દોલત મને મળે તો ય હું તને નહિ છોડું. તું જ મારો વર ને હું તારી વહુ! ભલેને હું બુઢ્ઢી કદરૂપી હોઉં, તેથી શું?'

સરદાર આ બેહૂદી માગણી સાંભળી ખૂબ દુ:ખી થઈ ગયો. પણ ડોશી તેની વાતને વળગી જ રહી. આખરે સરદારને તે ડોશી સાથે લગ્ન કરવાં જ પડયાં. ન કંઈ મોજ-મહેફિલ કે ન કંઈ નાચગાનના જલસા થયા! ભારે હૈયે સરદાર ડોશીને પરણી ગયો. લગ્ન પછી એ આખો દિવસ ઘૂવડની જેમ ઘરમાં ભરાઈ રહેતો. એની ઘરડી બેડોળ વહુની તેને ભારે શરમ આવતી હતી.

એક વાર ડોશીએ તેને કહ્યું: 'વહાલા નાથ, તમારા આર્થર રાજાના દેશમાં પતિઓ પત્ની પ્રત્યે આવી રીતે નફરતની નિગાહથી વર્તે તેવો રિવાજ છે? એ બધા પતિદેવતાઓ શું પથ્થર જેવા કઠોર છે? હું તમારી પત્ની છું; મેં તમારી જિંદગી બચાવી છે; તમને કશી હાનિ ક્યારે ય પહોંચાડી નથી; છતાં તમે મારી સાથે આમ ઘાતકી રીતે શા માટે વર્તો છો? મારો ગુનો શો છે? તમે કહો તે રીતે હું સુધરવા તૈયાર છું.'

'સુધરવા તૈયાર છું!' સરદાર મરડમાં બોલ્યો: 'અરે, ઘડપણ, કલંકિત કુળ, બેડોળપણું, એ બધી તે શું સુધારી શકાય તેવી વસ્તુઓ છે? તારા જેવી સ્ત્રીને પરણીને મારે પસ્તાવા વિના બીજું કરવાનું શું રહ્યું?'

'તમારી દિલગીરીનું આ જ કારણ છે?' ડોશીએ પૂછ્યું.

'હા, એમાં કંઈ નવાઈ છે?'

'ભલે,' તે બોલી, 'તમારી આ બધી ચિંતા હું ધારું તો સહેલાઈથી ટાળી શકું. તમે માત્ર મારી સાથે સલુકાઇથી વર્તો એટલે બસ. પણ તમે કલંકિત કુળની વાત કરી તેથી તમે કહેવા શું માગો છો? તમે એટલા

જ કારણે મને દોષ દો છો? તમારી નજરે તો ધનપતિના દીકરા જ કુલવાન હશે કાં? શ્રીમંત ઘરમાં જન્મે તે જ તમારી નજરે ખાનદાન? તમારો આ ઘમંડ ગેરવાજબી છે. જે સદ્ગુણી અને સદાચારી હોય, જે સત્કાર્યો કરે તે જ કુલવાન, તે જ ખાનદાન. કુલીનતા એ કંઈ ધનવાનોનો ઇજારો નથી. સત્કાર્યો કરે તે જ સજ્જન, બૂરાં કામો કરે તે બદમાશ; ભલેને પછી તે શ્રીમંતનો નબીરો હોય તો ય શું? વહાલા નાથ, હું પણ ભલે નીચા કુળમાં જન્મી છું, પણ ઈશ્વરે મને સન્માર્ગે જીવવાની પ્રેરણા આપી છે. હું ઉમદા કાર્યો કરું તો હું પણ ઉમદા જ છું.

બીજી વાત તમે ગરીબાઈની કહી. પણ સાંભળો: આપણા તારણહારે પણ આ દુનિયામાં ગરીબી જ પસંદ કરી. એણે પસંદ કરેલા જીવનને તમે ખોટું ગણશો? સંતોષપૂર્વકની ગરીબાઈ એ તો ઈશ્વરનો પ્રસાદ છે. ગરીબીમાં સંતોષ માનનારો સાચો શ્રીમંત છે, ભલેને શરીર ઢાંકવા વસ્ત્ર પણ ન હોય, તેથી શું? ખરો ગરીબ તો જે લોભી છે તે છે; કારણ એને ક્યારે ય કશાથી ધરપત નથી, સંતોષ નથી. ગરીબાઈ એ તો રૂડો આશીર્વાદ છે; ડહાપણની પાઠશાળા છે. તો પછી મને મારી ગરીબાઈ માટે શા સારુ નિંદો છો?

હું બુઢ્ઢી અને બેડોળ છું તે માટે તમે મને દોષ દઈ રહ્યા છો; પણ તમે લોકો જ સ્વીકારો છો કે વૃદ્ધો સન્માન્ય છે અને હું ઘરડી ને બેડોળ છું તો તેથી તમને તો લાભ છે. હું તમારી વફાદાર અને સુલક્ષણી પત્ની થઈ શકીશ, મને બહારનાં મોજશોખ લલચાવશે નહિ અને અપલક્ષણો મારી પાસે ઢૂકશે નહિ. તમે જ પસંદ કરો. તમારે સુલક્ષણી બુઢ્ઢી પત્ની જોઇએ કે રૂપાળી ને અપલખણી?'

સરદારે વિચાર કરી નિસાસો મૂક્યો; અંતે તે બોલ્યો: 'મારી જાત હું તને સોંપું છું. આપણને બંનેને શોભે તેવો ઇલાજ તું જ શોધી કાઢ. તું જે કંઈ કહીશ તે મને મંજૂર છે.'

'ત્યારે તો હું જીતી.' એમ કહી તે ડોશીએ કહ્યું: 'મને ચુંબન કર. હવે આપણો કજિયો પતી ગયો. તને બંને વસ્તુ એકસાથે મળશે. સદ્ગુણી અને રૂપાળી પત્ની. આ ઘડીથી હું તારી સૌથી નિષ્ઠાવાન અને જગતની સૌથી વધુ રૂપવતી પત્ની બની રહીશ; જો આમ નજર કર.'

અને સરદારે નજર કરી તો ડોશીની જગ્યાએ અતિ સુંદર યુવતી ઊભી હતી! સરદારે તેને ભેટીને ચૂમી લીધી અને તે દિવસથી બંનેનાં જીવન સુખમય બની રહ્યાં. ભગવાન આપણને સૌને પ્રેમાળ ને કહ્યાગરા પતિ આપે. અને ધિક્કાર હો એ નરને જેના હૃદય પર નારીનો અધિકાર ન હો!'

૨

ધર્મગુરુએ કહેલી મરઘા-મરઘીની વાર્તા

એક નાનકડા ઝૂંપડામાં કોઈ એક આધેડ ઉમરની વિધવા રહેતી હતી. એનો પતિ હયાત હતો ત્યારથી જ સાદા અને સંતોષી જીવનમાં તેણે સુખ માન્યું હતું. સ્વભાવે તે કરકસરિયણ હતી. પતિનું મૃત્યુ થયા પછી આવકનું વહેણ બંધ થયું, તેની પાસે જીવનનિર્વાહ માટે માત્ર ત્રણ ગાયો, ત્રણ મોટાં દાતરડાં, એકાદ ઘેટું અને થોડાંક મરઘાંબતકાં હતાં. આવકનાં સાધન આવાં ટાંચાં હોવા છતાં એ ઉદ્યમ અને કરકસરથી પોતાનું અને બે દીકરીઓનું ગુજરાન નિરાંતે ચલાવી શકતી. એની ઝૂંપડીના દેદાર પણ જોવા જેવા હતા: માત્ર બે નાના ઓરડા. ખાવાપીવાનું અને સૂવાનું બધું તેમાં જ, અને ધુમાડાથી તો કાળા ભખ થઈ ગએલા. એમનો આહાર સાદો અને પૌષ્ટિક; દારૂનું નામ નહિ. દૂધ, રોટલા અને ક્યારેક ઇંડાં—એટલાથી એમને સંતોષ હતો. એમના નિયમિત

મિતાહારને કારણે માંદગી એમને ત્યાં ડોકાતી નહિ.

ઝૂંપડાની અડોઅડ એક વાડો હતો. તેમાં એ મરઘાં-બતકાં રાખતી. એમાં સાત મરઘી હતી, અને એક મરઘો. મરઘાનું નામ કૅન્ટીફ્લીઅર હતું. આખા ગામમાં એનો અવાજ બુલંદ ગણાતો. ફૂકડે ફૂ...ક કરવામાં એ ઘડિયાળના જેવો નિયમિત હતો. એની કલગી લાલચટક હતી અને એની કાળી ચાંચ ચમક ચમક થયા કરતી. સાતે મરઘીઓ એને સોબત અને આનંદ આપવા તત્પર રહેતી. એમાં એક સહુથી જુદી તરી આવતી સુંદર મરઘી હતી. તેનું નામ પાટલેટ. મરઘાભાઈ આ સુંદરી પાછળ ઘેલા હતા. સુંદર પ્રભાતે બે ય જણાં સાથે સૂરજની છડી પોકારતાં હોય એ સાંભળવાનો પણ લહાવો હતો.

એક દિવસ વહેલી સવારે કૅન્ટીફ્લીઅર એની મરઘીઓના વૃંદની વચમાં બેઠો હતો. તેના મુખ ઉપર વેદના હતી અને અવાજમાં દર્દ હતું. ધ્રૂજતો સાદ જોઇને નજીક બેઠેલી પાટલેટ ચોંકી ઊઠી, તેણે આતુરતાથી પૂછયું: 'વહાલા, તારો અવાજ આજે ધ્રૂજે છે કેમ? તને કંઈ દર્દ છે કે શું?' કૅન્ટીફ્લીઅરે ઉત્તર દીધો: 'નહિ વહાલી, દર્દ કશું નથી. માત્ર ગઈ રાત્રે મને એક ભયાનક સપનું આવ્યું તેનો મારા મન પર ભાર છે. એ સપનાની યાદથી હજુ પણ હું ધ્રૂજી ઊઠું છું.' આમ કહી તેણે સ્વપ્ન વર્ણવવા માંડયું: 'હું આપણા વાડાની આસપાસ ફરતો હતો ત્યાં મેં એક ભયંકર પશુ જોયું. તેણે મને પકડીને મારી નાખવા ઝપટ મારી. એ પશુ કૂતરા જેવું હતું. તેનો રંગ રતાશપડતો હતો તેની આંખો ચમકદાર હતી. તેને યાદ કરતાં હજી હું છળી ઊઠું છું.'

પાટલેટ તો આ સાંભળીને એકદમ પોકારી ઊઠી: 'હત્ બાયલા, સપનાથી ડરી ગયો? જા રે જા. હવે તું મારા પ્રેમને લાયક નથી. કાયર સાથે પ્રેમ કેવો? અમને સ્ત્રીઓને તો શાણા અને શૂરા સ્વામી ગમે, મૂર્ખ અને ભીરુ સાથી ન ખપે. તું એક સપનાથી બી ગયો એમ કહેતાં શરમાતો નથી? સપનાં તો મિથ્યા હોય છે. અપચો કે બેચેની થઈ હોય તો સપનાં આવે. તારા સપનાનું પણ એવું જ કારણ હશે. કૅટો નામનો એક પંડિત કહી ગયો છે કે સપનાની ચિંતા કરવી જ નહિ. માટે તું ગભરાઈશ નહિ. અને જો મારી સલાહ માને તો આપણે ફરવા નીકળીએ ત્યારે થોડાંક મૂળિયાં હું તને બતાવીશ તે અને થોડાક કીડા ખાઈ લેજે. એકબે દિવસ આ પ્રમાણે ઉપચાર કરીશ એટલે તારું તનબદન દુરસ્ત થઈ જશે.'

કૅન્ટીફ્લીઅરે જવાબમાં કહ્યું: 'સન્નારી, તમારી સલાહ ભલે વાજબી હશે. પરંતુ કૅટો કરતાં ય કેટલાક મોટા પંડિતોએ સપનાની બાબતમાં કૅટો કરતાં ઊલટી જ વાત કરી છે. એ પંડિતોએ એમ કહ્યું છે કે સપનાં કેટલીક વાર સાચાં પણ પડે છે. એમાં એક પંડિતે બે મિત્રોની વાત કરી છે તે જરા સાંભળવા જેવી છે:

એક વખત બે મિત્રો જાત્રા કરવા જતા હતા. રસ્તામાં એક નગરની વીશીમાં તેમણે રાતવાસો કરવા વિચાર કર્યો. પરંતુ વીશીઓ બધી ભરચક હતી. એકને માંડ એક વીશીમાં માત્ર સૂવાની જગ્યા મળી. ને બીજાએ કોઈક તબેલા જેવા વાડાની ગમાણમાં મુસીબતે જગ્યા મેળવી.

જે મિત્ર વીશીમાં રાતવાસો રહ્યો હતો તેને સપનું આવ્યું. સપનામાં તેનો મિત્ર તેને કહેતો હતો: અરે દોસ્ત, હમણાં જ મારું ખૂન થઈ જશે. આ કોઢમાં જ અત્યારે મારું મોત થવાનું છે. તું જલદી દોડ અને મને બચાવી લે.' લાગલો જ એ મિત્ર બેબાકળો થઈ જાગી ઊઠ્યો; પણ આંખો ચોળી ત્યાં બબડ્યો: 'ઓહ, આ તો સપનું જ હતું!'

ફરી વાર તે ઊંઘી ગયો. બીજી વાર પણ તેને તે જ સપનું આવ્યું. પણ તેની દરકાર ન કરતાં તે ફરી સૂઈ ગયો. ત્રીજી વાર સપનામાં તેનો મિત્ર તેની પાસે આવીને ઊભેલો દેખાયો. એ કહેતો હતો: 'દોસ્ત, મારા પૈસાને ખાતર મારું ખૂન થઈ ગયું છે, લોહી નીંગળતા મારા શરીર પરના આ ઘા જો! હવે વહેલી સવારે ઊઠીને તું નગરના પશ્ચિમ દરવાજે જજે. ત્યાં થઇને ખાતરથી ભરેલું એક ગાડું નીકળશે. એ ખાતર નીચે મારું શબ સંતાડેલું હશે. તું હિંમતભેર પડકારજે.'

સપનામાં મિત્રનો આ સાદ સાંભળ્યા પછી પરોઢિયું થયું કે તુરત એ વીશીમાંથી નીકળી પેલા મિત્રને મુકામે પહોંચ્યો અને એ વાડાનો માલિકને તેણે મિત્ર વિશે પૂછપરછ કરી. વાડાવાળાએ તરત જ કહ્યું: 'અરે હા, તમારા એ મિત્ર તો વહેલી સવારના અહીંથી નીકળી ગયા છે.'

આ મિત્રને શંકા ગઈ. સપનામાં મળેલી સૂચના પ્રમાણે તે નગરને પશ્ચિમ દરવાજે દોડ્યો. થોડી વારમાં ત્યાં થઇને ખાતરથી ભરેલું એક ગાડું નીકળ્યું. એ ગાડું એના મિત્રે સપનામાં વર્ણવેલું તેવું જ હતું. એકદમ તેણે ગાડાવાળાને પડકાર્યો: "એય, ગાડું રોકો!" ગાડું અટક્યું. એણે બૂમ પાડીને કહ્યું: "મારા મિત્રનું ગઈ રાતે ખૂન થયું છે. એની લાશ આ ગાડામાં ખાતરની નીચે છુપાવેલી છે."

એકદમ લોકો ભેગા થઈ ગયા એણે ફરી પોકાર કર્યો: "મારા મિત્રનું પૈસા માટે ખૂન કરવામાં આવ્યું છે. ન્યાય કરો."

ગાડામાં તપાસ કરવામાં આવી તો સાચેસાચ એના મિત્રનું શબ ખાતર નીચેથી નીકળ્યું. ખૂનની વાત કદી છૂપી રહેતી જ નથી. પાપ છાપરે ચડીને પોકારે છે. ગાડાવાળો અને ઓરડાનો માલિક એ બંનેને પકડવામાં આવ્યા. એમને 'ચમત્કાર' બતાવવામાં આવ્યો એટલે તેમણે ગુનો કબૂલ કર્યો અને બંનેને મોતની સજા થઈ.'

વાર્તા પૂરી કરીને કૅન્ટીફ્લીઅરે પાટલેટને કહ્યું: 'આવી રીતે કેટલી ય વાર સપનાં સાચાં પડે છે. એક બીજી વાત કહું:

એક વાર બે મિત્રો દરિયાની સફરે નીકળ્યા. પરંતુ એક બંદર પાસે ખરાબ હવામાનને કારણે તેમને રોકાઈ જવું પડ્યું. છેક સાંજે પવન સાનુકૂળ થયો એટલે બીજે દિવસે સવારે આગળ પ્રવાસ ખેડવાનું નક્કી કરીને બંને સૂવા ગયા. બે મિત્રોમાંથી એકને વહેલી પરોઢમાં સપનું આવ્યું. તેમાં એક માણસ તેની પથારી પાસે ઊભો રહીને તેને કહેતો હતો: 'કાલે જો તમે સફરે ઊપડશો તો દરિયામાં ડૂબી જશો.'

જાગીને એણે પોતાના મિત્રને આ સપનાની વાત કરી અને એ દિવસે પ્રવાસ નહિ ખેડવાની સૂચના પણ કરી; પણ એ મિત્રે તેના સપનાની વાતને આળપંપાળ કહીને હસી કાઢી અને ચોખ્ખું કહી દીધું કે ગમે તેવું સપનું હોય તો ય મારો પ્રવાસ તો આગળ થશે જ. સપનાથી તે વળી ડરવાનું હોય? લોકોને બહુ યે સપનાં આવે છે. એ કંઈ સાચાં પડતાં હશે? ને સપનું સાચું પડવાની બીક લાગતી હોય તો તું અહીં હવા ખાજે. હું તો મારે જઈશ, અચ્છા. તો સલામ! એમ કહીને એ મિત્ર તો પ્રવાસે ઊપડી ગયો. પરંતુ અરધે રસ્તે જ વાવાઝોડું ફૂંકાયું અને એનું વહાણ ખરાબે ચડ્યું; એ ડૂબી ગયો. માટે, વહાલી પાટલેટ, આ બધા દાખલાઓનો વિચાર કર. ઘણા બધા પંડિતોએ સપનાની આગાહી સાચી પડતી હોવાની વાત કરી છે. એટલે મને પણ ખાત્રી છે કે મારું સપનું કશીક મુસીબત પેદા કરશે. અને તારી સલાહને શું કરું? તેં કહેલાં ઔષધનાં કડવાં વખ મૂળિયાં હું પેટમાં નાખું? ના રે ના. પણ એ બધી વાત પર ટોપલો ઢાંક. વહાલી પાટલેટ, તારા રૂપાળા મોઢા સામે જોઉં છું ને ત્યારે મારો બધો ભય નાસી જાય છે અને હું એટલો ખુશ થઈ જાઉં છું કે ગમે તેવા ખતરનાક સપનાનો સામનો કરવાની મારામાં હામ આવે છે.'

આ વાર્તાલાપ પછી મરઘો ઊઠ્યો અને વાડામાં દાણા જોઇને તેણે ફૂ...ક...ફૂ...ક કરીને બધી મરઘીઓને મ્હેફિલ માટે નોતરી. આનંદભરી ધમાલમાં એ સપનાની બધી બીક ભૂલી ગયો અને રૂપાળી રાજકન્યાઓની વચમાં ગર્વિષ્ઠ રાજકુમારની જેમ મહાલી રહ્યો.

થોડા દિવસો વીત્યા. મે મહિનાની ત્રીજી તારીખ આવી. કૅન્ટીફ્લીઅર એની મરઘીઓની વચમાં મહાલતો હતો. નવના ટકોરે તેણે બુલંદ અવાજે સૂરજને આલબેલ પોકારી. (અનુસંધાન પૃષ્ઠ ૩૪)

ગુજરાતમાં સંખેડાનો લાખકામ-ઉદ્યોગ

લેખક • આર. ટી. પરીખ • ડિપાર્ટમેન્ટ ઑવ મ્યૂઝિયોલૉજી • એમ. એસ. યુનિવર્સિટી • વડોદરા

ભારતમાં કેટલાક કલા-ઉદ્યોગો સૈકાઓથી અસ્તિત્વ ધરાવે છે. એમાં સૂરતનો સોના-ચાંદીનો જરીઉદ્યોગ, કપડવણજનો કાચ-ઉદ્યોગ, કચ્છ-સૌરાષ્ટ્રનું આભલાભરત-કામ, બિદર (મ્હૈસુર)નું ધાતુનાં વાસણ ઉપરનું નકસીકામ, ખંભાતનો અકીક-ઉદ્યોગ, મુરાદાબાદ (ઉત્તર પ્રદેશ)નું ધાતુપાત્રોનું કામ, કાશ્મીરી ભરતકામ, બંગાળ અને ઓરિસ્સાનો સુંદર હાથશાળ ઉદ્યોગ વગેરેનો સમાવેશ થાય છે. અનેક પ્રકારની ચડતીપડતી વચ્ચે પણ આ કલા-ઉદ્યોગોએ ટકી રહીને ગૌરવપૂર્વક પોતાની યોગ્યતા પુરવાર કરી આપી છે. યંત્રવાદમાં ઊંડો ખૂંપી ગએલો આજનો સમાજ આ ઉદ્યોગોનાં કલાસર્જનો વડે રાચે છે. રોજિંદા વપરાશની નાનીનાની ચીજવસ્તુઓમાં પણ કલા રેડીને એને જીવનમાં ઓતપ્રોત બનાવી દેવાની પૂર્વની કુશળતાને પશ્ચિમના નર્યા ભૌતિકવાદી જગતે પણ અપનાવવા માંડી છે. સર્જનનો આવો આનંદપ્રદ ફાલ જો અટકી જાય તો જીવન પછી નીરસ જ બની રહે.

આપણા કલા-ઉદ્યોગોમાં લાકડા ઉપરના લાખકામનો ઉદ્યોગ પણ એક જૂનામાં જૂનો ઉદ્યોગ છે. કમનસીબે એના નમૂનાઓ કુદરતી પદાર્થોમાંથી બનેલા હોવાથી પ્રતિકૂળ આબોહવાને લીધે પુરાવસ્તુવિદ્યાનાં ઉત્ખનનોમાં એ મળતા નથી, પણ લાખ અને તેના વિવિધ ઉપયોગની જાણ આપણને ઘણા પ્રાચીનકાળથી હતી એવા અન્ય અનેક પુરાવા મળે છે. અથર્વવેદ–સંહિતામાં (૫.૫) લાખ પેદા કરતા જીવાણુઓની અને તેના વિવિધ ઉપયોગની વિસ્તૃત માહિતી છે. વળી, લાખનો ઉપયોગ ઔષધ રૂપે અને ઘા રૂઝવવા માટે પણ થતો એમ જણાય છે.

यद् दण्डेन यदिष्वा यद् वारुर्हरसा कृतम् ।
तस्य त्वमसि निष्कृतिः सेमं निष्कृधि पूरुषम् ॥

જ્યૉર્જ વૉટે તેના 'કમર્શિયલ પ્રૉડક્ટ્સ ઑવ ઇન્ડિયા'માં ભારતમાં લાખનો જે વિવિધ રીતે ઉપયોગ થતો તેનું વિગતવાર વર્ણન આપ્યું છે. મહાભારતમાં કૌરવોએ પાંડવોનું નિકંદન કાઢી નાખવા માટે 'લાક્ષગૃહ'ની રચના કરેલી એ જાણીતું છે. સુશોભન અને બીજા હેતુઓ માટે લાખનો ઉપયોગ થતો હોવાનો ઉલ્લેખ આઇને–એ–અકબરીમાંથી મળે છે. પોર્ટુગલના રાજાએ મોકલેલા જૉન ટ્યુગરેન નામના એક ડચે ઈ. સ. ૧૫૫૯માં પોતાના અહેવાલમાં ભારતમાં થતા લાખના ઉપયોગની વિસ્તૃત માહિતી આપી છે. આમ, લાખકામના પ્રાચીન નમૂના પ્રાપ્ત ન હોવા છતાં આવી લિખિતમાહિતીઓ પરથી લાખના વિવિધ ઉપયોગની જાણ ભારતીય પ્રજાને સૈકાઓથી હતી એમ સ્પષ્ટપણે પ્રતીત થાય છે.

લાખના આમ તો અનેકવિધ ઉપયોગો છે, પણ અહીં આપણે લાકડા ઉપર થતા લાખકામ વિષે જ જોઈશું. ભારતમાં મહીસુર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, બિહાર, ઉત્તર પ્રદેશ, ગુજરાત, ઓરિસ્સા વગેરેમાં લાકડા ઉપર લાખનું કામ થાય છે. આ ક્ષેત્રમાં દરેક પ્રદેશને કામની બાબતમાં પોતાની આગવી પ્રતિભા છે અને તેને લીધે કામમાં નવીનતા અને વિવિધતા જોવા મળે છે. ગુજરાતમાં સાબરકાંઠામાં ઈડર, સૌરાષ્ટ્રમાં જૂનાગઢ પાસે રૂપાયતન, ધોરાજી, રાજકોટ, જામનગર અને ભાવનગરમાં લાખકામ થાય છે. પણ એ સર્વમાં મધ્ય ગુજરાતમાં વડોદરા જિલ્લાના સંખેડા ગામે ચાલતા લાખકામ-ઉદ્યોગની પ્રતિભા આગવી અને ઉચ્ચ રહી જ છે અને આજે તો એ લાખકામે સમગ્ર ભારતમાં જ નહિ, પણ વિદેશમાં પણ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. સંખેડાના લાખકામના નમૂનાઓ આજે લંડનના બકિંગહામ પૅલેસ, વૉશિંગ્ટનના વ્હાઈટ હાઉસ અને ક્રેમલિનના વડા પ્રધાનના રહેઠાણને શોભાવે છે.

વડોદરાથી લગભગ ૮૦ કી. મી. અંતરે આવેલું અને રેલવે કે બસમાર્ગે બેએક કલાકને અંતરે સંખેડા પહોંચાતું ઓરસંગ નદીના ડાબા કિનારે એક નાનું ઐતિહાસિક ગામ છે.

તેનો ઇતિહાસ ખૂબ પુરાણો છે. આ લેખકને પોતાનાં સંશોધનો દરમ્યાન ઓરસંગ નદીના પટમાંથી પ્રાગૈતિહાસિક કાળના પ્રાચીનાશ્મ (early stone age), મધ્યાશ્મ (middle stone age) અને અન્ત્યાશ્મ (late stone age) યુગોના પાષાણના નમૂના પ્રાપ્ત થએલા છે. ઈ. સ.ની શરૂઆતની સદીઓના નમૂના પણ ધ્યાનમાં આવેલા છે. સાતમી સદીમાં ગૂર્જરોના સમયમાં તે 'સંગમખેટક' તરીકે પ્રખ્યાત હતું.


ग्राममहत्तराधिकारिका दीन्स मनुवर्ण्य बोधयत्यस्तु वो विदितमस्माभिः सङ्गमखेटक विषय–

વ્યુત્પત્તિ પ્રમાણે 'સંગમખેટક' એટલે બે નદીઓના સંગમ ઉપરનું ગામ. સંખેડા ઉચ્છ અને ઓરસંગ નદીઓના સંગમની સમીપ જ છે. આ માહિતી આપણને સંખેડામાંથી મળેલાં અને વડોદરા સંગ્રહસ્થાનમાં સચવાએલા બે તામ્ર-દાનપત્રો (copper plates)માંથી મળે છે. સાતમી સદી પછી પણ સંગમખેટકની મહત્તા ઓછી થઈ હોય એમ લાગતું નથી. મુસ્લિમ કાળમાં પણ તે મહત્ત્વનું સ્થાન હતું ને મરાઠાઓના સમયમાં તો તે એક મજબૂત કિલ્લેબંધી ધરાવતું સ્થળ ગણાતું. આજે









સંખેડાના લાખકામમાં બહુધા જોવા મળતી વિવિધ તરાહો અને બુટ્ટીઓ

ચે એ કિલ્લાના ભગ્ન છતાં ભવ્ય ખંડેરો ઊભાં છે. ગુજરાતના જૂના નકશાઓમાં સંખેડાને 'સૌકેરા' તરીકે પણ ઓળખાવવામાં આવ્યું છે.


સંખેડાની વર્તમાન સ્થિતિ જોતાં એટલું સ્પષ્ટ જણાય છે કે ભૂતકાળમાં તે મોટું અને સમૃદ્ધ નગર હતું. તેનું સ્થાન જોતાં વ્યાપારમાં તેણે ખૂબ જ પ્રગતિ કરી હોવી જોઇએ. તેની જાહોજલાલીનો ખયાલ





કોઈ પણ નમૂના પર લાખ ચડાવતાં પહેલાં (સામેના પાનાથી અનુક્રમે) ૧) પ્રથમ ખરાદી લાકડું છોલીને એનો મુખ્ય આકાર ઘડે છે; ૨) છોલેલા એ લાકડાને સંઘાડા પર ચડાવી તેમાં જોઇતો આકાર કોરાય છે; ૩) કોરાએલા નમૂના પર કલાઈના ખાસ મિશ્રણથી વિવિધ ભાત આલેખાય છે અને ૪) એના પર લાખ ચડાવી તેલમાં બોળેલા કેવડાના પાન વડે ચમક લાવે છે.

તો ત્યાંની 'ઝવેરીવાગો', 'છીપવાડ' વગેરે જેવી શેરીઓનાં નામ પરથી મળી રહે છે. લોકોક્તિ પ્રમાણે સંખેડાના આજના ઝવેરીવાગામાં એક વખતે ગુજરાતના ઉત્તમ ઝવેરીઓ રહેતા હતા. વડોદરા ગેઝેટીઅરમાં જણાવ્યા પ્રમાણે સંખેડા 'કૅલિકો પ્રિન્ટિંગ' માટેનું મોટું કેન્દ્ર હતું અને હાલની છીપવાડમાં કાપડ ઉપર છાપકામ કરનાર ભાવસારો રહેતા હતા. આ ઉપરથી એટલું તો ચોક્સ લાગે છે કે એક વખતનું 'સંગમખેટક' અથવા 'સૌકેરા' એ એક સમૃદ્ધ નગર હતું. કદાચ આ સમૃદ્ધિ જ સંખેડાના લાખકામની પ્રગતિ માટે કારણભૂત હોય.

સંખેડાનો લાખકામ ઉદ્યોગ કેટલો પુરાણો છે અને એનો ઉદ્‌ભવ કેવી રીતે થયો એ અંગેના કોઈ સ્પષ્ટ પુરાવા પ્રાપ્ત નથી. પણ પોતે ક્યાંથી આવ્યા તે અંગે સંખેડાના ખરાદીઓમાં કેટલીક માન્યતાઓ પ્રવર્તે છે. એ મુજબ મુસલમાનોના હાથે પતાઈરાવળની હાર થતાં પાવાગઢ-ચાંપાનેરથી નાસી આવીને તેઓ સંખેડામાં વસ્યા હતા. આજના ખરાદીઓ તેમના વંશજો છે. ખરાદીઓ સુતારો પણ છે. જોકે ખરાદીઓ મોટે ભાગે સુતારીકામ કરતા નથી, પણ ઘણા સુતારોએ ખરાદીઓનો વ્યવસાય સ્વીકાર્યો છે. બન્ને વચ્ચે રોટી-બેટીનો પણ વ્યવહાર છે. સંખેડામાં જે સુતારો વસતા હતા તે સારા કલાકારો પણ હતા તેની પ્રતીતિ તો સંખેડા-







સામાન્યતઃ તો બાજોઠ-ઘોડિયાં પર જ લાખકામની કળા વપરાતી, પણ હવે વધતી જતી પ્રતિષ્ઠા અને માગને કારણે રોજિંદા ઉપયોગની આધુનિક ચીજો તથા રાચરચીલું પણ આ રીતે તૈયાર થવા લાગ્યું છે, એમાંના ત્રણ નમૂના અહીં સામે આપ્યા છે. નીચે: (૧) લૅમ્પસ્ટૅન્ડ, ફૂલદાન, કંકાવટી, પાઉડર-બૉક્સ વગેરે અને (૨) ઘોડિયું. સામેના પૃષ્ઠ પર બાજોઠ.


માં કાષ્ઠકામના જે થોડા નમૂના જૂના મકાનો ઉપર બાકી રહ્યા છે તે ઉપરથી થાય છે. આજે મળતા કાષ્ઠકામના નમૂના બસો વર્ષ પુરાણા તો છે જ. મૅન્ડેલ્સ્લો (ઈ.સ. ૧૬૨૯) નામના પ્રવાસીએ ગુજરાતમાં થતા લાખકામનો ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે 'They give them such a lusture as none yet could even imitate in Europe.' ગુજરાતનાં બીજાં કેન્દ્રોમાં પણ લાખકામ થાય છે, પણ તે સંખેડાના કામની તોલે આવે એમ નથી; માટે મૅન્ડેલ્સ્લોની એ અંજલિ સંખેડાના લાખકામ માટે જ હોવી જોઇએ. સંખેડાના ૧૮મી સદીની આસપાસના લાખકામના કેટલાક નમૂના વડોદરાના સંગ્રહસ્થાનમાં છે. માહિતી પ્રમાણે સંખેડાના લાખકામના જૂના નમૂના યુરોપનાં કેટલાંક સંગ્રહસ્થાનોમાં તથા કલકત્તાના ઇન્ડિયન મ્યૂઝિયમમાં સંઘરાએલા છે.


સંખેડાનો આજનો લાખકામ-ઉદ્યોગ તો લગભગ ભગ્ન દશામાં છે. આર્થિકરીતે પોષણ થતું ન હોવાથી ધીમેધીમે કારીગરો બીજા ધંધા તરફ વળતા થયા છે. જે થોડાં કુટુંબો આ વ્યવસાયને વળગી રહ્યા છે તેમના કામનું ધોરણ પણ પૂરતા વળતરને અભાવે કથળતું જાય છે. સરકારની સહાય અને અમુક લોકચાહનાને લીધે આ ઉદ્યોગ જેમતેમ ટકી રહ્યો છે ખરો, પણ નવી પેઢી તેમાં દાખલ થતાં હવે આનાકાની કરે છે.

સૈકાજૂના આ ઉદ્યોગનો કાચો માલ લાખ તો સંખેડા પાસેના છોટા ઉદેપુર ક્ષેત્રમાંથી મળે છે. થોડા વખત પહેલાં ગુજરાત સરકારના જંગલખાતા તરફથી એ ક્ષેત્રમાં વ્યવસ્થિતરીતે લાખ પેદા કરવા માટેના પ્રયત્નો થએલા પણ તેમાં બહુ સફળતા સાંપડી નહિ. હવે ત્યાં છૂટીછવાઈ રીતે લાખ પેદા કરવામાં આવે છે અને સંખેડાના ખરાદીઓ અગર અંગારિયા પોતાને જોઇતો કાચો માલ ત્યાંનાં જંગલોમાંથી ખરીદે છે. વળી લાખકામ માટે જે લાકડું વાપરવામાં આવે છે તેમાં લાંબા સમય સુધી ટકી રહે એટલા સારુ મોટે ભાગે સાગનો જ ઉપયોગ થાય છે.

કાચી લાખને ઝાડની નાની નાની ડાળીઓ સાથે જ એકઠી કરવામાં આવે છે અને તેમાં રહેલો કચરો દૂર થાય ત્યાં સુધી તેને વારંવાર પાણીમાં ધોવામાં અને સૂકવવામાં આવે છે. પછી સંપૂર્ણ સાફ કરવા માટે તેને ધોવાના સોડાના પાણીમાં ઉકાળવામાં આવે છે. આ ધોલાઈથી તેમાંનો મેલ દૂર થઈ લાખ ચોખ્ખી થાય છે. એ પછી એને સૂકવીને ટીપીટીપીને ખરાદીઓની ભાષામાં કહીએ તો તેનો 'રોટલો' તૈયાર કરવામાં આવે છે. આ રીતે તૈયાર કરેલી લાખને જરૂર પ્રમાણે લઇને ગરમ કરી, તેમાં જોઇતો રંગ ભેળવીને, ટીપીટીપીને બહુ કઠણ નહિ અને બહુ નરમ નહિ એવી લાકડીઓ તૈયાર કરે છે. સંખેડાના ખરાદીઓ ખાસ કરીને કેસરી, રાતા, ગુલાબી, કાળા અને લીલા રંગનો ઉપયોગ કરે છે.

લાખકામ માટેના લાકડાને પણ છોલી, 'હંગારા' (અંધાડો) ઉપર






કામઠી વડે ફેરવી જોઈતા આકારના નમૂના તૈયાર કરવામાં આવે છે. લાકડામાં રહેલી તિરાડ વગેરેને લાંપીથી પૂરી દઈ લીસી સપાટી કરી લેવાય છે. ત્યાર બાદ જે રંગની ભોંય આપવી હોય તે રંગને પાણીમાં ઓગાળી તૈયાર કરેલા નમૂના ઉપર તેનો એક હાથ લગાડી સૂકવી દેવામાં આવે છે. ત્યાર પછી ખાસ તૈયાર કરેલ 'કલાઇ'ના મિશ્રણ વડે કલાકાર પોતાની કલાનો પરચો આપવા તે પર પીંછી વતી વિવિધ જાતની ભાત આલેખે છે.

આ ચિત્રકામમાં વપરાતી કલાઇને પણ બહુ ચીવટથી તૈયાર કરવામાં આવે છે. બજારમાં મળતી કલાઇને ટીપીને તેમાં સહેજ ગરમ કરેલો સરેસ નાખી તેને એકરસ કરીને ટીપીટીપીને એનો પણ રોટલો બનાવાય છે, ને પછી જરૂર પ્રમાણે એમાંથી ટુકડો લઇને પાણીમાં ઓગાળી તેનું દ્રાવણ તૈયાર કરવામાં આવે છે. કલાઇમાં સરેસ કેટલા પ્રમાણમાં ભેળવવો તે માત્ર અનુભવી ખરાદી જ જાણે છે. આ કલાઈ જો બરાબર બની ન હોય તો એના વડે આલેખેલી ભાત લાંબો સમય ટકી શકે નહિ.

લાખકામમાં આલેખાતી ભાતમાં ભૌમિતિક આકારો, મોર, હાથી, પોપટ, ચકલી તેમજ પાન, ફૂલનાં કૂંડાં, વેલ વગેરેનો વ્યાપક ઉપયોગ થાય છે. ઘણી વાર કીર્તિમુખ જેવી આકૃતિઓ પણ તેઓ આલેખે છે. ક્યા નમૂના ઉપર કેવી ભાત આકારવી એની સૂઝ કલાદૃષ્ટિવાળા કારીગરને જ હોય છે; અન્યથા લાખકામની ચીજના આકારનો અને તેના પર પાડેલી ભાતનો મેળ બેસતો જણાતો નથી.

આવી રીતે ચિત્રો આકારીને તૈયાર કરેલા નમૂનાઓને ફરી પાછા 'હંગારા' ઉપર ચડાવી કામઠી વડે ઘુમાવીને તેના ઉપર અકીકનો પથ્થર ઘસવામાં આવે છે આથી ભાત આલેખેલા નમૂના ઉપર એક જાતની ચમક આવી જાય છે. આ ચમક આપ્યા પછી નમૂનાને ધીમા તાપવાળી સગડી પાસે 'હંગારા' પર ઘુમાવી ઘુમાવીને રંગીન લાખની લાકડીઓનો વિવિધરંગી ઓપ ચડાવાય છે, ને તે પછી કેવડાના પાનને મીઠા તેલમાં બોળી લાખ ચડાવેલા નમૂના પર 'હંગારા' ઉપર જ ઘસવામાં આવે છે. જેનાથી તે પર એક અનોખી ચમક આવી જાય છે. છેવટ એ નમૂના



પર અહીંતહીં આખરી સ્પર્શ આપી તેને બજારમાં મૂકવામાં આવે છે.

સંખેડાના લાખકામમાં ખાસ કરીને ઘોડિયાં, પારણાં, નાનાં બાળકો માટેની ચાલણગાડી, ફૂલદાની ગુલાબદાની, બાજઠ, હીંચકા, વિવિધ રમકડાં, પાનદાન વગેરે બનતાં. છેલ્લા બેએક દાયકાથી **ખુરશી**, ટીપોય, બેડ-લૅમ્પ, ટેબલ-લૅમ્પ, પલંગો, ટ્રે, વગેરેની પણ માગ વધી છે.

ગુજરાતમાં દીકરીને પ્રથમ પ્રસૂતિ પછી પિયરથી સાસરે વળાવે ત્યારે બાળક માટે ઘોડિયું કે પારણું આપવાનો જે રિવાજ છે તેમાં પોસાય તેમ હોય તો સંખેડાના લાખકામના ઘોડિયાને પ્રથમ પસંદગી અપાય છે.

સંખેડાના લાખકામની પ્રતિભાને વધુ વિકસાવવા માટે તેનાં કારીગરોમાં એક નવું જોમ લાવવું અત્યંત જરૂરી છે. આ માટે કારીગરોને વિવિધ નવા નમૂનાઓ સર્જવાની દૃષ્ટિ તથા તેના પરના આલેખનની ભાતમાં વૈવિધ્ય આણવાની તાલીમની જરૂર છે. વળી, લાખકામ માટેના લાકડાના નમૂનાઓ હાલ મોટે ભાગે હાથમજૂરીથી જ થાય છે તેમાં શક્ય હોય ત્યાં યાંત્રિક શક્તિનું ઉમેરણ પણ કરવું જોઇએ. કલાવિદ્યાલયોમાં પણ આને અંગે ઘણું કરવાનો હજી પૂરતો અવકાશ છે.

અનુસંધાન] **રાણપુરનું ધીંગેશ્વર મંદિર ને બૌદ્ધ ગુફાઓ** [પૃષ્ઠ ૧૮થી

(અ) ૧) પાસ્તર ગામમાં જેઠવા શૈલીનું ભીમેશ્વર (ધીંગેશ્વર) પશ્ચિમ સૌરાષ્ટ્ર ઢબનાં દહેરાંનું શિખર ધરાવે છે. સોલંકી યુગ પૂર્વેનું આ દહેરું ભાણવડ, ઘુમલી, ઓડદર, બોરીચા ને ભીમેશ્વરનાં મંદિરોનું સહોદર છે.

૨) પાસ્તરથી ઉત્તરે ગામ બહાર પંચાયતનનાં પાંચ દહેરાં છે. તેમાં વચ્ચેના મુખ્ય મંદિરના દ્વાર પર નવ ગ્રહ શરૂઆતની ઢબના કોતરેલા છે. તે પણ હજાર વર્ષ પૂર્વેનાં છે, જેને સૈન્ધવ, મહેર કે જેઠવા શૈલી કહી શકાય. એ સોલંકી કાળ પહેલાંનાં છે એ તો નિર્વિવાદ છે. જેઠવાઓ મહેરો ને સૈન્ધવો જુદીજુદી કોમો હતી અને છે, એ યાદ રાખવું જરૂરી છે.

૩) પાસ્તરથી વાયવ્યે પોણો માઇલ પર એક દહેરું છે. જેને સદેવંત-સાવળંગાની દહેરી કહે છે. એક કાળે બીજું પણ દહેરું અહીં હતું, જેના થોડા અવશેષો છિન્નભિન્ન દેખાય છે, પૂર્વાભિમુખ આ દહેરાના આગળના ભાગમાં એક કુંડ હતો, તે પરથી એ સૂર્યમંદિર હશે એમ લાગે છે.

૪) સદેવંત-સાવળિંગાની આ દહેરી પાસે જ એક વાડીની વંડીમાં સાચવી રાખેલી અષ્ટમાતૃકાઓની ગણેશ સાથેની નવ મૂર્તિઓ છે. આ મૂર્તિઓ મોટે ભાગે દ્વિભુજ છે, જે તેની પ્રાચીનતા સૂચવે છે.

(બ) ભવનેશ્વર: પાસ્તરથી એકાદ માઇલ ઉત્તરે, સડકની પશ્ચિમે ભવનેશ્વરનું ગામડું છે. અહીં સુંદર ઝરણું છે. આ ભાગમાં બારે માસ પાણી રહે એવું એક સ્થાન છે, પાકા ખડકવાળી ભેખડોમાંથી એ ઝરણ ફૂટે છે. અહીં એક હજાર વર્ષ જૂની બેત્રણ દેહરીઓ છે, જે પાસ્તરનાં પંચાયતન દહેરાં જેવી છે. ઉપરાંત બસો-અઢીસો વર્ષ પર બંધાવેલાં શિવાલયો પણ નદીકાંઠે છે. વળી ઘાટ ઉપર કાળકા માતાનું ગુફામંદિર પણ છે. આ સ્થાન પાસે પાકા ખડકમાં નાનાંમોટાં વર્તુળો કોતરેલાં દેખાય છે. ભૂતકાળમાં કોઈ સાધુએ આ પ્રવૃત્તિ પોતાના ત્રિશૂળથી કરી હોય એમ લાગે છે. આ ભવનેશ્વરમાં એક કાળે બરડા, બારાડી, હાલાર અને ઓખાનો માનવસમુદાય શ્રાવણ વદના મેળામાં ઊભરાતો.

(ક) વિકચા વાવ: ભવનેશ્વરથી દોઢેક માઇલ ઊગમણી દિશાએ, સડકની પૂર્વે વિકચા વાવ છે. તે ૧૫૦' લાંબી ૧૫' પહોળી અને ૭૫' ઊંડી છે. એ ઘુમલીની જેતાવાવથી પણ જૂની અને વધારે ભવ્ય છે. છ ચોકીની આ વાવ શરૂઆતના સોલંકી કાળની લાગે છે. બરડા પ્રદેશમાં આવેલી આ વિકચા વાવ, તેમજ જેતા વાવ, કેશવ વાવ, જ્ઞાન વાવ વગેરે આ બધી પ્રખ્યાત વાપિઓ સોલંકી યુગની છે.

બરડા ડુંગરનો સમગ્ર પશ્ચિમ ભાગ ઓછાવત્તા કઠણ ચૂનાના પથ્થરના જળકૃત થરોનો બંધાએલો છે. તેમાં વિકચા વાવની આસપાસની ભૂમિરચનામાં ઉપરના ચૂનાના પથ્થરના થરમાં વચ્ચે વચ્ચે ખૂંચેલા અથવા ઘસારાથી બહાર નીકળી આવેલા પાકા પથ્થરના ગઠ્ઠાઓ (boulders) પડ્યા છે. આવી રીતે અહીં વિકૃત અને અગ્નિકૃત ખડકોના ટુકડા જોઈ શકાય છે. ભવનેશ્વરના ઝરામાં ને આસપાસના ભાગમાં તો અગ્નિજન્ય પાકા ખડક પણ પડ્યા છે. આમ આ ભાગ ભૂસ્તરશાસ્ત્રમાં રસ લેતા અભ્યાસીઓ માટે પણ અગત્યનો છે.

રાણપુરનું ધીંગેશ્વર મંદિર અને બૌદ્ધ ગુફાઓ

લેખક · મણિલાલ વોરા
(પુરાતત્ત્વ સંશોધનમંડળ · પોરબંદર)


પોરબંદરથી ઇશાને અઢારેક માઈલ દૂર, બરડા ડુંગરના આથમણા પગથારમાં રાણપુર અને પાસ્તર નામે બે જૂનાં ઐતિહાસિક ગામ છે. પોરબંદરથી નાગકા થઇને ભાણવડ જતી બસના માર્ગ પર ૨૧°–૫૦° ઉ. અ. અને ૬૦°–૪૦° પૂ. રે. ઉપર એ આવેલાં છે.

ધુમલીના પતન પછી જેઠવા રાણાએ ગઢ બાંધી આ ભાગની પ્રજાની સહાયથી ચૌદમી સદીમાં રાણપુરને પોતાની સત્તાનું કેન્દ્ર બનાવ્યું. રાણપુર-પાસ્તર હજાર બારસો વર્ષ પહેલાંનાં ધીકતાં સ્થાનો હતાં. પાસ્તર તો પાટણ કહેવાતું. એ જાહોજલાલીની સાક્ષી રૂપ પ્રાચીન મંદિરોના અવશેષો આ ક્ષેત્રે છે.

રાણપુરનો આજે જીર્ણ દશામાં રહેલો ગઢ સત્તરમી સદીમાં પ્રાચીન સમયના ગઢને મરામત કરી ફરી બાંધેલો લાગે છે, કેમ કે જૂના કિલ્લાનાં શિલ્પો તેના ચણતરમાં ડોકિયાં કરે છે. ગઢની મેડી તો ઓગણીસમી સદીમાં બાંધી છે, જેનો શિલાલેખ ગઢના ઉત્તરાભિમુખ દરવાજા પાસે છે. તેમાં 'જામશ્રી જેસાજી કસબે રાણપુરની મેડી ચણાવી, કામદાર મેતા ત્રીકમજી ઢેબર, ફોજદાર મલક જેસલ સંવત ૧૮૯૮ મહા સુદ ૨' એમ વંચાય છે. પણ ખરા અગત્યના બે હજાર વર્ષ જૂના ઐતિહાસિક અવશેષો તો રાણપુર પાસે ડુંગરની પાળમાં છે. આ પંથકમાં બૌદ્ધ સંઘારામ નાના પાયા પર પણ હતો તેની સાબિતી એમાં પડી છે.

શિવ-શક્તિ પંથ, બૌદ્ધ ધર્મ, તથા સૂર્ય ને વિષ્ણુ સંપ્રદાયને અનુસરતા લોક અહીં વસતા ને અવરજવર કરતા. વલભી, પ્રભાસ, શ્રીનગર, મંગલપુર, ઢાંક, ધુમલી, મીનપુર ને દ્વારકા સાથે આ સ્થાન જોડાએલું હતું.

વલભીપુર, તળાજા, સાણા, પ્રભાસ, જૂનાગઢ, ઢાંક, ખંભાળીડા ને ચામરડા જેવી ગુફાઓ આ બરડા ક્ષેત્રે પણ રાણપુર પાસે જોવા મળે છે. રાણપુરની આ ગુફા બૌદ્ધ ચૈત્ય-વિહારના અવશેષ છે, જે ચૂનાના પથ્થરના થરોમાં કોરી કાઢેલી છે. સાણા, તળાજા અને જૂનાગઢના પ્રમાણમાં આ ગુફાઓ નાની છે; પણ બૌદ્ધ સાધુઓ ધર્મપ્રચાર અર્થે સૌરાષ્ટ્રના છેક પશ્ચિમ કાંઠા સુધી પણ આવીને વસ્યા હતા, એ આથી સિદ્ધ થાય છે.



બરડા પંથકમાં ધીંગેશ્વર અને બૌદ્ધ ગુફાઓનું સ્થાન દર્શાવતો નકશો


ધુમલી અને રાણપુર નજીક ડુંગરોમાં કુદરતી ભોયરાં ને અર્ધમાનવ સર્જિત ગુફાઓ ઘણી છે, જેનો પ્રાચીન સમયથી સાધુઓ, અઘોરીઓ, લૂટારુઓ અને રાની પશુઓ ઉપયોગ કરતા આવેલા છે. અને ભારતના રાજાઓ તથા બહારવટિયાઓ માટે આક્રમકોથી નાસી છૂટીને આશ્રય મેળવવાના સ્થાન તરીકે ગિરનાર ને બરડો જૂના સમયથી જાણીતાં હતાં.

એવા રાણપુર-પાસ્તરના આ અગત્યના ઐતિહાસિક અવશેષો વિષે ટૂંક માહિતી જોઈએ:

રાણપુર–ધીંગેશ્વર


આજે લાંબા સમયથી જે 'ધીંગેશ્વર મહાદેવની જગ્યા' તરીકે મનાય છે તે હકીકતે હીનયાન બૌદ્ધ માર્ગનું પ્રાચીન પૂજાસ્થાન—ચૈત્ય ગુફા છે. એમાંના સ્તૂપને મોટું–ધીંગું શિવલિંગ માની લઈને પ્રાકૃત જનોએ તેને ધીંગેશ્વર નામ આપ્યું. ઈશુના જન્મ પહેલાંના અને તે પછીના બબ્બે સૈકાઓના ચારસો વર્ષના કાળમાં, અને તે પછી વલભીના પતનકાળ પર્યંત બૌદ્ધ સાધુઓનો પ્રભાવ અહીં પડચો હોય એમ લાગે છે.


રાણપુરથી ધીંગેશ્વરની જગ્યાએ જતી કેડી ઉપર, ધીંગેશ્વર સ્થાનથી જરા આગળ, પથ્થરના થોડા ઢગ વચ્ચે એક ઘણી જૂની ખંડિત મોટી પ્રતિમા ઊભી છે. સૈંકડો વર્ષોની હવામાનની અસરથી આ મૂર્તિનું શિલ્પ



ડાબી બાજુ: (૧) ધીંગેશ્વર-મંદિર અને એની આસપાસનાં અન્ય સ્થાનોની ગોઠવણ દર્શાવતો તળરચનાનો આલેખ અને (૨) એની પશ્ચિમે આવેલા ભગ્ન વિહારનો આલેખ જેનો ફોટો આ નીચે આપ્યો છે.









ઉપર ડાબી બાજુ: વિશાળ કદ અને શિવલિંગને મળતા આકારને કારણે ધીંગેશ્વર મહાદેવ તરીકે ઓળખાતો ને પૂજાતો બૌદ્ધ સ્તૂપ. અને (વચ્ચે) એ ચૈત્ય ગુફાની અંદરની પરસાળમાં કદાચ પાસ્તર અથવા ઘુમલીનાં સોનકંસારી મંદિરોમાંથી આણીને બેસાડેલી લગભગ બારમી સદીની વિષ્ણુમૂર્તિ. જમણી બાજુ પાસ્તર ગામમાં આવેલું જેઠવા શૈલીનું ભીમેશ્વર-મંદિર.


લગભગ બેસી ગયું છે, છતાં સ્ત્રીની આ પ્રતિમાના મસ્તકનો ઘાટ ભારહૂતના સ્તૂપની શોભનપટ્ટી માંહેની માનવ-આકૃતિઓને મળતી આવે છે અને તે કોઈ યક્ષીની મૂર્તિ લાગે છે.


ધીંગેશ્વર જગ્યામાં જતાં જમણા હાથ પર પહેલાં એક ભગ્ન ગુફા (ગુફા નં. ૨) દેખાય છે, જે વિહારના અવશેષ રૂપ લાગે છે. આ વિહાર ૨૨½ ફૂટ × ૧૭ ફૂટ × ૭ ફૂટના માપનો છે. અંદર છતના ટેકા માટે બે લંબ-ચોરસ સ્તંભ મૂકેલા છે, આ ઉત્તરાભિમુખ ગુફા આગળ આઠેક ફૂટ પહોળી પરસાળ લાગે છે. છજાં અને દ્વારની બાજુઓ નષ્ટ થઈ જતાં આવી ગુફાઓમાં સામાન્ય જોવામાં આવતી સાદી કોતરણી પણ રહી નથી.

આ ગુફાની પાસે જ પૂર્વ તરફ (ગુફા નં. ૧) મુખ્ય મંદિર—ચૈત્ય-ગુફા—આવેલું છે. આ આખો ચૈત્ય ઉત્તર-દક્ષિણ આશરે ૫૫ ફૂટ લાંબો, અને પૂર્વ-પશ્ચિમ ૧૧ ફૂટ પહોળો છે. (अ) આ દેવસ્થાનમાં ઉત્તરથી દાખલ થતાં ૧૪ ફૂટ × ૧૧ ફૂટનું કોતરી કાઢેલું, ઉપરથી ખુલ્લું આંગણું છે, જેમાં જમણી બાજુ આખી ગુફાના પાણીના નિકાસ માટે નહેર ખોદી કાઢેલી છે. (ब) અંદર જતાં ૧૮' × ૧૧'નો ચોક આવે છે, જે પણ ઉપરથી ખુલ્લો છે. ચોકમાં જમણી બાજુ શ્રમણોને બેસવાનું ૧૦'–૬"× ૪'નું પીઠક છે. આ ચોકમાં અત્યારે નંદિ બેઠેલો છે. (क) ચોક પછી ૧૧'×૭'-૬"ની પરસાળ છે, જેમાં પશ્ચિમની દીવાલે લગભગ બારમી સદીની વિષ્ણુમૂર્તિ બેસાડેલી છે. આ મૂર્તિ કદાચ પાસ્તરથી લાવવામાં આવેલી હોય, અથવા ઘુમલીના સોનકંસારી મંદિર-સમૂહની પણ હોય, (ड) અંદર મુખ્ય ગર્ભગૃહની ગુફા છે, જે ૧૧'-૬" × ૧૦'-૬" અને ×૭' ઊંચાઈની છે. એમાં ૬ ફૂટ ૮ ઈંચ ઊંચો વિશાળ સ્તૂપ છે. સ્તૂપ નીચેની અર્ધ ઉંચાઈ નળાકાર અને મથાળેથી ગોળાકાર છે, જેનો વ્યાસ ૪ ફૂટ ૩ ઈંચનો છે. આને વિશાળ શિવલિંગ 'ધીંગેશ્વર' તરીકે પૂજવામાં આવે છે.


આ ચૈત્ય અને વિહારને પાણી માટે ટાંકાંની સગવડ છે. અત્યારે પણ એક વિશાળ અને એક નાનું એમ બે ટાંકાં ભરેલાં છે, જે પ્રાચીન ટાંકાને જ સુધારી નિપજાવ્યાં લાગે છે. ગુફાની ઉપરના ભાગના બે ઓરડા —એક ગોંસાઈ મહંતશ્રીનો અને એક યાત્રિકો માટે—પાછળથી બાંધેલા છે, જે બન્ને નળિયાંવાળાં છાપરાં ધરાવે છે.


ધીંગેશ્વરની જગ્યાથી થોડે દૂર ઉત્તર તરફ પથરાળ ભૂમિમાં, ડુંગરમાંથી ગામ તરફ જતી ઝરમાં, ઝરણાના ડાબા કાંઠામાં, ઉત્તરાભિમુખ ત્રણ ગુફાઓ સારી સ્થિતિમાં જોઈ શકાય છે. તે ચૂનાના નક્કર પથ્થરમાં કોરી કાઢેલી છે. ગામ તરફથી ઉપર જતાં પહેલી એક લગોલગ બે ખંડ-વાળી ગુફા છે. દરેક ખંડ ૨૦'×૨૦'નો છે. (ગુફા નં. ૩) આગળના ભાગમાં એક જ પરસાળ છે. પરસાળમાં દરેક ખંડ આગળ, વચ્ચે સાંકડું નીચું દ્વાર, ને દ્વારની બન્ને બાજુ સાંકડી બારી છે. સાણા, જામકા વગેરે







પાસ્તરની વાયવ્યે પોણો માઈલ જેટલે દૂર આવેલી સદેવંત સાવળિંગાની દહેરી પાસે એક વાડીની વંડીમાં રાખેલી પ્રાચીન ગણેશ સહ અષ્ટમાતૃકાઓ. (જમણી બાજુ) પાસ્તરની ઉત્તરે આવેલાં પંચાયતન દહેરાં







ધીંગેશ્વરથી થોડે દૂર ઉત્તરે (જુઓ લેખના આરંભે આપેલો નકશો) પથરાળ ભૂમિમાં આવેલી ત્રણ ઉત્તરાભિમુખ ગુફાઓ નં. ૭, ૫ અને ૩. નીચે એ જ ક્રમમાં એ ત્રણે ગુફાઓની તળરચના દર્શાવી છે.



હીનયાની વિહારમાં જોવામાં આવતી ઢબ જેવી જ આ દ્વારની ઢબ છે.

પૂર્વમાં આગળ જતાં એક બીજી ગુફા (ગુફા નં. ૫) આવે છે, જેની પરસાળ ૧૮'×૭' છે. અંદર ૧૦'×૭'નો ખંડ છે, જેની પછીતે ૬ા'×૬ા'ની બેઠક કોરેલી છે. આ સ્થાન વિહારના મુખીનું હોય તેમ લાગે છે.

ઝરમાં પૂર્વ તરફ આગળ જતાં એક બીજી ગુફા (નં. ૭) આવે છે. અહીં ત્રણ ગુફાઓ સંયુક્ત રૂપે છે. દરેક ૯'-૬''×૮'ના માપની છે. છત તો દરેકની ૬' અથવા ૬'-૮''ની ઊંચાઇએ છે. આ ગુફાઓમાં (क) અને (ब)ને એક જ પરસાળ છે, અને ત્રીજી (अ) ને જુદી પરસાળ છે. ત્રણે ગુફાઓમાં એકબીજીમાં જવાનાં દ્વાર છે. ભૂતકાળમાં આ સ્થળે સંઘ-આરામ હશે, અને ખરડાનાં શિખરો 'બુદ્ધં શરણં ગચ્છામિ', 'ધમ્મં શરણં ગચ્છામિ'ના પડઘા ઝીલતાં હશે. ગુફા નં. ૪ અને ૬ નષ્ટ થઈ ગએલી છે. પથ્થર ખોદી કાઢવાની નાની ખાણમાં તેનું રૂપાંતર થએલું છે. ધીંગેશ્વરથી દક્ષિણે ધારના પેટાળમાં આજે પથ્થરની જૂની ખાણો દેખાય છે. આ પથ્થરનું વણું જોતાં અહીં પણ અવશ્ય ગુફાઓ હશે એમ લાગે છે. જૂનાં માણસોને પૂછતાં કહે છે કે ત્યાં પણ 'ખાપરા-કોઢિયાનાં ભોંયરાં' હતાં, એથી આ અનુમાનને પુષ્ટિ મળે છે.

એક સમયે આ ચૈત્ય અને વિહારોમાં તથા આસપાસની અસંખ્ય પર્ણકુટિઓમાં બૌદ્ધ સાધુઓ, સાધકો અને શ્રમણોના સંઘ વસતા અને ખરડાના સંઘારામ–વાતાવરણને ગુંજતું રાખતા. આ પહાડ ત્યારે જીવતો હતો—કુદરતી સંપત્તિથી અને માનવહૃદયની કરુણાથી.

ખરડા ડુંગરનો વાયવ્ય ભાગ પ્રાકૃતિક સમૃદ્ધિવાળો અને અનેક ઝરણાંથી રણઝણતો રહેલો છે. દુર્ભાગ્યે આજે જંગલ અને અન્ય કુદરતી સંપત્તિનો માનવસમુદાયે નાશ કર્યો છે અને ઉજ્જડતા વ્યાપેલી છે, છતાં ભૂતકાળના અવશેષ જેવું ટપકેશ્વરનું ઝરણું, પાસેનું તળાવડું, પાસ્તર-ભવનેશ્વરનાં ઝરણાં ને વિકચા વાવ ભૂતકાળની રસાળતાની સાક્ષી પૂરે છે.

પાસ્તર અને ભવનેશ્વર

પાસ્તર અને તેની વાયવ્યે આવેલું ભવનેશ્વર, તેમજ ઉત્તરે આવેલી વિકચા વાવ રાણપુરથી બે માઇલના અંતરે છે. (અનુ૦ પૃ. ૧૫મે)



→ સદેવંત સાવળિંગાની દહેરી–પાસ્તર



→ પાસ્તર પાસેની વિકચા વાવનો મંડપ



→ વિકચા વાવનું અંદરથી દૃશ્ય

ગાંધીજીએ કહ્યું: હું તમને ખાસ બેઠક નહિ આપું, મારું કામ ચાલુ રહેશે; તમે તમારો લાગ શોધી લેજો.

૪૫૯
ગાંધીજીની
૫૦મી વર્ષગાંઠ

જીવનપટનાં સ્મૃતિચિત્રો

રવિશંકર રાવળનું આત્મકથાનક-૯૩

એ વર્ષના ઑક્ટોબરની બીજી તારીખે ગાંધીજીની ૫૦મી વર્ષગાંઠ આવતી હતી, તે નિમિત્તે કવિ નાનાલાલે તેમનું સુપ્રસિદ્ધ કાવ્ય 'ગુજરાતનો તપસ્વી' લખ્યું. સ્વામી આનંદના હાથમાં તે આવતાં જ તેમણે તે હાજીમહમ્મદને 'વીસમી સદી'માં છાપવા મોકલ્યું. હાજીએ તરત તેનો સ્વીકાર કર્યો અને તાર કર્યો કે ગાંધીજીનો તાજો ફોટો મોકલો, યા સ્કેચ માટે રવિશંકર રાવળની સહાય લ્યો.


ગાંધીજી ફોટોગ્રાફ લેવડાવવાની તો વિરુદ્ધ હતા, તેથી સ્વામીએ મહાદેવભાઈ અને નરહરિભાઈની મદદ લઈ ગાંધીજીને સમજાવ્યા કે તેઓ ફોટોગ્રાફની વિરુદ્ધ હશે, પણ હાથે ચિત્રકામ થાય તેનો વાંધો લેવો ન જોઇએ. સ્વામી મને ઘોડાગાડીમાં ચડાવી પહેલી જ વાર આશ્રમે લઈ ગયા. 'વીસમી સદી'નું કામ તો મારો સહજ આનંદ હતો પણ ગાંધીજીનો સ્કેચ કરવાનો અવસર એ તો જીવનનો લહાવ હતો. અમે આશ્રમે પહોંચ્યા ત્યાં ઓસરીમાં નરહરિભાઇ મળ્યા. સ્વામીએ કહ્યું કે રવિભાઇને સ્કેચ માટે ખેંચી લાવ્યો છું. તેમણે કહ્યું કે જાઓ, અંદર બાપુ મહાદેવભાઇને કંઈક લખાવી રહ્યા છે. સ્વામીએ મને અંદર લઈ જઈ બાપુને કહ્યું કે રવિશંકર રાવળને સ્કેચ માટે લાવ્યો છું. મેં ખૂબ ભાવથી વંદન કર્યું ત્યાં તે બોલ્યા: 'આવો રવિશંકરભાઈ, તમારા વિષે મેં ઘણું સાંભળ્યું છે. પણ જુઓ, હું તમારા માટે ખાસ બેઠક નહિ આપી શકું. મારું કામ ચાલુ રહેશે, તમે તમારો લાગ શોધી લેજો.'

મને મનમાં તો ધ્રુજારી છૂટી કે આવા મહાપુરુષનો આબેહૂબ ખયાલ પકડવા આવી સ્થિતિમાં કેમ હાંથ ચાલશે. છતાં હિંમત કરી એક ખૂણે બેસી ગયો, અને ગાંધીજીની તે સમયની આખી બેઠકનું ચિત્ર પેન્સિલથી કર્યું. તેઓ એક પગ વાળીને ખાટલા પર બેઠા હતા. તે પર લખવાના કાગળોની પાટી હતી, ને બીજો પગ નીચે ચાખડીમાં ભરાવી રાખ્યો હતો. ચિત્ર પૂરું થયું ત્યારે હું ઊઠયો કે તરત તેઓ બોલ્યા: 'બસ, તમારું કામ થઈ રહ્યું હોય તો જાઓ.' મહાદેવભાઇએ તીરછી નજરે ચિત્ર જોઈ મલકી લીધું. બહાર નરહરિભાઈ કહે, તમને તક મળી એટલી લ્હાણ માનો. સહી-બહી મળવાની આશા તો શાની હોય? પણ એ ચિત્ર 'વીસમી સદી'માં કવિના કાવ્ય સાથે પાનું ભરીને છપાયું.

૪૬૦ ધંધાદારી પ્રવૃત્તિ

અમદાવાદમાં મેં ધંધાની પ્રવૃત્તિનાં સારાં એંધાણ જોયાં નહિ. ઈ. ૧૯૧૯ની ૨૪મી જૂને મારી ડાયરીમાં લખાણ પડયું છે: 'મુંબાઇનું સ્વતંત્ર વાતાવરણ ક્યાં અને તીવ્ર દ્રવ્યેચ્છાવાળું આ શહેર ક્યાં? લોકોમાં ઊંચા શોખની કેટલી ખામી જણાય છે!' બિઝનેસ (ધંધાની વાત) અને ઇન્ડસ્ટ્રી (કારખાના કે મિલની વાત) સિવાય પાઘડી-ખેસવાળા સજ્જનો પાસે બીજું સાંભળવાનું મળે જ નહિ. પણ મારે મારા મિત્રમંડળને ધન્યવાદ આપવા જોઈએ, કે દરેક જણે પોતાની લાગવગમાંથી જે કામ મળી શકયું તે મેળવી આપ્યું.

હીરાલાલ પારેખે પ્રેમાભાઈ હૉલ માટે આદ્યસ્થાપક મિ. ફિન્લૉક ફૉર્બ્સની એક મોટી છબિ તૈયાર કરવા કહ્યું. તે માટે તેમણે જ હીમા-



અને આજથી પચાસ વર્ષ પર, ગાંધીજીની ૫૦મી વર્ષગાંઠે સત્યાગ્રહાશ્રમમાં આ સ્કેચ કર્યો

ભાઈ ઇન્સ્ટિટયૂટમાંથી ઇંગ્લંડથી પાટિયા પર ઑઇલ કલર (તૈલચિત્રણા)માં તૈયાર થઈ આવેલી સરસ છબિ મેળવી આપી. તેમાં મને પણ શીખવા મળે એવું રંગ-કૌશલ્ય હતું. મેં પણ અથાક મહેનતે હૂબહૂ મોટી છબિ બનાવી આપી તેથી તેઓ ખૂબ ખુશ થયા અને સભાનો ઠરાવેલો રૂપિયા ૩૦૦નો દર તેમણે મને આપ્યો તે મેં મુબારક માન્યો. મારા બીજા ઉત્સાહી વડીલ મિત્ર વિજુભાઈ (વ્રજલાલ હીરજીભાઈ)એ તેમની (મોઢ ચાતુર્વેદી) જ્ઞાતિના રામકૃષ્ણ શાસ્ત્રી, જે ખાડિયામાં આવેલી સંસ્કૃત પાઠશાળાના અધ્યક્ષ હતા તેમની છબિ પોતાની તરફથી કરી આપવા કહ્યું. તેમની તાજી છબિ પડાવવા અમે તે વખતના પ્રસિદ્ધ ફોટોગ્રાફરો જનાર્દન ઍન્ડ પરીખને ત્યાં ગયા. જનાર્દન ઊંચા દરજ્જાના ફોટો-આર્ટિસ્ટ હતા અને પરીખ આબાદ ક્રોમાઇડ પેઈન્ટર હતા. બંનેનો મેળ સારો હતો. તેમણે મારા માટે બહુ સારો મૈત્રીભાવ બતાવ્યો અને પછી પણ તે નભાવ્યો. શાસ્ત્રીએ બનારસી પંડિતો જેવી મોટી પૈડા જેવી પાઘડી પહેરેલી. તેની નીચે તેમની ડારતી ઉગ્ર મુદ્રા વગેરે હૂબહૂ કરવા માટે કૅનવાસ પર ચિત્ર તૈયાર થયા પછી પણ મેં સામે બેઠક લેવડાવી, રંગો અને પ્રકાશ આબાદ મેળવી આપ્યાં તેથી શાસ્ત્રીજી અને પંડિત પુત્ર પણ પ્રસન્ન થયા. તે માટે પણ વિજુભાઇએ પોતાની ખુશીથી જે રકમ આપી તે મેં આનંદથી સ્વીકારી લીધી.

રામકૃષ્ણ શાસ્ત્રીનું તે વખતે શેઠ ચિનુભાઈ બૅરોનેટને ત્યાં બહુ માન હતું, કારણ કે શેઠ પોતે પણ સંસ્કૃતના સારા વિદ્વાન હતા. એ સર

ચિનુભાઈના પિતામહે અમદાવાદમાં મિલ-ઉદ્યોગની સ્થાપના કરીને અમદાવાદની આબાદીનો પાયો નાખેલો. ચિનુભાઇએ તે પર કુટુંબને શ્રીમંતાઇની ચરમ કક્ષાએ પહોંચાડેલું અને બૅરોનેટ થએલા. બૅરોનેટનો એ ઇલકાબ વંશપરંપરાનો ગણાય છે, આથી તેમના પુત્ર પણ બીજા સર ચિનુભાઈ કહેવાતા. હું અમદાવાદ આવ્યો ત્યારે એ બીજા બૅરોનેટ ગિરિજાપ્રસાદને ઉપનયન-સંસ્કારપદ આપી પહેલા બૅરોનેટ થોડા સમય પહેલાં ગુજરી ગયા હતા અને તેમની મિલ્કત તથા બે મિલોનો વહીવટ સરકારે નીમેલા ટ્રસ્ટીઓ કરતા હતા. મારા ઘર-માલિક રાયજી વિનોદ-માં કહેતા કે તમારી ભાવનાઓ સર ચિનુભાઈ જેવાને મળો તો જ પાર પડે. અમદાવાદના શિરતાજ સમું એ કુટુંબ ક્યાં અને હાલ મારી સ્થિતિ ક્યાં ? મને તે વિનોદ કટાક્ષ જ લાગતો.

રામકૃષ્ણ શાસ્ત્રીનો એક વિનોદ મને યાદ રહ્યો છે: 'અગ્નિને ઉ-પાસ્યો અમે, પણ તેની સિદ્ધિઓ મેળવી અંગ્રેજોએ'—એટલે કે અમે અગ્નિમાં અનેક દ્રવ્યો હોમી યજ્ઞો કર્યા પણ અંગ્રેજોએ અગ્નિથી જળની વરાળ કરી તે દ્વારા આગગાડીઓ અને યંત્રો ચલાવ્યાં.

મારા એક વિદ્વાન મિત્ર મનસુખભાઈ ત્રિવેદી અહીં એડ્યુકેશનલ ઇન્સ્પેક્ટર (કે ટ્રેઇનિંગ કૉલેજમાં તે યાદ નથી) હતા. તેમના પિતા ભાવનગરની પોસ્ટ-ઑફિસમાં મારા પિતાશ્રીના આસિસ્ટંટ હતા ત્યાર-થી અમારે ઘર જેવો સંબંધ થએલો. તેમણે પણ મારામાં રસ લેવા માંડ્યો. તે અમદાવાદના સિવિલ સર્જન કર્નલ ડ્યૂકને ગુજરાતી ભાષા-નું શિક્ષણ આપવા જતા હતા, અને કર્નલ ડ્યૂકને ચિત્રકળાનો ભારે શૉખ હતો. તેમની આગળ એમણે મારી વાત કરી હશે તેથી કર્નલ ડ્યૂકે મને મળવા ઇચ્છા બતાવી. એટલે એક દિવસે મારા થોડા સ્કેચ લઈ હું તેમની સાથે કર્નલ ડ્યૂક પાસે ગયો. તે વખતે મેં તેમને વાત કરી કે થોડા વખતમાં અમદાવાદમાં ગુજરાતી સાહિત્ય પરિષદ સાથે કળાનું પણ પ્રદર્શન થશે. ત્યારે તેમણે તરત કહ્યું: 'મને તેની ખબર આપજો. મારે કેટલાંક સારાં ચિત્રો ખરીદવાં છે.' તેમને મારો એક સ્કેચ બહુ ગમ્યો તે મેં તેમને ત્યાં જ ભેટ આપ્યો; પણ તેનો બદલો એ ગુણી સજ્જને ભવિષ્યમાં આપવાનું ધ્યાનમાં રાખ્યું હશે ખરું.

૪૬૧ ગુજરાત કલામંદિર

જીવનલાલ અમરશીએ તેમના મેડા પર ચિત્રવર્ગ કરવા માટે ઉત્સા-હથી સંમતિ આપેલી, એટલે મેં એક મોટું પાટિયું 'ગુજરાત કલામંદિર' લખીને તૈયાર કરી ત્યાં લગાવી દીધું. વર્ગના સમય, ફી વગેરે માટે એક પત્રિકા પણ તેમણે પોતાના પરિચિત પ્રેસમાં છપાવી આપી. મારા મિત્રો બનેલા કેટલાક ચિત્રશિક્ષકોને મેં તે પહોંચાડી, પણ કોઈનો સહકાર મળ્યો નહિ. પરંતુ મુંબાઈના સહાધ્યાયી દમનલાલ મહેતાએ વિના-વેતને રોજ સાંજે એ વર્ગમાં મદદ કરવા આવવાનું સ્વીકાર્યું; જોકે તેમનામાં મેં કદી નિયમિતતાનો આગ્રહ જોયો નહિ.

બેએક વિદ્યાર્થીઓએ ફી આપી નામ નોંધાવ્યાં એટલે મેં તો ચીવટ-પૂર્વક તેમને માટે બીજા દિવસથી જ કલામંદિરને એક ખૂણે પદાર્થપાઠો ગોઠવ્યા. એ બે વિદ્યાર્થીઓમાં એક હતા ભાઈ ચુરેઝી અને બીજા હતા ડૉ. જોસેફ બેન્જામીનના પુત્ર મિ. સૅમસન. આ ઉપરાંત મારા મોસાળ-ના સંબંધી એક યુવાનનો ચિત્ર-શિક્ષણ માટે વિદ્યાર્થી થવાની અરજ-વાળો પત્ર આવ્યો. સાથે મારા મામાના દીકરાની ભલામણ હતી. પણ નિઃસહાય વિદ્યાર્થીનું મારે શું કરવું ? આખરે રૂ. ૧૫ની માસિક સહા-યના બદલામાં કલામંદિરની સાફસૂફી અને દિનરાત મારા કામમાં મદદ કરવાની શરતે મેં તેને બોલાવેલો. તે પણ પાઠ પ્રમાણે ચિત્ર કરતો. આમ આ વર્ગ-શિક્ષણમાં ધંધા કે આવકનું સાધન બનવાની કોઈ શક્યતા ન-હોતી; પણ ત્યારથી ચિત્રશિક્ષણ મારું ધર્મ-કાર્ય બન્યું.

૪૬૨ જીવનલાલ અમરશી

અહીં જીવનલાલ અમરશીને હું રોજ મળતો અને મારી ભાવનાઓ વિસ્તારતો. તેમના મનમાં મારે માટે લાગણી પેદા થઈ હતી. તે એક વાર મને સર રમણભાઈ નીલકંઠને બંગલે તેમની છબિ માટે લઈ ગયા. મેં મારો ઘોડીકૅમેરા સાથે લીધો (તે વખતે હૅન્ડ-કૅમેરાનું નામ ક્યાં ય નહોતું). રમણભાઈ મને 'વીસમી સદી'માંના મારા કામથી જાણતા હતા અને તેમના 'હાસ્યમંદિર' માટે કરી આપેલાં બે ચિત્રોથી પણ ખુશ થયા હતા. જીવનલાલે મારી અમદાવાદમાં ઠરીઠામ થવાની વાત કહી એટલે તેમણે 'ભદ્રંભદ્રની નવી આવૃત્તિ છપાય છે તેના માટે થોડાં ચિત્રો કરી આપો.' એમ કહીને મને જૂની પ્રત વાંચવા આપી. મેં છએક ચિત્રો સમયસર કરી આપ્યાં તે છપાયાં અને પ્રસ્તાવનામાં રમણભાઇએ તે માટે પોતાનો સદ્ભાવ પણ દર્શાવ્યો.

જીવનલાલે વળી 'કલાપીનો કેકારવ'ની નવી આવૃત્તિ માટે આઠ ચિત્રો કરવાનું મને સોંપ્યું. બીજી તરફ કેશવપ્રસાદ દેસાઈની વાર્તાનાં ચિત્રો બની જ રહ્યાં હતાં. આમ મને મારો ગૃહસંસાર નિભાવવા પૂરતું કામ મિત્રોની લાગવગ અને ભલામણથી મળ્યા કરતું, પણ મુંબાઈ હજી સાંભરતું હતું. હાજીની પ્રેરણાત્મક મુલાકાતો વિના શૂન્યતા લાગતી હતી. દરમિયાન અમદાવાદના મિત્રમંડળમાં ઠીક મિલાવટ થતી જતી હતી. ડૉ. હરિપ્રસાદનું દવાખાનું એક કેન્દ્ર હતું. છોકરાઓને નજીકની મ્યુનિસિપલ શાળામાં મૂક્યા હતા. ત્યાં ટ્રેઇનિંગ કૉલેજની ઉતાર-પદ્ધતિએ શિક્ષણ અપાતું; પણ તેનો શો ઇલાજ ? જીવન કે સમાજમાં ક્રાન્તિ લાવવાનો કોઈ ઉત્સાહ લોકોમાં દેખાતો નહોતો.

૪૬૩ મહેમાનો

મારું ઘર સૌરાષ્ટ્ર તેમજ મુંબાઇના મિત્રો માટે અર્ધા રસ્તાનું રોકાણ-ધામ બન્યું હતું. ગમે ત્યારે મહેમાનો આવી ચડતા. વીરમગામવાળાં કે સાણંદવાળાં, સગાં કે મિત્રો ખબર કાઢવાને બહાને એક રાત રહી જતાં. મને ખબર હતી કે મારાં પત્નીને અંદરના ખંડમાં ગોંધાઈ રહેવું પડે છે, મહેમાનો અને છોકરાંની માવજત સાચવવી પડે છે; આથી હું મનમાં પ્રાર્થના કરતો કે ક્યારે હું ઉદારતાપૂર્વક આદર અને સાધનપૂર્ણ ગૃહવ્યવસ્થા પ્રાપ્ત કરી શકું.

બચુભાઈ તેમના ગોંડલના મિત્રમંડળની ખૂબ પ્રશંસા કરતા, કોઈ કેવા અલગારી અને ભાવનામસ્ત છે તેની પણ વાત કરતા. તેમાંનો પણ એકાદો અમદાવાદ આવી જાય તો મારે ત્યાં જ મુલાકાત કરાવતા, કારણ કે તેમની પાસે ૬×૮ ફૂટની એક ઓરડી વિના વધારે નિવાસસ્થાન ન-હોતું. એવા એક ભાઈ ભાઈશંકર આવેલા તે ઘર બહાર જાય જ નહિ! વિચારમાં જ રહે અને કેડે ધોતિયાની લુંગી વીંટાળી ખંડમાં આંટા માર્યા કરે. આથી એક વાર મારાં પત્નીને પડોશની ટીકા પણ સાંભળવી પડેલી. પણ પાયાનો પથ્થર બનવા ઇચ્છતા એ અવધૂત યુવાનને કોઈ ઓળખી શક્યું નહોતું. (એના વિષે જાણવા જુઓ 'કુમાર' વર્ષ ૮, પૃષ્ઠ ૪૩ પરની શ્રી બચુભાઇએ લખેલી અવસાન નોંધ.) એક વાર એક કુમાર કવિ આવેલા. તેનું નામ ગિરિધર. તેની કવિતાઓ મને ગમી, પણ આટલી નાની વયે અભ્યાસ છોડી કવિ-મસ્તીથી ક્યાંક ગુજરાન મેળવવા નીકળેલા તરુણને કોણ ઠેકાણે પાડે? એ કવિ પણ ઊગતી વયમાં જ ગુજરી ગયા. તેની એક પંક્તિ હજુ પણ મને યાદ છે :

માનવી નહિનહિ થઈશ નિરાશ,
તુજ પ્રકૃતિમાં ભર્યો પ્રકાશ.

વીરમગામથી હરિશંકર વિદ્યાર્થીના પિતા ઓધડભાઈ પોતાના પુત્ર-ની મૈત્રીના દાવે મારે ત્યાં જ વારંવાર મુકામ કરતા; જાણે એક પ્રકારનો કરાર હોય. ગજાનન પાઠક તો વડોદરાથી આવે જ. રામનારાયણ પાઠક એક વાર સાદરાથી આવ્યા ત્યારે તેમણે પોશાક પહેરેલો : માથે ગુલાબી

રંગનું દક્ષિણી તોરાવાળું ખોખું, કોટ, ખેસ, ધોતિયું, મોજાં-બૂટ : એક ઊંચા દરજ્જાના વકીલનો જ પોશાક. જોકે એવા સુશિક્ષિતોનું રોકાણ એકાદ દિવસ પૂરતું જ હોય; પણ એમની સરભરાની ચિન્તા ભારે રહેતી.

૪૬૪ ઔદીચ્ય બ્રહ્મસમાજ

ઈ.સ. ૧૯૧૯ના ડિસેમ્બરમાં છોકરાઓની નિશાળમાં ઘણા દિવસની રજાઓ હતી અને હું મુંબાઈ જવાની તક શોધતો હતો, તેવામાં મુંબાઈમાં અમારી ઔદીચ્ય બ્રાહ્મણ જ્ઞાતિના ભારતવર્ષીય બ્રહ્મસમાજનું ચૌદમું સંમેલન તા. ૨૬–૨૭–૨૮ના દિવસોમાં ઠર્યું. એ નિમિત્તે હું ૨૦મી ડિસેમ્બરે મુંબાઈ ગયો. આ વખતે મેં મારો મુકામ, મારા મિત્રો મનુભાઈ બધેકા તથા ચિત્રકાર રામરાવે માટુંગામાં રૂમ રાખી હતી ત્યાં રાખ્યો. માધવબાગમાં બ્રહ્મસમાજના સંમેલનનો ભવ્ય મંડપ બંધાયો હતો. કહેવાતું કે ઈંડિયન નૅશનલ કૉંગ્રેસના વર્ષમાં જ સરજાએલો છતાં આ સમાજ કંઈ પ્રગતિ કરી શક્યો ન હતો. જોકે ઈ. ૧૯૧૦માં અમદાવાદમાં શ્રી નથુરામ શર્માના મોટા દાનથી તેમના નામનું વિદ્યાર્થીભવન કરેલું, પણ મુંબાઈમાં યુનિવર્સિટી કૉલેજોમાં ભણનારા માટે કોઈ સ્થાન નહોતું. મને પોતાને પણ અભ્યાસ માટે આશ્રય શોધવા કેટલાં સ્થાનો બદલવાં પડેલાં એ મેં અગાઉ જણાવ્યું છે. આ વિપત્તિ ટળે એ માટે આ સંમેલનમાં મોટામાં મોટું ફંડ કરી છાત્રાલય કરવાનું સર્વાનુમતે ઠરાવાયું. સ્વાગતમંડળના મુખ્ય મંત્રી તરીકે મારા પરમ મિત્ર મોહનલાલ ગોપાળજી દવે નિમાયા અને આ સંમેલનમાં તેમની સર્વ શક્તિઓનો એવો તો સુંદર આવિર્ભાવ થયો કે સંમેલનને એકરૂપતા અને સંગીન ફંડની પ્રાપ્તિ થઈ. મારા પિતાશ્રી અને મનુભાઈ બધેકાના પિતાશ્રી કાર્યવાહક મંડળના સભ્યો હતા, તેથી મને અને મનુભાઈને જુદીજુદી સ્વયંસેવક ટુકડીઓના સરદાર બનાવ્યા. અમે એ ત્રણે દિવસ નિષ્ઠાથી કામ કર્યું. પણ સંમેલનનો ખરો યશ તો મોહનલાલ દવેને જ હતો.* તેમની વાણીપટુતાએ બધાને મુગ્ધ કર્યા હતા, અને યુદ્ધ પછી સમૃદ્ધ થએલી અનેક બ્રાહ્મણ પેઢીઓએ મોટી રકમનો ફાળો ભર્યો તે પણ તેમની અને તેમના જોડીદાર મંત્રીઓની ભારે કુનેહને જ આભારી હતું. સૌથી મોટી રકમ ભરનાર વયોવૃદ્ધ નર્મદાશંકર હરજીવન જોશી હતા તેથી છાત્રાલયને ‘ન. હ. જોશી ઔ. વિદ્યાર્થીભવન’ નામ આપવાનું ઠર્યું. એક જ મોટો દોષ થયો કે દાતાઓએ મુક્ત દાન ન કરતાં પોતપોતાના સમવાયો માટે અમુક સંખ્યા મુકરર કરાવી. આ રીતે એકતા માટે રચાએલા સંમેલને ફરી વાર તડ, વાડા, ગોળ અને જૂથોનાં બારાં રહેવા દીધાં અને તે સકળ ભારત માટેના સ્વરૂપનું ન રહેતાં તેમાંથી ઘણો વિસંવાદ ઊપજ્યો.

૪૬૫ મુંબાઈના અન્ય સમાગમો

મુંબાઈમાં હું ઠીક રોકાયો અને જૂનાં સ્થાનો તેમજ મિત્રોને ધરાઈને મળ્યો. એક વાર મનમાં એમ પણ થયું કે ફરી પાછો મુંબાઈમાં આવી જાઉં, પણ મારી તબિયત મને સાથ આપતી નહોતી. હું બહાર નીકળી ગયો તેનું દુઃખ હાજીમહમ્મદને બહુ થતું અને કહેતા કે તમારા માટે અત્યારે કામ મળવાની ખરી સીઝન છે તે વખતે તમે પીછેહઠ કરી છે. મારે માટે શું નિર્માયું હતું એ તો દૈવ જાણતું; પણ મારો સ્વભાવ એવો રહ્યો કે ‘ડગ ભર્યું કે ના હઠવું’, એટલે તેમના બોલની અસર થોડી થઈ. તોપણ તેમણે મને કામની જરૂર છે એ સમજી લીધું હતું. મારી એક મુલાકાત વખતે તેમના એક શ્રીમંત ખોજામિત્ર ઑફિસમાં બેઠા હતા. હું ગયો કે તરત મારી ઓળખાણ કરાવી અને એક સારો કાગળ અને પૂઠું આપી મને કહ્યું ‘એમનો સ્કેચ ઉતારી આપો.’ હું સમજી શક્યો કે આવી રીતે શીઘ્ર ચિત્ર દોરનાર હોય છે તેની ખાતરી કરાવવાનું તેમના મિત્રની આગળ કહ્યું હશે. મારો સ્કેચ થઈ રહ્યો એટલે તેમને તે સોંપી દીધો. તે વિદાય થયા ત્યારે બારણા આગળ હાજીને સંકેતથી પૂછ્યું : ‘આ કામની કદર શી રીતે કરવી.’ હાજીએ કહી દીધું કે એ કંઈ નહિ લે. તમે એકાદ સરસ ચોપડી ભેટ કરજો.’



ભારતની સતીઓ વિષે આદર ધરાવતાં એક ખોજા સન્નારી માટે કરેલું ચિત્ર ‘યમ-સાવિત્રી’

બીજી વખત ગયો ત્યારે હાજીએ મારા હાથમાં રવીન્દ્રનાથની ‘સાધના’ની પ્રત મૂકી. ઉઘાડતાં જ વાંચ્યું કે મારે માટેની તે ભેટ હતી; એટલું જ નહિ પણ હાજીએ ખુશખબર પણ આપ્યા કે “તેમનાં પત્ની ગુજરાતી ચોપડીઓ ખૂબ વાંચે છે ને ભારતની સતીઓનાં ચરિત્રો માટે ઊંચો ભાવ ધરાવે છે. એમને પોતાના ખંડ માટે એવી પ્રસિદ્ધ નારીઓનાં મોટાં ચિત્રો જોઇએ છે, તો તમે મહિને કે બે મહિને એક સારું ઑઈલ-પેઈન્ટિંગ કરી લાવો. મેં દરેક ચિત્રના રૂ. ૩૦૦ તમને મળે એમ ઠરાવ્યું છે. તમારી બીજી ટ્રિપ વખતે ‘સાવિત્રી અને યમ’નું ચિત્ર કરી લાવો એમ ઇચ્છું છું.” મને તો ભાવતું કામ મળ્યું તેથી રાજી થઈ ગયો. એ ઉપરાંત હાજીએ એક-બે વેપારીઓ માટે દિવાળી-કાર્ડો અને શ્રી રુસ્તમજી મસાણીનું એક પુસ્તક પ્રેસમાં છપાતું હતું તે માટેનાં ચાર ચિત્રો તાકીદે કરી મોકલવા કહ્યું. હાજી સાથેની વાતમાં મેં સાહિત્ય પરિષદના પ્રદર્શનનો હું મંત્રી થયો હોવાનું પણ કહ્યું, એટલે લાગલું જ તેમણે કહ્યું કે તમને જે કોઈ સાક્ષરોનાં ચિત્રો મળે તે બધાં મોકલી આપજો. હું સાહિત્ય પરિષદની કારકિર્દીનો પૂર્વ પરિચય આપીને પછીના અંકમાં અમદાવાદની પરિષદ વિસ્તારથી લઈશ. લખનાર પણ શોધી રાખજો.

હું સ્કૂલ ઑવ આર્ટમાં પણ જઈ આવ્યો. ત્યાં રામરાવનું આ છેલ્લું વર્ષ હતું. તેમાં તેણે કરેલાં મોટાં ચિત્રાયોજનો જોયાં. હવે તે સ્કૂલનો રાજીઓ (hero) હતો. તેણે શિક્ષકોની ટૂંકી નજર ને હતમાનસની ઘણી વાતો કરી. શિક્ષકો પણ વિદેશી ચિત્રના ખોખા પર કોઈ ભારતીય કથાપ્રસંગ ગોઠવી દેતાં અચકાતા નહોતા. વર્ષ પૂરું કરી તેણે મનુભાઈ સાથે ભાવનગર જઈ ત્યાં થોડા માસ રહીને સ્વતંત્ર વિષયો કરવા નિરધાર્યું હતું, ને પછી જ વતનમાં જઈ સ્થિર થવા ધાર્યું હતું. મેં એ બંને જાણને વચ્ચે અમદાવાદ બે દિવસ રોકાઇને જવા આમંત્રણ આપ્યું. (ચાલુ)

*હમણાં જ, ગઈ તા. ૨૦મી ડિસેમ્બર ૧૯૬૯ના રોજ, સાન્ટાક્રુઝમાં ૮૪ વર્ષની વયે એમનો દેહાંત થયો.

ચંદ્રવદન ચી. મહેતાની

અંતરગઠરી-૨૫

પઠનં પાઠનં ચ



આલ્ફ્રેડ હિચકૉક

અરે ભાઈ, રૉકફેલર સ્કૉલર થઈને ભણાવવા આવ્યા છીએ અને ભણતરની વાત તો કરતા જ નથી!

કરીએ. પહેલી ટર્મમાં મારે ભારતના સંસ્કૃત નાટકનો ઇતિહાસ અશ્વઘોષથી માંડી આખરની સદીમાં ડૉ. રાઘવને તાજેતરમાં લખેલાં સંસ્કૃત નાટકો સુધીનાંનો ખ્યાલ આપવાનો. બે હજાર વર્ષોમાં લખાએલાં–ભજવાએલાં સંસ્કૃત નાટકો: એમાં સુવર્ણયુગ કહેવાતા કાલિદાસના સમય ઉપર વધારે વિગતવાર ધ્યાન કેન્દ્રિત કરવાનું. તે પછી હેમચંદ્રાચાર્ય અને એના શિષ્યોનાં ત્રીસ સંસ્કૃત નાટકો વિષે જ્યારે વર્ગમાં શીખવ્યું ત્યારે તો ત્યાંના સંસ્કૃત શીખવનારા બેત્રણ પ્રોફેસરસાહેબે એ વ્યાખ્યાન એમના વર્ગમાં ફરી કરવા કહ્યું. એમાં 'પ્રબુદ્ધ રૌહિણેય'માં નાયક પોતે ચોરોનો ચોર છે, એ હકીકત સમજાવી, અને તે એક જાતનો નાનો પણ પોલીસને છક કરી નાખે એવો ઍટમફટાકો ફોડી કિલ્લાની દીવાલ ઉપરથી નાસી છૂટચો એ વાત કહી ત્યારે એ સૌ સળવળી ઊઠચા.

આ એક શ્રેણી. પછી બીજી શ્રેણીમાં નાટક પરત્વેનું સાહિત્ય: એટલે કે ભરતના નાટચશાસ્ત્ર અને અભિનવગુપ્તના સિદ્ધાંતો, રસની વ્યાખ્યા અને સમજૂતી, ભાવ-અભિનય, નાયક-નાયિકા વગેરે તો ખરાં. ખાસ તો ધ્વનિ અને રસનિષ્પત્તિ ઉપર વધારે ધ્યાન આપવાનું. આમ આખી ટર્મમાં લગભગ ચાળીસેક લૅક્ચર્સમાં આટલો કોર્ષ પૂરો કરવાનો. મારા વર્ગમાં શરૂઆતમાં ત્રીસેક વિદ્યાર્થીઓ હતા, પણ ત્રીજે કે ચોથે દિવસે બીજા પંદરેક જણ વિષય બદલીને નામ નોંધાવી ગયા. કુલ્લે ચાળીસની હાજરી રહેતી, એમાં દસેક વિદ્યાર્થિનીઓ હતી. શરૂમાં બ્લૅકબોર્ડ ઉપર કેટલાંક સંસ્કૃત નામો લખી નાખતો, એટલે એમને સમજણ પડતાં વાર ન લાગતી. દર ત્રણ કે ચાર લેક્ચર્સ બાદ હું એ લોકોને સામા સવાલો પૂછવાનો ખાસ વધારાનો સમય આપતો, આથી એમનું કામ સરળ થતું.

ત્રીજે કે ચોથે દિવસે ડૉ. ઍાયરે મને ચિઠ્ઠી લખીને મારા વર્ગ બાદ એમના દફતરમાં મળવા બોલાવ્યો. મારા મનમાં કે કંઈ સૂચનાઓ આપશે, પણ એમણે તો ઊભા થઈ મારો સત્કાર કર્યો અને દરેક ભાષણ માટે અભિનંદન આપ્યાં. 'મિસિસ ઍાયર હવે પછી તમારા વર્ગમાં હાજર રહે તો તમારી રજા છે?' એમ પણ પૂછચું. પછી કહે: 'તમારી પાસે કેટલીક વિગતો એવી છે કે એમને એ વિષે કશી ગતાગમ નથી.' મેં જરા સાહસ કરી હસતાં હસતાં પૂછચું કે 'તમારા ખાસ બાતમીદારો મારા કલાસમાં હાજર રાખો છો કે શું? નહિ તો મારાં લેક્ચર્સની આટલી વિગતોની આપને ક્યાંથી જાણ થાય?' એટલે એમણે તરત જ, બધું તૈયાર રાખ્યું હશે તે પ્રમાણે, એક બટન દબાવ્યું, અને મારા છેલ્લા ભાષણનું ટેઇપ રેકોર્ડિંગ વાગવા માંડચું! 'યુ સી મિ. મહેતા! પહેલે જ દિવસે મેં તમારું ભાષણ ટેઇપ કરેલું, અને પછી તો હવે બધાં જ ટેઇપ થાય છે. હું તમને એ થકી કૉન્શ્યસ કરવા નહોતો માગતો. નહિ તો, તમે વર્ગમાં જે આંટા મારો છો, ઉશ્કેરાઈ જાઓ છો, વિદ્યાર્થીઓ સાથે આત્મીયતા કેળવો છો. એમાં કદાચ ખતરો પડત.'

ત્રીજી ટર્મમાં આજનું હિન્દનું નાટક. આજની, એટલે કે છેલ્લાં સો વર્ષના ગાળાની જુદાજુદા પ્રાંતની રંગભૂમિ, અને ખાસ કરીને મૉડર્ન રંગભૂમિ ઉપરનો કોર્સ મારે નક્કી કરી શીખવવાનો હતો. એમાં જ્યારે એમ કહ્યું કે ભારતમાં અંગ્રેજી અને અમેરિકન-યુરોપિયન લેખકોનાં નાટકો પણ અંગ્રેજી અને જુદીજુદી ભાષાઓમાં અવારનવાર થાય છે, ત્યારે વિદ્યાર્થીઓને અચંબો થયો. વળી એમને લોકનાટક, લોકસંગીત—ફોકફૉર્મ્સમાં બહુ રસ. કંઈનું કંઈ સંશોધવા તૂટી પડે. 'ફોક'નો અર્થ એ લોકો બહુ વિસ્તૃત કરે છે. એક તો તદ્દન નવી પ્રજા; પાછલો કાંઈ મોટો ઇતિહાસ નહિ; સો-દોઢસો વર્ષનો જ પાકો સ્વસ્થ વસવાટ, અને એમાં જાતજાતની પ્રજા આવીને વસેલી. એટલે 'ક્લાસિકલ' કરતાં 'ફોક' સ્વરૂપો ડહોળવામાં વધારે જિજ્ઞાસા. ઉપરાંત કેટલાક નવતર યુવકોને ત્યાંના આદિવાસી રેડ ઇન્ડિયનોના જીવનવ્યવહાર તેમજ કારીગરીને સંશોધવામાં ભારે ઉત્સાહ. 'ઇન્ડિયન' શબ્દના સંદર્ભમાં આપણે આવીએ, રેડ ઇન્ડિયન આવે, મેક્સિકોના મય અને પેરૂના ઈન્કા લોકો પણ આવે. બે-અઢી હજાર વર્ષ જૂની વાતો એમને કરીએ તો ગળગળા થઈ જાય. પાંચ હજાર વર્ષની ઇજિપ્ત કે મોહેં-જો-ડેરોની સંસ્કૃતિની વાત કરીએ તો છક થઈ જાય.

ત્રીજી ટર્મમાં અનાયાસ એક અતિથિ અમારે ત્યાં આવી ચડચા. જેટલા વર્ગો એકઠા થઈ શકચા એટલા પાંચ મિનિટમાં એકઠા કરી નાખ્યા, અને એ વ્યક્તિ સાથે વાર્તાલાપ કરવાનો લાભ લીધો. હિચકૉકનું નામ તો આપે સાંભળ્યું જ હશે. 'સસ્પેન્સ' જેનો પ્રાણ છે એવી ટૂંકી વાર્તાઓનો સર્જક. અમારા ખાતામાં કામ કરનાર સાથીદાર રેનૉલ્ડ્ઝના એ મિત્ર, અને એ એને લંચ માટે ત્યાં હંકારી લઈ આવ્યા. 'સસ્પેન્સ'નો એ બાદશાહ. હિન્દ અને હિન્દનાં નાટકો માટે માન. પહેલા જ વાક્યમાં એ કહે: 'ભારતના નાટક કે લખાણમાં ક્યાંય સસ્પેન્સ નથી.'

એ ખુરશીમાં બિરાજમાન થયા અને રેનૉલ્ડ્ઝે ટૂંકમાં એમની ઓળખાણ આપી: 'આપણે વખત નહિ બગાડીએ. આ છે મિ. આલ્ફ્રેડ હિચકૉક. ૧૮૯૯માં લંડનની બાજુમાંના એક નાના પરગણામાં જન્મેલા. એમના પિતા મરઘાં ઉછેરવાનો અને ઈંડાં વેચવાનો ધંધો કરતા. પહેલાં ધર્મનું જ્ઞાન, પછી એન્જિનિયરિંગ અને ત્યાર બાદ ફિલ્મના ધંધામાં મથાળાં લખવાના કામમાં પડચા. ૨૬ની વયે પહેલી ફિલ્મ કાઢી; અને પછી ચાળીસની વયે એ અહીં હોલીવૂડ આવ્યા. અને ત્યાં સસ્પેન્સનું શાસ્ત્ર સર્જ્યું.' ત્યાર બાદ રેનૉલ્ડ્ઝે—એ ક્લાસ મારો હોવાથી—મારી સહેજ ઓળખાણ આપી, ને જેને 'માસ્ટર ઑવ સેરિમનીઝ' કહે છે, એવું સંચાલનકાર્ય મને સોંપ્યું. મેં વિદ્યાર્થીઓને જણાવ્યું કે 'વખત બહુ નથી, પણ બેપાંચ સવાલો આપણે આજના જગવિખ્યાત અતિથિને પૂછી શકીએ. શરૂઆત તમે જ કરો.'

લાગલો જ અમારો ચબરાક વિદ્યાર્થી રૉજર્સ પૂછે છે: 'સાહેબ! આ સસ્પેન્સ એટલે શું, અને આપ કઈ છાપનો કિયા બ્રાન્ડનો સસ્પેન્સ ઘટાવી પરદા ઉપર રજૂ કરો છો?' એમણે જવાબ આપ્યો: 'છેલ્લો ફિરકો મારી પાસે. એમાં ન્યાય થાય, ગુનેગારને સજા મળે; પણ તે પહેલાં નિર્દોષ નાયકો અને દેખાવડી પણ જરા વિલક્ષણ ગરમ દિમાગની નાયિકાઓ ઉપર, જાતજાતની સતામણી થાય. એને મારી નાખવાનાં છે, વગર કારણે રંજાડવાનાં છે, એવો માનસિક ભ્રમ, ભય, આઘાત-પ્રત્યાઘાત, એવા 'હાઉ' એમને ઘેરતા ફરે, મારી નાખનારાઓ ધાર્યું કરતા રહે, છેવટની પળ સુધી એ હત્યારાઓને વિજય મળ્યા જ કરે, અને પ્રેક્ષકો ગૂંગળાય કે દુનિયામાં શું આવું? અન્યાય, અસત્ય, જુલમ, એનો જ વિજય?–ખરેખર આ




કૅથેરિન ઝિયાબ્લોવા અને ચંદ્રવદન મહેતા
'મિશિગન સ્ટેઇટ જર્નલ'માં છપાએલી છબિઓ

ટોળી નાયકને મારશે જ? નાયિકાને બાંધી લઈ ગયા છે, એની જિંદગીનો કરપીણ અંત લાવશે જ? એમ પ્રેક્ષકોના જીવ તાળવે ચોંટેલો જ રાખું, અને છેક છેલ્લી ઘડીએ આખી બાજી પલટાય ત્યારે પ્રેક્ષકોના મનમાં થાય 'હાશ!'—ત્યાં સુધી ઉભડક બેઠેલા રાખું, એમની છાતીમાં ધડકધડક ફડફડાટ ચલાવ્યે રાખું, એ જાતનો મારો 'સસ્પેન્સ' છે—જીવ તાળવે ચોંટાડેલો રાખવાનો કીમિયો. મારી છાપના સસ્પેન્સમાં નાયક-નાયિકા નિર્દોષ, અને એમની ઉપર આફતોની પરંપરા. હવે હું જમવા જાઉં?

ત્યાં તો મિસ બ્લૅકબર્ને પૂછ્યું: 'સાહેબ! આપે કઈ ફિલ્મમાં મગજ વધુમાં વધુ કસ્યું હશે?' તરત જવાબ મળ્યો: 'સાઇકો'. એ ફિલ્મે અમને પૈસા પણ સારા અપાવ્યા, તેમ એના ઉપર ઊહાપોહ પણ બહુ થયો. એની કથામાં નાયિકા બાથરૂમમાં નહાવા ગઈ, અને ત્યાં પાણીનાં છાંટણાં પડતાં ખૂનીની છરી પાણી સાથે તરવરતી એના શરીરમાં ભોંકવામાં આવી, ભૂતિયું ઘર; અવાવરી એકાંત જગ્યા; એપાંચ ડાળખીનાં ઝાડ; એકાદ રડચોખડચો કૂવો, વિચિત્ર પ્રકારે ઊગેલું ઘાસ; ક્યાંક ખાડો ક્યાંક ટેકરો; દૂર નાની ટેકરી, એ પર આડી-અવળી પગથી, જુદા ઘાટની લાંબી બારી; એના ઊખડી ગએલા રંગ-રોગાન,—આવો આવો મસાલો કરી એની રજૂઆત કરી. સામાન્યતઃ પ્રેક્ષક હમેશાં ચિત્ર જોતાં એક ડગલું આગળ જવા માગે છે, 'હવે આમ થશે' એવી ધારણા કરે છે; અને આપણું કામ એની ધારણા કરતાં એના મનને બીજી વાતમાં નાખવાનું, યા એની ધારણા તોડી નવી આફત સરજી બીજો સસ્પેન્સ ઊભો કરવાનું;—આમ ચક્રગતિથી ચાલ્યા કરો તો પ્રેક્ષક બીચારો પછી તો ધારણા ધારવાનું પણ છોડી દે છે. એ એમ કરે ત્યારે આપણો વિજય. આ શાવર નીચે નાહતી બાઇને મારવા-

મિશિગન સ્ટેઇટ યુનિવર્સિટીનું ઑડિટૉરિયમ: ૩૦૦૦ શ્રોતાઓ સમાઈ શકે તેવો હૉલ, ૭૦૦ બેઠકોવાળી નાટકશાળા ને ૫૦૦ બેઠકોવાળા થીએટરની તેમાં સગવડ હોવા ઉપરાંત ટેલિવિઝન માટેનું અલગ દફ્તર અને પ્રાધ્યાપકોનાં ખંડની પણ તેમાં સગવડ છે.



ના પ્રસંગની ફિલ્મ લેતાં અમને આઠ દિવસ થયા હતા. ખૂણે ખૂણે સિત્તેર કૅમેરા ગોઠવ્યા હતા. છરી શરીરમાંથી આરપાર નીકળતી બતાવવી, એ માટે શાવરના છંટકાવમાં ધૂંધળાપણું બતાવી બનાવટી શરીરમાંથી લોહી નીકળતું, નીતરતું પાણી સાથે ભળી જતું બતાવવું, અંગમાં પીડા, મોં ઉપર ભયત્રસ્તતા, ગળામાં ચીસ, જીવ જતાં મુરદાનું ભોંય પર પડવું—આ બધામાં બન્યું એટલું ધીમે ગયા, જેથી પ્રેક્ષક વધારે ને વધારે જકડાય, એની લાગણી ધીમે ધીમે ઉશ્કેરાય, થીજી જાય. અને છરી ક્યાંથી આવી, ક્યારે દાખલ થઈ એની પહેલાં સમજણ ન આપવી, આવા આવા આયોજનના વિચારમાં અમારા દિવસોના દિવસો ગયા હતા. હવે હું જમવા જાઉં?'

આ વખતે મર્થા ઊભી થઈ: 'અમે આપને પેટ ભરીને જમાડીશું, પણ એટલું જ કહો કે આપ કથાને-વસ્તુને-પ્લૉટને કેટલું મહત્ત્વ આપો?' તો કહે: 'હું નાટકકાર નથી, હું ચિત્રપટોની સૃષ્ટિમાં રોમાન્સ, ઇતિહાસ કે એવું કશું ઉતારવા માગતો નથી—પ્લૉટ ગમે તેવા હોય—ઇતિહાસ, કલ્પના, રોમાન્સ ટૂંકી વાર્તા, યા નહિ જેવો પ્લૉટ હોય, પણ એમાં મને ક્યાંક હૉરર-કમકમાં ઊપજે એવું, થરથરાટી છૂટે એવું દેખાય, તો હું કૂદી પડું. જોઇએ તો મને મૉર્બિડ કહો, મેસોચિસ્ટ કહો, લોકોનાં રૂવાં ઊભાં કરવામાં મઝા માનનારો કહો—જે કહેવું હોય તે કહો, પણ મને દુનિયાભરના પ્રેક્ષકોના જીવ હાથમાં પકડી રાખવામાં, ને આખરે—સત્યનો વિજય પોકારી નીતિનો સિદ્ધાંત બર લાવી, એમને છુટકારાનો દમ ખેંચાવવામાં મઝા પડે છે. મારે મન એ રમત છે, એ મારો આનંદ છે. હવે મારે જમવું નથી!'

આમ કહ્યું એટલે બધા હસ્યા. અને સભા બરખાસ્ત થાય તે પહેલાં બે વાક્યમાં મેં એમનો આભાર માન્યો, અને સૌ લંચ માટે ઊપડ્યા.

આલ્ફ્રેડ હિચકૉક આવી ગયા તેના બીજા અઠવાડિયે મૅડમ કૅથેરિન ઝિયાબ્લોવા અમારી યુનિવર્સિટીમાં ડ્રામા ડિપાર્ટમેન્ટમાં ત્રણ મહિના વિઝિટિંગ પ્રોફેસર તરીકે આવ્યાં. મારાથી ઉમરમાં જરા મોટાં, પણ કામ કરવાની શક્તિ અઢળક. મોં ઉપરથી જેને આપણે ઇમ્પીરિયલ—શાહી દિમાગનાં કહીએ એવાં લાગે. રીસાતાં, ખીજાતાં, લડતાં વાર નહિ. અને એ પણ અમારા નિવાસમાં. મારા એપાર્ટમૅન્ટની ઉપર જ. દાદર ચડતાં મારા બારણાને ટકોરા મારે તો ખબર પડે કે શાહી બાનુ પધાર્યાં. અમે તો ક્યારેય નથી લડયાં, પણ ફ્રાલી સાથે, યાસ્મિન સાથે અને અમારી ટોળીમાંના બેત્રણ મિત્રો સાથે તો એ વાતવાતમાં છણકે. જે દિવસે એ કોઈ સાથે ન લડે તે દહાડે ઘર બહાર નીકળી કોઇને પણ શોધી કાઢી ઝઘડે! પણ એના ગુસ્સાનો અને રીસનો ઉતાર બહુ સસ્તો, સાદો. ગમે તેટલું એ વિફરી હોય પણ અમે—એટલે કે યાસ્મિન, ફ્રાલી અને હું ગમે તે એક જણ એક ડૉલરની (કદીક તો પંચોતેર સૅન્ટની) વાઇનની બાટલી લઇને જઈએ તો તરત એ બધો રોષ ઓગળી જાય. મને યાદ છે કે અમે ફ્રાલી સાથે મોટરમાં લટાર મારવા ગયાં હતાં, ત્યાં મોટું 'સેઇલ' હતું, અને એમાં એક ખૂણામાં જાતજાતના કૅલિફૉર્નિયન વાઇનના નાનામોટા બાટલા ખડકેલા હતા. એમાંથી મેં થોડાક ડૉલરના વાઇનના બાટલા ટોપલો ભરીને—ત્રણચાર ડઝન કઢાવી બાકસમાં પૅક કરાવ્યા. ફ્રાલી પૂછે કે 'શું માંડયું છે? કંઈ પાર્ટી ગોઠવી છે?' મેં ના કહીને કહ્યું: 'મૅડમની રીસ ઉતારવા આટલા બસ થશે.' એ સાંભળી ફ્રાલીનું હસવું તો માય નહિ! એટલું જ નહિ પણ અરધું બિલ એણે આપવા આગ્રહ કર્યો. કહે: 'અમને પણ કામ લાગશે.' અને થયું પણ એમ જ. અમે પૅકેજ લાવીને મારે ત્યાં મૂક્યું. મારા બારણાની એક ચાવી ફ્રાલી પાસે. જ્યારે પણ મૅડમનો મિજાજ જાય ત્યારે પૂછ્યાગાછ્યા વિના એક ડૉલરનો ખરચ કરી નાખતા અને બધું પતી જતું. બાટલી જોતાં તરત જ એ પોતાના નાના ગ્લાસ કાઢે અને જે હાજર હોય તે સૌને પીવ-

ડાવે અને પીએ, અને એક નાના બાળકની માફક આનંદ અનુભવે!

પણ બુઢ્ઢી બહુ જબરી. રશિયાના (સોવિયેટ યુનિયનના નહિ, રશિયાના) ઇમ્પીરિયલ થિયેટરમાં એણે નટી તરીકે કેળવણી લીધેલી; કૉન્સ્ટીન સ્ટૅનિસ્લાસ્કીની એ શિષ્યા, અને 'મેથડ' નામે પંકાએલી પ્રખ્યાત અભિનયશૈલીની એ અભ્યાસી. સેન્ટ પીટર્સબર્ગ—આજના લેનિનગ્રાડ—તથા મૉસ્કો શહેરોમાં. એ ઝારના જમાનાના રશિયામાં લગભગ બસો નાટકમાં એણે પાઠ ભજવેલો. એમાં મોટે ભાગે એ મુખ્ય નાયિકાનો પાઠ જ કરતી. ચેકૉવ તો આખો મોઢે. રશિયાના છેલ્લા શાહાનશાહ ઝાર નિકોલસ બીજાની પોતાની રાજમહેલમાંની ખાનગી નાટકશાળામાં પણ પાઠ ભજવેલા, અને પ્રથમ (એટલે કે ૧૯૧૪–૧૮ના) મહાયુદ્ધ વખતે એણે નર્સનું કામ પણ કરેલું. ૧૯૨૪માં એણે રશિયા છોડ્યું. દિમાગનો આખો વિચારવિસ્તાર ઝારશાહી જ. ફિનલૅન્ડની એક રાજદ્વારી વ્યક્તિ સાથે લગ્ન કર્યું, થીએટર છોડ્યું, છાપાના ખબરપત્રી તરીકે કામ કર્યું, ૧૯૩૦માં લીગ ઑવ નેશન્સમાં સોવિયેટ વિદેશ પ્રધાન લિટવિનૉવના સંપર્કમાં આવી અને કંઈક રાજકીય ખટપટો ઊભી થવાથી પતિ સાથે છૂટાછેડા લઈ ફરી ફિનલૅન્ડમાં નાટકશાળામાં નાયિકાના પાઠો કરવા સાથે ત્યાં નાટ્યશિક્ષણ આપવું શરૂ કર્યું. ૧૯૬૬માં એને ફિનલૅન્ડ છોડવાની રજા મળી, એટલે જર્મનીમાં થઈ અમેરિકા આવી, કાન્સાસ અને કૉર્નેલ યુનિવર્સિટીમાં થોડાં ભાષણો કર્યાં અને પછી અમારે ત્યાં મિશિગન સ્ટેટ યુનિવર્સિટીમાં ચેકૉવનાં નાટકો ઉપર સ્પેશિયલ વર્કશૉપના શિક્ષણ માટે પધારવું થયું.

આ એનો ટૂંકો ઇતિહાસ, પણ બાઇનો ગરમ સ્વભાવ જતો કરો તો ચેકૉવના નાટક માટે બહુ ઊંડી સમજણ; મહેનત કરવામાં તત્પર; અને ફ્રેન્ચ, જર્મન, રશિયન, ફિન્નિશ ઉપરાંત અંગ્રેજી ભાષાઓ બોલવામાં પારંગત. કોઈ વારતહેવારે ડિનર હોય કે કોઈ પ્રસંગ હોય તો એ એનો જૂનો રશિયન જભ્ભો પહેર્યા વિના ન આવે. ભારે નટખટ બાઈ. સીનો અસલી; પૂરો ઝારશાહી ઠાઠમાઠ; વિચાર કે વર્તનમાં જમાનાને અનુસરી જરા પણ મચક ન આપે. એવી કોઈ કદી કેવળ શર્ટ ઉપર જ —ટાઈ પહેર્યા વિના—નીકળે તો એમ્પ્રેસનો મિજાજ બરખિલાફ! બગડે તે એટલો બગડે, કે ગમે તેના દેખતાં ખબર લઈ નાખે. ખુશમિજાજમાં હોય ત્યારે વિદ્યાર્થીઓને પોતાને ત્યાં બોલાવે, બિસ્કીટ, ચા, વાઈન આપે અને પોતાના જીવનના કેટલાક રસિક ટુચકા—કિસ્સાઓ બહુ અદાથી લલકારે ત્યારે એનો અભિનયકલાનો સીનો આબાદ દેખા દે.

૧૩મી નવેમ્બર, ૧૯૬૬માં 'સ્ટેઇટ જર્નલ'માં અમારા બેના ફોટોગ્રાફ સાથે, યુનિવર્સિટીમાંનાં અમારાં કામકાજ વિષે એક લાંબો પરિચયલેખ છપાયો. સવારે જેવું એણે છાપું જોયું કે ટેલિફોન ખણખણાવી 'આપણે બંનેએ આપણા મિત્રોને પાર્ટી આપવી જોઈએ' એવી હાકલ વગાડી, અને એમ ગોઠવ્યા વિના ન પણ રહી. એને હિન્દુસ્તાન આવવાની બહુ હોંશ, પણ એક તો ફિનલૅન્ડમાંથી અમુક મુદ્દત માટે જ એને બહાર નીકળવાનો વીસા મળેલો, એટલે એ પાછી ન ફરે તો એના નામ ઉપર ટાંપ પડે; બીજું એ કે એવા પાસપોર્ટ સાથે આપણે ત્યાં એના આવવાની સરકારી ખાતામાં ગોઠવણ કરતાં કેટલી વીસે સો થાય તે હું એને કઈ રીતે સમજાવી શકું? મૉસ્કો તો એ જઈ જ ન શકે. ત્યાં જાય તો તો હિન્દમાં આવવું સહેલું થઈ પડે. પણ એ બાઈ દલીલો સાંભળવામાં તો માને જ નહિ. 'બસ મને હિન્દુસ્તાન બોલાવો જ.' અને ઝારીના કહે એટલું કરવાનું; તરત જ કાગળ લખવાનો! અને પંદરે દિવસે જવાબ કેમ ન આવ્યો એની ચીવટાઈથી ખબર કાઢે. એની સાથેનો મીઠો સંબંધ માઠો ન થાય એ માટે અમારી બધી જ વાઇનની બાટલીઓ એને ત્યાં અમે પધરાવી હશે—અને બીજી લાવવી પડી હશે તે જુદી! પોતે મારા ક્લાસમાં આવે; એના વર્ગમાં પણ મને લઈ જાય. ટાગોર ઉપરનાં મારાં બે ભાષણોમાં હાજર, ત્યારે, ભાષણ બાદ, પોતે ટાગોરને જોએલા, સ્ટૉકહોમમાં બેપાંચ મિનિટ મળેલી, એ વાત જર્નાલિસ્ટની અદાથી એણે આખા વર્ગને ઘણા ઉમળકાથી કહેલી.


જ્યારે એ માદામની વિદાયનો વખત આવ્યો ત્યારે રોજની મારામારી અને કડવાશો બાજુએ મૂકી બહુ હેતથી એણે વિદાય લીધી. એ ટ્રેઇનમાં શિકાગો જવાની હતી, એટલે ઇસ્ટ લાન્સિગના પાંચ માઈલ દૂરના લાન્સિગના રેલ સ્ટેશન પર અમે સૌ બુઢ્ઢીને વળાવવા ગયા હતા. એક જૂના યુગના પ્રતીક જેવી, અનુભવી જાણકાર બાઈ, પણ જમાનાને અનુરૂપ ન થતાં વિચાર-વર્તનમાં તદ્દન રૂઢિચુસ્ત રહેલી. એ માટે આપણને માન થાય ને સાથે દયા પણ આવે. જ્યારે અમે એના બૅગ-લબાચા એકઠા કરી ટ્રેઇનમાં બેસાડી ત્યારે બધાને ભેટતાં એની આંખમાંથી આંસુ ટપક્યાં; અમે પણ સજળ નેત્રે એને જોઈ રહ્યા. ત્યારનું, ગાડી ઊપડી ત્યાં સુધીનું દર્દમય દશ્ય અમે કોઈ ભૂલી શકીએ એમ નથી.

આમ અમારા ખાતામાં બે ટર્મમાં ૮૦ ક્લાસ લેવા ઉપરાંત સાઉથ એશિયન ખાતાના વડા ડૉ. રૉસ પણ મને કોઈ વાર એમના વિદ્યાર્થીઓ સમક્ષ કેટલાક ખાસ વિષય ઉપર ભાષણ કરવા નિમંત્રણ આપતા. એમાં ટાગોરનાં નાટકો અને રસસિદ્ધાંત ઉપર એમણે બે ખાસ સભાઓ રાખેલી, જેમાં એમના આખા સ્ટાફના સભ્યોને પણ હાજર રહેવા સૂચવ્યું હતું. ત્યાં ઘણા મહાનુભાવો સાથે ઓળખાણ થઈ. કેટલાક સભ્યો તો એક કરતાં વધારે વાર હિન્દ અથવા હિન્દ સાથે એશિયામાં ફરી ગએલા. એમાં મિ. નિકોલસ તો વળી હિન્દી પણ બોલે, અને ધૂનમાં આવે તો બંગાળીમાં પણ વાતો કરવા માંડે! એ જ અરસામાં હિન્દુસ્તાનમાં ગોવધ સંબંધી કંઈ ઊહાપોહ થયો હશે, તે ઓરીએન્ટલ સ્ટડીઝના આશરા હેઠળ એ વિષય ઉપર મોટી સેમિનાર યોજવામાં આવી, ને એમાં ભારતીય પ્રાધ્યાપકો સારી સંખ્યામાં હાજર. ત્યાં પણ મારે વેદ ને ગૌરક્ષા ઉપર એક પ્રવચન કરવું પડેલું. ત્યાં મતભેદ સ્પષ્ટ જણાયો હતો.

કૅમ્પસમાં રહેવું મને ગમતું, શીખવવું પણ ગમતું. વિદ્યાર્થીઓ સાથે ભળવું ગમતું. ક્યાં ન્યૂ યૉર્ક અને ક્યાં મિશિગન! એક જ વાક્યમાં સરખામણી કરવાની હોય તો વલ્ગારિટી વર્સસ કાઈન્ડનેસ એમ સૂત્ર યોજવું પડે. નાનકડા ગામને લઇને હોય, અલાયદી—અનોખી સૃષ્ટિ હોવાને કારણે હોય કે સમાજશાસ્ત્રીઓ કહે છે તેમ, બે તળાવોની વચ્ચેની આ જગ્યા ઉપર અસલ વસવાવાળા સ્વીડન-નૉર્વે અને તેની પેલી પારના વતનીઓ આવીને વસ્યા હતા એ કારણે હોય, પરંતુ યુનિવર્સિટીમાં જે નિરપવાદ ભલમનસાઈ, પ્રેમભાવ, મૈત્રી ધર્મ, એકબીજાને મદદરૂપ થવાની ભાવના, ઔદાર્ય અને એક પ્રકારની તટસ્થતા જોયાં એથી મારા ત્યાંના વસવાટનો મને ઘણો આનંદ થયો. (ચાલુ)

શ્રી ગુલાબદાસ બ્રોકર ષષ્ટિપૂર્તિ સન્માનસમિતિ


સુપ્રસિદ્ધ વાર્તાકાર, વિવેચક અને સૌના મિત્ર એવા શ્રી. ગુલાબદાસ બ્રોકરે આ વર્ષે સાઠ વર્ષ પૂરાં કર્યાં છે. આ પ્રસંગે એમને અભિનંદવા એક સમારંભ યોજવા તથા એમની પ્રિય એવી સાહિત્યિક પ્રવૃત્તિનું કંઈક નક્કર કાર્ય પણ થઈ શકે તે અંગે યોગ્ય કરવા શ્રી રામપ્રસાદ બક્ષીના પ્રમુખપદે કુલ ૪૫ સભ્યોની એક સન્માનસમિતિ રચાઈ છે. (કાર્યાલય : જગદીશ કિલ્લાવાળા, સી. સપ્લાયર્સ પ્રા. લિ., વિલેપારલે (પશ્ચિમ), મુંબઈ ૫૬ એ એસ.)



શિયાળાનું દિવાસ્વપ્ન (અશ્વિન મહેતા)

જાન્યુઆરી ૧૯૭૦

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
				૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪
૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧							



ધુમ્મસી સૌન્દર્ય (આબિદઅલી સૈયદ) ફેબ્રુઆરી ૯૭૦

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮



કેલિ
(ખજુરાહો)

માર્ચ
૧૯૭૦

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮
૨૯	૩૦	૩૧											



ગ્રામ-દુહિતા (કિશોર પારેખ)

એપ્રિલ ૧૯૭૦

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
			૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫
૨૬	૨૭	૨૮	૨૯	૩૦									

ગુલાબદાસ બ્રોકર

નવા ગગનની નીચે

૨૬ • સ્ફિંક્સ અને પિરામિડોના પ્રદેશમાં

ઊંઘ આવતી નહોતી. હવે ઘર ભેગા થવાની તાલાવેલી લાગી હતી. છતાં અનેક મથામણોને અંતે કૈરો જવાનું નક્કી કર્યું હતું. વળી મનમાં મોટી અવઢવ પણ હતી: ત્યાં જેમને ત્યાં ઊતરવાનો હતો તે કિશનલાલભાઇને હું તો ઓળખતો જ નહોતો. મુંબાઈથી શ્રી ખુશાલભાઈ ખેંગારે એમને ત્યાં ઊતરવાની ભલામણ કરી હતી. તેમના અતિથિ-સત્કારનાં વખાણ પણ કર્યાં હતાં. એટલે તો લંડનથી બીતાંબીતાં, અત્યંત સંકોચ સહિત મેં તેમને પત્ર લખ્યો હતો. એમનો અત્યંત ઉષ્માભર્યો ઉત્તર પણ આવી ગયો હતો. પણ છતાં...

મન એ વિચારો કરતું રહ્યું અને વિમાન ઊડતું રહ્યું. 'હવે આપણે યુરોપની સરહદ વટાવી ગયાં છીએ'—વિમાનમાં જાહેરાત થઈ. જે યુરોપને આ બાવન દિવસથી પોતાનો કરી માણ્યો હતો તે યુરોપ પૂરો થતો હતો અને હું આફ્રિકા ભણી ઘસડાયે જતો હતો...અંતે કૈરો આવી પહોંચ્યું. જાહેરાતો થઈ. સ્ફિન્ક્સ અને પિરામિડોના પ્રદેશમાં દાખલ થતો હતો એનો રોમાન્સ સ્પર્શી જતો હતો.

કસ્ટમનો બધો વિધિ પતાવ્યો ને બહાર નીકળ્યો. પણ કિશનલાલ-ભાઈ ન મળે! રાતના દોઢ વાગ્યે કેમ આવે, એમ મનને કહ્યું. પણ મન મૂંઝાતું હતું. ત્યાં તો જે કોચમાં અમારે ગામમાં જવાનું હતું તે કોચ ચલાવનાર ભાઈ મારી પાસે આવ્યા. પૂછ્યું: 'ક્યાં જવું છે?' મેં શ્રી કિશનલાલ મહેતાનું નામ અને સરનામું બતાવ્યું. તેમણે ડોકું હલાવ્યું: 'બરોબર છે. મને સૂચના છે તમને ત્યાં લઈ જવાની. મૂંઝાશો નહિ.'

બસ ચાલી. એક મોટા મકાન પાસે એક સરસ રસ્તા પર ઊભી રહી. પેલા ભાઇએ કહ્યું: 'તમારી જગ્યા આવી ગઈ.' હું સામાન લઇને ઊતરી પડચો. એ સાથે આવ્યા: 'અજાણ્યું છે; લિફ્ટ સુધી મૂકી જાઉં,' કહીને.

લિફ્ટ ઉઘાડી. સામાન અંદર મૂક્યો. સલામ ભરી ઊભા રહ્યા ને કહ્યું: 'આવજો; ચોથે માળે છે.' 'થૅન્ક યુ' તો કહ્યું, ત્યાં ઓચિંતુ સૂઝી ગયું. પણ સંકોચ થયો મજૂરને તો અપાય, પણ આ તો કોચ ચલાવ-નાર, તેને કંઈ બક્ષિશ અપાય? પણ આપી. તેણે સહર્ષ લઈ લીધી. ફરી એક સલામ ઝીંકી ને ચાલતી પકડી. હું ચોથે માળે ચડી ગયો.

ફ્લૅટની ઘંટડી મારી. કિશનલાલભાઈ પોતે જ આવ્યા. બારણું ઉઘાડીને કહે: 'ગુલાબદાસભાઈ ને? આવો આવો, મેં બસવાળાને સૂચના આપી હતી. બરોબર પહોંચાડચા ને?'

'સારું કર્યું એ તમે. નહિતર હું મૂંઝાઈ જાત.'

'જાણીતા માણસો છે. નહિતર હું જ આવત.'


મારો ઓરડો તૈયાર હતો. ચીંધીને કહે: 'બે થવા આવ્યા. થાકી ગયા હશો. હવે સૂઈ જાઓ. વાત સવારે કરશું. કશું પીવું હોય તો કહો.'

મેં કહ્યું: 'ઊંઘ પીવી છે.' એ હસ્યા: 'આ ઓરડામાં ભરી મૂકી છે. પીવાય તેટલી પી લો. ગુડ નાઈટ.' કહી એ ગયા. મને ઘસઘસાટ નિદ્રા આવી ગઈ. હું મારા માણસોની વચ્ચે આવી ગયો હતો ને?

સવારે નિરાંતે ઊઠચો. ત્યાં સુધીમાં તો કિશનલાલભાઈ તૈયાર થઈ ગયા હતા. નિરાંતે બેઠા. વર્ષોથી કૈરોમાં તેમની પેઢી કામ કરે છે તેની વાત કરી. મૂળ રાજકોટના છે તેમ કહ્યું એટલે કાન સરવા થયા. મુંબાઈ-માં સી. તેજપાલ ઍન્ડ કંપનીને નામે ઑફિસ છે તેમ કહ્યું એવું જ યાદ આવી ગયું. પૂછ્યું: 'સી. તેજપાલ એટલે છોટાલાલ?' એમણે હા પાડી. એમના પિતાશ્રી વિષે, તો તો, મને ખબર હતી. ચિત્રકાર હતા. સ્મશાને મડદાં લઈ જવાની હિંદુઓની રીત એમને નાપસંદ હતી. એ માટે ઝુંબેશ ઉઠાવેલી હતી—એ જમાનામાં. અમારા સંબંધી શ્રી પ્રાણ-લાલ પરમાણંદના એ મિત્ર થતા.

આ બધી વાતો કરી અને અમારો તંતુ સંધાઈ ગયો. હવે હું ખુ-શાલભાઇએ મોકલેલો મહેમાન ન રહ્યો, એમતા પિતાશ્રીને જાણનાર સ્વજન બની ગયો. જોકે એમના ઉદાર દિલમાં મહેમાન પણ સ્વજન જ હતો. કેટલા બધા હિંદી માણસોને તેમણે પોતાને ઘેર ઉતાર્યા હતા—આમ જ, કશી ઓળખાણ વિના, માત્ર એ હિંદી હોવાને જ નાતે! જવાહરલાલ નેહરુના પણ યજમાન બનવાનું માન તેઓ પામ્યા હતા.

તૈયાર થઇને બહાર નીકળ્યા. મારે મ્યૂઝિયમ જોવું હતું. તેમની મોટર એ દિશામાં લીધી. જબરદસ્ત મકાન હતું. અહીં હું નિરાંતે કલાકો ગાળી શકીશ. બે ત્રણ કલાક પછી ત્યાંથી મને લઈ જવાનું કહી તેઓ ગયા. એક વૃદ્ધ ભોમિયાને સહારે સહારે હું મ્યૂઝિયમનાં પગથિયાં ચડચો. તેની ભાંગીતૂટી અંગ્રેજી દ્વારા એક મહાન સંસ્કૃતિના ઊગમકાળ સુધી પહોંચી ગયો. મને જેનું બહુ જ કુતૂહલ હતું તે મમીઓને ધરાઈ ધરાઇને જોયાં. પણ એ મ્યૂઝિયમમાં તો આ મમી-ઓ ઉપરાંત ઘણું બધું હતું. પુરાણો કાળ અને એની સંસ્કૃતિ આખી ત્યાં જીવંત બની જતી હતી. ચાલતાં ચાલતાં, જોતાં જોતાં ય થાકી જવાય એ-ટલો મોટો તેનો વિસ્તાર હતો.




કૈરોની વચ્ચેથી વહેતી નાઈલ નદી


બહાર નીકળ્યો ત્યાં તો રસ્તામાં બક્ષિશ માગતા છોકરાઓ વીંટળાઈ વળ્યા. તેમને વટાવી જરા આ-ગળ ગયો ત્યાં કિશનલાલભાઈ મોટરમાં બેઠા બેઠા હસતા હતા. કહે: 'યુરોપમાં તમને આવાં મ્યૂઝિ-યમો જોવા મળ્યાં હશે, પણ આવા બક્ષિશ માગતા છોકરાઓ નહિ મળ્યા હોય.'

ઘેર ગયા. જમીને આરામ કર્યો. પછી કિશન-લાલભાઈ કહે; હવે ચાલો તમને કંઈક એવું બતાવું જે અહીં આવનારા કોઈક જ જુએ છે.'

'ચાલો.' મેં ઉત્સાહપૂર્વક કહ્યું. આખું કૈરો ગામ



અલ-મુક્તમ્ પરથી દેખાતો મુહમ્મદ અલીનો રાજગઢ અને તેમાંની ભવ્ય મસ્જિદ. જમણી બાજુ: કૈરોની એક બઝાર.



અમારી મોટરનાં પૈડાં તળેથી પસાર થતું રહ્યું. આપણા કોઈ પણ મોટા શહેર જેવું લાગે. વચ્ચે એક સરસ રસ્તા પરથી પસાર થયા. બાજુમાંથી પાણીનો સુનીલ પ્રવાહ પસાર થઈ રહ્યો હતો. મેં કૌતુક-સહ પૂછ્યું: 'આ......?'

'હા, એ નાઈલ નદી.'

હું જોઈ જ રહ્યો. બે કાંઠા વચ્ચે પસાર થતો એ પ્રવાહ હજારો વર્ષોથી વહ્યો જતો હતો, વહ્યો જ રહ્યો હતો—કેટલા કેટલા રોમાન્સ, કેટકેટલાં કાવ્યો, ધન ને ધાન્ય એ પ્રવાહે આ પ્રદેશને પૂરાં પાડ્યાં હતાં! ક્લીઓપેટ્રા પણ આ જ પ્રવાહને વહેતો રહેતો જોતી હશે,—આજે હું જોઈ રહ્યો હતો એમ જ; ને મારી પછીના માણસો પણ એને જોતા જ રહેશે; ને એ તો વહેતો જ રહેશે, વહેતો જ રહેશે.

એ બધા વિષે બહુ વાત કરવાનો સમય નહોતો. જળ પણ સ્વચ્છ બિલોરી નહોતાં. ગામની માટીમાં ભીનાં થઈ તેનાં સુનીલ પાણી પણ ડહોળાં થઈ વહેતાં હતાં. પણ એનું નામ નીલ હતું, અને કલ્પનાને આસમાને ચડાવવાને એ પૂરતું હતું. અંતે અમે વળાંક વળી ગયા અને નદી દેખાતી બંધ થઈ. ચિત્ત આસમાનમાંની જમીન ઉપર ઊતરી આવ્યું.

થોડી વારમાં જ અમે અમારા જવાને સ્થળે પહોંચી ગયા. એ જગ્યાનું નામ હતું અલ-મુક્તમ્. મોટર ઊભી રહી અને ઊતર્યા એટલે કિશનલાલભાઇએ કહ્યું: 'આ જોવા લાવ્યો હતો તમને.'

આમાં શું જોવાનું હશે?—મને આશ્ચર્ય થયું. શેરીઓ જેવી શેરીઓ હતી, ને દરવાજા જેવા દરવાજા હતા. અલબત્ત, બહુ વસેલું ન હોય એવા પરા જેવું તો એ લાગતું હતું જ, કેમ કે થોડા દરવાજા ખંડિયેર જેવી હાલતમાં હતા, અને શેરીઓમાં અવરજવર ઝાઝો લાગતો નહોતો. મેં પૂછ્યું: 'આમાં શું જોવાનું છે?'

'જુઓ તમે. આમાં ક્યાંય માણસનો સંચાર દેખાય છે?'

મેં બરોબર જોયું. દૂર એક મોટા દરવાજા પાસે એક જુવાન બેઠો હતો: દુ:ખી જેવી હાલતમાં. બાકી કશુંય હલતુંચલતું નહોતું. બધું મને પણ હવે ભેંકાર લાગવા માંડ્યું. 'શું છે?' મેં કુતૂહલથી પૂછ્યું.

'આ ગામ છે, પણ જીવતા માણસોનું ગામ નથી.' 'તો?'


'મુડદાંઓનું ગામ છે. અંગ્રેજીમાં લોકો આને 'ધ સિટી ઑવ ધ ડેડ' કહે છે.' 'એટલે શું?'

'એટલે એમ, કે અહીં મુડદાં દટાય છે. પણ પ્રચલિત અર્થમાં આ કબ્રસ્તાન નથી. રિવાજ એવો છે કે મરેલાં માણસોને પણ તેમનાં પોતાનાં મકાનમાં જ રાખવાં જોઇએ—એકબીજા સાથે. એટલે પોસાઈ શકે છે જેમને, એ માણસો અહીં જમીનના પ્લૉટો ખરીદી રાખે છે. તે પર દીવાલો કરે છે. જેમ માણસ વધુ શ્રીમંત તેમ તેનો જમીનનો ટુકડો મોટો અને દીવાલો ને દરવાજા ગંજાવર. તેના કુટુંબનાં માણસોને એ જમીનમાં દફનાવાય. મન થાય ત્યારે કુટુંબનાં માણસો અહીં આવે ને પોતાનાં મૃત સંબંધીઓ જોડે સમય ગાળે. પેલો જુવાન બેઠો છે એ ઘરનો દરવાજો તોતિંગ છે, કેમ કે એના બાપદાદા બહુ શ્રીમંત હતા. હવે એ સમૃદ્ધિ ચાલી ગઈ છે. આ માણસ આવીને અહીં પડ્યો રહે છે—જાણે એ ગત સમૃદ્ધિ વિષે અહીં ફરિયાદ ન કરી રહ્યો હોય!'

મેં ફરી ચારે બાજુ જોયું. શેરીઓ જેવી શેરીઓ હતી; દીવાલો જેવી દીવાલો. દરવાજા જેવા દરવાજા. અંદર ખાલી કંપાઉન્ડ. ક્યાંક મકાન જેવું પણ ખરું. બાકી બધે ભેંકાર. ગલી-કૂંચી બધું હતું. આખું નાનું એવું ગામ જોઈ લ્યો જાણે. પણ એ ગામ હતું 'શબોનું ગામ.'

બહુ જ આશ્ચર્ય થયું. મોટર પાછી ચાલુ કરી. ગલીએ ગલીમાં ફર્યા. માનવસંચાર ન મળે. અમુક દરવાજાઓની અંદર પણ ગયા. ક્યાંક કૂવાઓ પણ ખોદેલા હતા. સંબંધીઓ આવે, હાથ-મોં ધૂએ, પ્રાર્થના પણ કરે, એ માટે. બધું જ શહેર જેવું અને છતાં બધું મુર્દા. ઝાઝો વખત ધૂમ્યે રાખીએ આમાં, તો આપણે પણ મુર્દા થઈ જઇએ કદાચ, મનમાં થયું. કિશનલાલભાઇએ સમજાવ્યું કે આમાં ભોંય નીચે ઓરડાઓ હતા, જેમાં શબ દફનાવાય. વર્ષમાં થોડા દહાડા અહીં બધા આવે અને પ્રાર્થનાઓ પણ કરે. પણ બાકી બધું આવું જ—ભેંકાર







←અલ અઝહર વિદ્યાપીઠ. દુનિયાની એ પ્રાચીનતમ શિક્ષણસંસ્થા છે જ્યાં મુસ્લિમ ધર્મ વિષે જ્ઞાન આપવામાં આવે છે. ઉપર વચ્ચે પિરામિડની લાક્ષણિકતા દર્શાવતી અંતરરચના. જમણી બાજુ ગિઝાનો પ્રાચીનતમ સ્ફિન્ક્સ.

ત્યાંથી ચાલી નીકળ્યા ત્યારે હૃદયમાં પણ એક ભેંકાર શૂન્યતા વ્યાપી ગઈ હતી. છતાં માનવોનો પોતાના આત્મીયો પ્રત્યેનો પ્રેમ પણ કેવી જીવંત વસ્તુ છે તેનો ખયાલ પણ ફરી એક વાર આવી ગયો હતો.

'તમને ખબર હતી ગુલાબદાસભાઈ, આ સિટી ઑવ ધ ડેડની?'

'જરી યે નહિ; એને વિષે કશું વાંચ્યું હોવાનું પણ યાદ નથી.'

'એવું છે. આ એક નવીનતા છે આ શહેરની, છતાં ઘણા ઓછા લોકો એ વિષે જાણે છે. પણ હવે હું તમને એવી જગ્યાએ લઈ જાઉં છું કે જે વિષે આખી દુનિયા જાણતી હોય.'

'એ કઈ જગ્યા?' મેં ઉત્સુકતાથી પૂછ્યું.

'મહમ્મદ અલીનો કિલ્લો.'

'ઓહ, ઓહ.' મેં કહ્યું. 'નેપોલિયને જેને તારાજ કરી દીધો હતો એ?'

'નેપોલિયને જેને ઈજા પહોંચાડી હતી એ,' કિશનલાલભાઈ હસ્યા: 'તારાજ કરી દીધો હોત તો તમને હું એ દેખાડત ક્યાંથી?' થોડી વારમાં જ પહોંચી ગયા. કિલ્લાને મથાળે ગયા. આજુબાજુ ઘણું દેખાતું હતું. મિસરની કેટલી બધી ભૂમિ! ને એ ભૂમિને, છેક દૂરદૂરથી છાનામાના આવી ચડેલા નેપોલિયને કેવી ખૂનખાર બનાવી દીધી હતી! એ દિવસો અને એની સાહસકથા યાદ આવી. નિર્માલ્ય, લંપટ અને મોજીલો મહમ્મદ અલી યાદ આવ્યો. થોડી ક્ષણો સુધી જાણે ઇતિહાસ જીવતો હતો એવું લાગ્યું. વિજેતા સીઝર ને પરાજિત ક્લીઓપેટ્રા, ડંસીલી ક્લીઓપેટ્રા અને તેના પ્રેમમાં પાગલ ઍન્ટની, અહીં, ક્યાંય આટલામાં જ, મિસરના આ રળિયામણા પ્રદેશમાં, નજર જો જરીક જ દૂર લંબાવીએ તો દેખી શકીએ તેવા ભૂમિભાગમાં, જીવ્યાં હશે, લડયાં હશે, પ્રેમના શિકાર અને પારધિ બન્યાં હશે. ને હજી પણ એ જ લીલા ચાલી રહી છે—એ જીવન, ને યુદ્ધ, ને શિકાર, અને પારધિની. ચાલ્યા કરશે, ચાલ્યા જ કરશે એ. ક્યાં સુધી? અનંત કાળ સુધી? કે એનો યે અંત હશે? કે ફરી પાછી આ સુજલા સુફલા પૃથ્વી નભોમંડળનો એક જીવનહીન અંશ બની જશે? કોને ખબર છે?' વિચારો બધા વિષાદપ્રેરક હતા. કિશનલાલભાઈને એટલે તો પૂછ્યું: 'જઈશું?'

પછી કિશનલાલભાઈની ઑફિસે ગયા. બજારની વચ્ચોવચ. હિંદુસ્તાનનું જ કોઈ બજાર જોઈ લો. ભીંડીબજાર તો મોટું ગણાય. પણ એથી નાનો રસ્તો. માર્કિટમાં તો મૂળજી જેઠા માર્કિટમાં છે એવી નાની ગલીઓ અને દુકાનો. લગભગ હિંદુસ્તાનમાં આવી પહોંચ્યો હોઉં એવું લાગ્યું. ત્યાંથી તેમના પુત્ર કુમુદભાઈને સાથે લીધા ને ઘેર આવી પહોંચ્યા.

સવારે પિરામિડ જોવા ઊપડતાં પહેલાં એ વિષે કિશનલાલભાઈને ખૂબ પૂછી જોયું: 'સરસ છે? ભવ્ય છે? જોવા જેવા છે?'

'તેને વિષે જુદાજુદા માણસોનો પ્રત્યાઘાત જુદોજુદો અને ઘણી યે વાર છેક સામસામા છેડાનો હોય છે, એટલે હું તે એ વિષે શું કહું?' કિશનલાલભાઈએ કહ્યું. 'તમે જ જોઈને કહેજો ને?'

કુતૂહલ અને એક પ્રકારના ઉત્સાહની ઉત્તેજના ચિત્તમાં ભરીને મોટરમાં બેઠો. થોડી વારે આછીપાતળી રેખાઓ દૂરદૂર દેખાવા લાગી. પછી એ સ્પષ્ટ થતી ગઈ. વધારે નજીક આવ્યા ત્યારે પિરામિડોના ચિરપરિચિત આકારો દૃષ્ટિગોચર થયા. 'આવી પહોંચ્યા.' કિશનભાઈએ કહ્યું. સામે જ એ પથરાએલા પડયા હતા: બાજુબાજુમાં જુદાજુદા.

રેતી ઊડતી હતી. બાકી ધૂળ અને ઢેફાં હતાં. ત્યાં મોટર અટકી ગઈ. અમે ચાલ્યા. તળેટીએ પહોંચી ગયા. જબરદસ્ત શિલાઓ એ જમાનામાં શી રીતે ઉપર ચડાવાઈ હશે, અને શી રીતે એ એકબીજીની ઉપર આમ હજારો વર્ષો સુધી સ્થિર પડી રહે એ રીતે ગોઠવાઈ હશે એ કુતૂહલ તો ઈજનેરી વિદ્યાના નિષ્ણાત શાસ્ત્રીઓને પણ થાય તો અમને થાય તેમાં નવાઈ શી? માણસની અમરત્વની ભાવના પોષવાનો પુરુષાર્થ પણ કેવો જબરદસ્ત! એ રીતે અહોભાવથી દિલ ભરાઈ ગયું. સાથોસાથ થોડી નિરાશાની લાગણી પણ અંતરમાં અવાજ કરવા લાગી. આ જ પિરામિડો? આમાં સૌન્દર્ય જેવું ખાસ ઝાઝું દેખાતું નહોતું. શિલ્પનું સૌન્દર્ય પણ નહિ. વિશાળતા ખરી. પણ એ નયનાકર્ષક નહિ. ખેર! જોવા તો પામ્યા!

તળેટીમાં કિશનભાઈ અટકી ગયા. અનેક વાર અંદર જઈ આવ્યા હતા એ તો. કુતૂહલ નહોતું રહ્યું. ને ઇચ્છા પણ નહિ. 'તમે જઈ આવો, હું અહીં રાહ જોઈશ.' તેમણે કહ્યું. 'ભલે,' કહી હું ચાલ્યો.

તેની ઉપર ચડવાનું નથી. અંદર ચડવાનું છે. વચ્ચે માર્ગ છે ત્યાંથી અંદર પેસાય છે. પછી સાંકડી જગ્યાએથી ક્યાંય સુધી ઊંચે ચડવું પડે છે.

ઉત્સાહપૂર્વક ચડવા માંડયું. પગથિયાં હતાં. થોડે સુધી કશો વાંધો ન આવ્યો. પછી માર્ગ માથેથી વધુ નીચો થવા માંડયો. વાંકા વળ્યા સિવાય ન ચલાય. ચડવાનું પણ આકરું થવા માંડયું–દમ નીકળી જાય તેવું. બેવડ વળીને ચાલવું પણ શેં ફાવે? પણ હવે છૂટકો નહોતો.

છેવટે પહોંચી ગયો. ભોંયતળિયું અતિ વિશાળ છે. રોમના પ્રખ્યાત દેવળ સેંટપીટર જેવાં બે દેવળો તેમાં સમાઈ જાય તેવડું વિશાળ! મિસરના શાહ બાદશાહ માટે એથી નાની કબર શોભે પણ નહિ ને!

આજુબાજુ બીજા બેત્રણ પિરામિડો હતા. જુદાજુદા ફેરાઓએ કબ્રસ્તાન તરીકે બંધાવેલા. પણ કાકા દીઠે કુટુંબ દીઠું. બીજામાં ચડવાની હોંશ કે હામ નહોતાં રહ્યાં. આવું બધું આટલા જૂના કાળમાં થતું હતું એ સિવાયનું કુતૂહલ પણ નહોતું રહ્યું. (અનુ૦ પૃષ્ઠ ૨૯)

૧૦ —— સંગીતસમજ


સાધુરામ ન્યામતરાય યોધ

આજ સુધી આપણે કેટલાક રાગની સમજ માટે ચર્ચા કરી. આટલી ભૂમિકા પછી હવે, આ ચર્ચામાં આવતા શાસ્ત્રીય શબ્દો, પદ્ધતિઓ આદિની સમજ જરૂરી લાગે છે.

'સંગીત' એટલે વસ્તુતઃ તો ૧) 'કંઠ્યગીત', ૨) 'વાદ્ય-વાદન' અને ૩) 'નૃત્ય' એ ત્રણે કલાઓનો સમન્વય. આ ત્રણેમાં કંઠ્ય ગાન પ્રધાન રહેતું હોવાથી 'સંગીત એટલે વિવિધ રાગરાગિણીઓનું ગાન' એવો અર્થ સામાન્યરીતે ઘટાવાતો થયો છે. એ રાગરાગિણીઓના જ્ઞાન માટે સૌપ્રથમ 'સ્વરજ્ઞાન' જરૂરી છે. કંઠમાંથી નીકળતા, નીચેથી તે છેક ઊંચે સુધીના સૂરને, તેના ચડઊતર ક્રમમાં અલગ અલગ ઓળખવા, ને તેને પોતાના કંઠ દ્વારા ગાઈ બતાવવા તેને 'સ્વરજ્ઞાન' કહે છે.

ગાનક્રિયાના આ ક્રમાનુસારી સ્વરોના પ્રથમ સ્વરને 'ષડ્જ'-અથવા 'સા'-કહે છે, ને તે વ્યક્તિ દીઠ અલગ અલગ હોય છે. પુરુષસ્વર નાદમાં મોટો ને ભારે, પણ પ્રમાણમાં નીચો હોય છે, જ્યારે સ્ત્રીસ્વર ઝીણો ને નાજુક, પણ પ્રમાણમાં ઊંચો હોય છે. આ વાત હાર્મોનિયમ પરથી સમજવી ઠીક પડશે. આ સામે હાર્મોનિયમની ચાવીઓની રચના દર્શાવતું ચિત્ર તથા તેની નીચે તેની સમજણ આપ્યાં છે તે પ્રથમ જુઓ.

હાર્મોનિયમમાં મંદ્ર, મધ્ય અને તાર એમ ત્રણે સપ્તકની તેના કોમળ અને તીવ્ર સ્વરો સાથે બાર બાર સ્વરોની ચાવીઓ ગોઠવેલી હોય છે. આકૃતિમાં પહેલા મંદ્ર સપ્તકની ચાવીઓમાં એ ગોઠવણ બતાવી છે. આ જ ક્રમ મધ્ય ને તાર સપ્તકમાં પણ હોય છે. સામાન્યતઃ આમાં અનુક્રમે મધ્ય સપ્તકમાં ૧થી ૯ નંબરની ચાવી સુધી એટલે કે સા, રે, રે કોમળ, ગ, ગ કોમળ અને મ સ્વર સુધી પુરુષસ્વરની ઊંચાઈ હોય છે; જ્યારે સ્ત્રીસ્વર ૮ થી ૧૧ એટલે કે પ, ધ કોમળ, ધ અને નિ કોમળ સ્વર સુધી ઊંચો હોય છે. [ગાયક પોતાના સ્વર (સા)ને ઓળખાવવા આ ચાવીનો ક્રમ કહી બતાવે છે. એટલે કે, જો પોતે ગ શુદ્ધથી ગાતો હોય તો 'ત્રીજી સફેદ' (સળંગ ક્રમે પાંચમી ચાવી) અથવા ગ કોમળથી ગાતો હોય તો બીજી કાળી (સળંગ ક્રમે ચોથી ચાવી)થી ગાય છે તેમ કહે છે.]



હાર્મોનિયમની ચાવીઓમાં સ્વર-સપ્તકની રચના

સા રે ગ મ પ ધ નિ—સંગીતના એ સાત મૂળ (શુદ્ધ) સ્વરો એટલે એક સપ્તક. આમાં 'રે ગ ધ અને નિ' એ ચાર સ્વરોના 'કોમળ' સ્વરૂપનો અને 'મ'ના 'તીવ્ર' સ્વરૂપનો પણ સમાવેશ થઈ જાય છે. એટલે આ બધા સ્વરોને સ્પષ્ટપણે અલગ દર્શાવવા માટે હાર્મોનિયમમાં (અને કેટલાંક તંતુવાદ્યોમાં) એક સપ્તકની કુલ બાર ચાવીઓ (કે પડદા) રખાય છે. અવાજના ધીમા, વચગાળાના કે તેજ-ઊંચા પ્રકાર પ્રમાણે આ સ્વર સપ્તકના પણ 'મંદ્ર', 'મધ્ય' ને 'તાર' એમ ત્રણ પ્રકારો છે. ઓછા વપરાશને કારણે કેટલાંક હાર્મોનિયમમાં તાર સપ્તકની પાછલી ચાવીઓ ઓછીવત્તી પણ હોય છે. સ્પષ્ટતા ખાતર આ આકૃતિમાં ત્રણે સપ્તકની પૂરી ચાવીઓ આપી છે. એમાં પહેલા મંદ્ર સપ્તકની બારે ચાવીઓ પર કયો સ્વર આવે છે તે જોઈ શકાશે. આ જ ક્રમ પછીના મધ્ય અને તાર સપ્તકમાં પણ જળવાય છે. સામાન્યતઃ મધ્ય સપ્તકમાં પહેલીથી છઠ્ઠી ચાવીના સ્વરોમાં પુરુષ-સ્વરની ઊંચાઈ, ને આઠમીથી અગિયારમીમાં સ્ત્રી-સ્વરની ઊંચાઈ આવી રહે છે. કોઈ સ્ત્રીનો અવાજ નીચો હોય તો એ તીવ્ર 'મ' (ચાવી નં. ૭ અથવા 'ત્રીજી કાળી')થી, અને ઊતરતા અવાજવાળા પુરુષો ૭ થી ૧૨ (ત્રીજી કાળીથી સાતમી સફેદ સુધીની ચાવી)થી પોતાનો સ્વર (સા) મેળવીને ગાય છે.

સંગીત એ અનાદિ કલા છે. આપણે જેમ ભાષા દ્વારા આપણા વિચારો બોલી-લખીને દર્શાવીએ છીએ તેમ સ્વરોની પદ્ધતિના નિયમાનુસાર ગાન કરીને સંગીત રજૂ કરી શકીએ. આવી જે કંઈ સ્વરગાન પદ્ધતિ વેદ પૂર્વેના કાળમાં હતી તે વેદ-કાળમાં બદલાઇને સામ-વેદમાં દર્શાવેલાં વિવિધ 'સામ-ગાન'ના નિયમો અનુસાર પ્રસ્થાપિત કરવામાં આવી.

વેદકાળમાં શરૂમાં સ્વર-ગ્રામ પદ્ધતિ પ્રચલિત હતી. 'ગ્રામ' એટલે મૂળ સ્વર સાથે સંવાદિતા ધરાવતા સ્વરોનો સમૂહ. એવા મૂળ સ્વર સાત હતા: ષડ્જ (આજનો 'સા') ઋષભ (રે), ગાંધાર (ગ), મધ્યમ (મ), પંચમ (પ), ધૈવત (ધ) અને નિષાદ (નિ).

આ સ્વરો પરથી વેદકાળમાં જે ત્રણ સ્વર-ગ્રામ પદ્ધતિઓ પ્રચલિત હતી તે ષડ્જગ્રામ, ગાંધારગ્રામ તથા મધ્યમગ્રામ. પરંતુ એમાંની ગાંધારગ્રામ પદ્ધતિ તો સ્વર્ગલોકમાં જ ગાન માટે વપરાતી એમ કહેવાતું.

ઉપર્યુક્ત સાત સ્વરોના ત્યારે ત્રણ પ્રકાર મનાતા: ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત. તે આ પ્રમાણે ગણાતા: ષડ્જ, મધ્યમ તથા પંચમને સ્વરિત કહેતા; ગાંધાર તથા નિષાદને ઉદાત્ત ગણતા: અને ઋષભ તથા ધૈવત અનુદાત્ત કહેવાતા:


ષડ્જ ઋષભ ગાંધાર મધ્યમ પંચમ ધૈવત નિષાદ
સ્વરિત અનુદાત્ત ઉદાત્ત સ્વરિત સ્વરિત અનુદાત્ત ઉદાત્ત

સામ-ગાનમાં જે પદ્ધતિઓ પ્રસ્થાપિત થઈ તેના ઘણા પ્રકાર તે કાળે પ્રચલિત હતા, પણ તેમાં છન્દોગાન, પ્રાચીન જાતિગાન, આરણ્યક ને ગ્રામગાન એ ખૂબ પ્રચલિત હતા. આમાંથી પ્રથમ ત્રણ ગાન કાળાંતરે લુપ્ત થઈ ગયાં, ને ચોથા ગ્રામગાનથી ઉત્તરોત્તર પરંપરાએ કરીને આપણું ભારતીય સંગીત વિકસતું ગયું તે આ પછીને પાને આપેલા કોઠા પરથી સમજાશે. (હવે કોઠો જોતા જાઓ). ગ્રામગાનમાંથી સૌપ્રથમ પ્રાચીન પરંપરાના 'પ્રબંધગાન'ની રચના થઈ. એ પ્રબંધગાનમાંથી બે પ્રકાર ઉદ્ભવ્યા: ગાથા અને ગાંધર્વગાન. ગાથામાંથી આખ્યાનોની રચના થઈ. હાલ જે પૌરાણિક ગેય આખ્યાનો જુદાજુદા પ્રદેશોમાં જુદીજુદી ભાષાઓમાં ગવાતાં સાંભળીએ છીએ તેનું મૂળ એ ગાથા છે.

બીજી બાજુ ગાંધર્વગાનમાંથી હાલનું સંગીત ક્રમશઃ વિકસ્યું. પહેલાં માર્ગ સંગીત, ને પછી દેશી સંગીત. માર્ગ સંગીત કઠિન નિયમાનુસાર જ ગવાતું. એના નિયમોમાં પોતાને અનુકૂળ ફેરફાર કરીને જુદાજુદા પ્રદેશોમાં જે ગવાવા લાગ્યું તે બધું દેશી સંગીત એવી માન્યતા ચાલી આવે છે. 'સંગીત રત્નાકર' ગ્રંથમાં આની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

એ દેશી સંગીતમાંથી પછી પ્રથમ જાતિગાન (અર્વાચીન) અને તે પછી પ્રબંધગાન (અર્વાચીન) વિકસ્યાં; અને પ્રબંધગાનમાંથી પછી ચાર પ્રકારની ગાનપદ્ધતિઓ ઉદ્ભવી: અનિબદ્ધ, નિબદ્ધ, છંદપ્રબંધગાન અને ધ્રુવગાન. આમાં અનિબદ્ધમાંથી આલાપ, છંદપ્રબંધમાંથી વૈષ્ણવ પદાવલિ ને ધ્રુવગાનમાંથી ધ્રુવપદો ગવાવા લાગ્યાં. ઈસુની અગિયારમી સદીમાં મુસ્લિમો હિંદમાં આવ્યા ત્યારે સર્વત્ર આ આલાપ અને ધ્રુવપદ ગવાતાં એમણે સાંભળેલાં. મુઘલ શાહાનશાહ અકબરના સમયથી આ ધ્રુવપદોમાં ચાર પ્રકારની બાની વિકસી: ગૌડહરી કે ગોબરહરી, નૌહારી, ખંડહારી અને ડાગર એના ગાયકો હાલ પણ મળી આવે છે.

મુસ્લિમ શાસનકાળમાં આપણી આ ધ્રુવગાન પદ્ધતિ અત્યંત લોકપ્રિય હતી, પણ તે હિંદુ ગાયકોને જ હસ્તગત હતી. મુસ્લિમોને તે ઘણી કઠિન લાગી. અલ્લાઉદ્દીન ખિલજીના સમયના પ્રસિદ્ધ શાયર ને



સંગીતજ્ઞ અમીર ખુશરૂને પણ તે પૂરી આવડી નહિ; તેથી તેણે પોતાના દેશ ઇરાનની 'ઠાઠ' પદ્ધતિ પ્રચારમાં આણવાનો પ્રયત્ન કર્યો. આજે 'થાટ' નામે ઓળખાતી પદ્ધતિનું એ મંગલાચરણ હતું. એ પદ્ધતિ ધ્રુવગાન કરતાં ચડિયાતી ન હતી, બલ્કે તેને મુકાબલે ઊતરતી હતી; પણ મુસલમાન બાદશાહોએ તેને ઉત્તેજન આપ્યું એટલું જ નહિ પણ ધ્રુવગાન પદ્ધતિના રાગો પણ થાટ પદ્ધતિને અનુરૂપ કરવા પ્રયાસો કર્યા.

અમીર ખુશરૂએ એ ઉપરાંત ઇરાનની 'ખયાલ' નામક ગાનપદ્ધતિ પણ શરૂ કરી. એ તો કાલક્રમે ખૂબ લોકપ્રિય થઈ અને અઢારમી તથા ઓગણીસમી સદીમાં એણે ઉત્તરોત્તર વધુ ને વધુ ચાહના મેળવી.

એ જ અરસામાં મિયાં શૌરીએ કેટલાક ક્ષુદ્ર ગીતાર્હ રાગોમાં દીપચંદી, પંજાબી વગેરે તાલોમાં ગવાતી, વાગ્વિલાસથી ભરપૂર ઠુમરી ગાનપદ્ધતિ શરૂ કરી. આ ઉપરાંત મુસ્લિમ શાસનકાળમાં ટપ્પા, ગઝલ, કવ્વાલી વગેરે લોકસંગીત–પદ્ધતિઓ પણ પ્રચારમાં આવી. આ બધી ગાનપદ્ધતિઓ કડીબદ્ધ રીતે ગ્રંથોમાં નિબદ્ધ કરેલી મળી આવતી નથી. ઉર્દૂ ગ્રંથોમાં પણ તે તૂટકતૂટક રૂપમાં મળી આવે છે.

આપણી અર્વાચીન સંગીતપદ્ધતિ 'થાટ' કે 'મેલ' પદ્ધતિ પર આધારિત છે. તેના પ્રચારક મુસલમાન ગાયકો છે, કેમ કે પાછળથી હિંદુ ગાયકોનું મુસલમાન રજવાડાંઓમાં માન રહ્યું નહિ અને તેમની પદ્ધતિ પણ ઘસાતી ચાલી ને લગભગ નષ્ટ થઈ.

મુસલમાન ગાયકોએ આ નવી થાટ-પદ્ધતિ ધંધાર્થે ખીલવી તો ખરી, પણ તેઓ મોટે ભાગે અશિક્ષિત હોવાથી, તેમજ પોતાની કળા કોઈ જાણી જાય એ ભયથી તેને ગ્રંથસ્થ કરવાનો પ્રયત્ન કર્યો નહિ. પરિણામે આજે એ કોઈ સુવ્યવસ્થિત રૂપમાં ગ્રંથસ્થ થએલી જોવા મળતી નથી; કેવળ ગાયકોનાં કેટલાંક ખાસ કુટુંબોમાં કંઠપરંપરાએ ગવાતી ચાલી આવી છે. આવી પરંપરાને 'ઘરાણા' કહે છે, અને તેથી આજે ગ્વાલિયર ઘરાણા, જયપુર ઘરાણા, વગેરે, તથા પાછળથી થએલાં દિલ્હી ઘરાણા, આગ્રા ઘરાણાના રૂપમાં ગવાતી હાલ તે સાંભળવા મળે છે.

આ બધાં પ્રસિદ્ધ ઘરાણાંઓની ધ્રુપદ તથા ખયાલ ગાયકીનો ઉત્કૃષ્ટ અભ્યાસ કરીને સ્વ. પંડિત ભાતખંડેએ પોતાના 'લક્ષ્યસંગીતમ્' નામના સંસ્કૃત ગ્રંથમાં તેને નિરૂપીને જે સંગીતપદ્ધતિનો પ્રચાર કર્યો તેને તેમણે 'ઉત્તર હિંદુસ્તાની સંગીતપદ્ધતિ' એવું નામ આપ્યું. તેમાં તેમણે તત્કાલીન ગવાતા રાગોનો દસ મુખ્ય 'થાટ'માં સમાવેશ કર્યો. આ પદ્ધતિ હાલ ઉત્તર ભારતમાં તથા પાકિસ્તાનમાં પણ પ્રચારમાં છે.

દક્ષિણ ભારતમાં પણ થાટ પદ્ધતિ જ પ્રચલિત છે, પરંતુ સ્વરસ્થાનોની તથા બીજી રીતે તે ઉત્તર હિંદુસ્તાની સગીતપદ્ધતિથી ભિન્ન છે. તે 'કર્ણાટકી' પદ્ધતિના નામે જાણીતી છે. (ચાલુ)

અનુસંધાન] નવા ગગનની નીચે [પૃષ્ઠ ૨૭થી

એટલે ઊતરીને તરત જ બાજુમાં રહેલ સ્ફિન્કસને જોવા ગયા. ધ સાઇલન્ટ સ્ફિન્કસ. માનવ-ઇતિહાસને હજારો વર્ષોથી મૂંગું મૂંગું નિહાળતું એ પૂતળું બેઠું છે. એમાં પણ શિલ્પનું ખાસ સૌન્દર્ય ન દેખાયું. પણ રણની રેતીની થપાટો ખાતું ને બાદશાહની કબરોની ચોકી કરતું એને ત્યાં મૂકનાર માણસોની કલ્પનાશક્તિ વિષે સુખદ આશ્ચર્ય તો થયું જ. સાથેસાથે કૈરો આવવામાં જે મહેચ્છા સેવી હતી, પિરામિડ સ્ફિન્કસ અને નાઈલને જોવાની, એ થઈ તેનો આનંદ પણ થયો. એ આનંદ ચાલી ન જાય એટલે બને તેટલું જલદી ત્યાંથી ચાલવા માંડ્યું.

ઘેર આવી ખૂબ નાહ્યો. થાક ઊતરી જાય ત્યાં સુધી. ખાઈને કલાકેક ઊંઘી ગયો. જાગ્યો ત્યારે થાક ઊતરી ગયો હતો. કિશનલાલભાઈ તૈયાર જ બેઠા હતા. અલ-અઝરની સુપ્રસિદ્ધ વિદ્યાશાળામાં લઈ ગયા. ઇસ્લામના અભ્યાસ માટે એ કદાચ મોટામાં મોટું વિદ્યાધામ છે. આપણા હિંદીઓ માટે તો તેનું સવિશેષ આકર્ષણ છે. મૌલાના અબુલ કલામ આઝાદ ત્યાં વિદ્યાભ્યાસ કરીને ઇસ્લામની ફિલસૂફીમાં પારંગત થયા હતા.

અહોભાવથી એ બધું જોયું. પણ આપણને અસર કરી જાય—પેરિસની સૉર્બોં કે જર્મનીનું હાઇડલબર્ગ જે અસર કરી જાય—તેવું કશું ત્યાં ન દેખાયું. બધું વેરવિખેર અને જેમતેમ પડ્યું હતું. મોટી ધર્મશાળા ન હોય જાણે!

બીજે દિવસે આરામ જ લેવાનો હતો. જોવાનું બધું જોવાઈ ચૂક્યું હતું, નીલ નદીને કિનારે ગયા. સાત-આઠ માળની એક સારી ગણાતી હોટેલની અગાસીમાં ચડી ગયા. વહેતી નીલના સૌન્દર્યનું દર્શન કરતાં કૉફી પીધી. પછી મોટર લઈને શહેરમાં થોડા આંટા માર્યા.

મુંબાઈ માટેનું વિમાન રાત્રે અગિયાર-બાર વાગ્યે ઊપડવાનું હતું. કિશનલાલભાઈ ટર્મિનલ પર આવ્યા. ચાર દિવસ પહેલાં જે મારે મન તદ્દન અજાણ્યા હતા એ ત્યારે મારે મન અત્યંત નિકટના સ્વજન બની ગયા હતા એટલા બધા સ્નેહની હૂંફ આટલા સમયમાં તેમણે મને આપી હતી. એટલે તો વિમાનઘર પર લઈ જનારો કોચ આવી પહોંચ્યો અને એમનાથી જુદા પડવું પડ્યું ત્યારે ખરેખર ખૂબ જ વસમું લાગ્યું.

થોડી વારમાં વિમાન આવ્યું. જાહેરાતો થઈ. સાદ દેવાયા ને ઉત્સાહભર્યે પગલે અમે એ વિમાનની દિશામાં કૂચકદમ કરી ગયા. 'એર ઇન્ડિયા'ની સાડી પહેરેલી હોસ્ટેસે સ્મિત સહિત અમારું સ્વાગત કર્યું, એ એવું મીઠું લાગ્યું! (સંપૂર્ણ)



પચ્ચીસ વર્ષ પહેલાં

જાન્યુઆરી ૧૯૩૫ અંક ૨૫૩

આપણો સહુથી પ્રાચીન ગ્રન્થ વેદ છે. વેદ ચાર છે: ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ ને અથર્વવેદ. એ પ્રત્યેકના ત્રણ ભાગ છે: (૧) સંહિતા, જેમાં દેવતાઓની સ્તુતિ ને પ્રાર્થના છે; (૨) બ્રાહ્મણ, જેમાં 'બ્રહ્મન્' કહેલાં યજ્ઞ મુખ્ય છે, અને (૩) આરણ્યક અને ઉપનિષદ્. જેમાં, અરણ્યમાં વસીને અથવા યજ્ઞશાળામાં ને રાજમહેલમાં રહીને આપણા બ્રહ્મર્ષિઓ તથા રાજર્ષિઓએ ધર્મના રહસ્યનું અને જીવાત્મા તથા પરમાત્માના સ્વરૂપ વિષે કરેલું ચિંતન છે. આમ, 'સંહિતા' ભક્તિપ્રધાન છે, 'બ્રાહ્મણ' કર્મપ્રધાન છે ને 'ઉપનિષદ્' જ્ઞાનપ્રધાન છે.

સંહિતા

કોઈ પણ ધર્મ ભક્તિ વિનાનો હોઈ શકતો નથી. ઋગ્વેદના સંહિતા વિભાગમાં દેવોની સ્તુતિઓમાં ભક્તિનો આવિર્ભાવ છે. આ ભક્તિની, નારદ શાંડિલ્ય આદિ સૂત્રકારોએ વ્યવસ્થા કરી અને 'ભાગવત મત'નું પ્રવર્તન કર્યું. આ ભાગવત ધર્મના ત્રણ મુખ્ય સંપ્રદાયો છે: વૈષ્ણવ, શૈવ ને શક્તિ સંપ્રદાય.

બ્રાહ્મણ

સંહિતા પછી થએલા વેદના 'બ્રાહ્મણ' વિભાગમાં કર્મ મૂર્ધસ્થાને છે. જ્ઞાન અને ભક્તિ કરતાં કર્મનું તત્ત્વ જનતા સહેલાઈથી ગ્રહણ કરે એવું હોવાથી તે જનમંડલના મોટા ભાગનો ધર્મ બને છે. આ કર્મ અથવા ધાર્મિક ક્રિયા નાનાંનાનાં સૂત્રોમાં દર્શાવવામાં આવી છે, જેના મુખ્ય ત્રણ વિભાગ છે: શ્રૌતસૂત્ર, ગૃહ્યસૂત્ર અને ધર્મસૂત્ર. શ્રૌતસૂત્રમાં યજ્ઞયાગની ક્રિયાઓનું સ્વરૂપ દર્શાવ્યું છે; ગૃહ્યસૂત્રમાં ગૃહસ્થે પોતાના ઘરમાં કરવાની પંચ મહાયજ્ઞ આદિ ધાર્મિક ક્રિયાઓનું તથા ઉપનયન, વિવાહ આદિ સંસ્કારોનું નિરૂપણ છે; ને ધર્મસૂત્રમાં વર્ણાશ્રમ ધર્મનું, જનસમાજના પરસ્પરના વ્યવહાર ને કાયદા વગેરેનું વર્ણન છે. શ્રૌતસૂત્રોમાંથી જતે દહાડે 'પૂર્વમીમાંસા' ઉત્પન્ન થઈ. ગૃહ્યસૂત્ર અને ધર્મસૂત્ર, જેના ઉપર સમગ્ર હિંદુ સમાજનું ચણતર થએલું છે તેમાંથી મનુસ્મૃતિ વગેરે સ્મૃતિઓ રચાઈ.


ઉપનિષદ

તેમાં જ્ઞાનનું ઊંચામાં ઊંચું સ્વરૂપ નિરૂપેલું છે. તત્ત્વજ્ઞાનની તેમાં પરાકાષ્ઠા છે. તેમાં જીવ, જગત્ અને પરમાત્મા સંબંધી ગૂઢ વિચારો પ્રકટ થએલા છે. તેમાંથી જ વેદાંત, સાંખ્ય અને યોગના ઉત્કૃષ્ટ ગણાતા સિદ્ધાંતો પ્રકટ થયા. મહાભારતમાં અંતર્ગત ભગવદ્ગીતામાં આ ત્રણે સિદ્ધાંતોનો, તેમજ જ્ઞાન, ભક્તિ અને કર્મનો સમન્વય કરવામાં આવ્યો છે.

ષડ્દર્શન

આ પૂર્વોક્ત દર્શનોનું તત્ત્વજ્ઞાન ઘણું જૂનું છે. પરંતુ એ નીચેનાં 'ષડ્દર્શન'ને રૂપે પાછળથી વ્યવસ્થિત થયું: સાંખ્ય, વૈશેષિક, ન્યાય,

પ્રાચીન ધર્મ સાહિત્યની ટૂંકી સમીક્ષા



હિન્દુ ધર્મ, તેનું તત્ત્વજ્ઞાન અને તેને લગતા ગ્રંથો તથા શાસ્ત્રો વિષે ટૂંકી પણ વિશદ સમજ આપતા લેખ સાથેનો આ ક્રમાલેખ તેના તજ્જ્ઞ કેળવણીકાર સ્વ. રતિલાલ મો. ત્રિવેદીએ આજથી પચ્ચીસ વર્ષ પહેલાં 'કુમાર'માં આપેલો, જે સદાકાળ ઉપયોગી થઈ પડે એવો છે.

પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા.

ભાષ્યો

જતે દહાડે હિંદુ ધર્મનું સાહિત્ય એટલું વિસ્તરતું ગયું કે એ સમજાવવા માટે એના મુખ્ય ગ્રંથો, ઉપનિષદ્, ભગવદ્‌ગીતા અને વેદાંત સૂત્રો ઉપર જુદાજુદા આચાર્યો તરફથી ભાષ્યો સ્થપાયાં. તે શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય અને મધ્વાચાર્યે લખ્યાં છે.

વેદયુગ–સંસ્કૃતયુગ–ભાષાયુગ

ઉપર જણાવેલા સમગ્ર સાહિત્યનો સમાવેશ વેદયુગ અને સંસ્કૃત યુગમાં થાય છે. આપણા ધર્મનું બીજ જે વેદયુગમાં રોપાયું હતું તે સંસ્કૃત યુગમાં વૃક્ષ રૂપે ફૂલ્યુંફાલ્યું. એ સંસ્કૃત યુગની આખરે, એટલે કે ઈસ્વી સનના ૧૦મા-૧૧મા શતક સુધી, આપણા સંસ્કૃત-સાહિત્યનો અમાપ વિસ્તાર થયો હતો. દરમિયાન અનેક વિદેશી જાતિઓ આપણે ત્યાં આક્રમણ કરતી આવી અને ભળી. તેમનાથી આપણો સમાજ એટલો બધો સંકુલ બન્યો કે તે સંસ્કૃત સાહિત્ય સમજવાને અશક્ત નીવડ્યો. પરિણામે, ઈ. સ.ના ૧૨મા-૧૩મા શતકથી 'ભાષાયુગ' મંડાયો અને ત્યારથી આપણા સન્તસાધુઓ સંસ્કૃતને બદલે 'ભાષા'માં ઉપદેશ આપવા લાગ્યા. આ સંતો ઉત્તર, દક્ષિણ પૂર્વ અને પશ્ચિમ સર્વ સ્થાનોમાં ઉત્પન્ન થયા અને એમણે આપણી સ્વાભાવિક બોલતી લોકભાષામાં આપણા ધર્મનાં તત્ત્વો સમજાવ્યાં.

પુરાણો

'પુરાણ' શબ્દની વ્યુત્પત્તિ **પુરા+નવ** થાય છે. અર્થાત્ એ જૂના તથા નવા એમ બંને પ્રકારના ગ્રંથો છે. એમાં વર્ણવેલી કેટલીક હકીકત વેદના બ્રાહ્મણ કાળ જેટલી અને એથી પણ વધારે જૂની છે. અને કેટલાંક પુરાણો ઈ. સ. પછી પણ કેટલેક સૈકે લખાયાં છે.

રામાયણ–મહાભારત

પુરાણની પેઠે રામાયણ અને મહાભારત પણ આપણા હિંદુધર્મનું સ્વરૂપ સમજવા માટે બહુ અગત્યના ગ્રંથો છે. રામાયણ જેમ સૂર્યવંશમાં જન્મેલા રામની કથા છે, તેમ મહાભારત ચંદ્રવંશી ભરતકુલના કૌરવો અને પાંડવોનો ઇતિહાસ છે. ભરતકુલના આર્યોનું મૂળ વેદ કરતાં પણ વધારે પ્રાચીન છે.

જૈનધર્મ બૌદ્ધ ધર્મ

વેદધર્મની પેઠે, જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ પણ હિંદુધર્મની શાખાઓ છે. ઉપનિષદ્‌ના ઘણા સિદ્ધાંતો સાથે એ બંને ધર્મના સિદ્ધાંતો જોડાયા છે; જોકે એ બંને ધર્મના કેટલાક સિદ્ધાંતો અતિ પ્રાચીન પણ છે. કૌરવો પાંડવો અને યાદવોના નાશ પછી યુદ્ધની નિષ્ફળતા તથા જગતની ક્ષણિકતા સમજાઈ. પરિણામે, અનુક્રમે મહાવીરસ્વામી અને ગૌતમ બુદ્ધના વૈરાગ્ય અને વાસનાક્ષયના સિદ્ધાંતોના ઉપદેશ માટે દેશ તૈયાર થયો. જૈન ધર્મનાં 'આગમો–સૂત્રો' પ્રાકૃત ભાષામાં લખાયાં છે અને 'વાદ-સ્તુતિ' તેમજ પાછળના કેટલાક જૈનાચાર્યના ગ્રંથો, ટીકાઓ વગેરે સંસ્કૃતમાં લખાયાં છે. બૌદ્ધધર્મના બે મુખ્ય પંથો છે: મહાયાન અને હીનયાન. બ્રાહ્મણ ધર્મના સંપર્કથી બૌદ્ધધર્મના મૂળ સિદ્ધાંતોમાં વિશાળતાનું તત્ત્વ ઉમેરાઇને એક ઉદાર મત વિકસતો ગયો, અને તેમાં ઘણો મોટો ભાગ ભળ્યો; તે મહાયાન કહેવાયો. અને જે મતના લોકો બૌદ્ધધર્મના મૂળ સિદ્ધાંતોને ચુસ્તપણે વળગી રહ્યા તે સંરક્ષક મતવાદીઓનો નાનો વર્ગ હીનયાન (હીન=નાનો) કહેવાયો. બૌદ્ધધર્મની હીનયાન શાખાના ઘણાખરા ગ્રંથો પાલિ ભાષામાં અને મહાયાન શાખાના ગ્રંથો સંસ્કૃત ભાષામાં રચવામાં આવ્યા છે. ઈસ્વી સનના લગભગ આરંભમાં બ્રાહ્મણ ધર્મની પુનર્ઘટના થવા માંડી, અને ઈ. સ. પછી બીજા-ત્રીજા સૈકામાં નાગાર્જુનના સમયથી બૌદ્ધધર્મનો મહાયાન પંથ બ્રાહ્મણ ધર્મ તરફ ઢળતો ગયો; ને ત્યાર પછી પોતાના ધર્મગ્રંથો અને ધર્મોપદેશકોને ગૌરવ આપવા માટે એણે સંસ્કૃત ભાષાનો આશ્રય લીધો.

ઈ. સ.ની ૧૪ થી ૧૬મી સદી (૧૩૩૬ થી ૧૫૬૫)માં દક્ષિણ હિંદમાં એક મહાન શક્તિશાળી ને સમૃદ્ધિપૂર્ણ હિંદુ મહારાજ્ય ફાલેલું. તુંગભદ્રા નદીને કિનારે આવેલા તેના પાટનગર વિજયનગરના જ નામથી એ સામ્રાજ્ય ઓળખાતું. આસપાસની ચાર મુસલમાન સુલતાનીઓ પર તેની ભીંસ હતી. સત્તા અને સમૃદ્ધિની ટોચે પહોંચીને દક્ષિણમાં છેક રામેશ્વર સુધી પોતાની સરહદ ફેલાવનાર એ મહારાજ્યે બે સૈકા સુધી ઉત્કૃષ્ટ જાહોજલાલી ભોગવી.

પણ ઇતિહાસનો બોધપાઠ છે તે પ્રમાણે એ સામ્રાજ્યે પણ સામ્રાજ્યના મદની મોટી ઠોકર ખાધી, અને ભારતના ઇતિહાસનું સુવર્ણ પૃષ્ઠ બની રહેનાર એ મહારાજ્યે આજથી બરોબર ચારસો ને પાંચ વરસ ઉપર, આ જ મહિનામાં, ઈ. ૧૫૬૫ના જાન્યુઆરીની ૨૩મી તારીખે, એના પાટનગરથી ત્રીસ માઇલ દૂર તાલીકોટ પાસે એક ઘોર યુદ્ધમાં, પાંચ મુસલમાન રાજ્યોનાં સંપીલાં લશ્કરો સામે સજ્જડ હાર ખાધી; અને એ ડંખીલા રાજ્યોનાં લશ્કરોએ તેનો એવો તો ધ્વંસ કર્યો કે તે ફરી ઊંચું થવા જ પામ્યું નહિ.


તેની એ કાળની જાહોજલાલી ને ભવ્યતાના કરુણ રુદન શાં વિશાલ કલાપૂર્ણ ખંડિયેરો આજે પણ એ સમયના સંસ્કારી અને સમૃદ્ધ શિલ્પનિર્માણની પ્રતીતિ કરાવતાં ઊભાં છે. અમદાવાદના ચિત્રકાર શ્રી હીરાલાલ ખત્રી પાસે ચિત્રકાર્યની તાલીમ પામેલા તેમના સંબંધી ભાઈ કૃષ્ણએ એ અવશેષોની યાત્રા કરી જે સુંદર ચિત્રો કરેલાં તેમાંનાં થોડાં આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલાં. એ પૈકી વાનગી રૂપ રેખાંકનો નીચે તથા સામેના પાને આપ્યાં છે,—જે એ સમયની માનવપ્રવૃત્તિ ને શક્તિવિલાસનો ખયાલ આપશે.







નૃત્ય, ગાન ને રસવિનોદવાળાં લોકજીવનનાં પાસાં દર્શાવવાની સાથેસાથ તે સમયના જીવનનાં પૌરુષ અને તાકાતભર્યાં દર્શનો પણ ત્યાં બેશુમાર શિલ્પોમાં મળી આવે છે. તેમાંના થોડા નમૂના: (ડાબી બાજુ) શિકાર-પ્રસંગ, જેમાં કૂતરાઓએ આંતરેલા ડુક્કરનો ભાલા વડે વધ કરાતો દર્શાવ્યો છે; (વચ્ચે) મલ્લયુદ્ધ. (છેલ્લે) સંયોજના-શિલ્પનો એક નમૂનો—જેમાં વિવિધ અંગવિન્માસવાળી પાંચ આકૃતિઓને એક જ મુખ વડે દર્શાવવામાં આવી છે.



વિજયનગરના સ્થાપત્યમાં વિશાળ દ્વારદેશો પર રચાએલી અનેકવિધ કમાનોમાંની થોડી વિશિષ્ટ રચનાઓના નમૂના



રામાયણમાંના બે પ્રસંગો : ડાબી બાજુ—લક્ષ્મણ શૂર્પણખાનાં નાકકાન કાપે છે; જમણી બાજુ—સીતાની ઇચ્છાને અનુસરી રામ સુવર્ણમૃગની પાછળ જતાં લક્ષ્મણને તેની સંભાળ સોંપતા જાય છે. નીચે : લોકજીવનના વિનોદના સામાન્ય પ્રસંગો—નૃત્ય અને ગાન. એ દરેકમાં ક્રિયાવેગ સ્પષ્ટ છે.









વિજયનગરનાં મહાલયોનાં ખંડિયેરોની ભીંતો રામાયણ-મહાભારત, પુરાણો, રાજવંશો તેમ જ સામાજિક જીવનનાં દૃશ્યો નિરૂપતાં શિલ્પો ને ભાસ્કર્યોથી ભરચક છે. તેમાંથી થોડા ચૂંટેલા નમૂના અહીં આપ્યા છે. બાજુમાં આપેલા શિલ્પમાં, ચાર પરિચારિકાઓએ પોતાના અંગ વડે રચેલા સુખાસન (પાલખી)માં બેઠેલી રાણી, પાંચમી પરિચારિકા સાથે ધનુર્યુદ્ધનો વિનોદ ખેલે છે. બાજુમાં આપેલા પ્રસંગમાં રાજરાણી આસનારૂઢ થઈ, મૃદંગ અને તૂરીના નાદ સાથે ચાલતું નૃત્ય નિહાળે છે. પાછળ ચામરધારિણી ઊભી-ઊભી ચામર ઢોળે છે.



ડૉક્ટર આવતા પહેલાં તાત્કાલિક કરવાની ઘરગથ્થુ

પ્રાથમિક સારવાર

[૩૧]

લેખક
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



ચકરી આવવી

ગોળ ફૂદડી ફરતાં કે નમેલું માથું એચિંતું ઊંચું કરતાં કદીક મગજ ભમી જવાનો અનુભવ ઘણાને થાય છે. આપણી અંગસ્થિતિના એ ફેરફારની મગજને જાણ થવાની વાર લાગતાં આવો ચકરી આવવાનો ક્ષણિક અનુભવ થઈ આવે છે.

પણ શરીરના હલનચલન વગર કદીક ચકરી આવતાં માથું કે આખું શરીર ભમતું હોવાનો, યા આસપાસની વસ્તુઓ ગોળ ઘૂમરી લેતી હોવાનો અનુભવ થાય છે. એવે વખતે ઊભા રહેવું કે ચાલવું અશક્ય બને છે. તીવ્ર ચકરી વખતે તો એની સાથે ઊબકા-ઊલટી પણ હોય છે.

ચકરી સાથે ઊબકા આવે ત્યારે એ વચલા કાનમાં કંઈ બગાડો થયો હોવાની ચેતવણી રૂપ છે. આ બગાડાનાં ઘણાં કારણો છે: (૧) રક્તક્ષયને લીધે વચલા કાનમાં પૂરતું રુધિરાભિસરણ થતું નથી; (૨) સંવેદન અને પોષણના કોઈ કારણથી રુધિરાભિસરણમાં બગાડો થતાં વચલા કાનની લોહીની નળીઓનો સંકોચ થાય છે; (૩) ઘરડી ઉંમરે લોહીની નળીઓ કઠણ થવાથી વચલા કાનમાં પૂરતા પ્રમાણમાં લોહી ફરતું નથી; (૪) વચલો કાન, દાંત, ટૉન્સિલ ને સાયનસોના ચેપ વખતે વચલા કાનમાં સોજો આવે છે, યા કાન ઉપર ઈજા થવાથી, થાપટ વાગવાથી પણ વચલા કાનને ઈજા થાય છે અને (૫) અમુક ઔષધની એલર્જીથી વચલા કાનમાં પુષ્કળ પ્રવાહી એકઠું થાય છે. મેનિયર્સ ડિઝીઝ નામના એક રોગમાં પણ વચલા કાનમાં પુષ્કળ પ્રવાહી એકઠું થાય છે.

આ બધાં કારણો ચક્કર આવવાનો અનુભવ કરાવે છે, એટલે એના ઔષધોપચાર જે તે કારણ અનુસાર જુદાજુદા રહે છે. જ્યારે ચકરી આવે ત્યારે બેસી જવું કે સૂઈ જવું. સૂતી વખતે માથું ઊંચું અને ચેન પડે એવી સ્થિતિમાં રાખવું. આંખો બંધ રાખવી. કદીક ખોરાકના પાચનના બગાડા સુધરવાથી ચકરી મટે છે. લોહીની નળીઓ પહોળી કરનારાં ઔષધોથી પણ આરામ થાય છે. સતત કે પુષ્કળ ચક્કર આવતાં હોય કે ચકરી સાથે ઊબકા-ઊલટી હોય ત્યારે દાક્તરની સલાહ-સારવાર લેવાં જરૂરી છે.

આઘાત

ઉગ્ર ઊર્મિ કે ઈજાના કારણે શરીરમાં થતી પ્રતિક્રિયા એ આઘાત (શૉક) છે. નાના ઘા કે ઊર્મિના બોજ હેઠળ હળવો આઘાત પેદા થાય છે. તેની રુધિરાભિસરણ ઉપરની અસરો લાંબો વખત રહેતી નથી. આ સમયે આરામ સિવાય બીજી સારવારની જરૂર રહેતી નથી.

ગંભીર શારીરિક ઈજાના કારણે પુષ્કળ લોહી વહી જવાથી ઉગ્ર આઘાત આવી પડે છે અને શરીર ઉપરની તેની અસરો પણ ગંભીર અને જટિલ હોય છે. શરીર પરના ઘાથી કે શરીરમાં લોહીસ્રાવ થવાથી, પુષ્કળ દાઝ્યા વખતે દાઝેલા ભાગમાંથી શરીરનાં પ્રવાહી ઝમી જવાથી, અને હાડકાં કે માંસપેશીઓ છુંદાય ત્યારે ઈજાની આસપાસની નાની લોહીની નળીઓ ઘવાયાથી પેશીઓમાં રક્તજલ અને લોહીના કણો જવાથી, રુધિરાભિસરણમાં પ્રવાહીનું પ્રમાણ ઘટવાથી હૃદયમાં ઓછું લોહી પાછું ફરે છે, જેથી બરોળ, કલેજા અને શરીરના બીજા ભાગોને પણ ઓછું લોહી મળે છે, રુધિરાભિસરણ ધીમું પડે છે. આને લીધે પેશીઓને મળતા પ્રાણવાયુનું પ્રમાણ પણ ઘટે છે. પરિણામે વધારે પ્રવાહી ઝમી જાય છે. આમ બંધ ના થઈ શકે એવું એક દુષ્ચક્ર શરૂ થાય છે. શરીરમાં ઓછું લોહી ફરવાથી ઘણી અશક્તિ વરતાય છે. ઊર્મિના પ્રબળ આઘાત વખતે શરીરની અંદરની લોહીની નળીઓ પહોળી થાય છે અને સપાટી ઉપરની સંકોચાય છે. આથી આઘાતની સ્થિતિ આવી પડે છે.

કોઈ પણ ઈજા વખતે થોડો આઘાત તો હોય જ છે. ઈજા પછી કલાકો બાદ પણ તે થાય છે. ઈજા પામેલા માણસને ખસેડવાથી, લોહીસ્રાવ થવાથી કે વધવાથી અગર તો વેદના થવાથી પણ આઘાત પેદા થાય છે, કે તેમાં વધારો થાય છે. ઘરડા અને માંદા માણસો આઘાત જીરવી શકતા નથી. ઈજા ઘાતક ન હોય તો યે રોગીને આઘાત પેદા થાય અને તે ચાલુ રહે તો મરણ પણ આવી પડે છે. આવા આઘાતનાં લક્ષણો આ પ્રમાણે છે: ઝડપી-મંદ નાડી, હૃદયના જોરદાર ધબકારા, ઠંડી ફિક્કી ચીકણી ચામડી, પુષ્કળ તરસ, છીછરા અને અનિયમિત શ્વાસોચ્છ્વાસ, ઊબકા અને ઊલટી, બેચેની આતુરતા અને છેવટે બેભાનાવસ્થા.

ઈજા પામેલા દરેક જણને આઘાત થવાની શક્યતા છે, એટલે તેનો શ્રેષ્ઠ ઉપાય તે નિવારવાનો છે. પ્રથમ તો ઈજા પામેલા રોગીને સુવાડેલો રાખવો. આથી માથું ને છાતી, જ્યાં વધારે લોહી જોઈએ છે ત્યાં તે મળી રહે છે. શ્વાસોચ્છ્વાસમાં મુશ્કેલી હોય તો પીઠ પાછળ ઓશીકું કે ટેકો મૂકી માથું ને છાતી ઊંચાં રાખવાં. માથું ઊંચું કરતાં અગાઉ ડોક અને પીઠમાં કંઈ ઈજા થઈ હોય તો તે જોવું. માથું હલાવવાથી કોઈ ઈજા થવી ન જોઈએ.

પુષ્કળ લોહી વહી ગયું હોય કે ઈજા સખત હોય તો શરીરનો નીચેનો ભાગ ઊંચો રહે એવી રીતે રોગીને સુવાડવો. એ માટે ખાટલાની પાંગતના પાયા બાર ઈંચ જેટલા ઊંચા રહે એવી રીતે ઈંટો ગોઠવવી, કે રોગીના થાપા નીચે ગોળ વાળેલા ધાબળા ગોઠવવા. જો રોગી ઢોળાવ પર પડેલો હોય તો તેને હળવેથી એવી રીતે ખસેડવો કે જેથી તેના પગ ઊંચા ને માથું નીચું રહે. જો તે બેભાન હોય તો માથું એક બાજુએ રહે તેમ સુવાડવો, જેથી ઊલટી થાય તો શ્વાસનળીમાં જતાં તે ગૂંગળાઈ ન મરે.

માથામાં ઈજા હોય, શ્વાસોચ્છ્વાસ મુશ્કેલ બનતા હોય, વેદના થતી હોય તો પગ ઊંચા રહે એવી રીતે રોગીને સુવાડવો નહિ. તેનાં પહેરેલાં કપડાં ઢીલાં કરવાં. શરીર પર વજન હોય તો તે લઈ લેવું ને તેને હળવેકથી હલાવવો, પણ ખાસ જરૂર ન હોય તો તેને હલાવવો પણ નહિ.

જો રોગી ભોંય ઉપર પડેલો હોય તો તેની નીચે ધાબળો કે કોટ નાખવો. શરીરમાંથી ગરમી ઓછી થાય નહિ એ માટે જરૂર પ્રમાણે તેને કંઈક ઓઢાડવું પણ તેને પરસેવો વળવા લાગે એટલું બધું ઓઢાડવું નહિ.

આઘાત વેળા રોગી જાગ્રત હોય તો તેને કંઈક પ્રવાહી આપવું લાભદાયી છે. પણ બેભાન કે અર્ધજાગ્રત રોગીને કંઈ આપવું નહિ. ઊબકા-ઊલટીવાળા રોગીને આવું કંઈ આપવું મુશ્કેલ પડે છે, પણ શરીરમાંથી વહી ગએલા પ્રવાહીની ભરપાઈ કરવા તે મોં વાટે આપવાં જરૂરી છે. રોગીના ખભા પાછળ હાથ રાખી તેનાં માથું ને ખભા હળવેથી ઊંચાં કરી તેને ઘૂંટડે ઘૂંટડે પાણી પાવું. શરીરમાંથી જો બહુ લોહી કે પ્રવાહી વહી ગયું હોય તો અઢી શેર પાણીમાં ચમચો મીઠું ને અરધી ચમચી

સોડા બાઈ કાર્બ નાખી એ પાણી ઘૂંટડે ઘૂંટડે આપવું.

પેટની ઈજા વખતે કોઈ પ્રવાહી આપવું નહિ, પણ આપત્સમયના સંજોગોમાં તેના શરીરમાં પ્રવાહી ભરપાઈ કરવા માટે તે આપવાં જરૂરી છે. પહેલા છ કલાક દરમિયાન દર મિનિટે અરધો ગ્લાસ પ્રવાહી આપવાનું છે, પછી બે કલાક સુધી દર ત્રીસ મિનિટે અરધો ગ્લાસ આપવાનું છે; પછી તો જરૂર કે ઇચ્છા પ્રમાણે આપવાનું છે.

આ લેખમાં સંજોગોને પહોંચી વળાય કે વૈદ્યકીય રાહત અપાય એવું લખવું અશક્ય છે. પ્રાથમિક સારવાર કરનારની મર્યાદાઓ હોઈ તે પ્રમાણે વર્તવાનું છે. આ ઉપચારથી દરેકની જિંદગી બચાવી ન શકાય પણ વૈદ્યકીય સંભાળ નીચે રોગીને લઈ ન જવાય ત્યાં સુધી તેને ગુણ-દાયી જે કંઈ થઈ શકે તે જ તમે કરી શકો છો.

આઘાત વખતે ધ્યાનમાં રાખવાના કેટલાક મુદ્દા આ રહ્યા : ઘામાંથી પુષ્કળ લોહી વહેતું હોય કે રોગીથી શ્વાસ ન લેવાતો હોય ત્યારે આઘાત-ની સારવાર બાજુએ રાખી પ્રથમ લોહીસ્રાવ બંધ કરવો ને કૃત્રિમ શ્વાસો-ચ્છ્વાસ આપવા. જો સહાયક મળી આવે તો સાથોસાથ આઘાતની પણ સારવાર આપી શકાય. રોગીને અજુગતા પ્રશ્નો, અવાજ અને ગડથોલાં-થી કંટાળો આપવો નહિ. આમ કરવાથી તેની આઘાતની સ્થિતિમાં વધારો થાય છે. ઉપચાર કરતાં કરતાં તેને આશ્વાસન અને સાંત્વન આપતા જવું.

અનુસંધાન] **કૅન્ટરબરી કથાઓ** [પૃ. ૧૧થી

પરંતુ એકાએક તેનો બધો આનંદ ઓસરી ગયો. એ ભયભીત થયો. આગલી રાતે એક દુષ્ટ શિયાળ વાડામાં છીંડું પાડીને ત્યાં સંતાઈ રહ્યું હતું. છેલ્લાં ત્રણ વર્ષથી એ વાડાની લગોલગ જંગલમાં રહેતું હતું. આ મરઘાં-બતકાં પર તેની દાનત હતી પણ અત્યાર સુધી લાગ ફાવ્યો ન હતો. આજ વહેલી સવારથી એ શિયાળ શિકાર પર ટાંપીને છોડવા-ઓની વચમાં છુપાઈ બેઠું હતું, પાર્ટલેટ એની સખીઓ સાથે મંડળી જમાવીને બેઠી હતી અને કૅન્ટીકૂલીઅર ઉત્સાહપૂર્વક કૂ...ક...કૂ...કના નારાથી વાતાવરણ ગજવતો હતો ત્યાં અચાનક જ છોડવા પર આમ-તેમ ઊડતાં પતંગિયાં તરફ તેની નજર ગઈ અને તે સાથે જ અચાનક શિયાળ તેની નજરે પડ્યું. તેનું કૂ...ક કૂ...ક બંધ થઈ ગયું અને ભય-થી તે પાછો નાસવાની વેતરણમાં હતો, ત્યાં શિયાળે તેને કહ્યું: અરે દોસ્ત, મારાથી ડરીને નાસે છે, ભલા? હું તો તારો મિત્ર, તારા કલ્યાણ-ની જ હું અહોનિશ ચિંતા કરું છું. મારુ અત્રે આગમન થયું છે તે તો માત્ર તારા સંગીતના સૂરનું શ્રવણ કરવા જ. અહો, દેવદૂતના સૂર જેવો શો તારો મધુરો કલશોર! તારા ઉમરાવદિલ પિતા (પ્રભુ એમના આત્માને શાંતિ અર્પો) અને તારી માતા બંનેએ મારા નિવાસે પધા-રીને મને તેમની મુલાકાતનું માન આપ્યું હતું તેનું હજુ મને સ્મરણ છે. તારી યત્કિંચિત્ સેવા હું કરી શકું તો મારી આ કાયા ધન્ય થાય. આ નાની શી જિંદગીમાં સંગીત ઘણું સાંભળ્યું, પરંતુ તારા સૂરની મીઠાશ...વાહ! તારા પિતા પણ દર પ્રભાતે આવી જ મધુર સૂરાવલિથી વાતાવરણને ગૂંજતું કરી મૂકતા એમનો સૂર સીધો અંતરના ઊંડાણમાં-થી પ્રગટ થતો. આંખો મીંચીને, પગના અંગૂઠેથી ઊંચા થઇને ડોક લં-બાવીને કૂ...કડે કૂકનાં સ્તોત્ર લલકારતા તારા પિતાનું ચિત્ર મારા ચિત્ત-માં હજુ મઢાઈ રહ્યું છે. કૂકડાઓના સમગ્ર ઇતિહાસમાં એમના જેવો ઠાવકો ઠરેલ કુક્કુટ મેં ક્યાં ય જોયો નથી. મારી તને પ્રાર્થના છે મિત્ર તું એક વાર, માત્ર એક વાર તારા સૂરથી, સંગીતથી મારા શ્રવણને કૃતાર્થ કર! તારા પિતાથી તું સવાયો નીવડ્યો છું એમ જાણીને હું રાચીશ.'

પોતાની સંગીતકળા વિશે શિયાળની વિદ્વત્તાભરી મધુર વિવેચના સાંભળી કૅન્ટીકલીઅરની ડોક ગર્વાનંદથી ડોલી ઊઠી. તેણે ઉત્સાહથી પાંખોનો ફફડાટ કર્યો અને પિતાની જ છટાથી પગના અંગૂઠા પર ઊંચા થઈને, ગરદન લંબાવીને દૃઢતાપૂર્વક આંખ બીડી દઈને પોતાની સમગ્ર શક્તિ સંચિત કરીને તેણે કૂ...ક ડે...કૂ-કની સૂરાવલિ શરૂ કરી...અને ત્યાં જ તક માટે ટાંપી રહેલા શિયાળે એને ગરદનમાંથી ઝાલીને પીઠ પર નાખ્યો અને જંગલ ભણી નાસવા માંડ્યું.

કૅન્ટીકૂલીઅરનું આવું ધોળા દિવસે અપહરણ થતું જોઈ મરઘીઓ-એ જે આક્રંદ કરી મેલ્યું તેનો જગતમાં જોટો જડી શકે નહિ. બધી મરઘીઓના વિલાપને ઢાંકી દે તેવા પાર્ટલેટનાં રુદન, આક્રંદ અને ધમ-પછાડાથી સારી ય સૃષ્ટિ ખળભળી ઊઠી.

મરઘીઓની ચીસાચીસ સાંભળી ઝૂંપડામાં રહેતી વિધવા અને તેની બંને દીકરીઓ બહાર દોડી આવી. તેમણે મરઘાને પીઠ પર ના-ખીને જંગલ તરફ નાસતા શિયાળને જોયું. તેમણે પણ મદદ માટે



પોકાર કરી શિયાળનો પીછો કર્યો, બીજા લોકો પણ લાકડી લઇને દો-ડ્યા. કૂતરો પણ કંઈક આફત આવી છે એવા એંધાણથી દોડવા માં-ડ્યો; ગાય દોડી અને વાછરડું ય દોડવા માં-ડ્યું—સહુ શિયાળની પાછળ લાગ્યાં. કૂતરાના ભસભસાટથી ડુક્કરો પણ ભયની ચિચિયારી પાડતાં દોડ્યાં; બત-કોએ જાણે એમની કતલ થતી હોય તેવા ભયની તીણી ચિચિ-યારી પાડવા માંડી. પંખીઓ એક ઝાડ પરથી બીજા ઝાડ પર ભયથી પાંખો ફફડાવતા ઊડા-ઊડ કરવા માંડ્યાં; અરે મધપુડામાંથી મધમાખીઓ પણ આ શોર-બકોર સાંભળીને બહાર નીકળી પડી. લોકોનો ઘોંઘાટ એવો ભયંકર હતો, બતકોની ચીસો એવી કારમી હતી, કૂતરાના ભસભસાટનો અને કૂ...ક ડે...કૂકનો અવાજ, વાતાવરણને એવો વીંધતો હતો અને ભયસૂચક રણશીંગાંના અવાજ એવા ભયાનક થતા હતા કે આખું આભ હમણાં જ તૂટી પડશે એવી ભીતિ લાગતી હતી.

શિયાળની પીઠે ઝૂલતા મરઘા-કૅન્ટીકલીઅરે આ શોરબકોર સાંભ-ળ્યો. તેણે શિયાળને કહેવા માંડ્યું: 'દોસ્ત, તારી જગ્યાએ જો હું હોત તો આ ટોળાનો તિરસ્કાર-કરીને તેમને રોકડું પરખાવી દેત: તમે બધાં ભલેને મારો પીછો કરીને પટકાઈ જાઓ, પણ મારો મુકામ નજદીક છે. અને આ મરઘો મેં ઝડપ્યો છે તે હવે મારો છે; તમે બધાં જખ મારો છો.' શિયાળે પોરસાઈને કહ્યું 'હા હા. જરૂર હું એમને પરખાવીશ.' પણ એ શબ્દો બોલતાં જ તેનું મોં જરાક ઊઘડ્યું અને કૅન્ટીકૂલીઅર એના જડબામાંથી સડસડાટ ઊડીને વૃક્ષની ડાળ પર જઈ બેઠો.

શિયાળ ખસિયાણું પડી તેને કહેવા લાગ્યું. 'અરે દોસ્ત, મેં તને ઝડપીને નાહક ગભરાવી મેલ્યો. મારો એવો કોઈ અનિષ્ટ હેતુ હતો જ નહિ. તું નીચે આવ અને મારી વાત સાંભળ. મેં તને શા માટે ઝડપ્યો તેનું પ્રયોજન હું સમજાવું.'

મરઘાએ જવાબ દીધો: 'ફરી વાર બેવકૂફ બનું એવો હું નથી. એક વાર તો તારી ખુશામતમાં ખેંચાઇને મેં મારી આંખો મીંચી, પણ આંખો ઉઘાડી રાખવાની વેળાએ જે આંખ મીંચી રાખે છે તેના કેવા હાલ થાય છે તે ગુરુપાઠ હવે હું શીખ્યો છું.' શિયાળે કહ્યું: 'અને જ્યારે મૌન જાળવવાનું હોય ત્યારે જે જીભ હલાવવા જાય છે તેની કેવી કફોડી દશા થાય છે તે પદાર્થપાઠ મને મળ્યો.'

સાહિત્યસંપર્ક

ગયા વર્ષનાં કેટલાંક નોંધપાત્ર પ્રકાશનો

અવલોકન : પ્રાચાર્ય બહાદુરશાહ પંડિત

નવલિકાસંગ્રહો

ખરા બપોર : 'ફોરાં' અને 'વહેતાં ઝરણાં' પછીનો સ્વ. જયંત ખત્રીનો આ વાર્તાસંગ્રહ એમની વાર્તાકાર તરીકેની શક્તિનો વિકાસ બતાવે છે. સંગ્રહની કુલ ૧૧ વાર્તાઓમાં, વાક્યેવાક્યે કવિતા વેરતી, પ્રકૃતિનો બાળક બનતાં માનવીનું સ્વાતંત્ર્ય હણાય છે એ રહસ્ય વ્યક્ત કરતી અને ઊર્મિકાવ્યની સપાટીએ પહોંચતી 'મુક્તિ'; બે વેશ્યાઓના જીવનની વાસ્તવિક રજૂઆત કરી એ બંનેના પરસ્પરવિરોધી દૃષ્ટિકોણ દર્શાવતી વેદનાપૂર્ણ 'ડેડ એન્ડ'; 'વધારે માથાભારે હોય એ જ વધારે સારું જીવન જીવે છે'ની ફિલસૂફીમાં માનનાર ઘેલાની લાચાર અવસ્થા અને એની પત્નીની કરુણતા રજૂ કરતી 'ધાડ'; સ્ત્રીપુરુષની જાતીય વૃત્તિઓ પર ગરીબાઇએ કરેલા હુમલાનું દર્શન કરાવી એમની માનસવિકૃતિનું ભીષણ ચિત્ર આલેખતી "ખરા બપોર'; અનિદ્રાના રોગીનું પાગલમાં થતું પરિવર્તન આલેખતી 'ખલાસ'; પ્રતીક દ્વારા યુવતીનો સાહેબ પ્રત્યેનો પ્રેમ દર્શાવતી 'માટીનો ઘડો'—ઇત્યાદિ વાર્તાઓ આસ્વાદ્ય ને મનોહર છે. રણભૂમિનાં તાદૃશ વર્ણનો, વાર્તાકલાની અભિનવ ટેકનિક, તાજગીભરી શૈલી, હૃદ્ય પ્રતીકયોજના, 'જળ' જેવી વાર્તામાં આવતાં સ્થળ કે સમયને આવરી લેતાં તરંગવર્તુળો, પાત્રમાનસનું ઊંડું દર્શન આદિ લેખકની વાર્તાઓનાં ઊજમાળાં તત્ત્વો છે. જયંત ખત્રીની આ સંગ્રહની વાર્તાઓ 'નવી' છે પણ 'નવી'ની મર્યાદાઓથી પર છે. એમાં નવીનતા ખાતર નવીનતા નથી, સર્જકની સહજ સિસૃક્ષાની અભિવ્યક્તિ માત્ર છે. અલબત્ત 'નાગ' તથા "ઈશ્વર ક્યાં છે ?' જેવી વાર્તાઓનું લંબાણ એમને શિથિલ અને દ્વિકેન્દ્રી બનાવી દે છે, પણ એમની વાર્તાઓનું જમાપાસું આ પાસાને ઢાંકી દે એમ છે. (સ્વાતિ પ્રકાશન, સૅમ્યુઅલ સ્ટ્રીટ મુંબાઇ-૩, પૃ. ૨૯૬, પાકું પૂઠું, રૂ. ૮.)

ધામે પ્રિયે : 'અનુરાગ' પછીના શ્રી નાનાલાલ જોશીના આ બીજા વાર્તાસંગ્રહની કુલ ૧૫ વાર્તાઓમાં 'વલોણું', 'પરિણામ', 'અરેબિયન નાઈટ્સ', 'વિગ્રહ અને સંધિ', 'સ્મૃતિ અને ડંખ', 'બીજ' વગેરે વાર્તાઓ વાતાવરણની જમાવટ, પાત્રસંવેદન, ધ્વનિ અને ચમત્કૃતિની દૃષ્ટિએ આહ્લાદક અને એથી આકર્ષક બની છે. એમાં યે 'વલોણું' તથા 'સ્મૃતિ અને ડંખ' જેવીમાં પ્રણયનું આલેખન અત્યંત તાજગીભરી રીતે કરવાની લેખકની શક્તિનું અચૂક દર્શન થાય છે. પાત્રના ભાવોને ઉઠાવ આપે એવું વાતાવરણ સર્જવાની એમની શક્તિ પણ નોંધપાત્ર છે. પ્રણય ને દામ્પત્યભાવને તેઓ અસરકારક રીતે નિરૂપી શકે છે ને એના ભંગની વેદના પણ સંવેદ્ય બનાવી શકે છે. અલબત્ત, 'અંદાજ' જેવી વાર્તાને ટૂંકાવી શકાઈ હોત તો વધારે સચોટ બની શકી હોત અને જુદીજુદી વાર્તાઓમાં આવતાં પાત્રોનાં એકસરખાં નામ નિવારી શકાયાં હોત તો વધારે સારું થાત. એકંદરે હૃદયંગમ વાર્તાઓ માટે લેખક અભિનંદનને પાત્ર બને છે. (સુમન પ્રકાશન, ૮૬, ડામરગલી, મુંબાઈ-૯, પાકું પૂઠું, પૃ. ૨૪૦, રૂ. ૬-૨૫.)

દિવસે તારા રાતે વાદળ : શ્રી વસુબહેન ભટ્ટના આ ત્રીજા વાર્તાસંગ્રહની મોટા ભાગની વાર્તાઓ સ્ત્રીપુરુષના સંબંધને લગતી છે અને એમાંથી છએક તો જાતીય જીવનના પ્રશ્નને પ્રગલ્ભ રીતે સ્પર્શે છે. અલબત્ત વિષય એક જ હોવા છતાં એનો વિનિયોગ જુદાજુદા દૃષ્ટિકોણથી થયો હોવાથી વૈવિધ્યનો આહ્લાદક અનુભવ થયા વિના રહેતો નથી. ઠંડી પત્નીથી કંટાળીને અન્ય સ્ત્રીની ઉષ્મા શોધતા જદુકાન્તની, પિતા આગળ શું બોલવું એ મૂંઝવણ વ્યક્ત કરતી 'બંધાણી'; બાળપણમાં બળાત્કારનો ભોગ બનેલી રાજસીની સંભોગ સમયની ચીસથી વાજ આવી ગએલા જતિનની મૂંઝવણનું રહસ્ય હોટેલના પંજાબી સાથી પાસેથી અપાવતી 'દિવસે તારા રાતે વાદળ'; પુખ્તાવસ્થાના અંતકાળે સ્ત્રીની વિચક્ષણ મનોદશા વ્યક્ત કરતી 'આંધી અસ્તની'; લગ્ન પૂર્વેના એક પુરુષના પરિચયનો અહેવાલ આપતાં પતિની ઉપેક્ષા પામેલી પત્નીની મનોવેદના વ્યક્ત કરતી 'એક રેડિયો મુલાકાત'; સંભોગમાં

શબ્દકથા : 'અહમહમિકા', 'દેમાર'

'કિંવદંતી' ને 'કિન્નર' જેવા શબ્દોનો આપણે નવેમ્બર અંકમાં, શબ્દગુચ્છ કે વાક્યમાંથી બનેલા સામાસિક (કે એકાત્મક) શબ્દો તરીકે પરિચય કર્યો. એવા બીજા કેટલાક શબ્દો અહીં જોઈએ.

'ઇતિહાસ'માં મૂળમાં તો 'ઇતિ હ આસ' એવું વાક્ય જ છે. તેનો અર્થ થાય : 'એવું પહેલાં હતું.' જે બનાવો, ઘટનાઓ વર્ણવતાં, 'પૂર્વે આ પ્રમાણે બનેલું" એમ કહેવાતું હોય તે 'ઇતિહાસ.'

જે ક્રિયામાં 'અહં પૂર્વઃ' એટલે કે 'હું બીજાથી આગળ' એ પ્રમાણે કહેવાય છે તે ક્રિયા 'અહંપૂર્વિકા.' 'અહંપૂર્વિકા'નો અર્થ છે 'બીજાથી આગળ થવાની સ્પર્ધા.' તે જ પ્રમાણે 'અહં પ્રથમઃ' એટલે કે 'હું પહેલો' એવું જેમાં બોલાય તે 'અહંપ્રથમિકા.' અર્થ ઉપરનો જ.

તો જેમાં એક જણ કહે 'અહમ્' (=હું), તો બીજો જણ કહે 'અહમ્'—એમ જેમાં 'અહમ્, અહમ્' થતું હોય તે 'અહમહમિકા', એટલે કે ચડસાચડસી.

સંસ્કૃતમાં આ રીતે વાક્યોમાંથી બનેલા વિવિધ સમાસો વપરાતા. 'એને ક્યાંયથી ભય નથી' (='ન કુતઃ ભયમ્') એમ કોઈ વિષે કહીએ તે પરથી 'અકુતોભય' એટલે કે 'ભયમુક્ત' શબ્દ થયો.

ગભરાટથી નાસતાં કોઈ દિશાશૂન્ય બની જાય, ને એ ભયત્રસ્ત દશામાં તેને થયા કરે 'હું કઈ દિશામાં જાઉં?' (='કાં દિશં ગચ્છામિ') એ પરથી સંસ્કૃતમાં 'કાન્દિશીક', એટલે કે 'પલાયન કરતું.'

ઉક્તિ તરીકે વપરાતાં ક્રિયાપદો ઉપરથી પણ સંસ્કૃતમાં આવા સમાસ થતા. ઉદાહરણ તરીકે 'ખાદત, મોદત', એટલે કે 'ખાઓ, મજા કરો' એ પ્રમાણે જે ક્રિયામાં વારંવાર બોલાતું હોય તે ક્રિયા 'ખાદતમોદતા.' એનો અર્થ થાય 'ખાણીપીણી અને અમનચમન ઊડવાં.'

'એહિ રે, યાહિ રે' એટલે કે 'આવ રે! જા રે!' એ પ્રમાણે જે ક્રિયામાં થતું હોય તે ક્રિયા 'એહિરેયાહિરા.' અર્થ થાય 'ચાલુ આવજા.'

પ્રાકૃત ભાષામાં પણ આવા ઉક્તિમૂલક શબ્દોનાં ઉદાહરણ મળે છે. હેમચંદ્રની દેશી નામમાલા અને પ્રાકૃત વ્યાકરણમાં તે નોંધાયાં છે. ગુજરાતીમાંથી આવાં થોડાંક ઉદાહરણ જોઇએ.

જૂની ગુજરાતીના 'પાય ધારઉ' (='પગ ધરો') ઉપરથી 'પધારો' અને ક્રિયાપદ 'પધારવું.'

'વારંવાર જેને 'જી હજૂર' કહેવાની આદત છે તે 'જીહજૂરિયો.' વારંવાર 'હા જી, હા જી' કરવાની જેને આદત છે તે 'હાજિયો'. બંનેમાં ખુશામતિયા સ્વીકૃતિ કે સંમતિનો સંકેત છે.

'ઘોંચ પરોણો' એવી આજ્ઞાર્થ ઉક્તિ ઉપરથી 'ઘોંચપરોણો', 'ઘોંચપરોણો કરવો'=વારંવાર ઘોંચવું, સતાવવું. એ જ રીતે 'દે, માર' એ પ્રમાણેની વારંવારની ઉક્તિ ઉપરથી 'દેમાર' શબ્દ લાક્ષણિક અર્થમાં 'દેમાર વરસાદ પડ્યો' 'દેમાર કરતો તે આવી પહોંચ્યો' વગેરે જેવા પ્રયોગોમાં વપરાય છે. 'ઝપાટાભેર અને ધસમસ' કરતું એવો ભાવ એનો હોય છે. 'દે તડી' પણ વપરાય છે.

ચીજ રંધાતી કે ચડતી હોય ને ખાવાની ઉતાવળ કરે તે 'ચડખાઉ કરવું'. 'ચડે તેવું જ ખાઉં' એવા પ્રયોગમાંથી તે ઊપજ્યો હોય. જોડણીકોશમાં 'ચડ ચૂલા ખાઉં' આજ અર્થમાં આપેલો છે.

અને છેવટે 'તે ગળે પડ્યો', 'તેણે તેને ગળે ટૂંપો દીધો' જેવી ઉક્તિઓ ઉપરથી જ 'ગળેપડુ', 'ગળેટૂંપો' ઘડાયા છે તે પણ અહીં નોંધવું જોઇએ.

હરિવલ્લભ ભાયાણી

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર ચંપકલાલ મહેતા



શ્રી ચંદ્રવદન અને શ્રીમતી નિહારિકા ભટ્ટ

શ્રી ચંદ્રવદનનો જન્મ રાંદેરમાં તા. ૧૬-૧૨-૧૯૧૫. વીમા કંપનીથી આરંભી, ફિલ્મ લાઈનમાં નિર્માતા ને વિતરક બન્યા પછી નટ અને દિગ્દર્શક બન્યા. પોતે ભજવેલાં ૩૬ નાટકોના ૩૬૦ જેટલા ચૅરિટી શો આપ્યા છે. ગુજરાતી નાટકોમાં દિગ્દર્શક તરીકે અગ્રગણ્ય છે. શ્રીમતી નિહારિકાનો જન્મ સુરતમાં તા. ૧૦-૯-૧૯૨૩. નૃત્યકળા પછી ૧૯૪૫થી તખ્તા પર આવવા લાગ્યાં. ખરીદી અને કપડાંનાં શોખીન. નાટકોમાં શ્રી ભટ્ટ સાથે અગ્ર ભાગ લે છે.

૧ સ્નેહલગ્ન તમે કોઈ હેતુપૂર્વક કર્યાં છે?

ઉ. સ્નેહને કારણ સાથે સંબંધ નથી.

૨ બંને સ્વતંત્ર મિજાજનાં, એટલે કોઈ વાર ઝઘડો ખરાં કે? કોનું વધારે ચાલે?

ઉ. મિજાજ ખોવો, ઝઘડવું અને એ રીતે રમ્ય ગૃહનાટક કરવું એ તો જીવનનો આનંદ છે. લગ્ન એટલે આત્માની બે પાંખનું જોડાણ. આથી હારજીતનો પ્રશ્ન જ ક્યાં? 'ઉસ કી જીત હૈ જો હાર માન લેતા હૈ!'

૩ તમે નાટ્યપ્રવૃત્તિમાં ક્યારથી ઝુકાવ્યું? ભજવેલાં પાત્રોમાંથી થોડાં જણાવશો?

ઉ. ચં: ૧૯૩૫થી કહી શકાય. 'શંકિતહૃદય'માં પારસી પોચાજી, 'અમલદાર'માં બેરર, 'સુંદરવન'માં ભીમભાઈ, 'સુખનાં સુખડ જલે'માં પડોશી, 'સ્નેહનાં ઝેર'માં દિલીપ, 'છૂટાછેડા'માં દાદાજી, 'બૈરી મારી બાપ રે બાપ'માં દીવાન વગેરે. મારી સાથે નિહારિકાનો અગ્ર ભાગ ખરો જ.

૪ તમે કેટલાં નાટકોનું દિગ્દર્શન કર્યું? દિગ્દર્શનમાં ખાસ કઈ આવડત જોઈએ?

ઉ. ચં: લગભગ છત્રીસેક નાટકોનું તો ખરું જ. દિગ્દર્શકને સફાઈ ને સરળતાથી કામ લેતાં આવડવું જોઇએ. નટનટી પર ગુસ્સો કર્યે ન ચાલે. બધું અપસેટ થાય, પણ દિગ્દર્શકે સ્વસ્થ રહેવું જોઇએ.

૫ સાચો અદાકાર કોને કહો?

ઉ. પાત્રના વ્યક્તિત્વ તથા વિશિષ્ટતાને નૈસર્ગિક સરળતાથી વ્યક્ત કરીને તખ્તા પર એને જીવંત બનાવી શકે તેને.

૬ નાટકો ભજવવાનું મુખ્ય ધ્યેય?

ઉ. શક્ય એટલું દુઃખનું વિસર્જન અને સુખનું સર્જન કરવાનું અને એ પણ પ્રેરણાલક્ષી વિનોદ દ્વારા.

૭ તમારા જીવનની શ્રેષ્ઠ પળો?

ઉ. નિ: અમારો જન્મ અને અમારાં લગ્ન.

૮ નાટકની રોજિંદી ધમાલમાં બાળકોની કેળવણી કથળતી હશે?

ઉ. નિ: જરા પણ નહિ. એમના પ્રત્યે પહેલું લક્ષ, નાટક પછી.

૯ તમારે મન જગત અને જિંદગી એટલે?

ઉ. જગત એટલે રંગભૂમિ અને જિંદગી એટલે અભિનય કરવાનું રમ્ય સાધન.

નિહારિકા ભટ્ટ.

ચંદ્રવદન ભટ્ટ

સંકલન ન થતાં ઊંડી મનોવેદના અનુભવી રહેલી રમીલાના પાત્ર દ્વારા સ્ત્રીજીવનની એક કરુણતા વ્યક્ત કરતી 'બત્તી બળતી હતી'–આદિ વાર્તાઓ કલાત્મક રીતે સંભોગના વિવિધ માર્મિક પ્રશ્નોને સ્પર્શે છે, જેમાં સ્ત્રીના મનોભાવને તેઓ મનભર રીતે રજૂ કરે છે.

આ સિવાયની અન્ય વાર્તાઓમાં અમેરિકાવાસી બનેલા ભાઈની ઉપેક્ષાથી આઘાત અનુભવતી સુધાનું ચિત્ર આલેખતી 'બારે મેઘ'; ઘેલછાની હદે પહોંચતા માતાના વાત્સલ્યનો ચિતાર આપતી 'સેતુ'; અપમાનિત થતી સ્ત્રીની ઉપેક્ષાથી ઝાંખા બની ગએલા ઘરનું ચિત્ર આલેખતી 'હા, એ જ ઘર હતું'; સાહેબ બનેલા હરિજનની લઘુતાગ્રંથિ અને એની પત્નીની નવી પરિસ્થિતિને અનુરૂપ થઈ જવાની અનુનેયતા દર્શાવતી 'સંશયાત્મા'–આદિ પણ મનોરમ્ય છે.

વાર્તાના કેન્દ્રબિન્દુને લક્ષમાં રાખી એને અનુરૂપ રીતે પાત્ર, પ્રસંગ, સંવાદ અને વર્ણન આલેખવાની લેખિકાની શક્તિ આ સંગ્રહની મોટા ભાગની વાર્તાઓમાં જોવા મળે છે; તેમ છતાં જ્યાં કેન્દ્રબિન્દુ જ સપાટી પરનું હોય છે ત્યાં એ આખી ઇમારત કાચા પાયા પર ઊભેલી લાગે છે, 'સો એ સો ટકા' જેવી વાર્તાઓમાં આવો અનુભવ થાય છે. (સેતુ પ્રકાશન, અમદાવાદ-૯, પૃ. ૧૭૨, પાકું પૂઠું, રૂ. ૫.)

ભિન્ન હૃદય : શ્રી અભેસિંહ પરમારના આ પ્રથમ વાર્તાસંગ્રહની ૧૭ વાર્તાઓમાંથી બે યુદ્ધકથાઓ બાદ કરતાં બાકીનીના વિષયો આપણા ગૃહજીવનના નાજુક ભાવો ને સૂક્ષ્મ સંઘર્ષોની આસપાસ વીંટળાએલા છે. પતિની ઉપેક્ષા ને સસરાની હૂંફ અનુભવતી હેમુ દ્વારા પિતાપુત્રનાં ભિન્ન હૃદયો આલેખતી 'ભિન્ન હૃદય'; પૂર્વજીવનના પ્રણયની યાદ આવતાં પતિપત્નીની એક દિશા હોવા છતાં બદલાતી દશાનો વેદનામય ચિતાર આપતી 'કબરનાં હાડકાં'; ધનિક ને પ્રૌઢ નૌતમલાલની કિશોરકાળની પ્રિયતમાના અવસાન વખતની લાગણીઓ આલેખતી 'સ્મશાન'; પ્રેમમાં પડેલી સુનીતાના લગ્નના ઉમેદવારોને ખોટી વાતો કહી એમની પાસે ના પડાવડાવી સુનીતાને સહાય કરતા રજબચાચાનું વત્સલ હૃદય આલેખતી 'શેતાન'; પુત્રવધૂના ફૂવડપણાથી નારાજ થતા વત્સલ વૃદ્ધ પિતાની વેદનાને સમજતી માતાનું વેદનાપૂર્ણ હૈયું આલેખતી 'ટીનનું ડબલું'; વિધુર મોહનલાલની સ્ત્રીલોલુપતા ને એને મળતા આઘાતથી થતું હૃદયપરિવર્તન દર્શાવતી 'નવું ઘર'—આદિ આ સંગ્રહની આસ્વાદ્ય અને એથી નોંધપાત્ર વાર્તાઓ છે. 'ગંગુ' ગ્રામજીવનના એક જૂના કસબીના નવી ફૅશનના આક્રમણે પડી ભાંગતા ધંધાની કથા છે, પણ વાર્તા નથી; 'કંઈક ગુમાવ્યું હતું'માં એક નિર્દોષ બાળકીની લાગણી કોમળરીતે રજૂ થઈ છે પણ વિષય નવો નથી; તો 'કાંટાળો થોર'માં પ્રતીતિજનકતા ઓછી છે. 'બાપુજીનો કોટ', 'ગુજરીનો સામાન' ઇત્યાદિમાં લાગણી કરતાં લાગણીવેડા અને 'સરોજદેવી'માં વાર્તાકારની સભાનતા દેખાય છે. એકંદરે સંગ્રહની મોટા ભાગની વાર્તાઓમાં વાર્તાકારની પાત્રમાનસને ઉચિત પ્રતીકયોજના, પ્રસંગને ઉઠાવ આપતી વર્ણનકલા, ધ્વન્યાત્મકતા જાળવતી 'આર્ટ ઑવ

કૉન્સેન્ટ્રેશન' નોંધપાત્ર છે. યુદ્ધની વાર્તાઓમાં 'બાલ-દીલાની હૉસ્પિટલ' બીજીની અપેક્ષાએ આહ્લાદક છે. સંગ્રહને ટૂંકી વાર્તાના પારેખ 'વાચસ્પતિ'ની પ્રસ્તાવના પ્રાપ્ત થઈ છે તે એનું સદ્ભાગ્ય છે, પણ અનુક્રમણિકા ભુલાઈ ગઈ છે એ વાચકોનું કમનસીબ છે. (સુવાસિત સાહિત્ય પ્રકાશન, મોટી દેસાઈ પોળ, સૂરત-૧, પૃ. ૧૮૭, પાકું પૂઠું, રૂ. ૫.)

સુવાસિત જીવનકળીઓ : માનવમનના ઉદાત્ત ભાવો વ્યક્ત કરતી વાર્તાઓનો આ સંગ્રહ સંપાદકે મહદ્ અંશે ઉમદા હૃદયભાવોને લક્ષમાં રાખીને જ કર્યો છે, વાર્તાકલાની દૃષ્ટિએ નહિ. એથી આ સંગ્રહમાં 'આરતી', 'સતી', 'નાદાન છોકરી', 'દીકરો', 'લેણદેણ' જેવી કલાત્મક વાર્તાઓ સાથે 'ત્યક્તાની તપશ્ચર્યા' ને 'રોહિણી' જેવી સામાન્ય કક્ષાની વાર્તાઓ પણ આવી ગઈ છે. અલબત્ત, મોટા ભાગની વાર્તાઓ માનવમનના મંગલ ભાવો કલાત્મક રીતે રજૂ કરનારી છે એ સંપાદક માટે સન્માન પ્રેરે એવી ઘટના છે. તેમ છતાં શ્રી નંદુભાઈએ વધુ જહેમત ઉઠાવી હોત તો અમુક લેખકોની બે બે વાર્તાઓ લેવી પડી છે એના બદલે બીજા ઘણા સારા વાર્તાકારોની સારી વાર્તાઓ સમાવી શકાઈ હોત. મર્યાદાઓ સાથે પણ આ સંગ્રહ માનવજીવનને ઉન્નત બનાવે એવું પ્રેરણાત્મક વાચન પૂરું પાડે એવો છે એ ય ઓછું નથી. (ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. વડોદરા, પૃ. ૨૪૩, પાકું પૂઠું, રૂ. ૨-૫૦.)

રાતે વાત: ટૂંકી વાર્તાના ક્ષેત્રે આપણા સાહિત્યમાં આજે અવનવા પ્રયોગો થઈ રહ્યા છે ત્યારે શ્રી હીરાલાલ ફોફલીઆના આ સંગ્રહની વાર્તાઓમાંની કેટલીકને એ દૃષ્ટિએ ચકાસવા જેવી છે. 'પડછાયા પડછાયા', 'બિમ્બ પ્રતિબિમ્બ', 'રાતે વાત', 'અને અથવા' જેવી વાર્તાઓ નિરૂપણની નવીનતા, અને માનવસંવેદનને ધ્વનિત કરવાની અવનવી રીતિની દૃષ્ટિએ નોંધપાત્ર ગણાય. ઘટના તત્ત્વને શક્ય એટલું ઓગાળી નાખી એક ભાવપરિસ્થિતિ ઊભી કરવાની શૈલીનાં એમાં દર્શન થાય છે. પણ જે વાર્તાઓમાં આ સહજપણે સધાયું છે એ જ વાર્તાઓ આસ્વાદ્ય બની છે. જ્યાં સભાનતા આવી છે એવી 'જોઈએ છે', 'હરિશંકર', '?', 'એકરાર' જેવી વાર્તાઓમાં ભૌમિતિક ગોઠવણી પકડાઈ જાય છે. તેમ છતાં સંગ્રહની મોટા ભાગની વાર્તાઓ ભાષા, નિપરૂણ, ભાવસંવેદન, વર્ણન ઇત્યાદિ દૃષ્ટિએ વાંચવી ગમે એવી છે. શ્રી હરીન્દ્ર દવેનો આમુખ આ વાર્તાઓને આસ્વાદવા પૂરતો જ નહિ પણ વાર્તાકલાની ટેકનિક સમજીને કોઈ પણ વાર્તાને અવલોકવાની ગુરુચાવી આપી શકે એવો છે. (પ્રકાશક: નવભારત સાહિત્યમંદિર, મુંબઈ-૨, પૃ. ૧૭૭, પાકું પૂઠું, રૂ. ૫.)

લાગણીનાં ફૂલ : શ્રી જયવદન પટેલની વિવિધ સામયિકોમાં પ્રકટ થએલી અને કેટલીક તો સ્પર્ધામાં ઈનામ લઈ આવેલી વાર્તાઓમાંથી વીસેક વાર્તાઓ આ સંગ્રહમાં લેવામાં આવી છે. મનુષ્ય મનુષ્ય વચ્ચેના સંબંધનું નિયામક તત્ત્વ લાગણી, સ્નેહ, પ્રેમ છે એ તત્ત્વના સુંવાળા તાંતણાના આધારે તો કેવાં રહસ્ય સચવાય છે, કેવાં બલિદાન દેવાય છે

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન અને કવનનો પરિચય

[૩]

કરાવનાર · જલન માતરી



ગઝલ-સમ્રાટ
સ્વ. 'શયદા'

ખાવા માટે મૂઠી ચણા મળી જતાં, મુખ પર ખુદાનું નામ રાખી હંમેશાં એ અવસરને ઈદ તરીકે ઊજવતા હરજી લવજી દામાણી એટલે સ્વ. 'શયદા'નો જન્મ ઈ. ૧૮૯૭માં ધોલેરા ગામે થયો હતો. પંદર વર્ષની ઉંમરે કવિતા લખવાની શરૂઆત કરેલી.

ભણતર ગુજરાતી ચાર ચોપડી સુધીનું, પણ સ્વાભાવિકતાથી હૃદયભાવને વ્યક્ત કરતી સીધીસાદી ને ચોટદાર લોકબાની જીભ પર એવી રમતી કે ગુજરાતી ગઝલમાં સરળ ભાષાના પિતા તરીકે ઓળખાય છે. વિચારની ગહનતા, ભાષાની સરળતા અને ભાવોની ખિલવણીનું સ્વ. શયદાની ગઝલમાં દર્શન થાય છે. ઉપરથી શબ્દની રમત જેવા લાગતા કેટલાક શેર યથાર્થ સમજાઈ જતાં તેનું અર્થગર્ભ વક્તવ્ય મનને ભરી દે છે.

'અમીના', 'મા તે મા', 'નાની નણદી', 'ખમા ભાઈને', 'લાખેણી લાજ' વગેરે એમની નવલકથાઓ પણ ખૂબ જ લોકપ્રિય નીવડી છે. ૧૯૨૪માં લોકરંજની કક્ષાનું 'બે ઘડી મોજ' નામે અઠવાડિક તેમણે શરૂ કર્યું હતું.

મુશાયરા યોજીને ગઝલને લોકોના હૈયા સુધી પહોંચાડવામાં સ્વ. શયદાનો ફાળો નાનોસૂનો નથી. એમની ગઝલો વાંચી-સાંભળીને પ્રસન્ન થએલા લોકોએ જ એમને 'ગઝલ સમ્રાટ'નું બિરુદ આપ્યું હતું. પોતાના જીવનકાળ દરમ્યાન એ શાયરોમાં આદરયુક્ત અગ્ર પદે જ રહ્યા છે. આજે તેઓ હયાત નથી, પણ એમણે ખીલવેલી ગઝલવેલ લીલીછમ બની ગઈ છે. અહીં એ વેલનાં કેટલાંક મધુર પુષ્પોની સ્મૃતિ તાજી કરીએ :

તું કહે છે: અશ્રુ ચાલ્યાં જાય છે
હું કહું છું: જિંદગી ધોવાય છે.

તમો શોધો તમોને એ જ રીતે,
હું ખોવાયા પછી મુજને જડયો છું.

સાગરતરંગ થઈને સાગર મહીં મળી જા,
શાને કરે તરંગો સાગર તરી જવાના?

રૂપ એનું નામ બીજું છે તડપતી વીજળી,
એ તડપતી વીજળી શું હાથમાં આવી શકે?

અપમાન સાથે કાઢો છો ઘરમાંથી આજ, પણ
આંસુ બનીને આપની આંખોમાં આવશું.

હૃદય મારા બળેલા, એટલું પણ ના થયું તુજથી?
બળીને પથ્થરો જો થાય છે સુરમો નયન માટે!

જિંદગીનો સાર જો પાણી મહીં:
એક પરપોટો થયો, ફૂટી ગયો.

સાત સાગર બંધ પાંપણમાં હતા,
બંધ કંઈ કાચો હતો, તૂટી ગયો.

અરે ઓ ધર્મી તું સમજી શકે શું ભેદ પાપીનો?
હું પાપી પા-પી પા-પીમાં જીવન પાવન કરી લઉં છું.

તમે સામે ઊભાં છો મુજ હૃદયની આરસી જેવાં,
તમોને ક્યાં કરું છું? ખુદ મને વંદન કરી લઉં છું.

મને આ જોઈને હસવું હજારો વાર આવે છે:
પ્રભુ તારા બનાવેલા તે તને આજે બનાવે છે.

આભાર ભરેલા મસ્તકને ઊંચકવું શયદા સ્હેલ નથી
હું આમ તો મસ્તીમાં આવી આકાશ ઉઠાવી જાણું છું.

નકામી વેડફી નાખું છું એનું એક કારણ છે,
જરૂરતથી વધારે જિન્દગાની લઈને આવ્યો છું.

જુવાનોની સભામાં આવવું'તું, એટલે શયદા,
ઉછીની કોઈ પાસેથી જવાની લઈને આવ્યો છું.

શબ્દના ગહેકી રહ્યા છે મોરલા,
ભાવના મારી ઢળકતી ઢેલ છે.
વાળ માથા પર નથી મારા સફેદ,
મેં જુવાનીનું કફન બાંધેલ છે.

અને કેવા ભવ્ય ત્યાગ થાય છે! સ્ત્રીપુરુષના હૈયામાં એકબીજા માટે પ્રીતના પંખીનો જે માળો બંધાય છે એ કેવો મજબૂત હોય છે એ આ સંગ્રહની મોટા ભાગની વાર્તાઓમાં જોવા મળે છે. અલબત્ત, એનો અર્થ એ નથી કે વાર્તાઓમાં વિષયવૈવિધ્ય નથી. 'એક અંજુ, એક મંજુ,' 'ડાબા હાથનો અંગૂઠો', 'દુનિયાનાં દવલાં' ઇત્યાદિ વાર્તાઓમાં અનુક્રમે નોકરી કરતી યુવતીની અકળામણ, ગરીબાઈ, આદિ પ્રશ્નો પણ ચર્ચાયા છે. લેખકને ગ્રામજીવનનો સારો અનુભવ છે અને પોતે પત્રકાર છે, એ બંનેનો સારો લાભ વાર્તાઓને મળ્યો છે. જોકે 'છમાછમ ઘુંઘરુ બાજે,' 'લાલુ જુગારી,' 'કાળો તલ' આદિ કદાચ કેટલીક ટૂંકી વાર્તાની કલાની કસોટીમાં પાર ઊતરી શકે એમ નથી. છતાં લેખક પાસે માનવમનના ભીતરમાં ડોકિયું કરી એના વર્તનનું રહસ્ય પકડવાની શક્તિ અને એ અભિવ્યક્ત કરવાની ભાષા છે એ એમના ભાવિ સર્જન માટે આશાસ્પદ છે. (પ્રકાશક: સાહિત્યનિધિ ૨૧/૨૨ પ્રીતમનગર, અમદાવાદ-૬, પૃ. ૨૮૩, પાકું પૂઠું, રૂ. ૮-૫૦.)

સંપાદન

ચંદ્ર–ચંદ્રાવતી વાર્તા: મધ્યકાલીન પદ્યવાર્તાકાર શામળની એક મધ્યમ કોટિની પ્રણયકથાનું શ્રી હીરાબહેન ર. પાઠકે કરેલું આ સંપાદન છેલ્લાં વીસ વર્ષ દરમિયાન 'કટકે કટકે' હાથમાં લઈ સઘન અભ્યાસ દ્વારા કરાએલું છે. સંશોધન માટે લેખિકાએ મુદ્રિત પ્રતોનો નહિ પણ ગુજરાત વિદ્યાસભામાંથી મળેલી એકમાત્ર હસ્તપ્રતનો આધાર લીધો છે. સંપાદિકાની શાસ્ત્રીય દૃષ્ટિ, ચોકસાઈ, ઝીણવટ ઇત્યાદિનો પરિચય ૪૫ પાનાંમાં વિસ્તરેલી પુસ્તકની પ્રસ્તાવનામાંથી મળી તો રહે છે, પણ અનુક્રમણિકામાં આપેલાં પેટાશીર્ષકો વિવેચનમાં ક્યાંય દેખાતાં નહિ હોવાથી વાચકને મૂંઝવણ થાય એમ છે. તેમ છતાં શામળની આ કૃતિનું પૃથક્કરણાત્મક વિવેચન રસિક અને માહિતીપ્રદ છે. લેખિકાએ વિવેચનમાં સમગ્ર શામળને લક્ષમાં લઈ આ કૃતિમાં પ્રકટ થતા એના કસબનો ને એની મર્યાદાઓનો ખ્યાલ આપ્યો છે. અભ્યાસીઓ માટે શામળ–સંપાદનની આ વધુ એક કૃતિ નોંધપાત્ર સામગ્રી નીવડશે. (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧, પૃ. ૧૦૦, કાચું પૂઠું, રૂા. ૯)

ચરિત્ર

હમ્ફ્રી–એક જીવનકાર્ય: અમેરિકાના એક વખતના ઉપપ્રમુખ ને પ્રમુખ બનવાની તમામ લાયકાતો ધરાવતા ઉમદા રાજપુરુષ શ્રી હ્યૂબર્ટ હમ્ફ્રીના આ જીવનચરિત્રમાં (અનુ. પૃ. ૪૦)


ટિકિટસંગ્રહ અમેરિકાના સંયુક્ત રાજ્યોની કેટલીક નવી ટિકિટો. ઉપલી હારમાં પહેલી બે આંતર કૉલેજ ફૂટબૉલ-સ્પર્ધાની શતાબ્દી અને વ્યવસાયી બેઈઝબૉલની શતાબ્દી નિમિત્તની છે. ત્રીજી ટિકિટ નીલ આર્મસ્ટ્રૉંગે ચંદ્ર પર પ્રથમ માનવચરણ મૂક્યું તે પ્રસંગની યાદની છે. બીજી હારમાં પહેલી સ્વ. પ્રમુખ ડવાઈટ ડી. આઈઝનહોવરના માનમાં બહાર પડેલી છે. બીજી અપંગ માનવને પુનઃ સ્વસ્થતા આપવાની ઝુંબેશ પ્રત્યે લક્ષ દોરવા ત્યાંની આ અંગેની રાષ્ટ્રીય સંસ્થાની સુવર્ણજયંતી નિમિત્તે બહાર પડેલી છે. ત્રીજી ટિકિટ ડાર્ટમથ કૉલેજ કેસની જીતની ૧૫૦મી જયંતી નિમિત્તની છે. શાળાના પ્રમુખને દૂર કરવાની બાબતમાંથી ઊભા થએલા એ કેસે રાષ્ટ્રવ્યાપી હલચલ જગાડેલી ને ડૅનિયલ વેબ્સ્ટરે સુપ્રીમ કૉર્ટમાં એ કેસમાં જીત મેળવેલી. આ બનાવમાંથી જ ડાર્ટમથ યુનિવર્સિટીનો જન્મ થએલો. ચોથી ટિકિટ ક્રિસ્ટમસ (નાતાલ) પર બહાર પડેલી છે જેમાં ન્યૂ ઈંગ્લંડના બરફછાયા એક ગ્રામદૃશ્યના કોઈ અનામી ચિત્રકારનું ચિત્ર છાપ્યું છે. (પ્રેષક: જે. ડી. કોટક–અમદાવાદ.)




છેલ્લી નીચલી હારની ત્રણ ટિકિટો ગ્રેટબ્રિટને નાતાલ નિમિત્તે બહાર પાડેલી છે. સોનેરી સાથે સુંદર રંગોમાં છાપેલી- આ ત્રણે ટિકિટો પર પર્વને અનુરૂપ ચિત્રો છે, જેમાં પહેલીમાં ક્રિસ્ટમસના તારાને અનુસરીને જતા ત્રણ ભરવાડો અને ત્રીજીમાં ત્રણ ડાહ્યા પંડિતોનું આલેખન છે. વચલી ટિકિટમાં ક્રિસ્ટમસ સ્ટાર સાથે દેવદૂતનું સુંદર ચિત્ર છે. (પ્રેષક: સદાનંદ વ. જોષી-અમદાવાદ.


કલાવાર્તા

કલાને જ વ્યવસાય તરીકે સ્વીકારનારાઓ માટે ઘણી વાર પોતાની કલાચાતુરી બતાવવા સાથે ખર્ચ અને સમયની મર્યાદામાં રહીને કામ પૂરું કરી આપવું એ કસોટી રૂપ બની રહે એવા પ્રસંગો ઊભા થાય છે. આ બંને મર્યાદા નહિ સાચવી શકનારા પોતાની શક્તિનું પારખું કરાવવાની તક ગુમાવી બેસે છે. આજના યુગમાં સમયની સાથે રહીને આવાં કામ પાર પાડી આપવામાં કલાકારે પોતાની કલાશક્તિનો પરિચય આપવા સાથે બીજી અનેક બાજુઓ પર લક્ષ આપવું પડે છે. ઘણી વાર આવા પ્રસંગોમાંથી નવાં માધ્યમો કે નવી ઢબ પણ પ્રકટ થાય છે. હમણાં ડિસેમ્બર માસમાં અમદાવાદમાં મળેલા કૉંગ્રેસ અધિવેશને આવો જ એક પ્રસંગ ઊભો કર્યો હતો, અને કલાકાર શ્રી શાંતિ શાહે એ ઝડપી લઇને માત્ર દસબાર દિવસના ગાળામાં મંડપનાં વિવિધ ઉદ્દેશો માટેનાં જંગી શોભનદ્વારો તૈયાર કરી આપીને એ કામ સફળતાથી પાર પાડી બતાવ્યું હતું. બહુ જ ઓછા સમયમાં અને કરકસરથી આ બધું કામ પૂરું કરવાનું હોઈ મુખ્યત્વે માત્ર વાંસનો જ ઉપયોગ કરીને એમણે હેતુલક્ષી વૈવિધ્ય અને સૌંદર્ય સાથે એ પાર ઉતાર્યું તે આ સાથેનાં એ પાંચ દ્વારનાં ચિત્રો પરથી જોવા મળશે. એમાં વાંસની ચીપોને આડી ઊભી કે ત્રાંસી ગોઠવીને તથા સીધી કે ઊંધી જડીને એમણે જે એક આગવી ભાત સરજી, અને અહીંતહીં સૂચક ચિત્રો તથા વીજળીની દીપમાળા વડે એને શોભાવીને જે હૃદ્ય પરિણામ આણ્યું એ પ્રશંસનીય છે.







ઉપર: અધિવેશનની જાહેર બેઠક માટેનું વિશાળ પ્રવેશદ્વાર અને (જમણી બાજુ) એમાં વાંસની ઊભી-આડી કે સીધી-ઊંધી ચીપો ચોડીને ઉપજાવેલી ભાત. નીચે: ડાબી બાજુ અધિવેશન-વિસ્તારના માર્ગ પરનું મુખ્ય વિશાળ પ્રવેશદ્વાર તથા (જમણી બાજુ) આ પ્રસંગે યોજાએલા 'ગુજરાત-દર્શન' પ્રદર્શનના મંડપનું દ્વાર.







અધિવેશનમાં ઊમટેલી માનવમેદની તેની પાછળ દેખાતા આ સભાસ્થાનના પ્રવેશદ્વારની ભવ્યતાનો ખયાલ આપે છે.




ઉપર: મહાસમિતિની બેઠક માટેના સ્થળનું પ્રવેશદ્વાર



'ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટ(એસ.ટી.)'ના પ્રદર્શનમંડપનું દ્વાર

અનુસંધાન] **સાહિત્યસંપર્ક** [પૃષ્ઠ ૩૮થી

એના લેખક શ્રી વિન્થ્રોપ ગ્રિફિથે ચરિત્રનાયકનો, વ્યક્તિ, રાજપુરુષ, સેનેટર અને નેતા તરીકે તબક્કા વાર પરિચય આપવા ઉપરાંત એના જીવનનાં જુદાંજુદાં કાર્યો દરમિયાન પ્રકટ થતા ગુણો તેમજ એના આદર્શોનો પણ સાધાર ખયાલ આપ્યો છે. એક નાના ગામડાના સમાજના ફરજંદ હમ્ફ્રીએ અણુપ્રયોગબંધીના મર્યાદિત કરારો ને નિઃશસ્ત્રીકરણ, હબસીઓ માટે નાગરિક અધિકારો, 'શાંતિ માટે ખોરાક'નો વિચાર, લોકશાહી જીવનરીતિમાં ઊંડી શ્રદ્ધા ઇત્યાદિ બાબતો કેવી દૃઢતાથી રજૂ કરી છે એ આ ચરિત્રમાં સ્પષ્ટતાથી દર્શાવ્યું છે. લેખક ચરિત્રનાયકના અંધ ભક્ત નથી. હમ્ફ્રીની આદર્શપ્રિયતા, પ્રામાણિકતા અને માનવતા સાથે લેખકે એમની ખામીઓ, મર્યાદાઓ અને નબળાઇઓ પણ નિખાલસતાથી આલેખી છે. પ્રસ્તુત સંક્ષિપ્ત અનુવાદ પીઢ પત્રકાર સ્વ. કપિલરાય મહેતાએ સરળ ને પ્રાસાદિક શૈલીમાં કરી આપી 'આ યુગના એક આગેવાન અમેરિકન નેતાનાં ઘડતર, મંતવ્યો ને મથામણ, તથા આદર્શવાદ ને વ્યવહારુ ધીરજ'નો ગુજરાતની પ્રજાને પરિચય કરાવ્યો એ અભિનંદનપાત્ર છે. (વોરા ઍન્ડ કં. અમદાવાદ-૧, મુંબાઈ-૨, પૃ. ૨૦૦, પાકું પૂંઠું, રૂપિયા ૩)



૩૩મે વર્ષે વિ. સં. ૧૯૫૬

અનુસંધાન] **શ્રીમદ્ રાજચંદ્ર** [પૃષ્ઠ ૮થી

છે. વર્ણભેદ વિષે એઓ આગ્રહી નહોતા, છતાં પરધર્મીઓ સાથે સમાન સામાજિક સંબંધો વધારવાની એ તરફેણ કરતા નહોતા. આમ, એઓ પોતાના સમયની વૈચારિક મર્યાદાને પૂરેપૂરી ઓળંગી શક્યા નહોતા. છતાં સર્વધર્મ સમભાવમાં એ પૂરો વિશ્વાસ રાખતા તે તો એમના આ શબ્દો જ કહી આપે છે: 'ગમે તે સંપ્રદાય-દર્શન-ના મહાત્માઓનો લક્ષ એક 'સત' જ છે. વાણીથી અકથ્ય હોવાથી મૂગાની શ્રેણે સમજાવ્યું છે; જેથી તેઓના કથનમાં કૈંક ભેદ લાગે છે. વારતવિકરીતે ભેદ નથી.'

ધર્મના મૂળ તત્ત્વને વિસરી જઈ અનેક વાડાઓમાં વિભક્ત થએલા જૈન ધર્મને પણ એ વાડાબંધીમાંથી મુક્ત કરવા માગતા હતા. જૈન પરંપરાનો એમનો અભ્યાસ સ્થાનકવાસી પરંપરાથી શરૂ થએલો; અમદાવાદમાં એમણે મૂર્તિપૂજક શ્વેતાંબર પરંપરાના ગ્રંથોનું અધ્યયન કરેલું; અને મુંબાઈમાં દિગંબર પરંપરાના ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. આમ બધી જ પરંપરાના અધ્યયન બાદ એમની દૃષ્ટિ સમન્વયકારી બની હતી અને જૈન ધર્મનો ઉદ્ધાર કરવાની એમની અદમ્ય ધગશ હતી. એમની મધુર વાણી અને છટાદાર વકતૃત્વ તેમજ અજોડ દલીલશક્તિને લઇને એઓ વિશાળ અનુયાયીવર્ગ પ્રાપ્ત કરી શકયા હતા. અનેક જૈન મુનિઓ એમના જ્ઞાનરાશિ પાસે ઝૂકી પડતા. પરંતુ આ કશાથી એમનું મન લેશમાત્ર અભિમાન અનુભવતું નહિ.

આવા શ્રીમદ્ રાજચંદ્રે જ્ઞાનપ્રાપ્તિની ઉચ્ચ કોટિ પર પહોંચતાં જ વાનપ્રસ્થ ધર્મ સ્વીકારવાનું નક્કી કર્યું. એ વર્ષ હતું સત્રત ૧૯૫૬નું. એ અરસામાં એમની તબિયત પણ નાદુરસ્ત રહેતી હતી. માતા પાસે એમણે દીક્ષાનો પ્રસ્તાવ મૂકયો ત્યારે એમણે શ્રીમદ્‌ની તબિયત સારી થયા પછી એ અંગે પોતાની સંમતિ હોવાનું જણાવ્યું. પરંતુ રાજચંદ્રની તબિયત તો લથડતી જ ચાલી. તબિયત સુધારવા એઓ ધરમપુર, અમદાવાદ, વઢવાણ કૅમ્પ (સુરેન્દ્રનગર) અને રાજકોટ જેવાં જુદાંજુદાં સ્થળે ફર્યા. આ નાદુરસ્ત તબિયત દરમિયાન પણ આત્મસાધના તો ચાલુ જ હતી. રાજકોટમાં એમને સંગ્રહણીનો રોગ લાગુ પડયો. પણ એમનું ચિત્ત એટલું જ સ્વસ્થ હતું. અંતે સંવત ૧૯૫૭ના ચૈત્ર વદ પાંચમ ને મંગળવારે બપોરે બે વાગ્યે અંતિમ શ્વાસો ભરતાંભરતાં પોતાના નાના ભાઈ મનસુખલાલને તે આ પ્રમાણે કહેતા ગએલા: 'મનસુખ, દુઃખ ન પામતો; માને ઠીક રાખજે. હું મારા આત્મસ્વરૂપમાં લીન થાઉં છું.'

તેત્રીસ વર્ષની નાની વયે જીવનલીલા સંકેલી લેનાર શ્રીમદ્ રાજચંદ્ર આમ સમગ્રતયા એક અદ્ભુત વ્યક્તિ હતા. સ્વભાવે સત્યનિષ્ઠ, સરળ, સાત્ત્વિક; કુટુંબ પ્રત્યે અસાધારણ વત્સલભાવ રાખનાર; માતાપિતાના ભક્ત અને ગૃહસ્થી રાજચંદ્રની ચિત્તવૃત્તિ જનક વિદેહી જેવી હતી. બાલવયથી જ અપ્રતિમ બુદ્ધિપ્રતિભાવાળા, પરમ આત્મસાધક, સાંસારિક યોગી, ધર્મના ખરા મર્મજ્ઞ, નૈસર્ગિક સર્જનશક્તિ ધરાવનાર ગદ્યપદ્યકાર, શતાવધાની સંત, આત્મોન્નતિ માટે સદા જાગ્રત મુમુક્ષુ એવા શ્રીમદ્ રાજચંદ્રને એમની જ પંક્તિઓની અંજલિ ધરવી યથાર્થ લેખાશે:

'દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.'

બ. ક. ઠા. અને ઈશ્વર

ઘણી વખત અમે ઈશ્વર વિષે વાતો કરતા ત્યારે બલુકાકા કદી ઉગ્ર થતા નહિ. ઊલટું હૈયાઉકલતથી ને બુદ્ધિની તેજસ્વિતાથી એમાં ભાગ લેતા. મને યાદ છે કે એક વખત શ્રી અરવિંદના **Love and Death**ના કાવ્ય વિષે વાત કરતાં શ્રી અરવિંદની સમગ્ર સર્જક પ્રતિભા વિષે એવી ઊંડી સમજણ અને બુદ્ધિના વ્યાપ વડે ચર્ચા કરી હતી કે એમના અંતઃકરણના કલેવર વિષે મને અનહદ આદર થયો. છતાં એક વખત શ્રી મૅબલ લિથાન્ડરની હાજરીમાં ઈશ્વરના નામ અને સંદર્ભ ઉપર તે ઉગ્ર સ્વરૂપે ક્રોધે ભરાયા હતા તેનું ચિત્ર મારા ચિત્તની ભૂમિ ઉપરથી ખસે નહિ.

બલુકાકા છેલ્લા અમારે ત્યાં આવ્યા ત્યારે સખત માંદગીમાં સપડાયા હતા. એક દિવસ તો ૧૦૪ ડિગ્રી જેટલો તાવ હતો. આ વખતે તો એવો મનોરથ લઇને આવ્યા હતા કે નિરાંતે રહીને થોડાંક નવાં સૉનેટ રચીશું. પણ આ માંદગીએ તો ચિરૂટ અને હીંચકા જેવાં એમનાં બે પ્રિય સાથીઓથી પણ દૂર રાખ્યા.... એક દિવસ વહેલી સવારે ઘેરા ગણગણાટથી સાવિત્રી ને હું જાગી ઊઠયાં. ધ્યાનથી સાંભળ્યું તો ધીરે ધીરે, એમના જાડા સ્વરે કંઈક ગુંજન કરી રહ્યા છે. અમને થયું કે તાવ વધારે ચડયો છે અને આ બડબડાટની નિશાની છે. અમે બંને ઝડપથી એમના ઓરડામાં ગયાં. જોયું તો દેહ સૂતો છે, આંખો બંધ છે ને ગાયત્રીનો સંસ્કૃત શ્લોક મંત્ર ગવાય છે. મેં નાડી જરા હાથમાં લઇને પૂછયું: 'બલુકાકા! તબિયત તો સારી છે ને? આ શું કરો છો?' સંપૂર્ણ શાંતિ અને સ્વસ્થતાથી એમણે ઉત્તર આપ્યો: 'ગાયત્રી મંત્રનું પારાયણ કરુ છું. જો તમારો ઈશ્વર હયાત હોય તો મને પણ કામ આવે!' બોલીને હસ્યા નહિ. ધીરેથી વળી બોલ્યા: 'ઈશ્વર જેવી મહાશક્તિને ધારણ કરવાની આ માનવજંતુડાની તાકાત ખરી? એ તો મકસદ છે!'...

માણસના જીવનમાં શંકા અને શ્રદ્ધા છાયાપ્રકાશની જેમ કેટલાં સાથે ચાલે છે! માત્ર શંકા સાથે ચાલવું એ બુદ્ધિનો ગર્વ. કેવળ શ્રદ્ધા સાથે ચાલવું એ અજ્ઞાનનો અહંકાર. જીવતી જિજ્ઞાસાના બળથી ચાલીને, અનુભૂતિ વડે આત્મવિશ્વાસ મેળવવો એ જીવનનો આનંદ અને એ જ કૃતાર્થતા એવો ભાવ એ વખતે થયો.

કિશનસિંહ ચાવડા


[illegible]






જહાજોને હારી જવા ... એમાં વરાળયંત્રનું ... એ દિશામાં ખાસ પ્રગતિ થઈ શકી નહિ. ઈ. ૧૭૮૩માં જૉફરૉય નામના એક ફ્રેંચમૅને ગોળ ફરતાં હલેસાંવાળી હોડી બનાવી તે રીતે પણ ... [illegible]


યંત્રચાલિત બોટનો વિચાર અમેરિકામાં પણ ચાલતો હતો. ૧૭૮૭માં વર્જિનિયાના જેમ્સ રમ્સે પાછળના ભાગમાં ... પાણીમાં મારાથી (... પંપ ...) હોડીને ધકેલવાનો પ્રયોગ કરી બતાવ્યો. ... યંત્રો ... હલેસાંવાળી હોડી ... [illegible]



નાવી. ૧૭૬૬માં આણે વરાળયંત્ર વડે ચાલતા ત્રણ મોટા હલેસાંને સુકાન તરફ ... વહાણને વેગ આપવાના પ્રયોગ કર્યા ... કના આ ... મૉડેલની ... સિદ્ધ કરી શકાઈ.



આગળ જતાં ફિચે 'સ્ક્રૂ પ્રોપેલર' (આજના પંખા)ના પ્રયોગ કર્યા. પણ સફળતાઓ છતાં એને આર્થિક ટેકો મળ્યો નહિ અને એથી તદ્દન હતાશ બની ... ૧૭૯૮માં એણે આપઘાત કર્યો.



... સામે ... જીવનવીર

પક્ષાઘાત, સંધિવા આદિ ... પડ્યા પામરપણે વેઠતાં ... સામે દૃઢ મનોબળથી યુદ્ધ ... ઈશ્વરની ... જરા ... માન્ય ... નિરર્થક ન જવા ... તાં ... સંસારનાં ... પાર ઉતારનાર વ્યક્તિઓ વિરલ ... છે. શ્રી ... મોહનલાલ મહેતા આવી વિરલ વ્યક્તિઓમાંના એક ... છે.

'અમને નાખો જિંદગીની આગમાં, આગને પણ ફેરવીશું બાગમાં;
... કરીશું આખરે સૌ મોરચા, મોતને પણ આવવા દો લાગમાં.'

શ્રી ... માત્ર કેડ ઉપરના અંગોથી ... પૂજાપાઠ, વાચનલેખન આદિ ... સંપૂર્ણ સ્વસ્થ શ્રી ભીમભાઈને ... એક ... થયો હતો. બાળપણમાં ... કુસ્તી-લાઠી, મગદળ-વેઈટ ... [illegible]

એમને ઈ. ૧૯... માં ... દુખાવાથી શરૂ થયા ... પછી દુખાવો શરૂ થયો ... દૂરવાના ... દિલ્હી, ડેલહાઉસી આદિ ... આદિ તમામ ... શાક, ટ્રીટમેન્ટ ... માત્ર ... વિશેષ ... ચલન બંધ થઈ ગયું, અને ... હતા. એ દારુણ વેદના ... ઉપચારનું ... સેવન કર્યા પછી ગઈ તો ખરી, પરંતુ ... કેમ કે એ ઔષધના વળગાડમાંથી ... એ છટકી ગયા; અને ... [illegible]

આવા ... માનવીનું તો શું ગજું? ... લથમાં તો ... અશાંતિ ... લધી ગઈ ... ગ સામે યુદ્ધ આપી શક્યા ... [illegible]



બીજું એમનાં શ્રદ્ધાવાન સહધર્મચારિણી સ્વ. શ્રી કુંદનબહેનની સ્નેહપ્રાણ સેવા અને હૂંફ; ત્રીજું કારણ એમનાં સગાં-સંબંધી, સ્નેહીઓ-સુહૃદો અને ખાસ કરીને ડૉક્ટર મિત્રોનું માનવતાભર્યું ઉદાર વલણ; અને ચોથું એમનાં બે પુત્રો ધ્રુવકુમાર અને મનોજકુમાર તથા પુત્રવધૂઓના આ અંતેવાસી પ્રત્યેના નિર્વ્યાજ પ્રેમાદર અને એમના માટે તનમનધનથી થઈ શકતું તમામ નિષ્ઠાપૂર્વક કરી છૂટવાની ઉમદા ભાવના. આ ચાર બાબતોએ એમને આત્મબળ ટકાવી રાખવામાં સહાય કરી.

પણ આત્મબળ પ્રત્યક્ષ તો પૂરું પાડ્યું મુંબઈમાં ૧૯૪૯માં ત્રણ માસ રહીને એમણે કરેલા નિસર્ગોપચારે. આ સારવારના અનુભવ વર્ણવતાં ભીમભાઈ કહે છે: 'મેં ત્યાં નિસર્ગોપચારનો સારો અભ્યાસ કર્યો. દુઃખદર્દ સહન કરવાની શક્તિ પ્રાપ્ત થઈ તે સાથે સાત્ત્વિક આહાર, તેમ જ ઈશ્વરસ્મરણથી માનસિક શાંતિ ને પ્રસન્નતા સારી જળવાઈ રહેતી. સંતાપ, ચિંતા, વિચાર, વિષાદ, વ્યગ્રતા ખૂબ ઘટી ગયાં. જીવનમાં રસ પડવા માંડ્યો. લાચારી, પામરતા અને કાયરતા નહિવત્ થઈ ગયાં અને જીવનમાં આ સ્થિતિમાં પણ ખૂબ આનંદ છે એવો અનુભવ થયો.' ત્યારે શ્રી અરવિંદ, શ્રી માતાજી, રમણ મહર્ષિ, સ્વામી શિવાનંદ, સ્વામી રામદાસ આદિનાં પુસ્તકોના વાચને એમને અખૂટ આત્મબળ પૂરું પાડ્યું ને અસાધ્ય રોગને આનંદથી વેઠી લેવાનું મનોબળ આપ્યું. આજે પણ શ્રી અરવિંદ અને શ્રી માતાજી પ્રત્યે અપાર શ્રદ્ધા છે. તેઓ કહે છે કે તેમની પરમકૃપાથી સહન કરવાનું બળ મળે છે.

આમ તો માત્ર મૅટ્રિક સુધીનો જ અભ્યાસ કરી શકેલા, અને તંદુરસ્ત હતા એ દરમિયાન ત્રણેક વર્ષ એક ઇંગ્લિશ કંપનીમાં અને પછી અરવિંદ મિલમાં ૧૯૩૫થી નોકરી કરી ચૂકેલા શ્રી ભીમભાઈ આ માંદગીમાં પ્રતાપે વાચનના જબરા શોખીન થઈ શક્યા છે. એમણે [illegible] મીરાં ગાંધીજી, શરદબાબુ, રવીન્દ્રનાથ ઇત્યાદિ શ્રેષ્ઠ લેખકોનાં લગભગ તમામ પુસ્તકો વાંચ્યાં છે, એટલું જ નહિ પણ એમાંનાં કેટલાંક [illegible] આત્મસાત્ કર્યાં છે, જેની પ્રતીતિ એમની સાથેના વાર્તાલાપમાં એ જ્યારે પ્રસંગોચિત અવતરણો ટાંકે ત્યારે થાય છે.

તંદુરસ્ત હતા ત્યારે રોજ ગુજરાત ક્લબમાં રમી અને બ્રિજ રમતા તેમજ સિગારેટના તીવ્ર શોખ ધરાવતા ભીમભાઈને છેલ્લાં ૨૧ વર્ષથી પાન સિવાય હવે કોઈ વ્યસન નથી, એટલું જ નહિ પણ પેંધી ગયેલી એ જીભનું આદતને અહીં વર્ષના સેવન [illegible] મુક્ત થતાં જ કાયમી તિલાંજલિ આપનાર એ સંયમી સજ્જન આહારવિહારમાં પણ એટલી જ ચીવટ રાખે છે. એમને મળવા જનારને પોતે કોઈ દર્દીના ગ્લાનિમય ઓરડામાં આવ્યા હોવાનો ભાસ સરખો ય ન થાય. સુઘડ સ્વચ્છ બિછાનામાં, પડખામાં વ્યવસ્થિત ગોઠવેલાં પુસ્તકો, ડાયરી, ટ્રાન્સિસ્ટર રેડિયો અને અંગત જરૂરની સાધનસામગ્રી વચ્ચે સ્વસ્થ પ્રસન્ન મુદ્રા સાથે એ સીધા સૂતા હોય. લાગટ ચોવીસ વર્ષ એ જ સ્થિતિમાં ગાળવાં પડેલાં હોવા છતાં એમણે શરીરમાં ક્યાંય પાસું ભાઠું તો શું [illegible] સ-રખી થવા દીધી નથી. નિયમિત રીતે [illegible] સાંજે રોજ [illegible] ના શરીરને સ્પંજ, સવારે [illegible] લોકોને [illegible] આવી જાય ત્યાં સુધીમાં તેઓ નિત્યકર્મો, પ્રાર્થના, [illegible] વાર્તાલાપ, [illegible] શ્રવણ આદિમાં રત રહી પૂરા આનંદથી સમય પસાર કરે છે. ઉપરાંત સગાં-સંબંધીઓનાં વ્યાવહારિક કાર્યોમાં પણ સહાયરૂપ થાય છે. [illegible] વશ થયા પછી પણ એમણે ઉનાળામાં બે માસ મુંબઈ મોટા પુત્રને ત્યાં રહેવા જવાનું રાખી ચાર વખત સ્થળફેરનો આનંદ પણ માણ્યો છે.

આવી ભયાનક આપત્તિના ભોગ થઈ પડ્યા છતાં પોતે પથારીવશ થયા એ વર્ષે એસ. એસ. સી.ની પરીક્ષામાં બેઠેલા મોટા પુત્રને એમણે બી.એ., એલએલ.બી. સુધીનો, ને બીજાને બી.એ. સુધીનો અભ્યાસ કરાવ્યો. બંનેને ગ્રૅજ્યુએટ કન્યાઓ સાથે લગ્નગ્રંથિથી જોડ્યા અને મોટાને મુંબઈમાં સારી જગા પર અને નાનાને અમદાવાદમાં નોકરીઓ અપાવી. એ ઉપરાંત ચાલુ જમાનાને લક્ષમાં રાખી એમના તરફ ઉદાર ને સહિષ્ણુ વર્તન રાખ્યું એ પિતા તરીકેની ફરજનું એમનું આવી પરિસ્થિતિમાં પણ તીવ્ર ભાન સૂચવે છે. ઈ. ૧૯૫૧માં પ્રભુમાં પરમ શ્રદ્ધા રાખનાર, સેવાપરાયણ અને મજબૂત મનોબળ તથા પ્રેરક હૂંફથી એમનાં દર્દને સહ્ય બનાવનાર એમનાં પત્નીનું અવસાન થયું છતાં ભીમભાઈ એ ઘાને સહન કરી શક્યા એનું એક કારણ એમનું ઘડાયેલું આત્મબળ, અને બીજું એમના બન્ને પુત્રોનો તેમજ ભત્રીજા દીપકનો આ જમાનામાં તો અદ્ભુત લાગે એવો પિતૃભાવ તેમજ આત્મીયજનોની નિષ્ઠાપૂર્વકની કર્તવ્યપરાયણતા. એમનાં માંદગીનાં વર્ષોના અનુભવનો અર્ક માગતાં તેઓ કહે છે: 'જીવનમાં ટકી રહેવા માટે સૌથી અગત્યની ચીજ છે દૃઢ મનોબળ. એ બળ કોઈ કોઈને આપી શકતું નથી. દરેકે અંદરથી જ મેળવવાનું હોય છે. અલબત્ત, એમાં મનને સતત કાર્યશીલ રાખતું વાચન, પત્ની, પુત્રો ને આત્મીયજનોની ઉમદા સેવાભાવના અને ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા સહાયક નીવડે છે એ ચોક્કસ.'


એમણે વેદ વેદાંત કે ઉપનિષદોનો ઊંડો અભ્યાસ કર્યો નથી, કે યોગસાધના કર્યાનો પણ એમનો દાવો નથી. એમની જીવન જીવવાની સામાન્ય ફિલસૂફી આ પ્રમાણે છે: માનવમાત્ર માટે સર્વશ્રેષ્ઠ કાર્ય એક જ છે: 'કોઈકનું કાંઈક પણ તમે કરી શકો તેમ હો તો શ્રેય કરતા રહો. જીભ ઉપર સંયમ રાખી મિતાહારી ને મિતભાષી રહો. એક પણ સત્કર્મ કદી નકામું જતું નથી. સુ-વાણી, સુ-વિચાર, સુ-વર્તનથી આત્મવિશ્વાસ પ્રકટે છે, માનસિક વિકાસ થાય છે, સુખ-શાંતિ-સંતોષ મળે છે અને આત્મિક તાકાત વધે છે. સદાચાર અને સત્કાર્યથી પુણ્યાંશ વધે છે; એના વિરુદ્ધના આચરણથી ઘટે છે.' આ ફિલસૂફીને એમણે પરિચિતોની મુશ્કેલીમાં સલાહસૂચનો દ્વારા સહાયક થઈને અને સગાંસંબંધીને સામાજિક કાર્યોમાં સૂતાંસૂતાં પણ ઉપયોગી થઈ પડીને ચરિતાર્થ કરી છે. પોતાની આ દીર્ઘકાલીન બીમારીનો અંગત હેવાલ આપવામાં પણ જીવનથી કંટાળેલા કે હતાશ થએલા કોઈ નિરાશાવાદીને પ્રેરણારૂપ થવાનો શુભ આશય જ રહેલો છે; પ્રસિદ્ધિ પામવાનો નહિ. 'આ વાંચીને કોઈને ય સહન કરવાનું મનોબળ મળે તો મારું સાર્થક પરમાર્થ. કોઈનાં ય પુત્ર પુત્રવધૂઓનાં માબાપ પ્રત્યેના પ્રેમાદરયુક્ત સેવાભાવ જાગે તો સંસાર એટલો વધુ સુખી.'

—બહાદુરશાહ પંડિત

૭૯૪ વર્ષના સિક્કાનું અવસાન!

બ્રિટનના અર્ધા પેનીના સિક્કાનું ગરીબી તથા બેદરકારીના અંગે ૭૯૪ વર્ષની ઉમરે ગઈ તારીખ ૧ ઑગસ્ટે અવસાન થયું છે!

બ્રિટનના નાણામાં નાની કિંમતનો એ સિક્કો તાજેતરનાં વર્ષોમાં તે નકામો અને ચલણ-ફુગાવાની બાબીના સંબંધે ભારરૂપ થઈ પડ્યો હતો. એટલે ઈ. સ. ૧૯૭૧માં બ્રિટનમાં દશાંશ પદ્ધતિ ચાલુ થવાને પ્રસંગે તેનું



૩૩મે વર્ષે વિ. સં. ૧૯૫૬

અનુસંધાન] **શ્રીમદ્ રાજચંદ્ર** [પૃષ્ઠ ૮થી

છે. વર્ણભેદ વિષે એઓ આગ્રહી નહોતા, છતાં પરધર્મીઓ સાથે સમાન સામાજિક સંબંધો વધારવાની એ તરફેણ કરતા નહોતા. આમ, એઓ પોતાના સમયની વૈચારિક મર્યાદાને પૂરેપૂરી ઓળંગી શક્યા નહોતા. છતાં સર્વધર્મ સમભાવમાં એ પૂરો વિશ્વાસ રાખતા તે તો એમના આ શબ્દો જ કહી આપે છે: 'ગમે તે સંપ્રદાય દર્શન ના મહાત્માઓના લક્ષ એક 'સત' જ છે. વાણીથી અકથ્ય હોવાથી મૂંગાની શૈલીએ સમજાવ્યું છે; જેથી તેઓના કથનમાં કંઈક ભેદ લાગે છે. વાસ્તવિકરીતે ભેદ નથી.'

ધર્મના મૂળ તત્ત્વને વિસરી જઈ અનેક વાડાઓમાં વિભક્ત થએલા જૈન ધર્મને પણ એ વાડાબંધીમાંથી મુક્ત કરવા માગતા હતા. જૈન પરંપરાનો એમનો અભ્યાસ સ્થાનકવાસી પરંપરાથી શરૂ થએલો; અમદાવાદમાં એમણે મૂર્તિપૂજક શ્વેતાંબર પરંપરાના ગ્રંથોનું અધ્યયન કરેલું; અને મુંબાઈમાં દિગંબર પરંપરાના ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. આમ બધી જ પરંપરાના અધ્યયન બાદ એમની દૃષ્ટિ સમન્વયકારી બની હતી અને જૈન ધર્મનો ઉદ્ધાર કરવાની એમની અદમ્ય ધગશ હતી. એમની મધુર વાણી અને છટાદાર વક્તૃત્વ તેમજ અતૂટ દલીલશક્તિને લઈને એઓ વિશાળ અનુયાયીવર્ગ પ્રાપ્ત કરી શક્યા હતા. અનેક જૈન મુનિઓ એમના જ્ઞાનરાશિ પાસે ઝૂકી પડતા. પરંતુ આ કશાથી એમનું મન લેશમાત્ર અભિમાન અનુભવતું નહિ.

આવા શ્રીમદ્ રાજચંદ્રે જ્ઞાનપ્રાપ્તિની ઉચ્ચ કોટિ પર પહોંચતાં જ વાનપ્રસ્થ ધર્મ સ્વીકારવાનું નક્કી કર્યું. એ વર્ષ હતું સંવત ૧૯૫૬નું. એ અરસામાં એમની તબિયત પણ નાદુરસ્ત રહેતી હતી. માતા પાસે એમણે દીક્ષાનો પ્રસ્તાવ મૂક્યો ત્યારે એમણે શ્રીમદ્‌ની તબિયત સારી થયા પછી એ અંગે પોતાની સંમતિ હોવાનું જણાવ્યું. પરંતુ રાજચંદ્રની તબિયત તો લથડતી જ ચાલી. તબિયત સુધારવા એઓ ધરમપુર, અમદાવાદ, વઢવાણ કેમ્પ (સુરેન્દ્રનગર) અને રાજકોટ જેવાં જુદાંજુદાં સ્થળે ફર્યા. આ નાદુરસ્ત તબિયત દરમિયાન પણ આત્મસાધના તો ચાલુ જ હતી. રાજકોટમાં એમને સંગ્રહણીનો રોગ લાગુ પડ્યો. પણ એમનું ચિત્ત એટલું જ સ્વસ્થ હતું. અંતે સંવત ૧૯૫૭ના ચૈત્ર વદ પાંચમ ને મંગળવારે બપોરે બે વાગ્યે અંતિમ શ્વાસો ભરતાંભરતાં પોતાના નાના ભાઈ મનસુખલાલને તે આ પ્રમાણે કહેતા ગએલા: 'મનસુખ, દુઃખ ન પામતો; માને ઠીક રાખજે. હું મારા આત્મસ્વરૂપમાં લીન થાઉં છું.'

તેત્રીસ વર્ષની નાની વયે જીવનલીલા સંકેલી લેનાર શ્રીમદ્ રાજચંદ્ર આમ સમગ્રતયા એક અદ્‌ભુત વ્યક્તિ હતા. સ્વભાવે સત્યનિષ્ઠ, સરળ, સાત્ત્વિક; કુટુંબ પ્રત્યે અસાધારણ વત્સલભાવ રાખનાર; માતાપિતાના ભક્ત અને ગૃહસ્થી રાજચંદ્રની ચિત્તવૃત્તિ જનક વિદેહી જેવી હતી. બાલવયથી જ અપ્રતિમ બુદ્ધિપ્રતિભાવાળા, પરમ આત્મસાધક, સાંસારિક યોગી, ધર્મના ખરા મર્મજ્ઞ, નૈસર્ગિક સર્જનશક્તિ ધરાવનાર ગદ્યપદ્યકાર, શતાવધાની સંત, આત્મોન્નતિ માટે સદા જાગ્રત મુમુક્ષુ એવા શ્રીમદ્ રાજચંદ્રને એમની જ પંક્તિઓની અંજલિ ધરવી યથાર્થ લેખાશે:

'દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.'

બ. ક. ઠા. અને ઈશ્વર

ઘણી વખત અમે ઈશ્વર વિષે વાતો કરતા ત્યારે બલુકાકા કદી ઉગ્ર થતા નહિ. ઊલટું હૈયાઉકલતથી ને બુદ્ધિની તેજસ્વિતાથી એમાં ભાગ લેતા. મને યાદ છે કે એક વખત શ્રી અરવિંદના **Love and Death**ના કાવ્ય વિષે વાત કરતાં શ્રી અરવિંદની સમગ્ર સર્જક પ્રતિભા વિષે એવી ઊંડી સમજણ અને બુદ્ધિના વ્યાપ વડે ચર્ચા કરી હતી કે એમના અંતઃકરણના કલેવર વિષે મને અનહદ આદર થયો. છતાં એક વખત શ્રી મૅબલ લિથાન્ડરની હાજરીમાં ઈશ્વરના નામ અને સંદર્ભ ઉપર તે ઉગ્ર સ્વરૂપે ક્રોધે ભરાયા હતા તેનું ચિત્ર મારા ચિત્તની ભૂમિ ઉપરથી ખસે નહિ.

બલુકાકા છેલ્લા અમારે ત્યાં આવ્યા ત્યારે સખત માંદગીમાં સપડાયા હતા. એક દિવસ તો ૧૦૪ ડિગ્રી જેટલો તાવ હતો. આ વખતે તો એવો મનોરથ લઈને આવ્યા હતા કે નિરાંતે રહીને થોડાંક નવાં સૉનેટ રચીશું. પણ આ માંદગીએ તો ચિરૂટ અને હોંચકા જેવાં એમનાં બે પ્રિય સાથીઓથી પણ દૂર રાખ્યા.... એક દિવસ વહેલી સવારે ઘેરા ગણગણાટથી સાવિત્રી ને હું જાગી ઊઠયાં. ધ્યાનથી સાંભળ્યું તો ધીરે ધીરે, એમના જાડા સ્વરે કંઈક ગુંજન કરી રહ્યા છે. અમને થયું કે તાવ વધારે ચડ્યો છે અને આ બડબડાટની નિશાની છે. અમે બંને ઝડપથી એમના ઓરડામાં ગયાં. જોયું તો દેહ સૂતો છે, આંખો બંધ છે ને ગાયત્રીનો સંસ્કૃત શ્લોક મંત્ર ગવાય છે. મેં નાડી જરા હાથમાં લઈને પૂછ્યું: 'બલુકાકા! તબિયત તો સારી છે ને? આ શું કરો છો?' સંપૂર્ણ શાંતિ અને સ્વસ્થતાથી એમણે ઉત્તર આપ્યો: 'ગાયત્રી મંત્રનું પારાયણ કરું છું. જો તમારો ઈશ્વર હયાત હોય તો મને પણ કામ આવે!' બોલીને હસ્યા નહિ. ધીરેથી વળી બોલ્યા: 'ઈશ્વર જેવી મહાશક્તિને ધારણ કરવાની આ માનવજંતુડાની તાકાત ખરી! એ તો મકસદ છે!'...

માણસના જીવનમાં શંકા અને શ્રદ્ધા છાયાપ્રકાશની જેમ કેટલાં સાથે ચાલે છે! માત્ર શંકા સાથે ચાલવું એ બુદ્ધિનો ગર્વ. કેવળ શ્રદ્ધા સાથે ચાલવું એ અજ્ઞાનનો અહંકાર. જીવતી જિજ્ઞાસાના બળથી ચાલીને, અનુભૂતિ વડે આત્મવિશ્વાસ મેળવવો એ જીવનનો આનંદ અને એ જ કૃતાર્થતા એવો ભાવ એ વખતે થયો.

કિશનસિંહ ચાવડા

કાયદેસર ચલણ બંધ કરવામાં આવ્યું છે. બાચારો અત્રા પેની! નવ વર્ષ પહેલાં અવસાન પામેલા ફાર્થિંગ (પેનીનો ચોથો ભાગ) સાથે તે પણ હવે અંધકારમાં જોડાઈ ગયો છે.



ઇતિહાસની લગભગ આઠ સદી સુધી જીવંત રહેલો આ સિક્કો છેલ્લે ૧૯૬૭માં ટંકશાળમાંથી બહાર પાડવામાં આવ્યો હતો. પહેલા વિશ્વયુદ્ધ પહેલાં અર્ધી પેનીમાં બસની ટિકિટ, દીવાસળીની ડાબલી અથવા થોડી રોટી મળી શકતી હતી. ગઈ કાલ સુધી તેની માત્ર ટપાલની ટિકિટ જ મળતી હતી. બ્રિટનમાં આજે સંગ્રહ પેટીઓમાં તથા તિજોરીમાં લગભગ ૯૮ કરોડ અર્ધી પેનીના સિક્કા પડ્યા છે. તેની કહેવાતી કિંમત વીસ લાખ પાઉંડ થાય છે. આ સિક્કાની નાબૂદીના લીધે લંડનના પાર્લમેન્ટગૃહ પરના બિગબેન ઘડિયાળના વખતમાં પણ ફેરફાર થશે. જ્યારે તે ઘડિયાળ થોડું વહેલું થઈ જાય છે ત્યારે યંત્રોને સ્થિર કરવામાં અર્ધી પેનીના સિક્કાનો ઉપયોગ કરવામાં આવતો હતો! —છોટાલાલ માનસિંગ કામદાર

મોઘાં અંજીર અને સોંઘું ખજૂર

અંજીર આપણું ભારતીય ફળ નથી. જોકે હવે ભારતમાં ખાસ કરીને પૂના જિલ્લામાં, અંજીરનાં ઝાડ ઉછેરાય છે. એ પણ મુઘલોના અમલમાં વવાતાં થયાં. તેનાં અંજીર પાકાં લીલાં વપરાય જ છે. સૂકાં અંજીર તો હજુ યે એશિયા માઇનોરના પ્રદેશમાંથી આપણે ત્યાં આવે છે.

આયુર્વેદની દૃષ્ટિએ અંજીર ઠંડુ, પચવામાં ભારે, શરીરના કોઈ પણ ભાગમાંથી થતા રક્તસ્રાવને બંધ કરનાર, પિત્ત અને માથાનાં દરદોમાં હિતકારક, બળપ્રદ, પૌષ્ટિક, પાંડુરોગ નાશક, કફઘ્ન, વાયુઘ્ન, પિશાબ સાફ લાવનાર અને રેચક છે. ખજૂર રુચિક, હૃદયને હિતકારી, ઘા-ચાંદાં રૂઝવનાર, જ્યારે ક્ષયમાં લાભકારી, તૃપ્તિપ્રદ, રક્તપિત્ત મટાડનાર, જઠર-આંતરડાંમાં થતા વાયુનો નાશ કરનાર, પુષ્ટિપ્રદ, વીર્યવર્ધક, વાયુ, કફ, તાવ, અતિસાર, ભૂખ, તરસ, ઉધરસ અને શ્વાસ મટાડનાર છે.

અંજીર કરતાં ખજૂરમાં પ્રોટિન બમણું, ખનિજ અઢીગણું, શર્કરારૂપમાં કાર્બોહાઇડ્રેટ નવ ગણું (આથી ઉષ્માશક્તિ પણ નવ ગણી), ચૂનો-ફૉસ્ફરસ પણ થોડાં વધારે, લોહ પણ નવ ગણું અને વિટામિન 'એ' બમણું છે. આ લીલાં અંજીરની વાત છે. સૂકામાં આથી ત્રણગણાં દ્રવ્યો હોઈ શકે. પણ કિંમત જોતાં અઢાર રૂપિયે કિલોનાં સૂકાં અંજીર કરતાં ત્રણ રૂપિયે કિલોના ખજૂરમાં વધારે પૌષ્ટિક દ્રવ્યો છે. અંજીર સૂકાતાં પણ ૨૨-૨૫ ગ્રામ શર્કરારૂપે કાર્બોહાઇડ્રેટ તેમાં હોય, જ્યારે ખજૂરમાં અંજીરથી ત્રણ ગણી શર્કરા છે. ખજૂરમાં અન્ન જેટલું કા. હા. છે, પણ મોટે ભાગે શર્કરા રૂપે હોવાથી અન્ન કરતાં વહેલું પચે છે. આ રીતે જોતાં મોઘાં અંજીરમાં ટૉનિક દ્રવ્યો સારાં છે, પણ ખોરાક તરીકે ઉપયોગિતા ઓછી છે. ખજૂર સોંઘું છે, ટૉનિક છે અને સાથે પોષક ખોરાક પણ છે.

લોકો ખજૂરને ગરમ માને છે. આયુર્વેદની દૃષ્ટિએ ખજૂર અને અંજીર બંને શીતવીર્ય છે. ઘા અને ચાંદાં રૂઝવનાર, તાવ અને અતિસારમાં પથ્ય, લોહીસ્રાવ અટકાવનાર દ્રવ્યવાળું ખજૂર ગરમ ન હોઈ શકે. એ તો શામક, દાહ મટાડનાર, જઠર-આંતરડાંના વાયુનું શમન કરનાર છે. રણના ગરમ પ્રદેશમાં વસતી અરબ પ્રજાના ખોરાકનું ખજૂર એક મુખ્ય અંગ છે. અરબોને એમની ગરમ આબોહવામાં ખજૂર ગરમ પડતું નથી. આપણે ત્યાં હોળીમાં ખજૂર ખાવાનો મહિમા છે. એ ગરમ હોત તો એનો આયુર્વેદે ગરમ ઋતુમાં વાપરવાનો નિષેધ કર્યો હોત.

ખજૂર લોહીવર્ધક, હાડકાંને પોષનાર અને પુષ્ટિપ્રદ છે. બાળકોને

કૉલેજિયનોની પસંદગી

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (મુંબાઇ) તરફથી શહેરની ૪૦ કૉલેજોના ૩૫૦૦૦ વિદ્યાર્થીઓના મત પ્રમાણે ક્રીડાંગણ ને આનંદપ્રમોદનાં ક્ષેત્રોમાં પ્રથમ અને બીજી કક્ષાએ આવનાર નીચેની વ્યક્તિઓ છે:

ક્ષેત્ર	પ્રથમ	દ્વિતીય
ક્રિકેટ	અજિત વાડેકર	વિશ્વનાથ
બૅડમિન્ટન	નંદુ નાટેકર	ગૌતમ ઠાકર
હૉકી	બલવીરસિંહ	પૃથ્વીપાલસિંહ
કબડ્ડી	મધુ પાટિલ	ચિત્રા નાયર
ગાયક	લતા મંગેશકર	કિશોરકુમાર
સીને નટ	અશોકકુમાર	રાજેશ ખન્ના
સીને તારિકા	શર્મિલા ટાગોર	વહીદા રહમાન

અવારનવાર નાસ્તામાં ખજૂર અને દાળિયા, ખજૂર અને મગફળી, ખજૂર અને કોપરું પ્રમાણસર અપાય તો એ તેમને સારું પોષણ આપશે.

માંદગીમાંથી ઊઠેલાં, નિર્બળ માણસ ખજૂરમિશ્રિત દૂધ સવારમાં લે તો તેમને ટૉનિકની ગરજ સારશે. હા, પ્રમાણ જાળવવું. શરૂઆત ચાર-પાંચ પેશીથી કરવી. પચે તેમ વધારવું. જેમનાં શરીર સૂકલકડી હોય તે રોજ નવટાંક ખજૂર દૂધમાં ચોળીને ખાશે તો માંસમજ્જા વધશે. વૃદ્ધોને પણ ખજૂરની શર્કરા રોટલી-ભાખરી કરતાં વહેલી પચશે. મંદ પાચનશક્તિવાળાં વૃદ્ધો સાંજે બેત્રણ ફૂલકા રોટલી અને શાક ખાવાને બદલે પાંચેક પેશી ખજૂર અચ્છેરેક દૂધમાં ઉકાળી ઠંડુ પડ્યે પીશે તો તેમની શક્તિ જળવાશે.

પુરુષો કરતાં સ્ત્રીઓને યુવાનીમાં લોહ વધારે જરૂરનું છે. ખજૂરમાં લોહ ઘણું સારું છે. સ્ત્રીઓના લોહીમાંથી માસિક અટકાવ વખતે લોહ ઘટે છે. સગર્ભાવસ્થામાં બાળકની વૃદ્ધિમાં લોહ વપરાય છે. ધાવણ મારફતે પણ લોહ ઘટે છે. પરિણામે તેમના ચહેરા પર ફિકાશ દેખાય છે. આથી નબળી બહેનોને પણ ખજૂર મિશ્રિત દૂધની ટૉનિક જેવી અસર થશે.

આજે આપણા શ્રમજીવીઓ સવારે અપોષક ફરસાણ અને ચાના નાસ્તાથી શક્તિહીન થતા જાય છે, વહેલા થાકી જાય છે. પાંચદસ પૈસા વધારે ખર્ચીને પણ તે ખજૂર અને દાળિયા, ખજૂર અને કોપરું અથવા ખજૂર અને મગફળીનો નાસ્તો કરે તો તેમનું આરોગ્ય પણ સારું જળવાય.

(ગુજરાતમિત્ર) —જ. ઓ. કાનૂગા

પુશબટન ટેલિફોન



જાપાનમાં તોકિયો, ઓસાકા અને નાગોયાના કેટલાક વિસ્તારમાં આ નવા ટેલિફોનનો વપરાશ શરૂ થયો છે. એમાં નંબર જોડવા માટેના 'પુશ બટન' કળો જ છે, પણ આ નવા ટેલિફોનનું બીજું આકર્ષણ તો એ છે કે ટેલિફોન એક્સ્ચેન્જમાં ગોઠવેલી એક ખાસ વીજાણુ રચનાને લીધે વીસેક લાંબા નંબરોને બદલે દરેકના માત્ર ત્રણેક આંકડાના સાંકેતિક નંબરો દાબતાં જોઈતો નંબર જોડાઈ જાય છે. જરૂર પડ્યે પેલા વીસ નંબરોને બદલે બીજા નંબરો પણ બદલી શકાય છે.

શતરંજનો કોયડો................ સુરેશ મોદી

આ અંકથી શતરંજના કોયડા ઉકેલવાની હરીફાઈ શરૂ થાય છે. જેમાં આ વર્ષે દરમિયાન વિવિધ પ્રકારના ૧૨ કોયડા આવશે. દરેક કોયડાના સંપૂર્ણ ઉકેલ માટે ૧૦ ગુણ રહેશે. અને છેવટ હરીફે મેળવલા કુલ ગુણના પ્રમાણમાં અનુક્રમે ત્રણ ઇનામ અપાશે. ઘણા સમયથી આવા કોયડા અપાયા નથી તેથી એમાં આવતા કેટલાક ખાસ શબ્દોની વ્યાખ્યા સાથે આપી છે:

Direct-mate Problem: જેમાં કાળાના કોઈ બચાવ સામે સફેદે અમુક કહેલી ચાલમાં જ એને મ્હાત કરવાનો હોય છે.

Key-move: કોયડાના ઉકેલની પહેલી ચાવીરૂપ ચાલ. (જો એકથી વધુ ચાલ વડે કોયડાનો ઉકેલ આવી શકતો હોય તો તે કોયડાની ખામી ગણાય. કોયડાના સંયોજકે ધારેલી ચાલ સિવાયની ચાવીની ચાલને cook કહે છે.)

Threat ધમકી: અમુક કોયડાના આરંભમાં ચાવીની ચાલ (**key-move**) પછી સામા પક્ષની ચાલ ન હોય તો સૂચવેલી ચાલમાં મ્હાતની ધમકી અપાતી હોય છે. બીજા કોયડામાં ધમકી હોતી નથી પણ સામા પક્ષની ચાલથી નબળાઈ ઊભી થાય છે અને ઉકેલ શક્ય બને છે. જે કોયડામાં ચાવીની ચાલથી ધમકી ઊભી થતી હોય તેના ઉકેલમાં તે આપવી આવશ્યક ગણાય છે. જ્યાં આવી કોઈ ધમકી ન હોય ત્યાં ચાવીની ચાલને Waiting move કહે છે.

Variations: વિકલ્પો. ચાવીની ચાલ પછી સામા પક્ષ પાસે જે જુદી જુદી ચાલ હોય તેને બચાવ (Defences) કહે છે. એક બચાવ અને તે પછીની રમત મળીને એક **variation** વિકલ્પ બને છે.


Try: પ્રયત્ન. એવી પહેલી ચાલ કે જેનાથી કોયડો લગભગ ઉકેલાતો હોય પણ એકાદ વિકલ્પમાં જ ધારેલી ચાલમાં મ્હાત ન થઈ શકતો હોય. આવા પ્રયત્નોથી કોયડો ક્યારેક મુશ્કેલ અને એથી વધુ રસમય બને છે.

Theme: કોયડાનો મધ્યવર્તી વિચાર. આ વિચાર દર્શાવતા વિકલ્પોને Themetic Variations કહે છે.

Set play: અમુક કોયડા ચાવીની ચાલ ચાલ્યા સિવાય પણ ઉકેલી શકાય તેવા હોય છે. એ કોયડામાં ચાવીની ચાલ પહેલાંના વિકલ્પોનો Set-playમાં સમાવેશ થાય છે.

દરેક કોયડાના સંપૂર્ણ ઉકેલ માટે જે કંઈ લખવું જરૂરી રહેશે તે જે તે કોયડાની સાથે અપાશે. આ મહિને આપણે બે ચાલનો Direct mate problem જોઈએ:

G. Jonsson



સફેદે રમવાનું ને બે ચાલમાં મ્હાત કરવાનું

અહીં સફેદે કાળાના કોઈ પણ બચાવ સામે બે ચાલમાં મ્હાત કરવાનું છે. આ કોયડામાં ઘણા સુંદર પ્રયત્નો (Tries) છે. આના ઉત્તરમાં ચાવીની ચાલ, ધમકી (હોય તો) અને વિકલ્પો ઉપરાંત બને તેટલા પ્રયત્નો તથા એને નિષ્ફળ દર્શાવતી કાળાની ચાલ આપવી જરૂરી ગણાશે. ઉકેલ મોકલવાની છેલ્લી તારીખ: ભારતના હરીફો માટે ૨૮ ફેબ્રુઆરી ૧૯૭૦. વિદેશના હરીફો માટે ૩૧ માર્ચ, ૭૦. ઉકેલ મોકલવાનું સરનામું: Suresh Mody; 6/9 Kandhar Colony, Chembur, Bombay 71AS.

ખરો ઉકેલ તેમજ તે મોકલનારનાં નામ એપ્રિલના અંકમાં આપવામાં આવશે.

¶ તાજેતરમાં બૅંગલોરમાં રમાએલી આંતર-વિશ્વવિદ્યાલય શતરંજ-હરીફાઈમાં મદ્રાસ અને સૌરાષ્ટ્રને અનુક્રમે પહેલું અને બીજું સ્થાન મળ્યું. મુંબઈ-દિલ્હી જેવાંને પાછળ પાડી સૌરાષ્ટ્રને બીજું સ્થાન અપાવનાર એના બે ખેલાડીઓમાંથી શ્રી દીલિપ આહમપારાની-રમત બહુ સારી હતી. જો યોગ્ય પ્રોત્સાહન તથા માર્ગદર્શન પામી શકે તો ભવિષ્યમાં આ ક્ષેત્રે તેઓ સૌરાષ્ટ્ર-ગુજરાતનું નામ દીપાવશે.

મધ્યમતાષ્ટક

[એક પપરમાં ઉલ્લેખિત કાવ્ય]

૧

ન આશા હતી આટલું જીવવાની,
ન સેવા ફતે(હ) નામના આટલાંની,
વહ્યો માર્ગ જે જે, બન્યો તે જ આપે,
ન ધાર્યા વિકાસે, સુખોલ્લાસકારી.

૨

થતાં એક કર્તવ્ય, બીજાં સદા યે
દીઠાં, ડાળ ફૂટે યથા ડાળમાંથી;
કલા, જ્ઞાન, ભક્તિ ય આવી મળ્યાં છે,
ભલે ચાંગળું—જંતુને તો ઘણેરાં.

૩

નથી ઘા પડ્યા સામટા કે અસહ્ય,
તવાયો, છુંદાયો, બન્યો બાપડો ના,
વધંતી જ દીઠી પ્રભા ભાવનાની,
ન મુશ્કેલી ઝાઝી પડી ચિત્ત તો શે.

૪

મળ્યા મિત્ર ઝાઝા ન, ઝાઝી ન લક્ષ્મી,
ન મોટાં સુખો કે મળ્યું કાંઈ મોટું,
મળ્યાં તે ય કાળે હર્યાં—મોજ એની,
દીધી સાન સંસારની ક્ષુદ્રતાની,

૫

વધંતી જ દીઠી પ્રભા ભાવનાની,
દીઠાં છિદ્ર દેશે, પ્રજા, સંસ્કૃતિએ,
દીઠું ભાવિ ઘેરું, સુચારિત્ર્ય-હ્રાસ,
લહ્યું એક એ દુઃખ, એ શલ્ય કારી,

૬

જુવાની વિશે યે ન સત્તા સમૃદ્ધિ
ન કીર્તિ તણે મોહ મોહ્યો, ફસ્યો કે,
કુમાર્ગે સરંતાં ય ના ટેક ચૂક્યો
થયો છું ટટાર કંઈ ખાઈ ઠેશો.

૭

દીઠું એક પૂજ્ય, દીઠી એક હૃદ્યા
નમું સત્યને, ચાહું સૌન્દર્યશોભા;
શ્વસું ત્યાં લગી વંદના ચાહનાએ
ટકો ને બઢો: મોક્ષ દેખું ન બીજો.

૮

મધ્યમ સુફલ જ વાંછ્યાં,
શુદ્ધ બુદ્ધિએ બન્યો ભગત વિદ્યાનો;
અનલ્પ અલ્પ ગમે તે
રહ્યું આચર્યું વહો જ મધ્યમતામાં.

બ. ક. ઠા.

ઉત્તમ નવલકથા અને ઉત્તમ કાવ્યસંગ્રહને પારિતોષિક


શ્રી ભાઈદાસ ધારસીભાઈ ભુતા ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી પ્રતિ બે વર્ષે, તે બે વર્ષ દરમિયાન પ્રગટ થએલ ઉત્તમ નવલકથાને અને ઉત્તમ કાવ્યસંગ્રહને પ્રત્યેકને રૂા. ૨૫૦/–નું પારિતોષિક આપવાનું નક્કી કર્યું છે. આચાર્ય શ્રી રામપ્રસાદ બક્ષી, આચાર્ય શ્રી અમૃતલાલ યાજ્ઞિક, શ્રી રતુભાઈ દેસાઈ, શ્રી દામોદરદાસ ભાઈદાસ ભુતા અને શ્રી ભાઈદાસ ધારસીભાઈ ભુતા હાઇસ્કૂલના આચાર્યની વ્યવસ્થાપક સમિતિ રચાઈ છે. ૧૯૬૯–૧૯૭૦નાં વર્ષો દરમિયાન પ્રગટ થએલ આપની નવલકથાઓ અને કાવ્યસંગ્રહોની (બે નકલ) શ્રી ધારસીભાઈ ભુતા ચેરીટેબલ ટ્રસ્ટ C/o પ્રિન્સિપાલ શ્રી ભાઈદાસ ધારસીભાઈ ભુતા હાઇસ્કૂલ, મહાત્મા ગાંધી રોડ, એક્ષ્ટેશન, વિલેપારલે, પૂર્વ, મુંબઈ–૫૭ AS એ સરનામે પહોંચાડવા વિનંતી છે.

આ માસ (જાન્યુઆરી) ઈતિહાસમાં


તા. ૬, ૧૮૮૫: હિંદી ભાષાના સ્વત્વને સૌપ્રથમ જગાડી, પોષી અને એ માટે ઉદાર સખાવતો કરી સ્વયં તંગી વેઠી લેનાર ભારતેન્દુ હરિ-



શ્ચન્દ્રનું અવસાન. કાશીના રાજપ્રિય કવિ ગોપાલદાસના એ પુત્રે ભારતનો પ્રવાસ કરતાં અન્ય પ્રાંતભાષાઓનો વિકાસ થતો જોઈ હિંદી ભાષાને ઊંચી લાવવાનું વ્રત લીધું અને 'કવિબચનસુધા' માસિકથી એનો આરંભ કર્યો. 'હરિશ્ચન્દ્ર ચંદ્રિકા', 'કાશીપત્રિકા' ને 'આર્યમિત્ર' વગેરે પત્રો દ્વારા એમણે એ દિશામાં ઘણી જાગૃતિ આણી.



તા. ૬ થી ૧૩, ૧૭૬૧: પાણીપતનું ત્રીજું યુદ્ધ. મુઘલ બાદશાહ આલમગીર બીજાને મદદ કરવા આવનાર મરાઠા પેશ્વાના ભાઈ રઘુનાથરાવે દિલ્હીથી આગળ વધી અહમદશાહ અબદાલીનો પંજાબ પ્રાંત પણ જીતી લીધો. એથી ક્રોધે ભરાઈ અફઘાનિસ્તાનથી એ ચડાઈ લઈ આવ્યો. વિશાળ સેના સાથે સદાશિવરાવ ભાઉ એને યુદ્ધ આપવા પાણીપત આવ્યો. (પાણીપતના એ રણમેદાનનો નકશો ઉપર આપ્યો છે.) ત્યાં જામેલા ખૂનખાર યુદ્ધમાં આરંભમાં મરાઠા સૈન્ય જોરમાં રહેલું, પણ પેશ્વાનો પુત્ર ઘવાઈને ઘોડેથી ઊતરી પડતાં તેની વિપરીત અસર થઈ અને મરાઠા સૈન્યમાં નાસભાગ ચાલી. આ તક ઝડપી લઈ અહમદશાહે તાજા સૈનિકોને લડાઈમાં ઉતાર્યા. ભાઉ અને વિશ્વાસરાવ જેવા મોટા સેનાનાયકો માર્યા ગયા ને મરાઠાઓની સંપૂર્ણ હાર થઈ. આ પછી ફરી કદી એ સેના આટલું ઉચ્ચ સ્થાન પામી શકી નહિ.



તા. ૧૦, ૧૬૧૬: ઈ. ૧૬૧૨માં સુરતમાં કોઠી નાખ્યા પછી અંગ્રેજોને મુઘલ સામ્રાજ્યમાં વેપારની છૂટ મેળવવા સારુ ઇંગ્લંડના રાજા જેમ્સ પહેલાના એલચી તરીકે સર ટૉમસ રોએ અજમેરમાં બાદશાહ જહાંગીરની મુલાકાત લીધી. ઇંગ્લંડના 'હાઉસ ઑવ કૉમન્સ'માં સર વિલિયમ રૉથેન્સ્ટાઇને એ પ્રસંગનું એક ચિત્ર પણ આલેખ્યું છે જેમાંનો મુખ્ય ભાગ અહીં આપ્યો છે.



↑ સિપાહી કમલરામ



તા. ૨૯, ૧૮૫૬: રણમેદાનમાં અપ્રતિમ સાહસ અને સ્વાર્પણ માટેના સર્વોત્તમ બ્રિટિશ બહુમાન 'વિક્ટોરિયા ક્રૉસ' ('વી. સી.')નું સ્થાપન. આ માન એટલું તો દુષ્કર છે કે એના આરંભ પછી અનેક યુદ્ધપ્રસંગો બની ગયા છતાં હજી સુધીમાં ૧૩૪૪ જણને જ તે અપાયું છે. એનો સૌપ્રથમ વિજેતા લેફ. લુકાસ હતો. પહેલા વિશ્વયુદ્ધનો સિપાહી ખુદાદાદખાન આ માન પામનાર પ્રથમ હિંદી સૈનિક અને સેકંડ લેફ. પ્રેમેન્દ્રસિંગ ભગત છેલ્લો હિંદી હતો. બીજા વિશ્વયુદ્ધના સિપાહી કમલરામે આ ચંદ્રક માત્ર ૨૦ વર્ષની વયે મેળવેલો. (જુઓ ઉપર) કૉર્નવેલે એ સૌથી ઓછી–૧૬ વર્ષની વયે જીતેલો. પહેલા અને બીજા વિશ્વયુદ્ધના મળી કુલ ૪૧ ચંદ્રકો હિંદી સૈન્યને મળ્યા છે, જે યુનાઈટેડ કિંગડમ સિવાયના બીજા કોઈના યે દળ કરતાં વધુ છે. ઈ. ૧૯૫૬માં લંડનમાં આ પદકની શાનદાર શતાબ્દી ઊજવવામાં આવી હતી.

તા. ૨૮, ૧૭૮૮: જગતમાં અણપ્રીછ્યા રહેલા ખંડ ઑસ્ટ્રેલિયામાં વસાહતો સ્થપાવાની શરૂઆત થઈ.



તા. ૩૦, ૧૬૪૯: ઇંગ્લંડના રાજા ચાર્લ્સ પહેલાનો શિરચ્છેદ. પોતાના દૈવી હક્કની ખુમારીને કારણે પાર્લમેન્ટ સાથે વારંવાર વિખવાદ થતાં અંતે એણે તે વિખેરી નાખી, પણ પછી નાણાભીડ આવી પડતાં ફરી જ્યારે એને બોલાવવી પડી ત્યારે પ્રજાના એ પ્રતિનિધિઓએ એની આપખુદી સામે લડત આપવા નિશ્ચય કર્યો ને તેમાંથી આંતરવિગ્રહ ફાટ્યો, જેની ઑલિવર ક્રૉમવેલે સરદારી લીધી અને પ્રજાની જીત થઈ. ચાર્લ્સને કેદ કરી તેના પર મુકદ્દમો ચલાવી તેને જુલમગાર, દેશદ્રોહી અને ખૂની ઠેરવી (જુઓ ચિત્ર) એનો શિરચ્છેદ કર્યો. યુરોપના ઇતિહાસના આ અભૂતપૂર્વ પ્રસંગની બીજા અનેક રાજ્યો પર પણ અસર પડી.

તા. ૩૧, ૧૯૪૩: બીજા વિશ્વયુદ્ધને અંતે રશિયામાં સ્ટેલિનગ્રાડ ખાતે જર્મનોએ શરણાગતિ સ્વીકારી.

રૂઝવે જગના જખ્મો, આદર્શોને પૂરા કરે,
ભળાવે સૃષ્ટિનો તંતુ, ધન્ય તે નવયૌવન.

'શેષ'

ઈ. ૧૯૧૧માં દેશભક્ત વિનાયક દામોદર સાવરકરને સરકાર વિરુદ્ધ કાવતરું કરવાના, બૉમ્બ બનાવવાના તથા કલેક્ટર જૅકસનના ખૂનના એવા તેમની સામેના બે જુદાજુદા મુકદ્દમામાં જન્મટીપની બે સજાઓ પંદર પંદર દિવસને આંતરે ઉપરા ઉપર થઈ, અને તે અલગ અલગ ભોગવવાનો ફેંસલો અપાયો. તે વેળા એક જેલઅધિકારીએ તેમને વ્યંગમાં કહ્યું: 'સરકાર તમને ઈ. ૧૯૬૧માં તો છોડી મૂકવાની.' (એક જન્મટીપની મુદત ૨૫ વર્ષ ગણાય છે.) ત્યારે સાવરકરે અટલ આત્મવિશ્વાસથી ઉત્તર દીધો: 'પણ આ સરકાર જ પચાસ વર્ષ સુધી જીવતી રહેવાની નથીને!'


ગણિતગમ્મત / (મ. ના. ખત્રી)

સંખ્યા	વર્ગમૂળ
૧	૧
૧૨૧	૧૧
૧૨૩૨૧	૧૧૧
૧૨૩૪૩૨૧	૧૧૧૧
૧૨૩૪૫૪૩૨૧	૧૧૧૧૧
૧૨૩૪૫૬૫૪૩૨૧	૧૧૧૧૧૧
૧૨૩૪૫૬૭૬૫૪૩૨૧	૧૧૧૧૧૧૧
૧૨૩૪૫૬૭૮૭૬૫૪૩૨૧	૧૧૧૧૧૧૧૧
૧૨૩૪૫૬૭૮૯૮૭૬૫૪૩૨૧	૧૧૧૧૧૧૧૧૧

કહેવતોના અર્થ: 'વાટકડીનું શિરામણ'—શિરામણ એટલે સવારનો નાસ્તો પણ પૂરો (મોટા વાટકામાં) ન કરી શકે એવી ગરીબ જેની સ્થિતિ હોય એવા માણસ કે કુટુંબના પ્રતીક પર રચાએલી આ કહેવત, માણસનું ઓછું ગજું કે વેપારમાં ઓછી મૂડી દર્શાવવા માટે વપરાય છે, અને થોડી પૂંજીવાળાએ સાચવીને વેપાર કરવો એવી શીખ માટે ઘણી વાર પ્રયોજાય છે.



નવી દિલ્હીમાં તા. ૨૧ જાન્યુ. થી ૧૧ ફેબ્રુ. સુધી મળનાર ઇંટરનૅશનલ રેડિયો કન્સલ્ટેટિવ કમિટીની ૧૨મા સંમેલન નિમિત્તની ભારતની ટિકિટ જે, ૨૧ જાન્યુઆરીએ બહાર પડશે.



એપિડૅારસ (ગ્રીસ)ની આ ખુલ્લી રંગભૂમિ (ઍમ્ફી-થીએટર)ની રચના એવી તો સંપૂર્ણ છે કે આજે યે એના તખ્તા પર સ્વાભાવિક બોલાએલા શબ્દો પણ એની ૧૪,૦૦૦માંની પ્રત્યેક બેઠક પરથી સાંભળી શકાય છે!

અનેકાર્થી શબ્દ: 'ક્ષાર' = ખારો પદાર્થ; (વૈદકમાં) બાળીને સિદ્ધ કરેલું ઔષધ; (જૈન પરિભાષામાં) સંચલન; વેર; ધૂર્ત કે ધુતારો.

આપણું શરીર રોજ ચામડીના છિદ્રો દ્વારા ૨ ઔંસ, મૂત્રાશય દ્વારા ૫૦ ઔંસને ફેફસાં દ્વારા ૧૦ ઔંસ પાણી બહાર કાઢે છે. વળી તે દરરોજ ૦॥ ઔંસ નાઈટ્રોજન, ૧ ઔંસ ખનિજ ક્ષારો અને ૮ ઔંસ કાર્બન ગુમાવતું રહે છે.



કલાકણિકા: જાતને શણગારવામાં માણસે કદી મણા રાખી નથી. એવાં દેહાભૂષણોમાં જયપુરની સોનામાં થતી રંગબેરંગી મીનાની કારીગરી જગપ્રસિદ્ધ છે. એવું એક કર્ણફૂલ

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃષ્ઠ ૧/બથી

'કુમાર' જુલાઈનું મળ્યું. મીઠી મજાની અષાઢી વ્યથા માણી. જળ-લે'રિયાં, અષાઢી મેઘ, ઠંડી વાછંટ, લીમડીની મહેક, મયૂરના ટહુકા ને એવું બહુ બધું...પણ એ તો બારી બહાર. અંકમાં જાણે કોઈ યાદનો અજંપો. એ કાવ્યની છેલ્લી લીટીમાં ટપકાંની ભાષામાં લખાએલો અજંપો 'સ્મૃતિ' કાવ્યમાં ટપકાથી શરૂ થઈને આકાર લ્યે છે. નિર્દોષ રમત! પણ વિધાતાનો વળતો દાવ-કેવો વિરોધાભાસ!*

'હાઇકુ'માં પણ મજાઆવી માછલીની નિર્દોષ રમતનો અંજામ પોયણાં જાણી ગયાં છે!

સુમતિ મોરારજી લેખસહુકોઈને ગમે એવો છે જ. પણ હજુ કાંઈ રહી ગયું હોય એમ ન લાગ્યું? પ્રેરણાદાયક લેખમાં એમના જીવનઘડતરની પળો વિસ્તૃતપણે લખાવી જોઈએ.

શ્રી બક્ષીએ સરસ વાર્તા લખી, છેક સુધી વાર્તાનું ધ્યેય પકડાતું નથી, છતાં વાંચવાની પકડ રહે છે. મથાળું બધું કહી દે છે પણ લેખકની બાંધી મૂઠીમાં શું છે એની ચાડી ખાતું નથી. વાર્તામાં ટૅક્સીનો ડબ્બો આવે છે ત્યારે પણ આગળ જતાં સરદારજી કાંઈક વાર્તા બનાવશે કે મોહનના ઘરે કાંઈ પ્રસંગ બની વાર્તા બનશે એ પણ કલ્પના કરવાનો સમય મળતો નથી. વાર્તા બને છે છેલ્લે: 'માનો જાણે ભૂપીન્દર મરી નથી ગયો. સરદારજી ટૂનૂ સાથે રમી રહ્યા છે.'

*કોઈ'દિ સાંભરે નહિ....સાંભરે છે ને?

શ્રી મહેતા લલચાવે છે હોં! લાંબી ચટ્ટક વાતો લખ્યે જાય છે, પણ હજુ એમેરિકા જઈને અંતરગઠરીની ગાંઠ ખૂલતી નથી! એમને કહો, અમેરિકાની નહિ અંતરની વાતો કરવા બેઠા છો. કોઈનાથી નજરાઈ તો ગયા નથી ને?

વર્ષોજૂની 'આ માસ...'ની પ્રથા બે મહિના થયાં યોગ્ય રીતે બદલી છે. શુષ્કતા મટીને રસિક પ્રવેશક તરીકે ઉપયોગી રજૂઆત થઈ છે. 'કુમાર'ની ઉપયોગિતામાં અમૂલ્ય વધારો થશે.

સંયોજના માટે 'કુમાર' ઉદાહરણરૂપ છે. છેલ્લા પૂઠાની અંદરની બંને તસ્વીરો દાખલારૂપ છે. તસ્વીરકારે તો મહેનત લીધી છે જ; નીચેના લખાણમાં એટલી જ મહેનતથી કલ્પના ચગી છે. સાથે શીખવી પણ જાય છે કે તસ્વીરો, ચિત્રો કેમ વાંચવાં.'

ઘરમાં આવેલી વ્યક્તિને સ્હેજે બસો ઉપરાંત 'કુમાર' વાંચવા મળે એવો હાથવગો સંગ્રહ રાખ્યો છે. હમણાં ફોઈનો દીકરો અઠવાડિયું રહી 'કુમાર'ભક્ત થઈ ગયો અને રાજકોટ જઈ લવાજમ ભર્યાના ખબર મળ્યા છે.

ઈ.સ. ઑગસ્ટ ૧૯૪૧ (અંક ૨૧૨)ના 'કુમાર'ના અંકમાં આવું લખાણ છે: 'છાપાંઓમાં અને રેડિયોમાં આજે મહત્ત્વનું સ્થાન ધરાવતા લડાઈના કે બજારભાવના સમાચારોનું સ્થાન આવાં પ્રજાપ્રિય થઈ પડેલાં વિમાનોની પ્રગતિના અહેવાલો તેમજ ટેલિવિઝનથી મળેલાં ચિત્રો લેશે, અને આ પ્રમાણે એ વિમાનોમાં ગોઠવેલી પોતાની વિશ્વદૃષ્ટિ મારફત માણસો પોતાના ટેબલ પર બગાસાં ખાતાંખાતાં પણ સામે પડેલા ટેલિવિઝનમાં અંતરીક્ષપર્યટનનો રોમાંચ અનુભવી શકશે.....'હરિકૃષ્ણ વ્યાસ

લેખકે ઘણી કલ્પનાઓ કરી છે. એ કલ્પના આટલે વર્ષે સાકાર થઈ શકશે એની લેખકને કલ્પના નહિ હોય!

(મુંબઈ) —રમેશ બી. શાહ

~

સપ્ટેમ્બરનું 'કુમાર': પૃ. ૩૫૮, વચલું કૉલમ: 'સરસિયાનું તેલ' વાંચીને 'ગુલાબજળનું પાણી' યાદ આવ્યું! તેલ કહાડવાનાં બીજ = સરસવ; એ બીજમાંથી નીકળતું તેલ: 'સરસિયું' અથવા 'સરસવનું તેલ' 'સરસિયાનું તેલ' તો નહિ જ. એ તો 'એરંડિયાનું તેલ' જેવો ઘાટ થયો!

(અમદાવાદ) —'હાદિણાન્ત'

આ અંકમાં પૃષ્ઠ ૧૮ પર મથાળાનાં ત્રણ ગુફાનાં ફોટોચિત્રો ભૂલથી ઊંધાં મુકાયાં છે. એ ઉલટાવીને જોવા વિનતિ.

~

આ અંકમાંની ચૅાસર કૃત 'કૅન્ટરબરીકથાઓ'ના અનુવાદક શ્રી મધુસૂદન પારેખ છે



સંપૂર્ણ મૂર્તિનું સમ્મુખદર્શન

ગુજરાતમાં કૌલકાળથી માંડીને ક્ષત્રપ, મૈત્રક, ચાપ, સોલંકી અને વાઘેલા સમય સુધી નાગપૂજા પ્રચલિત હતી, એ અભિપ્રાયને પુષ્ટિ આપતાં નાગદેવનાં અનેક મંદિરો ગુજરાતમાં પથરાએલાં છે. આવાં મંદિરોમાં થાનનું, મહુવા પાસે કુંડાસ ગામનું, ઝાલાવાડનું, કોઠીકુંટણીનું, કચ્છભુજમાં ભુજિયા ડુંગરનું ભુજંગદેવનું, બનાસકાંઠામાં ઢીમાનું, મહેસાણામાં વડનગરનું આદિ નાગદેવનાં મંદિરો ઉપરાંત ચરમાળિયાનાં નાગમંદિરો ઠેરઠેર જોવા મળે છે, જેમાં મોટા ભાગે એકથી માંડી સાત ફણાવાળી નાગમૂર્તિઓ હોય છે; પણ મનુષ્યાકૃતિ નાગદેવ જવલ્લે જ હોય છે. એમાં મહેસાણા જિલ્લાના મેઉ ગામની બહાર 'નાગટેકરી' ઉપર આવેલા સોલંકી યુગના એક ભગ્ન મંદિરમાં આવેલી મનુષ્યાકૃતિ નાગરાજ તથા નાગરાણીની આ યુગ્મમૂર્તિ ભારતભરમાં અજોડ છે. કસોટીના પથ્થર જેવા કાળા પાષાણમાં કોરેલી, આશરે સાડા ત્રણ ફૂટ ઊંચી અને પોણા ત્રણ ફૂટ પહોળી આ મૂર્તિમાંના અર્ધપર્યંકાસને બેઠેલા નાગદેવ ઉપર પાંચ ફણાવાળા ભુજંગની છાયા અને કિરીટમુકુટ જેવો મુકુટ છે, અને કાનમાં કુંડળ, ડોકમાં પદકવાળો હાર, બાવડે બાજુબંધ આદિ અલંકારો છે. એમના ઉત્સંગમાં બેઠેલી નાગરાણીના મસ્તકે એક ફણાવાળા નાગની છાયા છે. બંનેના હાથમાં સંતાનપ્રાપ્તિના પ્રતીકસમાં માતુલિંગ છે.



ગુજરાતની એક અતિવ સુંદર **નાગદેવતાની યુગ્મમૂર્તિ** (ફોટો અને પરિચય ડૉ. હરિભાઈ ગૌદાની)

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃષ્ઠ ૧/થી

'કુમાર' જુલાઈનું મળ્યું. મીઠી મજાની અષાઢી વ્યથા માણી. જળ-સેરિયાં, અષાઢી મેઘ, ઠંડી વાછંટ, લીમડીની મહેક, મયૂરના ટહુકા ને એવું બધુ બધું...પણ એ તો બારી બહાર. અંકમાં જાણે કોઈ યાદનો અજંપો. એ કાવ્યની છેલ્લી લીટીમાં ટપકાંની ભાષામાં લખાએલો અજંપો 'સ્મૃતિ' કાવ્યમાં ટપકાથી શરૂ થઈને આકાર લ્યે છે. નિર્દોષ રમત! પણ વિધાતાનો વળતો દાવ–કેવો વિરોધાભાસ!*

'હાઇકુ'માં પણ મજા આવી માછલીની નિર્દોષ રમતનો અંજામ પોયણાં જાણી ગયાં છે!

સુમતિ મોરારજી–લેખ સહુ કોઈને ગમે એવો છે જ. પણ હજુ કાંઈ રહી ગયું હોય એમ ન લાગ્યું? પ્રેરણાદાયક લેખમાં એમના જીવનઘડતરની પળો વિસ્તૃતપણે લખાવી જોઈએ.

શ્રી બક્ષીએ સરસ વાર્તા લખી, છેક સુધી વાર્તાનું ધ્યેય પકડાતું નથી, છતાં વાંચવાની પકડ રહે છે. મથાળું બધું કહી દે છે પણ લેખકની બાંધી મૂઠીમાં શું છે એની ચાડી ખાતું નથી. વાર્તામાં ટૅક્ષીનો ડબ્બો આવે છે ત્યારે પણ આગળ જતાં સરદારજી કાંઈક વાર્તા બનાવશે કે મોહનના ઘરે કાંઈ પ્રસંગ બની વાર્તા બનશે એ પણ કલ્પના કરવાનો સમય મળતો નથી. વાર્તા બને છે છેલ્લે: 'માનો જાણે ભૂપીન્દર મરી નથી ગયો. સરદારજી હનૂ સાથે રમી રહ્યા છે.'

શ્રી મહેતા લલચાવે છે હોં! લાંબી ચટક વાતો લખ્યે જાય છે, પણ હજુ એમેરિકા જઈને અંતરગઠરીની ગાંઠ ખૂલતી નથી! એમને કહો, અમેરિકાની નહિ અંતરની વાતો કરવા બેઠા છો. કોઈનાથી નજરાઈ તો ગયા નથી ને?

વર્ષોન્દૂની 'આ માસ...'ની પ્રથા બે મહિના થયાં યોગ્ય રીતે બદલી છે. શુષ્કતા મટીને રસિક પ્રવેશક તરીકે ઉપયોગી રજૂઆત થઈ છે. 'કુમાર'ની ઉપયોગિતામાં અમૂલ્ય વધારો થશે.

સંયોજના માટે 'કુમાર' ઉદાહરણરૂપ છે. છેલ્લા પૂઠાની અંદરની બંને તસ્વીરો દાખલારૂપ છે. તસ્વીરકારે તો મહેનત લીધી છે જ; નીચેના લખાણમાં એટલી જ મહેનતથી કલ્પના ચગી છે. સાથે શીખવી પણ જાય છે કે તસ્વીરો, ચિત્રો કેમ વાંચવાં.'

ઘરમાં આવેલી વ્યક્તિને સ્હેજે બસો ઉપરાંત 'કુમાર' વાંચવા મળે એવો હાથવગો સંગ્રહ રાખ્યો છે. હમણાં ફોઈનો દીકરો અઠવાડિયું રહી 'કુમાર'ભક્ત થઈ ગયો અને રાજકોટ જઈ લવાજમ ભર્યાના ખબર મળ્યા છે.

ઈ.સ. ઑગસ્ટ ૧૯૪૧ (અંક ૨૧૨)ના 'કુમાર'ના અંકમાં આવું લખાણ છે: 'છાપાંઓમાં અને રેડિયોમાં આજે મહત્ત્વનું સ્થાન ધરાવતા લડાઈના કે બજારભાવના સમાચારોનું સ્થાન આવાં પ્રજાપ્રિય થઈ પડેલાં વિમાનોની પ્રગતિના અહેવાલો તેમજ ટેલિવિઝનથી મળેલાં ચિત્રો લેશે, અને આ પ્રમાણે એ વિમાનોમાં ગોઠવેલી પોતાની વિશ્વદષ્ટિ મારફત માણસો પોતાના ટેબલ પર બગાસાં ખાતાંખાતાં પણ સામે પડેલા ટેલિવિઝનમાં અંતરીક્ષપર્યટનનો રોમાંચ અનુભવી શકશે.....'હરિકૃષ્ણ વ્યાસ

લેખકે ઘણી કલ્પનાઓ કરી છે. એ કલ્પના આટલે વર્ષે સાકાર થઈ શકશે એની લેખકને કલ્પના નહિ હોય!

(મુંબઈ) —રમેશ બી. શાહ

સપ્ટેમ્બરનું 'કુમાર': પૃ. ૩૫૮, વચલું કૉલમ: 'સરસિયાનું તેલ' વાંચીને 'ગુલાબજળનું પાણી' યાદ આવ્યું! તેલ કહાડવાનાં બીજ = સરસવ; એ બીજમાંથી નીકળતું તેલ: 'સરસિયું' અથવા 'સરસવનું તેલ' 'સરસિયાનું તેલ' તો નહિ જ. એ તો 'એરંડિયાનું તેલ' જેવો ઘાટ થયો!

(અમદાવાદ) —'હાદિણાન્ત'

*કોઈ'દિ સાંભરે નહિ....સાંભરે છે ને?

આ અંકમાં પૃષ્ઠ ૧૮ પર મથાળાનાં ત્રણ ગુફાનાં ફોટોચિત્રો ભૂલથી ઊંધાં મુકાયાં છે. એ ઉલટાવીને જોવા વિનતિ.

આ અંકમાંની થૅકરે કૃત 'કૅન્ટબરીકથાઓના અનુવાદક શ્રી મધુસૂદન પારેખ છે